

પદાર્થ પ્રકાશ ભાગ : ૨૩

# પ્રવચનસારોદ્ધાર

ભાગ : ૧

(પહેલા દ્વારથી ૧૨૯ મા દ્વાર સુધી)

પદાર્થસંગ્રહ

પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પદાર્થ પ્રકાશ ભાગ ૨૩

# પ્રવચનસારોદ્ધાર

(પદાર્થસંગ્રહ)

## ભાગ-૧

(પહેલા દ્વારથી ૧૨૯મા દ્વાર સુધી)


સંકલક + સંપાદક

પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ

આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા



પ્રકાશક

સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ

સ્થાપક - શ્રાદ્ધવર્યા મૂળીબેન અંબાલાલ શાહ

# પ્રાપ્તિસ્થાન

- **સિદ્ધાંતમહોદધિ પ્રેમસૂરીશ્વરજી શ્રુતસદન**
  પ્રેમકુંજ, તુલસીબાગ સોસાયટી, પરિમલ જૈન ઉપાશ્રયની સામે,
  આનંદમંગલ કોમ્પલેક્ષ IIIની પાસે, હીરાબાગ ક્રોસીંગ, આંબાવાડી, અમદા.
  દિનેશભાઈ મો. ૯૮૨૪૦૩૨૪૩૬, યોગેશભાઈ મો. ૯૯૭૪૫૮૭૮૭૯
- **પી.એ. શાહ જ્વેલર્સ**
  ૧૧૦, હીરાપન્ના, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૨૬
  ફોન : ૨૩૫૨૨૩૭૮, ૨૩૫૨૧૧૦૮
- **અક્ષયભાઈ જે. શાહ**
  અર્હમ્ એન્ટરપ્રાઈઝ, ૨૦/૪૮, જયમહલ એસ્ટેટ,
  ૭-૯, બીજે માળે, લોહારચાલ, બાદશાહ કોલ્ડ્રીંક પાસે,
  મુંબઈ-૪૦૦૦૦૨, મો. ૮૬૫૨૫૫૫૫૫૪
- **અક્ષયભાઈ જે. શાહ**
  ૫૦૬, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન મંદિરની સામે,
  સર્વોદયનગર, મુલુંડ (પ.) મુંબઈ-૪૦૦૦૮૦.
  ફોન : ૨૫૬૭૪૭૮૦, મો. ૯૫૯૪૫૫૫૫૦૫
- **દિલીપ રાજેન્દ્રકુમાર શાહ**
  ૪, નંદિત એપાર્ટમેન્ટ, ભગવાન નગરનો ટેકરો,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭, ફોન : ૨૬૬૭૦૧૮૯
- **બાબુભાઈ સરેમલજી બેડાવાલા**
  *હીરા જૈન સોસાયટી, સિદ્ધાચલ બંગલોઝ,*
  સાબરમતી, અમદાવાદ-૩૮૦ ૦૦૫, મો. ૯૪૨૬૫૮૫૯૦૪
- **ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી**
  ૬/બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા ગરનાળા પાસે,
  પાટણ-૩૮૪૨૬૫, (ઉ.ગુ.), ફોન : ૦૨૭૬૬-૨૩૧૬૦૩


**પ્રથમ આવૃત્તિ ● નકલ : ૫૦૦ ● મૂલ્ય રૂ. ૨૦૦/-**
**વીર સંવત્ ૨૫૪૨ ● વિક્રમ સંવત્ ૨૦૭૨ ● ઈ.સન્ ૨૦૧૬**
**ટાઈપસેટિંગ : વિરતિ ગ્રાફિક્સ, અમદાવાદ, મો. 85305 20629**
**મુદ્રક : શિવકૃપા ઑફસેટ, અમદાવાદ, મો. 9898034899**

## દિવ્યવંદના

પરમ પૂજ્ય સિદ્ધાંતમહોદધિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**પ્રેમસૂરીશ્વરજી** મહારાજા,
પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજા
અને
પરમ પૂજ્ય સમતાસાગર પન્ન્યાસપ્રવર
શ્રી **પદ્મવિજયજી** મહારાજા
આ પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદના

## શુભાશિષ

પરમ પૂજ્ય સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**જયઘોષસૂરીશ્વરજી** મહારાજા અને
પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી**
મહારાજાની
અમીદૃષ્ટિ સદા અમારી
ઉપર વરસતી રહો.

## ઉપકારી ઉપકાર તમારો
## કદીય ન વિસરીએ

અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ

પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ

શ્રીમદ્વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા

●

પૂ. પ્રવર્ત્તિની શ્રી **વસંતપ્રભાશ્રીજી** મહારાજ

●

પૂ.સાધ્વીજી શ્રી **સ્વયંપ્રભાશ્રીજી** મહારાજ

●

પૂ. સાધ્વીજી શ્રી દિવ્યયશાશ્રીજી મહારાજ

●

આ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના

● ● ●

# પ્રકાશકીય

**'પદાર્થપ્રકાશ ભાગ ૨૩'** પ્રકાશિત કરતા આજે અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ. **'પ્રવચનસારોદ્ધાર'** ગ્રંથના પદાર્થોનું સરળ ભાષામાં સંકલન થયું છે જે બે ભાગોમાં પ્રકાશિત થઈ રહ્યું છે. પ્રસ્તુત પુસ્તકમાં પહેલા ભાગનું પ્રકાશન થઈ રહ્યું છે. બીજા ભાગનું પ્રકાશન **'પદાર્થપ્રકાશ ભાગ ૨૪'**માં થઈ રહ્યું છે.

પદાર્થપ્રકાશશ્રેણિમાં શાસ્ત્રીય પદાર્થોને સંક્ષેપમાં અને સરળ ભાષામાં રજૂ કરાયા છે. તેથી જિજ્ઞાસુઓને શાસ્ત્રીય પદાર્થો સમજવામાં પદાર્થપ્રકાશશ્રેણિના પુસ્તકો ખૂબ ઉપયોગી બને છે.

પ્રસ્તુત પુસ્તક પણ અભ્યાસુઓને ખૂબ ઉપકારક બનશે એમાં કોઈ શંકા નથી.

આ પુસ્તકના અભ્યાસ દ્વારા સહુ કોઈ પદાર્થોનો બોધ પામીને સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ કરે એ જ શુભાભિલાષા.

આ પુસ્તકનું સુંદર ટાઈપસેટીંગ કરનાર વિરતિ ગ્રાફિક્સવાળા અખિલેશભાઈ મિશ્રાજી અને સુભગ મુદ્રણકાર્ય કરનાર શિવકૃપા ઑફસેટવાળા ભાવિનભાઈ-રીતેશભાઈ અને આકર્ષક ટાઈટલ તૈયાર કરનાર મલ્ટીગ્રાફિક્સવાળા મુકેશભાઈને પણ આ પ્રસંગે ધન્યવાદ આપીએ છીએ.

ભવિષ્યમાં પણ ઉત્તરોત્તર ચઢિયાતી શ્રુતસેવા કરવાનો અમને લાભ મળે એવી શ્રુતાધિષ્ઠાયિકા સરસ્વતીદેવીને પ્રાર્થના.

લી.

**સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ**

**ટ્રસ્ટીઓ**

**(૧) ધરણેન્દ્ર અંબાલાલ શાહ (૨) પુંડરીક અંબાલાલ શાહ**

**(૩) મુકેશ બંસીલાલ શાહ (૪) ઉપેન્દ્ર તારાચંદ શાહ**

# એકમાં અનેક

કોઈપણ ધર્મના ધર્મગ્રંથોને સમજવા માટે તે ધર્મના પાયાના (basic) પદાર્થો જાણવા જરૂરી છે. જૈનધર્મના પાયાના પદાર્થોને જણાવનાર અનેક ગ્રંથોમાંનો એક ગ્રંથ એટલે **'પ્રવચનસારોદ્ધાર'**. નામને અનુરૂપ જ આ ગ્રંથના ગુણ છે. પ્રવચન = જૈનસિદ્ધાંત, જૈન શાસ્ત્રો. પ્રવચનસારોદ્ધારમાં જૈનશાસ્ત્રોના સારનો ઉદ્ધાર કરાયો છે.

આ મૂળગ્રંથ પ્રાકૃતભાષામાં રચાયો છે. તેની ૧૫૯૯ ગાથાઓ છે. તેમાં ૨૭૬ દ્વારો છે. આ દ્વારોનું ૯ વિભાગોમાં વર્ગીકરણ કરી શકાય છે. તે ૯ વિભાગો આ મુજબ છે -

(૧) વિધિવિભાગ

(૨) આરાધનાવિભાગ

(૩) સમ્યક્ત્વ અને શ્રાવકધર્મ વિભાગ

(૪) સાધુધર્મવિભાગ

(૫) જીવસ્વરૂપવિભાગ

(૬) કર્મસંબંધીવિભાગ

(૭) તીર્થંકરવિભાગ

(૮) સિદ્ધવિભાગ

(૯) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિભાગ

આ મૂળગ્રંથના રચયિતા **શ્રીનેમિચન્દ્રસૂરિ** મહારાજ છે. તેઓ વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધમાં અને તેરમી સદીના પૂર્વાર્ધમાં થયા હતા. તેઓ વડગચ્છીય શ્રીજિનચન્દ્રસૂરિજીના શિષ્ય શ્રીઆમ્રદેવસૂરિજીના શિષ્ય હતા. શ્રીવિજયસેનસૂરિજી તેમના વડિલ ગુરુબંધુ હતા. શ્રીયશોદેવસૂરિજી તેમના

લઘુ ગુરુબંધુ હતા. શ્રીનેમિચન્દ્રસૂરિજીએ પ્રાકૃતભાષામાં ૧૨ હજાર શ્લોકપ્રમાણ **અનંતનાથચરિત્ર**ની રચના પણ કરી છે. પ્રવચનસારોદ્ધારમાં તેમણે થોડી ગાથાઓમાં ઘણા પદાર્થોનો સંગ્રહ કર્યો છે.

આ મૂળગ્રંથ ઉપર **શ્રીસિદ્ધસેનસૂરિજી**એ સંસ્કૃત ભાષામાં સરળ ટીકા રચી છે. તેનું નામ **તત્ત્વપ્રકાશિની વૃત્તિ** છે. તે ૧૮ હજાર શ્લોકપ્રમાણ છે. તેની રચના વિ.સં. ૧૨૪૮ વર્ષે ચૈત્ર સુદ ૮ ના દિવસે થઈ છે.

શ્રીસિદ્ધસેનસૂરિજી ચાન્દ્રગચ્છીય શ્રીઅભયદેવસૂરિજીના શિષ્ય શ્રીધનેશ્વરસૂરિજીના શિષ્ય શ્રીઅજિતસિંહસૂરિજીના શિષ્ય શ્રીવર્ધમાનસૂરિજીના શિષ્ય શ્રીચન્દ્રપ્રભસૂરિજીના શિષ્ય શ્રીભદ્રેશ્વરસૂરિજીના શિષ્ય શ્રીઅજિતસિંહસૂરિજીના શિષ્ય શ્રીદેવપ્રભસૂરિજીના શિષ્ય હતા. ટીકામાં તેમણે ૯૦ ઉપરાંત ગ્રંથોના ૫૦૦ ઉપરાંત શાસ્ત્રપાઠો રજૂ કર્યા છે.

પ્રવચનસારોદ્ધાર મૂળગ્રંથ અને તેની ટીકાના આધારે **'પદાર્થપ્રકાશ ભાગ ૨૩'** અને **'પદાર્થપ્રકાશ ભાગ ૨૪'**માં પદાર્થોનો સંગ્રહ કર્યો છે. ભાગ ૨૩માં પહેલા દ્વારથી ૧૨૯મા દ્વાર સુધીના દ્વારોના પદાર્થોનો સંગ્રહ કર્યો છે. ભાગ ૨૪માં ૧૩૦મા દ્વારથી ૨૭૬મા દ્વાર સુધીના દ્વારોના પદાર્થોનો સંગ્રહ કર્યો છે. આ પદાર્થસંગ્રહ સંક્ષિપ્ત છતાં સંપૂર્ણ છે અને સરળ છતાં સચોટ છે. જરૂરીસ્થાનોમાં ચિત્રો દ્વારા પદાર્થોને સ્પષ્ટ કરવાનો પ્રયાસ પણ કર્યો છે. ઘણા સ્થાનોમાં પદાર્થો સરળતાથી સમજાય એ માટે તેમને કોઠાઓ રૂપે ઢાળ્યા છે.

સંસ્કૃત-પ્રાકૃત ભાષા નહીં જાણનારા અને સંક્ષેપરુચિવાળા જીવોને પણ આ પુસ્તક દ્વારા પદાર્થબોધ સુગમ થશે. આ પુસ્તકમાં વધારાનું વિવેચન વર્જીને પદાર્થોનું 'to the point' નિરૂપણ કર્યું છે. તેથી પુસ્તક ખોલતા પદાર્થો સીધા હાથવગા થાય છે, તેમને શોધવા પડતા નથી. પ્રવચનસારોદ્ધારના પદાર્થોને ગોખવા માટે અને તેમનો પાઠ કરવા માટે

પણ આ પુસ્તક અત્યંત ઉપયોગી છે.

આ પુસ્તક પ્રવચનસારોદ્ધારના પદાર્થસંગ્રહના પહેલા ભાગ રૂપ છે.

આ પુસ્તકના અભ્યાસ દ્વારા સહુ કોઈ સ્વાત્મામાં સમ્યગ્જ્ઞાનના પ્રકાશને ફેલાવી અજ્ઞાનના અંધકારને દૂર કરે એ જ અભ્યર્થના.

આ પુસ્તકમાં જિનાજ્ઞાવિરુદ્ધ કંઈ પણ નિરૂપણ થયું હોય તો તેની ક્ષમા યાચું છું અને બહુશ્રુત વિદ્વાનોને તેને સુધારવાની વિનંતિ કરું છું.

| | |
|---|---|
| વિ.સં ૨૦૭૨, | લિ. |
| માગસર વદ ૧૦ | **પરમ પૂજ્ય સમતાસાગર** |
| (પોષદશમી) | **પં. પદ્મવિજયજી મહારાજના** |
| ઓપેરા સોસાયટી, | ચરણકજમધુકર |
| અમદાવાદ | **આચાર્ય વિજયહેમચન્દ્રસૂરિ** |

●●●

+ અધ્યાત્મશાસ્ત્રનું અધ્યયન કરવું જોઈએ, તેની વારંવાર ભાવના કરવી જોઈએ, તેમાં કહેલ અર્થને આચરવા જોઈએ, તેને યોગ્ય જીવને તેનું દાન કરવું જોઈએ.

+ સમ્યક્ત્વથી યુક્ત નરકમાં વાસ સારો, પણ સમ્યક્ત્વથી રહિત દેવલોકમાં વાસ શોભા પામતો નથી.

+ પ્રભુ તરફથી આપણને 'સમયં મા પમાયએ'ની મળેલ 'ટીપ્સ' આંખ સામે રાખીને પ્રમાદથી જાતને દૂર રાખવા આપણે પ્રયત્નશીલ છીએ જ એમ આપણે છાતી ઠોકીને કહી શકીએ તેમ છીએ ખરા ?

## પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા દ્વારા **લિખિત-સંપાદિત-સંકલિત-પ્રેરિત ગ્રંથોની સૂચિ**

૧. અધ્યાત્મયોગી કલાપૂર્ણસૂરિ
૨. અરિહંતની વાણી હૈયે સમાણી (ભાગ-૧)
૩. અરિહંતની વાણી હૈયે સમાણી (ભાગ-૨)
૪. અરિહંતની વાણી હૈયે સમાણી (ભાગ-૩)
૫. આર્હન્ત્ય
૬. ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો
૭. કામ સુભટ ગયો હારી
૮. ગુરુ દીવો ગુરુ દેવતા
૯. ગુરુની શીખડી, અમૃતની વેલડી (ભાગ-૧)
૧૦. ગુરુની શીખડી, અમૃતની વેલડી (ભાગ-૨)
૧૧. ચાતુર્માસિક અને જીવનના નિયમો
૧૨. ચિત્કાર
૧૩. જયતિહુઅણ સ્તોત્ર
૧૪. જય વીયરાય
૧૫. તીર્થ-તીર્થાધિપતિ
૧૬. ત્રિલોક તીર્થ વંદના
૧૭. ધર્માચાર્ય બહુમાન કુલક
૧૮. નમોક્કાર એક વિભાવના
૧૯. નરક દુઃખ વેદના ભારી
૨૦. નવકાર જાપ અભિયાન
૨૧. નેમિ દેશના
૨૨. પંચસૂત્ર (પ્રથમસૂત્ર સાનુવાદ)
૨૩. પંચસૂત્રનું પરિશીલન
૨૪. પદાર્થપ્રકાશ ભાગ-૧ (જીવવિચાર-નવતત્ત્વ)
૨૫. પદાર્થપ્રકાશ ભાગ-૨ (દંડક-લઘુસંગ્રહણી)
૨૬. પદાર્થપ્રકાશ ભાગ-૩ (૧લો-૨જો કર્મગ્રંથ)
૨૭. પદાર્થપ્રકાશ ભાગ-૪ (૩જો-૪થો કર્મગ્રંથ)
૨૮. પદાર્થપ્રકાશ ભાગ-૫ (ત્રણ ભાષ્ય)
૨૯. પદાર્થપ્રકાશ ભાગ-૬ (પાંચમો કર્મગ્રંથ)
૩૦. પદાર્થપ્રકાશ ભાગ-૭ (છઠ્ઠો કર્મગ્રંથ)
૩૧. પદાર્થપ્રકાશ ભાગ-૮ (બૃહત્સંગ્રહણિ)

૩૨. પદાર્થપ્રકાશ ભાગ-૯ (બૃહત્ક્ષેત્રસમાસ+લઘુક્ષેત્રસમાસ)
૩૩. પદાર્થપ્રકાશ ભાગ-૧૦ (કર્મપ્રકૃતિ-બંધનકરણ)
૩૪. પદાર્થપ્રકાશ ભાગ-૧૧ (કર્મપ્રકૃતિ-સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ)
૩૫. પદાર્થપ્રકાશ ભાગ-૧૨ (કર્મપ્રકૃતિ-ઉદીરણાકરણ, ઉપશમનાકરણ, નિધત્તિકરણ, નિકાચનાકરણ)
૩૬. પદાર્થપ્રકાશ ભાગ-૧૩ (કર્મપ્રકૃતિ-ઉદયાધિકાર, સત્તાધિકાર)
૩૭. પદાર્થપ્રકાશ ભાગ-૧૪ (શ્રીક્ષુલ્લકભવાવલિપ્રકરણ, શ્રીસિદ્ધદંડિકાસ્તવ, શ્રીયોનિસ્તવ અને શ્રીલોકનાલિદ્વાત્રિંશિકા)
૩૮. પદાર્થપ્રકાશ ભાગ-૧૫ (શ્રીકાયસ્થિતિસ્તોત્ર, શ્રીલઘુઅલ્પબહુત્વ, શ્રીદેહ-સ્થિતિસ્તવ, શ્રીકાલસપ્તતિકાપ્રકરણ, શ્રીવિચારપંચાશિકા, શ્રીપુદ્ગલ-પરાવર્તસ્તોત્ર, શ્રીઅંગુલસત્તરી, શ્રીસમવરણસ્તવ)
૩૯. પદાર્થપ્રકાશ ભાગ-૧૬ (તત્ત્વાર્થ)
૪૦. પદાર્થપ્રકાશ ભાગ-૧૭ (શ્રીશ્રાવકવ્રતભંગપ્રકરણ અને શ્રીગાંગેયભંગપ્રકરણ)
૪૧. પદાર્થપ્રકાશ ભાગ-૧૮ (શ્રીસિદ્ધપ્રાભૃત અને શ્રીસિદ્ધપંચાશિકા)
૪૨. પદાર્થપ્રકાશ ભાગ-૧૯ (સંસ્કૃત નિયમાવલી)
૪૩. પદાર્થપ્રકાશ ભાગ ૨૦ (વિચારસપ્તતિકા)
૪૪. પદાર્થપ્રકાશ ભાગ ૨૧ (ગુરુગુણષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા)
૪૫. પદાર્થપ્રકાશ ભાગ ૨૨ (યતિદિનચર્યા)
૪૬. પરમ પ્રાર્થના
૪૭. પૂર્વજોની અપૂર્વ સાધના (મૂળ)
૪૮. પૂર્વજોની અપૂર્વ સાધના (સાનુવાદ)
૪૯. પ્રતિકાર
૫૦. પ્રભુ તુજ વચન અતિભલું (ભાગ-૧)
૫૧. પ્રભુ તુજ વચન અતિભલું (ભાગ-૨)
૫૨. પ્રભુદર્શન સુખ સંપદા
૫૩. પ્રેમપ્રભા (ભાગ-૧)
૫૪. પ્રેમપ્રભા (ભાગ-૨)
૫૫. બંધનથી મુક્તિ તરફ
૫૬. બ્રહ્મચર્યસમાધિ
૫૭. બ્રહ્મવૈભવ
૫૮. ભક્તિમાં ભીંજાણા
૫૯. ભાવે ભજો અરિહંતને
૬૦. મનોનુશાસન
૬૧. મહાવિદેહના સંત ભરતમાં
૬૨. મુક્તિનું મંગલ દ્વાર

૬૩. રત્નકુક્ષી માતા પાહીણી
૬૪. રત્નનિધિ
૬૫. રસથાળ (ભાગ-૧)
૬૬. રસથાળ (ભાગ-૨)
૬૭. રસથાળ (ભાગ-૩)
૬૮. રસથાળ (ભાગ-૪)
૬૯. લક્ષ્મી-સરસ્વતી સંવાદ
૭૦. વિમલ સ્તુતિ
૭૧. વીશ વિહરમાન જિન સચિત્ર
૭૨. વીશ વિહરમાન જિન પૂજા
૭૩. વેદના સંવેદના
૭૪. વૈરાગ્યશતક, ઇન્દ્રિયપરાજયશતકાદિ સાનુવાદ
૭૫. શુદ્ધિ (ભવ આલોચના)
૭૬. શ્રી સીમંધરસ્વામીની આરાધના
૭૭. સતી સોનલ
૭૮. સમતામહોદધિ મહાકાવ્ય
૭૯. સમતાસાગર (નાની)
૮૦. સમતાસાગરચરિતમ્ (ગદ્ય) (સંસ્કૃત)
૮૧. સમાધિ સાર
૮૨. સાધુતાનો ઉજાસ
૮૩. સાત્ત્વિકતાનો તેજ સિતારો
૮૪. સિદ્ધાંત મહોદધિ પ્રેમસૂરીશ્વરાઃ (સંસ્કૃત)
૮૫. સુમતિસુધા
૮૬. સ્તવના
૮૭. A Shining Star of Spirituality
૮૮. Padartha Prakash Part-1
૮૯. Pahini-A Gem-womb Mother
૯૦. Sangrahani Sutra
૯૧. હેમદીપ
૯૨. હેમાંજલિ

ઉપરોક્ત પુસ્તકોમાંથી કોઈપણ પુસ્તકની પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા શ્રાવક-શ્રાવિકાઓને જરૂર હોય તો અમને જાણ કરશો.

●●●

# વિષયાનુક્રમ


| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | દ્વાર ૧લું-ચૈત્યવંદન | ૧-૧૪ |
| ૨. | પ્રતિદ્વાર ૧લું-૫ અભિગમ | ૨ |
| ૩. | પ્રતિદ્વાર ૨જું-૧૦ ત્રિક | ૩ |
| ૪. | પ્રતિદ્વાર ૩જું-૨ દિશા | ૬ |
| ૫. | પ્રતિદ્વાર ૪થું-૨ અભિગ્રહ | ૬ |
| ૬. | પ્રતિદ્વાર ૫મું-૯૭ સંપદા | ૭ |
| ૭. | પ્રતિદ્વાર ૬ઠ્ઠું-૧૨ અધિકાર | ૧૧ |
| ૮. | પ્રતિદ્વાર ૭મું-અહોરાત્રમાં ચૈત્યવંદન કેટલી વાર કરવાના? | ૧૨ |
| ૯. | પ્રતિદ્વાર ૮મું-ચૈત્યવંદનાના ૩ પ્રકાર | ૧૪ |
| ૧૦. | દ્વાર ૨જું-વંદન | ૧૫-૪૩ |
| ૧૧. | પ્રતિદ્વાર ૧લું-મુહપત્તિપડિલેહણ ૨૫ | ૧૫ |
| ૧૨. | પ્રતિદ્વાર ૨જું-શરીરપડિલેહણ ૨૫ | ૧૭ |
| ૧૩. | પ્રતિદ્વાર ૩જું-આવશ્યક ૨૫ | ૧૮ |
| ૧૪. | પ્રતિદ્વાર ૪થું-સ્થાન ૬ | ૨૦ |
| ૧૫. | પ્રતિદ્વાર ૫મું-વંદન કરવાથી થતા ગુણ ૬ | ૨૩ |
| ૧૬. | પ્રતિદ્વાર ૬ઠ્ઠું-ગુરુવચન ૬ | ૨૪ |
| ૧૭. | પ્રતિદ્વાર ૭મું-વંદનના અધિકારી ૫ (વંદનીય) | ૨૫ |
| ૧૮. | પ્રતિદ્વાર ૮મું-વંદનના અનધિકારી ૫ (અવંદનીય) | ૨૫ |
| ૧૯. | પ્રતિદ્વાર ૯મું-વંદનના અનવસર ૫ | ૩૧ |
| ૨૦. | પ્રતિદ્વાર ૧૦મું-અવગ્રહ ૧ | ૩૨ |
| ૨૧. | પ્રતિદ્વાર ૧૧મું-વંદનના નામ ૫ | ૩૩ |
| ૨૨. | પ્રતિદ્વાર ૧૨મું-ઉદાહરણ ૫ | ૩૪ |
| ૨૩. | પ્રતિદ્વાર ૧૩મું-આશાતના ૩૩ | ૩૬ |
| ૨૪. | પ્રતિદ્વાર ૧૪મું-વંદનના દોષ ૩૨ | ૩૯ |
| ૨૫. | પ્રતિદ્વાર ૧૫મું-વંદનના કારણ ૮ | ૪૩ |
| ૨૬. | દ્વાર ૩જું-પ્રતિક્રમણ | ૪૪-૫૦ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૭. | દ્વાર ૪થું-પચ્ચક્ખાણ | ૫૧-૭૮ |
| ૨૮. | પ્રતિદ્વાર ૧લું-પચ્ચક્ખાણના ૧૦ પ્રકાર | ૫૨ |
| ૨૯. | પ્રતિદ્વાર ૨જું-ક્યા પચ્ચક્ખાણમાં કેટલા અને ક્યા આગાર ? | ૫૮ |
| ૩૦. | પ્રતિદ્વાર ૩જું-આગારના અર્થ | ૬૦ |
| ૩૧. | પ્રતિદ્વાર ૪થું-આહારના ૪ પ્રકાર | ૬૫ |
| ૩૨. | પ્રતિદ્વાર ૫મું-પચ્ચક્ખાણની વિશુદ્ધિના છ કારણો | ૬૭ |
| ૩૩. | પ્રતિદ્વાર ૬ઠ્ઠું-વિગઈઓ અને તેના પ્રકારો | ૬૭ |
| ૩૪. | પ્રતિદ્વાર ૭મું-સંસૃષ્ટ દ્રવ્યો અને ઉત્કૃષ્ટ દ્રવ્ય | ૬૯ |
| ૩૫. | પ્રતિદ્વાર ૮મું-વિકૃતિગત (નીવિયાતા) | ૭૦ |
| ૩૬. | પ્રતિદ્વાર ૯મું-૩૨ અનંતકાય | ૭૩ |
| ૩૭. | પ્રતિદ્વાર ૧૦મું-૨૨ વર્જનીય વસ્તુ (અભક્ષ્ય) | ૭૬ |
| ૩૮. | દ્વાર ૫મું-કાઉસ્સગ્ગ | ૭૯-૮૨ |
| ૩૯. | દ્વાર ૬ઠ્ઠું-ગૃહસ્થના પ્રતિક્રમણના ૧૨૪ અતિચાર | ૮૩-૧૧૬ |
| ૪૦. | દ્વાર ૭મું-ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રના તીર્થંકરોના નામો | ૧૧૭-૧૨૦ |
| ૪૧. | દ્વાર ૮મું-૨૪ તીર્થંકરોના પહેલા ગણધરો | ૧૨૧ |
| ૪૨. | દ્વાર ૯મું-૨૪ તીર્થંકરોના પહેલા પ્રવર્તિની | ૧૨૧ |
| ૪૩. | દ્વાર ૧૦મું-તીર્થંકર નામકર્મના બંધમાં કારણભૂત વીશ સ્થાનકો | ૧૨૨-૧૨૬ |
| ૪૪. | દ્વાર ૧૧મું-૨૪ તીર્થંકરોના માતા-પિતાના નામ | ૧૨૭ |
| ૪૫. | દ્વાર ૧૨મું-૨૪ તીર્થંકરોના માતા-પિતાની ગતિ | ૧૨૭ |
| ૪૬. | દ્વાર ૧૩મું-એકસાથે વિચરતા તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા અને જઘન્ય સંખ્યા | ૧૨૮-૧૨૯ |
| ૪૭. | દ્વાર ૧૪મું-એકસાથે જન્મ પામતા તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા અને જઘન્ય સંખ્યા | ૧૩૦-૧૩૧ |
| ૪૮. | દ્વાર ૧૫મું-૨૪ તીર્થંકરોના ગણધરોની સંખ્યા | ૧૩૨-૧૩૩ |
| ૪૯. | દ્વાર ૧૬મું-૨૪ તીર્થંકરોના સાધુઓની સંખ્યા | ૧૩૨-૧૩૩ |
| ૫૦. | દ્વાર ૧૭મું-૨૪ તીર્થંકરોના સાધ્વીઓની સંખ્યા | ૧૩૨-૧૩૩ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૫૧. | દ્વાર ૧૮મું-૨૪ તીર્થંકરોના વૈક્રિયલબ્ધિધર સાધુઓની સંખ્યા | ૧૩૨-૧૩૩ |
| ૫૨. | દ્વાર ૧૯મું-૨૪ તીર્થંકરોના વાદી સાધુઓની સંખ્યા | ૧૩૪ |
| ૫૩. | દ્વાર ૨૦મું-૨૪ તીર્થંકરોના અવધિજ્ઞાની સાધુઓની સંખ્યા | ૧૩૪ |
| ૫૪. | દ્વાર ૨૧મું-૨૪ તીર્થંકરોના કેવળજ્ઞાનીઓની સંખ્યા | ૧૩૪ |
| ૫૫. | દ્વાર ૨૨મું-૨૪ તીર્થંકરોના મનઃપર્યવજ્ઞાનીઓની સંખ્યા | ૧૩૪ |
| ૫૬. | દ્વાર ૨૩મું-૨૪ તીર્થંકરોના ચૌદપૂર્વીઓની સંખ્યા | ૧૩૫ |
| ૫૭. | દ્વાર ૨૪મું-૨૪ તીર્થંકરોના શ્રાવકોની સંખ્યા | ૧૩૫ |
| ૫૮. | દ્વાર ૨૫મું-૨૪ તીર્થંકરોના શ્રાવિકાઓની સંખ્યા | ૧૩૫ |
| ૫૯. | દ્વાર ૨૮મું-૨૪ તીર્થંકરોના શરીરની ઊંચાઈ | ૧૩૫ |
| ૬૦. | દ્વાર ૨૬મું-૨૪ તીર્થંકરોના યક્ષો | ૧૩૬-૧૩૭ |
| ૬૧. | દ્વાર ૨૭મું-૨૪ તીર્થંકરોની દેવીઓ | ૧૩૮-૧૩૯ |
| ૬૨. | દ્વાર ૨૯મું-૨૪ તીર્થંકરોના લાંછન | ૧૪૦-૧૪૧ |
| ૬૩. | દ્વાર ૩૦મું-૨૪ તીર્થંકરોના વર્ણ | ૧૪૦-૧૪૧ |
| ૬૪. | દ્વાર ૩૧મું-૨૪ તીર્થંકરોએ કેટલા સાથે દીક્ષા લીધી ? | ૧૪૦-૧૪૧ |
| ૬૫. | દ્વાર ૩૨મું-૨૪ તીર્થંકરોના આયુષ્ય | ૧૪૦-૧૪૧ |
| ૬૬. | દ્વાર ૩૩મું-૨૪ તીર્થંકરો કેટલા સાથે મોક્ષે ગયા ? | ૧૪૦-૧૪૧ |
| ૬૭. | દ્વાર ૩૪મું-૨૪ તીર્થંકરોના નિર્વાણગમનસ્થાન | ૧૪૨-૧૪૩ |
| ૬૮. | દ્વાર ૩૫મું-તીર્થંકરોના અંતરો | ૧૪૨-૧૪૫ |
| ૬૯. | દ્વાર ૩૬મું -તીર્થવિચ્છેદનો કાળ | ૧૪૬ |
| ૭૦. | દ્વાર ૩૭મું-જિનાલયમાં વર્જવાની ૧૦ આશાતનાઓ | ૧૪૭ |
| ૭૧. | દ્વાર ૩૮મું-જિનાલયમાં વર્જવાની ૮૪ આશાતનાઓ | ૧૪૮-૧૫૨ |
| ૭૨. | દ્વાર ૩૯મું-તીર્થંકરોના ૮ પ્રાતિહાર્યો | ૧૫૩-૧૫૪ |
| ૭૩. | દ્વાર ૪૦મું-તીર્થંકરોના ૩૪ અતિશયો | ૧૫૫-૧૫૭ |
| ૭૪. | દ્વાર ૪૧મું-૧૮ દોષો | ૧૫૮ |
| ૭૫. | દ્વાર ૪૨મું-૪ પ્રકારના અરિહંત | ૧૫૯ |
| ૭૬. | દ્વાર ૪૩મું-૨૪ તીર્થંકરોનો દીક્ષાતપ | ૧૬૦-૧૬૧ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૭૭. | દ્વાર ૪૪મું-૨૪ તીર્થંકરોનો કેવળજ્ઞાનતપ | ૧૬૦-૧૬૧ |
| ૭૮. | દ્વાર ૪૫મું-૨૪ તીર્થંકરોનો નિર્વાણતપ | ૧૬૦-૧૬૧ |
| ૭૯. | દ્વાર ૪૬મું-ભાવી ચોવીશીના ૨૪ તીર્થંકરોના જીવો | ૧૬૨-૧૬૩ |
| ૮૦. | દ્વાર ૪૭મું-ઊર્ધ્વલોક, અધોલોક, તિર્ચ્છાલોકમાં એકસાથે સિદ્ધ થનારાની ઉત્કૃષ્ટ સંખ્યા | ૧૬૪ |
| ૮૧. | દ્વાર ૪૮મું-એક સમયે સિદ્ધ થનારાની સંખ્યા | ૧૬૪ |
| ૮૨. | દ્વાર ૪૯મું-સિદ્ધોના ૧૫ ભેદો | ૧૬૫-૧૬૬ |
| ૮૩. | દ્વાર ૫૦મું-એક સમયમાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ અવગાહનામાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા | ૧૬૭ |
| ૮૪. | દ્વાર ૫૧મું-એકસમયમાં ગૃહીલિંગ-અન્યલિંગ-સ્વલિંગમાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા | ૧૬૭ |
| ૮૫. | દ્વાર ૫૨મું-કેટલા જીવો નિરંતર કેટલા સમય સુધી સિદ્ધ થાય ? | ૧૬૮ |
| ૮૬. | દ્વાર ૫૩મું-એકસમયમાં ત્રણ વેદમાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા | ૧૬૯-૧૭૧ |
| ૮૭. | દ્વાર ૫૪મું-સિદ્ધોનું સંસ્થાન (આકાર) | ૧૭૨ |
| ૮૮. | દ્વાર ૫૫મું-સિદ્ધોનું અવસ્થિતિ (રહેવાનું) સ્થાન | ૧૭૨ |
| ૮૯. | દ્વાર ૫૬મું-સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના | ૧૭૩ |
| ૯૦. | દ્વાર ૫૭મું-સિદ્ધોની મધ્યમ અવગાહના | ૧૭૩ |
| ૯૧. | દ્વાર ૫૮મું-સિદ્ધોની જઘન્ય અવગાહના | ૧૭૩ |
| ૯૨. | દ્વાર ૫૯મું-શાશ્વત જિનપ્રતિમાઓના નામો | ૧૭૪ |
| ૯૩. | દ્વાર ૬૦મું-જિનકલ્પીના ઉપકરણોની સંખ્યા | ૧૭૫-૧૭૭ |
| ૯૪. | દ્વાર ૬૧મું-સ્થવિરકલ્પીના ઉપકરણો | ૧૭૮-૧૮૩ |
| ૯૫. | દ્વાર ૬૨મું-સાધ્વીઓના ઉપકરણો | ૧૮૪-૧૮૫ |
| ૯૬. | દ્વાર ૬૩મું-એક વસતિમાં જિનકલ્પીઓની ઉત્કૃષ્ટ સંખ્યા | ૧૮૬-૧૮૯ |
| ૯૭. | દ્વાર ૬૪મું-આચાર્યના ૩૬ ગુણો | ૧૯૦-૧૯૭ |
| ૯૮. | દ્વાર ૬૫મું-વિનયના ૫૨ ભેદ | ૧૯૮ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૯૯. | દ્વાર ૬૬મું-ચરણસિત્તરી | ૧૯૯-૨૦૫ |
| ૧૦૦. | દ્વાર ૬૭મું-કરણસિત્તરી | ૨૦૬-૨૪૨ |
| ૧૦૧. | દ્વાર ૬૮મું-જંઘાચારણ અને વિદ્યાચારણની ગમનશક્તિ | ૨૪૩-૨૪૫ |
| ૧૦૨. | દ્વાર ૬૯મું-પરિહારવિશુદ્ધિકલ્પ | ૨૪૬-૨૪૯ |
| ૧૦૩. | દ્વાર ૭૦મું-યથાલંદકલ્પ | ૨૫૦-૨૫૩ |
| ૧૦૪. | દ્વાર ૭૧મું-૪૮ પ્રકારના નિર્યામક | ૨૫૪-૨૫૫ |
| ૧૦૫. | દ્વાર ૭૨મું-૨૫ ભાવનાઓ | ૨૫૬-૨૫૭ |
| ૧૦૬. | દ્વાર ૭૩મું-૨૫ અશુભ ભાવનાઓ | ૨૫૮-૨૬૧ |
| ૧૦૭. | દ્વાર ૭૪મું-મહાવ્રતોની સંખ્યા | ૨૬૨-૨૬૩ |
| ૧૦૮. | દ્વાર ૭૫મું-દિવસમાં કૃતિકર્મ (વંદન)ની સંખ્યા | ૨૬૪ |
| ૧૦૯. | દ્વાર ૭૬મું-ક્ષેત્રોમાં ચારિત્રની સંખ્યા | ૨૬૫ |
| ૧૧૦. | દ્વાર ૭૭મું-સ્થિતકલ્પ | ૨૬૬-૨૬૭ |
| ૧૧૧. | દ્વાર ૭૮મું-અસ્થિતકલ્પ | ૨૬૮-૨૭૧ |
| ૧૧૨. | દ્વાર ૭૯મું-૫ પ્રકારના ચૈત્ય | ૨૭૨-૨૭૩ |
| ૧૧૩. | દ્વાર ૮૦મું-પુસ્તકપંચક | ૨૭૪ |
| ૧૧૪. | દ્વાર ૮૧મું-દંડપંચક | ૨૭૫ |
| ૧૧૫. | દ્વાર ૮૨મું-તૃણપંચક | ૨૭૬ |
| ૧૧૬. | દ્વાર ૮૩મું-ચર્મપંચક | ૨૭૭-૨૭૮ |
| ૧૧૭. | દ્વાર ૮૪મું-દૂષ્યપંચક (વસ્ત્રપંચક) | ૨૭૯ |
| ૧૧૮. | દ્વાર ૮૫મું-પાંચ પ્રકારના અવગ્રહ | ૨૮૦-૨૮૧ |
| ૧૧૯. | દ્વાર ૮૬મું-૨૨ પરીષહ | ૨૮૨-૨૮૭ |
| ૧૨૦. | દ્વાર ૮૭મું-સાત માંડલીઓ | ૨૮૭ |
| ૧૨૧. | દ્વાર ૮૮મું-જંબૂસ્વામી પછી વિચ્છેદ પામેલા ૧૦ સ્થાનો | ૨૮૮ |
| ૧૨૨. | દ્વાર ૮૯મું-ક્ષપકશ્રેણિ | ૨૮૯-૩૦૦ |
| ૧૨૩. | દ્વાર ૯૦મું-ઉપશમશ્રેણિ | ૩૦૧-૩૦૬ |
| ૧૨૪. | દ્વાર ૯૧મું-સ્થંડિલભૂમિના ૧૦૨૪ ભાંગા | ૩૦૭-૩૧૭ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૨૫. | દ્વાર ૯૨મું-૧૪ પૂર્વોના નામો અને પદસંખ્યા | ૩૧૮-૩૨૦ |
| ૧૨૬. | દ્વાર ૯૩મું-૫ પ્રકારના નિર્ગ્રંથો | ૩૨૧-૩૨૭ |
| ૧૨૭. | દ્વાર ૯૪મું-પાંચ પ્રકારના શ્રમણ | ૩૨૮ |
| ૧૨૮. | દ્વાર ૯૫મું-ગ્રાસૈષણાના પાંચ દોષો | ૩૨૯-૩૩૨ |
| ૧૨૯. | દ્વાર ૯૬મું-૭ પ્રકારની પિંડૈષણા અને ૭ પ્રકારની પાનૈષણા | ૩૩૩-૩૩૪ |
| ૧૩૦. | દ્વાર ૯૭મું-૮ પ્રકારની ભિક્ષાચર્યાની વીથિ | ૩૩૫-૩૩૬ |
| ૧૩૧. | દ્વાર ૯૮મું-૧૦ પ્રકારના પ્રાયશ્ચિત્ત | ૩૩૭-૩૪૨ |
| ૧૩૨. | દ્વાર ૯૯મું-ઓઘસામાચારી | ૩૪૩ |
| ૧૩૩. | દ્વાર ૧૦૦મું-પદવિભાગસામાચારી | ૩૪૩ |
| ૧૩૪. | દ્વાર ૧૦૧મું-દશવિધ ચક્રવાલ સામાચારી | ૩૪૪-૩૪૭ |
| ૧૩૫. | દ્વાર ૧૦૨મું-સંસારવાસમાં ઉત્કૃષ્ટથી પાંચ વાર નિર્ગ્રંથપણું મળે છે | ૩૪૮ |
| ૧૩૬. | દ્વાર ૧૦૩મું-સાધુના વિહારનું સ્વરૂપ | ૩૪૮ |
| ૧૩૭. | દ્વાર ૧૦૪મું-અપ્રતિબદ્ધ વિહાર | ૩૪૯-૩૫૧ |
| ૧૩૮. | દ્વાર ૧૦૫-મું-જાતકલ્પ-અજાતકલ્પ | ૩૫૧ |
| ૧૩૯. | દ્વાર ૧૦૬મું-કાળધર્મ પામેલા સાધુને પરઠવવાની અને સ્થંડિલ જવાની દિશા | ૩૫૨-૩૫૪ |
| ૧૪૦. | દ્વાર ૧૦૭મું-દીક્ષા માટે અયોગ્ય પુરુષો | ૩૫૫-૩૫૯ |
| ૧૪૧. | દ્વાર ૧૦૮મું-દીક્ષા માટે અયોગ્ય સ્ત્રીઓ | ૩૫૯ |
| ૧૪૨. | દ્વાર ૧૦૯મું-દીક્ષા માટે અયોગ્ય નપુંસકો | ૩૬૦-૩૬૨ |
| ૧૪૩. | દ્વાર ૧૧૦મું-દીક્ષા માટે અયોગ્ય વિકલાંગો | ૩૬૩ |
| ૧૪૪. | દ્વાર ૧૧૧મું-સાધુને કેટલા મૂલ્યવાળુ વસ્ત્ર કલ્પે ? | ૩૬૪ |
| ૧૪૫. | દ્વાર ૧૧૨મું-શય્યાતરપિંડ | ૩૬૫-૩૬૮ |
| ૧૪૬. | દ્વાર ૧૧૩મું-કેટલું શ્રુત હોય તો સમ્યક્ત્વ હોય ? | ૩૬૮ |
| ૧૪૭. | દ્વાર ૧૧૪મું-જે નિર્ગ્રંથો પણ ચાર ગતિમાં જાય છે | ૩૬૯ |
| ૧૪૮. | દ્વાર ૧૧૫મું-ક્ષેત્રાતીત | ૩૬૯ |

| ક્ર. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૪૯. | દ્વાર ૧૧૬મું-માર્ગાતીત | ૩૬૯ |
| ૧૫૦. | દ્વાર ૧૧૭મું-કાલાતીત | ૩૭૦ |
| ૧૫૧. | દ્વાર ૧૧૮મું-પ્રમાણાતિક્રાંત | ૩૭૦ |
| ૧૫૨. | દ્વાર ૧૧૯મું-૪ પ્રકારની દુઃખશય્યા | ૩૭૧ |
| ૧૫૩. | દ્વાર ૧૨૦મું-૪ પ્રકારની સુખશય્યા | ૩૭૧ |
| ૧૫૪. | દ્વાર ૧૨૧મું-૧૩ ક્રિયાસ્થાનો | ૩૭૨-૩૭૩ |
| ૧૫૫. | દ્વાર ૧૨૨મું-સામાયિકના ૧ ભવમાં અને અનેક ભવોમાં આકર્ષ | ૩૭૪-૩૭૫ |
| ૧૫૬. | દ્વાર ૧૨૩મું-અઢાર હજાર શીલાંગો | ૩૭૬-૩૭૮ |
| ૧૫૭. | દ્વાર ૧૨૪મું-૭ નયો | ૩૭૯-૩૮૧ |
| ૧૫૮. | દ્વાર ૧૨૫મું-વસ્ત્ર ગ્રહણ કરવાની વિધિ | ૩૮૨-૩૮૪ |
| ૧૫૯. | દ્વાર ૧૨૬મું-૫ પ્રકારનો વ્યવહાર | ૩૮૫-૩૮૭ |
| ૧૬૦. | દ્વાર ૧૨૭મું-૫ યથાજાત | ૩૮૮ |
| ૧૬૧. | દ્વાર ૧૨૮મું-રાત્રે જાગવાની વિધિ | ૩૮૯ |
| ૧૬૨. | દ્વાર ૧૨૯મું-આલોચનાદાયકનું અન્વેષણ | ૩૯૦ |


• • •

+ No personal consideration should stand in the way of performing public duty

જેમણે દિલ દઈને સંઘ-સમાજના કાર્યો કે ઉપકારો કરવા છે તેમણે વ્યક્તિગત વિચારધારા અને સ્વાર્થને ગૌણ કરવા જ પડે.

+ Anything done for another is done for oneself.

બીજા માટે કરેલુ કંઈપણ પોતાની માટે કરેલુ છે.

### શ્રીનેમિચંદ્રસૂરિવિરચિત

### શ્રીસિદ્ધસેનસૂરિરચિતવૃત્તિવિભૂષિત

# પ્રવચનસારોદ્ધાર

(પદાર્થસંગ્રહ)

શ્રીનેમિચંદ્રસૂરિજીએ પ્રવચનસારોદ્ધારની રચના કરેલ છે. તેની ઉપર શ્રીસિદ્ધસેનસૂરિજીએ વૃત્તિ રચેલ છે. આ બન્નેના આધારે આ પદાર્થસંગ્રહનું સંકલન કર્યું છે.

આ ગ્રંથમાં ૨૭૬ દ્વાર છે.

## દ્વાર ૧લું - ચૈત્યવંદન

અહીં ચૈત્યવંદનની વિધિનું સ્વરૂપ બતાવાશે. ચૈત્યવંદનના સૂત્રોની વ્યાખ્યા તો લલિતવિસ્તરા વગેરે ગ્રંથોમાંથી જાણી લેવી. એમ આગળ પણ ગુરુવંદનના સૂત્રો વગેરેની વ્યાખ્યા તે તે ગ્રંથોમાંથી જાણી લેવી.

જિનાલયે જનારા જીવો બે પ્રકારના છે -

**(૧) રાજા વગેરે મોટી ઋદ્ધિવાળા** - તેઓ શાસનપ્રભાવના માટે મોટી ઋદ્ધિપૂર્વક જિનાલયે જાય.

**(૨) સામાન્ય વૈભવવાળા** - તેઓ ઉદ્ધતાઈ અને લોકોના ઉપહાસને વર્જતાં જિનાલયે જાય.

| ક્ર. | પ્રતિદ્વાર | ભેદ |
|---|---|---|
| ૧ | અભિગમ | ૫ |
| ૨ | ત્રિક | ૧૦ |

| ક્ર. | પ્રતિદ્વાર | ભેદ |
|---|---|---|
| ૩ | દિશા | ૨ |
| ૪ | અવગ્રહ | ૨ |
| ૫ | સંપદા | ૯૭ |
| ૬ | અધિકાર | ૧૨ |
| ૭ | અહોરાત્રમાં ચૈત્યવંદન કેટલી વાર કરવાના ? | ૭ |
| ૮ | ચૈત્યવંદનાના પ્રકાર | ૩ |
| | કુલ | ૧૪૮ |

## પ્રતિદ્વાર ૧લું - ૫ અભિગમ

અભિગમ - એક પ્રકારનો વિનય. જિનાલયમાં પ્રવેશતા આ પાંચ અભિગમોનું પાલન કરવું.

(૧) **સચિત્તત્યાગ** - ફૂલ, તાંબૂલ વગેરે સચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરવો.

(૨) **અચિત્તઅત્યાગ**[1] - કડા, કુંડલ, બાજુબંધ, હાર વગેરે ઉચિત અચિત્ત દ્રવ્યોનો ત્યાગ ન કરવો.

(૩) **ઉત્તરાસઙ્ગ** - દશીવાળો ખેસ ખભે નાંખવો. આ પુરુષો માટે જાણવું. સ્ત્રીઓ વિશેષ પ્રકારે વસ્ત્રોથી શરીર ઢાંકે.

(૪) **અંજલી** - જિનપ્રતિમાના દર્શન થતા મસ્તકે અંજલી કરવી.

(૫) **મનની એકાગ્રતા** - મન પ્રભુભક્તિમાં એકાગ્ર રાખવું.

**રાજા વગેરેના ૫ અભિગમ** -

---

૧. મતાંતરે **અચિત્તત્યાગ** - છત્ર વગેરે અચિત્ત દ્રવ્યોનો ત્યાગ કરવો.

| | |
|---|---|
| (૧) મુગટ<br>(૨) છત્ર<br>(૩) ઉપાનહ (મોજડી વગેરે)<br>(૪) તલવાર<br>(૫) ચામર | આ પાંચ રાજચિહ્નોનો જિનાલયમાં પ્રવેશતા પૂર્વે ત્યાગ કરવો. |

●●●

## પ્રતિદ્વાર ૨જું - ૧૦ ત્રિક

**(૧) નિસીહિત્રિક** - નિસીહિ = નિષેધ

**પહેલી નિસીહિ** - જિનાલયના મુખ્ય દ્વારમાં પ્રવેશતા પહેલી નિસીહિ કરવી. તે ઘર વગેરેના બધા સાવદ્ય વ્યાપારના નિષેધને સૂચવે છે.

**બીજી નિસીહિ** - ગભારામાં પ્રવેશતા બીજી નિસીહિ કરવી. તે જિનાલય સંબંધી પથ્થર ઘડાવવા વગેરે બધા સાવદ્ય વ્યાપારના નિષેધને સૂચવે છે.

**ત્રીજી નિસીહિ** - દ્રવ્યપૂજા પૂર્ણ થયા પછી ચૈત્યવંદન શરૂ કરતા પૂર્વે ત્રીજી નિસીહિ કરવી. તે જિનપૂજા સંબંધી સાવદ્ય વ્યાપારના નિષેધને સૂચવે છે.

અહીં સાંપ્રદાયિક (વૃદ્ધ પરંપરાથી આવેલ) અર્થ આવો છે -

**પહેલી નિસીહિ** - જિનાલયના મુખ્યદ્વારમાં પ્રવેશતા પહેલી નિસીહિ કરવી. તે ઘર વગેરે સંબંધી કાયિક કાર્યોના નિષેધને સૂચવે છે.

**બીજી નિસીહિ** - જિનાલયના મધ્યભાગમાં પ્રવેશતા બીજી નિસીહિ કરવી. તે ઘર વગેરે સંબંધી વાચિક કાર્યોના નિષેધને સૂચવે છે.

**ત્રીજી નિસીહિ** - જિનાલયના ગભારામાં પ્રવેશતા ત્રીજી નિસીહિ કરવી. તે ઘર વગેરે સંબંધી માનસિક કાર્યોના નિષેધને સૂચવે છે.

(૨) **પ્રદક્ષિણાત્રિક** - સંસારના ફેરા ટાળવા અને જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરવા જિનપ્રતિમાની જમણી બાજુથી સૃષ્ટિક્રમે જિનપ્રતિમાની ચારે બાજુ ત્રણ વાર ફરવું.

(૩) **પ્રણામત્રિક** - જિનપ્રતિમાની સન્મુખ અતિશય ભક્તિ પ્રદર્શિત કરવા ભૂમિ ઉપર મસ્તક અડાડવારૂપ ત્રણ પ્રણામ[1] કરવા.

(૪) **પૂજાત્રિક** -

**પહેલો પ્રકાર** - સુગંધી પુષ્પો વડે પૂજા કરવી, અલંકાર પહેરાવવા, વસ્ત્રો પહેરાવવા, ચંદન-કસ્તુરી વગેરેથી લલાટે તિલક કરવું વગેરે.

**બીજો પ્રકાર** - અક્ષત વગેરેથી અષ્ટમંગળ આલેખવા, બલિ-જળ-મંગળદીવો-દહી-ઘી વગેરે ધરવા વગેરે.

**ત્રીજો પ્રકાર** - સ્તુતિઓ ગાવી, ચૈત્યવંદન કરવું, ઉત્તમ સ્તોત્રો ગાવા.

ત્રણ પ્રકારની પૂજાના ઉપલક્ષણથી આઠ પ્રકારની પૂજા પણ જાણવી - (૧) ગંધપૂજા, (૨) ધૂપપૂજા, (૩) અક્ષતપૂજા, (૪) પુષ્પપૂજા, (૫) દીપપૂજા, (૬) નૈવેદ્યપૂજા, (૭) ફળપૂજા, (૮) જળપૂજા.

(૫) **અવસ્થાત્રિકની ભાવના** -

(૧) **છદ્મસ્થ અવસ્થા** - ભગવાનની કેવળજ્ઞાન થયા પૂર્વેની અવસ્થા.

---

૧. **ચૈત્યવંદનભાષ્ય**માં ત્રણ પ્રકારના પ્રણામ આ રીતે કહ્યા છે -

(૧) **અંજલિબદ્ધ પ્રણામ** - ભગવાનને દૂરથી જોતા જ માથે બે હાથ જોડી સહેજ માથું નમાવવું તે.

(૨) **અર્ધાવનત પ્રણામ** - ગભારા પાસે જઈને અડધુ શરીર નમાવવું તે. અથવા ૧, ૨, ૩, ૪ અંગ ભૂમિને સ્પર્શે તે રીતે પ્રણામ કરવો તે.

(૩) **પંચાંગ પ્રણામ** - ૨ ઢીંચણ, ૨ હાથ, ૧ માથું - આ પાંચ અંગો જમીનને સ્પર્શ કરે તે રીતે પ્રણામ કરવો તે.

(૨) **કેવલી અવસ્થા** - ભગવાનની કેવળજ્ઞાન થયા પછીની મોક્ષ થયા પૂર્વેની અવસ્થા.

(૩) **સિદ્ધ અવસ્થા** - ભગવાનની મોક્ષ થયા પછીની અવસ્થા.

આ ત્રણે અવસ્થાઓ ભાવવી.

(૬) **ત્રિદિગ્નિરીક્ષણવિરતિત્રિક** - જિનપ્રતિમા જે દિશામાં હોય તે સિવાયની ત્રણ દિશામાં ન જોવું.

(૭) **પ્રમાર્જનાત્રિક** - ચૈત્યવંદન કરતા પૂર્વે જીવોની રક્ષા માટે પગ મૂકવાની ભૂમિને આંખથી બરાબર જોઈને ત્રણ વાર પ્રમાર્જવી. ગૃહસ્થે વસ્ત્રના છેડાથી અને સાધુએ રજોહરણથી પ્રમાર્જન કરવું.

(૮) **આલંબનત્રિક** -

(૧) **વર્ણઆલંબન** - ચૈત્યવંદનના સૂત્રો બોલતી વખતે તેના અક્ષરોમાં ઉપયોગ રાખવો.

(૨) **અર્થઆલંબન** - ચૈત્યવંદનના સૂત્રો બોલતી વખતે તેના અર્થમાં ઉપયોગ રાખવો.

(૩) **પ્રતિમાદિઆલંબન** - ચૈત્યવંદન કરતી વખતે જિનપ્રતિમા સામે દૃષ્ટિ રાખી તેમાં અથવા ભાવજિનેશ્વર વગેરેમાં ઉપયોગ રાખવો.

(૯) **મુદ્રાત્રિક** -

(૧) **યોગમુદ્રા** - પરસ્પર આંગળીઓના આંતરામાં આંગળીઓ ભરાવી કમળના કોશના આકારે બે હાથ જોડી બે કોણી પેટ પર સ્થાપવી તે યોગમુદ્રા. ચૈત્યવંદન, નમુત્થુણં અને સ્તવન વખતે આ મુદ્રા રાખવી.

(૨) **મુક્તાશુક્તિમુદ્રા** - મોતીની છીપની જેમ બે હાથની આંગળીના ટેરવા જોડવા, હાથ વચ્ચેથી પોલા રાખવા, કપાળે અડાડવા, મતાંતરે કપાળની સન્મુખ (બે આંખની વચ્ચેના આકાશમાં) રાખવા, તે મુક્તાશુક્તિમુદ્રા. પ્રણિધાનસૂત્રો - જાવંતિ ચેઇઆઇં, જાવંત કેવી સાહુ

અને જયવીયરાય (આભવમખંડા સુધી) વખતે આ મુદ્રા કરવી.

(૩) **જિનમુદ્રા** - ઊભા બે પગ વચ્ચે આગળથી ચાર આંગળ અને પાછળથી કંઈક ઓછું અંતર રાખવું તે જિનમુદ્રા. ઇરિયાવહિ, અરિહંત ચેઇઆણં, કાઉસ્સગ્ગ, થોય વખતે આ મુદ્રા કરવી. (કાઉસ્સગ્ગમાં બે હાથ નીચે તરફ સીધા રાખવા, બાકીમાં યોગમુદ્રાએ રાખવા.)

આ ત્રણ મુદ્રા સિવાય પણ એક મુદ્રા છે. તે આ પ્રમાણે -

**પંચાંગમુદ્રા** - બે ઢીંચણ, બે હાથ અને મસ્તક ભૂમિને અડાડવા તે પંચાંગમુદ્રા. તે પ્રણિપાત વખતે એટલે કે ખમાસમણું આપતી વખતે રાખવી.

(૧૦) **પ્રણિધાનત્રિક** - મન-વચન-કાયાની એકાગ્રતા રાખવી એટલે કે અશુભ મન-વચન-કાયાનો નિરોધ કરવો અને શુભ મન-વચન-કાયાને પ્રવર્તાવવા.

●●●

## પ્રતિદ્વાર ૩જું - ૨ દિશા

જિનપ્રતિમાની જમણી બાજુએ પુરુષોએ રહેવું અને ડાબી બાજુએ સ્ત્રીઓએ રહેવું.

●●●

## પ્રતિદ્વાર ૪થું - ૨ અવગ્રહ

અવગ્રહ એટલે જિનપ્રતિમા અને પોતાની વચ્ચેનું અંતર.

જઘન્ય અવગ્રહ - ૯ હાથ.

ઉત્કૃષ્ટ અવગ્રહ - ૬૦ હાથ.

શ્વાસોચ્છ્વાસ વગેરેથી થતી આશાતના ટાળવા અવગ્રહ રાખવો.

●●●

## પ્રતિદ્વાર ૫મું - ૯૭ સંપદા

સૂત્ર બોલતી વખતે સંપદા પૂરી થાય ત્યાં જરા અટકવું.

**નવકારમાં સંપદાની વિચારણા -**

| સંપદા | સંપદાના પદો | પદસંખ્યા |
|---|---|---|
| પહેલી | નમો અરિહંતાણં ૧ | ૧ |
| બીજી | નમો સિદ્ધાણં ૧ | ૧ |
| ત્રીજી | નમો આયરિયાણં ૧ | ૧ |
| ચોથી | નમો ઉવજ્ઝાયાણં ૧ | ૧ |
| પાંચમી | નમો લોએ સવ્વસાહૂણં | ૧ |
| છટ્ઠી | એસો પંચ નમુક્કારો ૧ | ૧ |
| સાતમી | સવ્વપાવપ્પણાસણો ૧ | ૧ |
| આઠમી | મંગલાણં ચ સવ્વેસિં ૧<br>પઢમં હવઈ મંગલં ૨ | ૨ |
| | કુલ | ૯ |

મતાંતરે છટ્ઠી, સાતમી, આઠમી સંપદા આ પ્રમાણે છે -

| સંપદા | સંપદાના પદો | પદસંખ્યા |
|---|---|---|
| છટ્ઠી | એસો પંચ નમુક્કારો ૧<br>સવ્વપાવપ્પણાસણો ૨ | ૨ |
| સાતમી | મંગલાણં ચ સવ્વેસિં ૧ | ૧ |
| આઠમી | પઢમં હવઈ મંગલં ૧ | ૧ |

છેલ્લા પદમાં 'હવઈ' પાઠ જ સાચો છે, 'હોઈ' નહીં.

**ઈરિયાવહિમાં સંપદાની વિચારણા -**

| સંપદા | સંપદાના પદો | પદસંખ્યા |
|---|---|---|
| પહેલી | ઇચ્છામિ ૧ પડિક્કમિઉં ૨ ઇરિયાવહિયાએ ૩ વિરાહણાએ ૪ | ૪ |
| બીજી | ગમણાગમણે ૧ | ૧ |
| ત્રીજી | પાણક્કમણે ૧ બીયક્કમણે ૨ હરિયક્કમણે ૩ | ૩ |
| ચોથી | ઓસા-ઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી-મક્કડા-સંતાણા-સંકમણે | ૧ |
| પાંચમી | જે મે જીવા વિરાહિયા ૧ | ૧ |
| છઠ્ઠી | એગિંદિયા ૧ બેઇંદિયા ૨ તેઇંદિયા ૩ ચઉરિંદિયા ૪ પંચિંદિયા ૫ | ૫ |
| સાતમી | અભિહયા ૧ વત્તિયા ૨ લેસિયા ૩ સંઘાઇયા ૪ સંઘટ્ટિયા ૫ પરિયાવિયા ૬ કિલામિયા ૭ ઉદ્દવિયા ૮ ઠાણાઓ ઠાણં સંકામિયા ૯ જીવિયાઓ વવરોવિયા ૧૦ તસ્સ મિચ્છામિ દુક્કડમ્ ૧૧ | ૧૧ |
| આઠમી | તસ્સ ઉત્તરિકરણેણં ૧ પાયચ્છિત્તકરણેણં ૨ વિસોહિકરણેણં ૩ વિસલ્લિકરણેણં ૪ પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ૫ ઠામિ કાઉસ્સગ્ગં ૬ | ૬ |
| | કુલ | ૩૨ |

## નમુત્થુણંમાં સંપદાની વિચારણા -

| સંપદા | સંપદાના પદો | પદસંખ્યા |
|---|---|---|
| પહેલી | નમુત્થુણં અરિહંતાણં ૧ ભગવંતાણં ૨ | ૨ |
| બીજી | આઇગરાણં ૧ તિત્થયરાણં ૨ સયંસંબુદ્ધાણં ૩ | ૩ |

| સંપદા | સંપદાના પદો | પદસંખ્યા |
|---|---|---|
| ત્રીજી | પુરિસુત્તમાણં ૧ પુરિસસીહાણં ૨ પુરિસવર-પુંડરિઆણં ૩ પુરિસવરગંધહત્થિણં ૪ | ૪ |
| ચોથી | લોગુત્તમાણં ૧ લોગનાહાણં ૨ લોગહિઆણં ૩ લોગપઈવાણં ૪ લોગપજ્જોઅગરાણં ૫ | ૫ |
| પાંચમી | અભયદયાણં ૧ ચક્ખુદયાણં ૨ મગ્ગદયાણં ૩ સરણદયાણં ૪ બોહિદયાણં ૫ | ૫ |
| છઠ્ઠી | ધમ્મદયાણં ૧ ધમ્મદેસયાણં ૨ ધમ્મનાયગાણં ૩ ધમ્મસારહીણં ૪ ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં ૫ | ૫ |
| સાતમી | અપ્પડિહયવરનાણદંસણધરાણં ૧ વિયટ્ટછઉમાણં ૨ | ૨ |
| આઠમી | જિણાણં જાવયાણં ૧ તિન્નાણં તારયાણં ૨ બુદ્ધાણં બોહયાણં ૩ મુત્તાણં મોઅગાણં ૪ | ૪ |
| નવમી | સવ્વણ્ણૂણં સવ્વદરિસીણં ૧ સિવમયલમરુઅમણંતમક્ખયમવ્વાબાહ-મપુણરાવિત્તિસિદ્ધિગઈનામધેયં ઠાણં સંપત્તાણં ૨ નમો જિણાણં જિઅભયાણં ૩ | ૩ |
| | કુલ | ૩૩ |

'જે અ અઈયા સિદ્ધા' ગાથા પણ નમુત્થુણં ને અંતે અવશ્ય બોલવી.

## અરિહંતચેઈઆણંમાં સંપદાની વિચારણા -

| સંપદા | સંપદાના પદો | પદસંખ્યા |
|---|---|---|
| પહેલી | અરિહંતચેઈઆણં ૧ કરેમિ કાઉસ્સગ્ગં ૨ | ૨ |

| સંપદા | સંપદાના પદો | પદસંખ્યા |
|---|---|---|
| બીજી | વંદણવત્તિઆએ ૧ પૂઅણવત્તિઆએ ૨ સક્કારવત્તિઆએ ૩ સમ્માણવત્તિઆએ ૪ બોહિલાભવત્તિઆએ ૫ નિરુવસગ્ગવત્તિઆએ ૬ | ૬ |
| ત્રીજી | સદ્ધાએ ૧ મેહાએ ૨ ધિઈએ ૩ ધારણાએ ૪ અણુપ્પેહાએ ૫ વઢ્ઢમાણીએ ૬ ઠામિ કાઉસ્સગ્ગં ૭ | ૭ |
| ચોથી | અન્નત્થ ઊસસિએણં ૧ નીસસિએણં ૨ ખાસિ-એણં ૩ છીએણં ૪ જંભાઇએણં ૫ ઉડ્ડુએણં ૬ વાયનિસગ્ગેણં ૭ ભમલીએ ૮ પિત્તમુચ્છાએ ૯ | ૯ |
| પાંચમી | સુહુમેહિં અંગસંચાલેહિં ૧ સુહુમેહિં ખેલસંચાલેહિં ૨ સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૩ | ૩ |
| છઠ્ઠી | એવમાઇએહિં ૧ આગારેહિં ૨ અભગ્ગો ૩ અવિરાહિઓ ૪ હુજ્જ મે ૫ કાઉસ્સગ્ગો ૬ | ૬ |
| સાતમી | જાવ અરિહંતાણં ૧ ભગવંતાણં ૨ નમુક્કારેણં ૩ ન પારેમિ ૪ | ૪ |
| આઠમી | તાવ કાયં ૧ ઠાણેણં ૨ મોણેણં ૩ ઝાણેણં ૪ અપ્પાણં ૫ વોસિરામિ ૬ | ૬ |
| | કુલ | ૪૩ |

નામસ્તવ (લોગસ્સ), શ્રુતસ્તવ (પુક્ખરવરદી૦) અને સિદ્ધસ્તવ (સિદ્ધાણં બુદ્ધાણં)માં દરેક ગાથાનું એકેક ચરણ તે એકેક પદરૂપ અને એકેક સંપદારૂપ છે. નામસ્તવમાં ૭ ગાથા છે. તેથી ૨૮ પદ અને ૨૮ સંપદા છે. શ્રુતસ્તવમાં ૪ ગાથા છે. તેથી ૧૬ પદ અને ૧૬ સંપદા છે. સિદ્ધસ્તવમાં ૫ ગાથા છે. તેથી ૨૦ પદ અને ૨૦ સંપદા છે.

●●●

## પ્રતિદ્વાર ૬ઠ્ઠું - ૧૨ અધિકાર

| સૂત્ર | અધિકાર |
|---|---|
| શક્રસ્તવ | ૨ |
| ચૈત્યસ્તવ | ૧ |
| નામસ્તવ | ૨ |
| શ્રુતસ્તવ | ૨ |
| સિદ્ધસ્તવ | ૫ |
| કુલ | ૧૨ |

**અધિકાર ૧** - નમુત્થુણંમાં નમો જિણાણં જિઅભયાણં સુધી [1]ભાવ-જિનની વંદનાનો અધિકાર છે.

**અધિકાર ૨** - નમુત્થુણંની છેલ્લી ગાથા 'જે અ અઈઆ સિદ્ધા....'માં દ્રવ્યજિનની વંદનાનો અધિકાર છે.

**અધિકાર ૩** - અરિહંત ચેઈઆણંથી પહેલી થોય સુધી સ્થાપનાજિનની વંદનાનો અધિકાર છે.

**અધિકાર ૪** - લોગસ્સમાં નામજિનની વંદનાનો અધિકાર છે. તેમાં વર્તમાન અવસર્પિણીના ૨૪ જિનેશ્વરોના નામને વંદના છે.

**અધિકાર ૫** - સવ્વલોએ અરિહંત ચેઈઆણંથી બીજી થોય સુધી ત્રણે લોકમાં રહેલા સર્વ જિનમંદિરોમાં રહેલી સર્વ (શાશ્વત-અશાશ્વત) જિનપ્રતિમાઓને વંદનાનો અધિકાર છે.

---

૧. (૧) **નામજિન** - જિનેશ્વર ભગવાનનું નામ તે નામજિન છે.

(૨) **સ્થાપનાજિન** - જિનેશ્વર ભગવાનની પ્રતિમા તે સ્થાપનાજિન છે.

(૩) **દ્રવ્યજિન** - જિનેશ્વરપણાની પૂર્વેની અવસ્થામાં રહેલા અને સિદ્ધાવસ્થામાં રહેલા જિનેશ્વરના જીવો તે દ્રવ્યજિન છે.

(૪) **ભાવજિન** - વર્તમાનકાળે સદેહે વિચરતા, સમવસરણમાં બિરાજતા, દેશના આપતા જિનેશ્વરો તે ભાવજિન છે.

**અધિકાર ૬** - પુક્ખરવરદીની પહેલી ગાથામાં વીસ વિહરમાન-જિનની વંદનાનો અધિકાર છે.

**અધિકાર ૭** - પુક્ખરવરદીની બીજી ગાથાથી ત્રીજી થોય સુધી શ્રુતજ્ઞાનની વંદનાનો અધિકાર છે.

**અધિકાર ૮** - સિદ્ધાણંની પહેલી ગાથામાં સિદ્ધ ભગવંતોની વંદનાનો અધિકાર છે.

**અધિકાર ૯** - સિદ્ધાણંની બીજી અને ત્રીજી ગાથામાં મહાવીરસ્વામિ પ્રભુની વંદનાનો અધિકાર છે.

**અધિકાર ૧૦** - સિદ્ધાણંની ચોથી ગાથામાં નેમિનાથ ભગવાનની વંદનાનો અધિકાર છે.

**અધિકાર ૧૧** - સિદ્ધાણંની છેલ્લી ગાથામાં ૨૪ જિનેશ્વરોની વંદનાનો અધિકાર છે.

**અધિકાર ૧૨** - વેયાવચ્ચગરાણંથી ચોથી થોય સુધી સંઘની વૈયાવચ્ચ કરનાર સમ્યગ્દૃષ્ટિ દેવોના સ્મરણનો અધિકાર છે.

● ● ●

## પ્રતિદ્વાર ૭મું - અહોરાત્રમાં ચૈત્યવંદન કેટલી વાર કરવાના ?

**સાધુએ અહોરાત્રમાં ૭ વાર ચૈત્યવંદન કરવા.** તે આ પ્રમાણે -

(૧) સવારના પ્રતિક્રમણમાં જગચિંતામણિનું.

(૨) સવારના પ્રતિક્રમણમાં વિશાલલોચનનું.

(૩) દેરાસરનું.

(૪) પચ્ચક્ખાણ પારતી વખતે જગચિંતામણિનું.

(૫) વાપર્યા પછી જગચિંતામણિનું.

(૬) સાંજના પ્રતિક્રમણમાં નમોસ્તુનું.

(૭) સંથારાપોરિસી ભણાવતી વખતે ચઉક્કસાયનું.

**શ્રાવકે અહોરાત્રમાં ૭, ૫ કે ૩ ચૈત્યવંદન કરવા.**

ઉભયટંક પ્રતિક્રમણ કરનાર શ્રાવકે સાધુની જેમ ૭ વાર ચૈત્યવંદન કરવા.

તે આ પ્રમાણે - (૧) સવારના પ્રતિક્રમણમાં જગચિંતામણિનું.
(૨) સવારના પ્રતિક્રમણમાં વિશાલલોચનનું.
(૩, ૪, ૫) ત્રણ સંધ્યાના દેવવંદનના ત્રણ.
(૬) સાંજના પ્રતિક્રમણમાં નમોસ્તુનું.
(૭) મુનિ પાસે સંથારાપોરિસી સાંભળતી વખતે ચઉક્કસાયનું.

સવારનું પ્રતિક્રમણ નહીં કરનાર શ્રાવકે ૫ વાર ચૈત્યવંદન કરવા. તે આ પ્રમાણે -

(૧, ૨, ૩) ત્રણ સંધ્યાના દેવવંદનના ત્રણ.
(૪) સાંજના પ્રતિક્રમણમાં નમોસ્તુનું.
(૫) મુનિ પાસે સંથારાપોરિસી સાંભળતી વખતે ચઉક્કસાયનું.

સાંજનું પ્રતિક્રમણ નહીં કરનાર શ્રાવકે ૫ વાર ચૈત્યવંદન કરવા. તે આ પ્રમાણે -

(૧) સવારના પ્રતિક્રમણમાં જગચિંતામણિનું.
(૨) સવારના પ્રતિક્રમણમાં વિશાલલોચનનું.
(૩, ૪, ૫) ત્રણ સંધ્યાના દેવવંદનના ત્રણ.

શ્રાવકે જઘન્યથી ૩ વાર ચૈત્યવંદન કરવા. તે ત્રિકાળ દેવવંદનના ત્રણ જાણવા.

●●●

## પ્રતિદ્વાર ૮મું - ચૈત્યવંદનાના ૩ પ્રકાર

**(૧) જઘન્ય ચૈત્યવંદના** -

(૧) નમો અરિહંતાણં વડે.

(૨) એક વગેરે સ્તુતિઓ વડે.

(૩) મતાંતરે પ્રણામ કરવા વડે. તે પ્રણામ ૫ પ્રકારના છે -

**(i) એકાંગ** - મસ્તક નમાવવા વડે થાય તે.

**(ii) દ્વ્યંગ** - બે હાથ જોડીને થાય તે.

**(iii) ત્ર્યંગ** - બે હાથ જોડીને મસ્તક નમાવવા વડે થાય તે.

**(iv) ચતુરંગ** - બે ઢીંચણ ભૂમિને અડાડીને અને બે હાથ જોડીને થાય તે.

**(v) પંચાંગ** - બે ઢીંચણ, બે હાથ અને મસ્તક ભૂમિને અડાડીને થાય તે.

**(૨) મધ્યમ ચૈત્યવંદના** -

(૧) અરિહંતચેઈઆણં + થોય.

(૨) પાંચ દંડકસૂત્રો[૧] + ૪ થોય.

**(૩) ઉત્કૃષ્ટ ચૈત્યવંદના** -

(૧) પાંચ દંડકસૂત્રોવાળી અને અંતે જયવીયરાયવાળી.

(૨) મતાંતરે પાંચ નમુત્થુણંવાળી. તે આ પ્રમાણે - નમુત્થુણં, ઈરિયાવહિ, નમસ્કાર, નમુત્થુણં, ૪ થોય, નમુત્થુણં, ૪ થોય, નમુત્થુણં, સ્તવનથી જયવીયરાય, નમુત્થુણં.

હાલમાં કરાતું દેવવંદન પણ ઉત્કૃષ્ટ ચૈત્યવંદના છે.

ઉત્કૃષ્ટ ચૈત્યવંદના પૂર્વે ઈરિયાવહિ કરવી જરૂરી છે.

જઘન્ય અને મધ્યમ ચૈત્યવંદના ઈરિયાવહિ વિના પણ થાય છે.

● ● ●

---

૧. પાંચ દંડકસૂત્રો - શક્રસ્તવ (નમુત્થુણં), ચૈત્યસ્તવ (અરિહંત-ચેઈઆણં), નામસ્તવ (લોગસ્સ), શ્રુતસ્તવ (પુક્ખરવરદી), સિદ્ધસ્તવ (સિદ્ધાણં).

# દ્વાર ૨જું - વંદન

| ક્ર. | પ્રતિદ્વાર | ભેદ |
|---|---|---|
| ૧ | મુહપત્તિપડિલેહણ | ૨૫ |
| ૨ | શરીરપડિલેહણ | ૨૫ |
| ૩ | આવશ્યક | ૨૫ |
| ૪ | સ્થાન | ૬ |
| ૫ | ગુણ | ૬ |
| ૬ | ગુરુવચન | ૬ |
| ૭ | વંદનના અધિકારી | ૫ |
| ૮ | વંદનના અનધિકારી | ૫ |
| ૯ | વંદનનો અનવસર | ૫ |
| ૧૦ | અવગ્રહ | ૧ |
| ૧૧ | અભિધાન (નામ) | ૫ |
| ૧૨ | ઉદાહરણ | ૫ |
| ૧૩ | આશાતના | ૩૩ |
| ૧૪ | દોષ | ૩૨ |
| ૧૫ | કારણ | ૮ |
| | કુલ | ૧૯૨ |

## પ્રતિદ્વાર ૧લું - મુહપત્તિપડિલેહણ ૨૫

વંદન (રાઈમુહપત્તિરૂપ બૃહદ્ગુરુવંદન) કરનારે ખમાસમણ આપી ગુરુની રજા લઈ ઉભડકપગે બેસી મુહપત્તિનું પડિલેહણ કરવું. તે

આ પ્રમાણે -

(૧) **દષ્ટિપડિલેહણા ૧** - મુહપત્તિના પડ ઉખેડીને દૃષ્ટિ સન્મુખ તીરછી વિસ્તારીને પહેલું પાસું બરાબર તપાસવું. ત્યારબાદ પાસું બદલી બીજું પાસું તપાસવું.

આ વખતે પહેલુ પાસું તપાસતા 'સૂત્ર' અને બીજુ પાસું તપાસતાં 'અર્થ, તત્ત્વ કરી સદ્દહું' એમ ચિંતવવું.

(૨) **પુરિમ ૬** - દૃષ્ટિ પડિલેહણ કરી મુહપત્તિનો ડાબો ભાગ ૩ વાર ખંખેરવો. તે ત્રણ વખતે 'સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય પરિહરું' એ ૩ બોલ ચિંતવવા. પછી મુહપત્તિને ફેરવીને જોઈને જમણો ભાગ ૩ વાર ખંખેરવો. તે ત્રણ વખતે 'કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ પરિહરું' એ ૩ બોલ ચિંતવવા. આ ૬ પુરિમ કહેવાય છે.

(૩) **અખોડા-પખોડા ૧૮** - પુરિમ થઈ ગયા બાદ મુહપત્તિનો મધ્ય ભાગ ડાબા હાથ ઉપર નાખીને ઘડીવાળો મધ્યભાગનો છેડો જમણા હાથે એવી રીતે ખેંચી લેવો કે જેથી બે પડની ઘડી વળી જાય. ત્યારબાદ જમણા હાથની આંગળીઓના આંતરામાં મહપત્તિના ૨ કે ૩ વધૂટક (પાટલી) કરીને બે જંઘાની વચ્ચે પસારેલા ડાબા હાથની હથેળી ઉપર અડે નહીં તે રીતે ત્રણ વાર ખંખેરવાપૂર્વક કાંડા સુધી લઈ જવી. તે ૩ અખોડા થયા. ત્યારપછી નીચે ઉતારતી વખતે હથેળીને મુહપત્તિ સ્પર્શ કરે એ રીતે ત્રણ ઘસરકા ડાબી હથેળીને કરવા. તે ૩ પખોડા થયા. આ એકવાર થયું. તેમ ૩ વાર કરવું. એટલે ૯ અખોડા અને ૯ પખોડા થાય. એમ કુલ ૧૮ થાય. અખોડા-પખોડા પરસ્પર આંતરિત છે. અખોડા-પખોડા વખતે નીચેના બોલ ચિંતવવા -

પહેલા ૩ અખોડા કરતાં - સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું.

પહેલા ૩ પખોડા કરતાં - કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું.

બીજા ૩ અખોડા કરતાં - જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું.

બીજા ૩ પખોડા કરતાં - જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્ર-વિરાધના પરિહરું.

ત્રીજા ૩ અખોડા કરતાં - મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું.

ત્રીજા ૩ પખોડા કરતાં - મનદંડ, વચનદંડ, કાયદંડ પરિહરું.

આમ મુહપત્તિપડિલેહણ ૨૫ પ્રકારનું થયું.

●●●

## પ્રતિદ્વાર ૨જું - શરીરપડિલેહણ ૨૫

જમણા હાથમાં વધૂટક કરેલી મુહપત્તિ વડે પહેલા ડાબા હાથના મધ્ય, જમણા અને ડાબા ભાગને પ્રમાર્જવો. પછી વધૂટક કરેલી મુહપત્તિને ડાબા હાથની આંગળીઓમાં રાખીને જમણા હાથની ત્રણ પ્રમાર્જના કરવી. પછી મુહપત્તિના બે છેડા બે હાથમાં લઈ વધૂટક ઊંચા કરીને મસ્તકની ૩ પ્રમાર્જના કરવી. પછી મુખની ૩ પ્રમાર્જના કરવી. પછી હૃદયની ૩ પ્રમાર્જના કરવી. પછી જમણા હાથમાં રહેલી મુહપત્તિને જમણા ખભા પર નાખી પીઠનો ઉપરનો જમણો ભાગ પ્રમાર્જવો. પછી ડાબા હાથમાં રહેલી મુહપત્તિથી પીઠનો ઉપરનો ડાબો ભાગ પ્રમાર્જવો. પછી ડાબા હાથમાં જ રહેલી મુહપત્તિને જમણી કાખની નીચે નાખી જમણી પીઠનો નીચેનો ભાગ પ્રમાર્જવો. પછી મુહપત્તિ જમણા હાથમાં લઈ તે જ રીતે ડાબી પીઠનો નીચેનો ભાગ પ્રમાર્જવો. પછી જમણા હાથમાં વધૂટક કરીને રાખેલી મુહપત્તિથી જમણા અને ડાબા પગની ૩-૩ પ્રમાર્જના કરવી. ત્રણ પ્રમાર્જનામાં બધે મધ્ય ભાગ, જમણો ભાગ અને ડાબો ભાગ એ ક્રમ સમજવો.

આમ શરીરપડિલેહણના ૨૫ પ્રકાર થયા. પુરુષોએ આ ૨૫ પ્રકારનું શરીરપડિલેહણ કરવું. સ્ત્રીઓએ ૧૫ પ્રકારનું શરીરપડિલેહણ કરવું. તેમના હૃદય, મસ્તક અને ખભા-પીઠ ઢાંકેલા હોય છે. તેથી તેમને

બાકીનું ૧૦ પ્રકારનું શરીરપડિલેહણ ન હોય.

શરીર પડિલેહણ કરતા ચિંતવવાના બોલ -

ડાબો હાથ પ્રમાર્જતાં - હાસ્ય, રતિ, અરતિ પરિહરું.

જમણો હાથ પ્રમાર્જતાં - ભય, શોક, દુર્ગંછા પરિહરું.

મસ્તક પ્રમાર્જતાં - કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા પરિહરું.

મુખ પ્રમાર્જતાં - રસગારવ, ઋદ્ધિગારવ, સાતાગારવ પરિહરું.

હૃદય પ્રમાર્જતાં - માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું.

જમણી-ડાબી પીઠનો ઉપરનો ભાગ પ્રમાર્જતાં - ક્રોધ, માન પરિહરું.

જમણી-ડાબી પીઠનો નીચેનો ભાગ પ્રમાર્જતાં - માયા, લોભ પરિહરું.

જમણો પગ પ્રમાર્જતાં - પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની રક્ષા કરું.[1]

ડાબો પગ પ્રમાર્જતાં - વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાયની રક્ષા કરું.

●●●

## પ્રતિદ્વાર ૩જું - આવશ્યક ૨૫

દ્વાદશાવર્ત વંદનમાં ૨૫ આવશ્યક છે. તે આ પ્રમાણે છે -

(૧) **યથાજાત ૧ :** દીક્ષાજન્મ વખતે ચોલપટ્ટો, ઓઘો, મુહપત્તિ એમ ત્રણ ઉપકરણ હતા, તેમ દ્વાદશાવર્ત વંદનમાં પણ એ ત્રણ જ રાખવા. ભવજન્મ વખતે કપાળે લાગેલા બે હાથ સહિત જન્મ્યા હતા, તેમ દ્વાદશાવર્ત વંદનમાં પણ કપાળે અંજલી કરી વંદન કરવું.

(૨) **અવનત ૨ :** ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ એ પાંચ પદ કહીને કંઈક મસ્તક નમાવવું તે. બે વાંદણામાં બે વાર થાય.

(૩) **પ્રવેશ ૨ :** ગુરુની આજ્ઞા લઈને અવગ્રહમાં 'નિસીહિ'

---

૧. ગૃહસ્થોએ અહીં 'રક્ષા કરું'ની બદલે 'જયણા કરું' એમ ચિંતવવું.

શબ્દના ઉચ્ચારપૂર્વક પ્રવેશ કરવો તે. બે વાંદણામાં બે વાર થાય.

(૪) **આવર્ત ૧૨ :** અહો, કાયં, કાય, જત્તા ભે, જવણિ, જ્જં ચ ભે-આ શબ્દોના ઉચ્ચારપૂર્વક ગુરુના ચરણ ઉપર અને પોતાના મસ્તક ઉપર હાથ સ્થાપવા-સ્પર્શવા રૂપ જે વિશેષપ્રકારની કાયાની પ્રવૃત્તિ તે આવર્ત. બે વાંદણામાં ૧૨ [૧]આવર્ત થાય.

(૫) **શીર્ષ ૪ :** 'ખામેમિ ખમાસમણો દેવસિઅં વઇક્કમં' એ પદો ઉચ્ચારતાં શિષ્યનું પહેલું શીર્ષનમન. 'અહમવિ ખામેમિ તુમં' બોલતાં ગુરુનું કિંચિત્ શીર્ષનમન તે બીજું શીર્ષનમન. બે વાંદણામાં ૪ વાર શીર્ષનમન થાય. અથવા કેટલાક એમ કહે છે કે 'સંફાસં' અને 'ખામેમિ ખમાસમણો દેવસિઅં વઇક્કમં' ઉચ્ચારતી વખતે બે વાર શિષ્યના જ બે શીર્ષનમન. બે વાંદણામાં ૪ વાર થાય.

(૬) **ગુપ્તિ ૩ :** મનની એકાગ્રતા તે મનોગુપ્તિ, શુદ્ધ અને અસ્ખલિત ઉચ્ચારપૂર્વક સૂત્રો બોલવા તે વચનગુપ્તિ અને કાયા વડે આવર્ત વગેરે બરાબર કરે પણ વિરાધે નહીં તે કાયગુપ્તિ. વંદન કરતી વખતે આ ત્રણે ગુપ્તિ રાખવી.

(૭) **નિષ્ક્રમણ ૧ :** પહેલા વાંદણામાં 'આવસ્સિયાએ' બોલીને અવગ્રહની બહાર નીકળવું તે. બીજા વાંદણામાં અવગ્રહની બહાર નીકળવાનું હોતું નથી. બીજા વાંદણા પછી અવગ્રહની બહાર નીકળવાનું

---

૧. પહેલા ત્રણ આવર્ત - અહો, કાયં, કાય એમ બે-બે અક્ષરના છે. તેમાં પહેલો અક્ષર ઉચ્ચારતા બન્ને હથેળી ઊંધી કરી ગુરુના ચરણે લગાડવી અને બીજો અક્ષર ઉચ્ચારતા બન્ને હથેળી સીધી કરી પોતાના કપાળે લગાડવી.

બીજા ત્રણ આવર્ત-જત્તા ભે, જવણિ, જ્જં ચ ભે એમ ત્રણ-ત્રણ અક્ષરના છે. તેમાં પહેલા અને ત્રીજા અક્ષરના ઉચ્ચાર વખતે ઉપર પ્રમાણે કરવું અને મધ્ય અક્ષરના ઉચ્ચાર વખતે સીધી કરેલી બન્ને હથેળીને ગુરુચરણથી પોતાના કપાળ તરફ લઈ જતા વચમાં સહેજ અટકાવવી.

હોય છે પણ તે વાંદણાની અંતર્ગત ગણાતું નથી.

દ્વાદશાવર્ત વંદનમાં આ ૨૫ આવશ્યકોનું અવશ્ય પાલન કરવું.

આ ૨૫ માંથી કોઈ પણ સ્થાનની વિરાધના કરનારો, ગુરુવંદન કરવા છતાં ગુરુવંદનથી થતી નિર્જરાનો ભાગી થતો નથી.

મન, વચન, કાયાના ઉપયોગવાળો થઈ આવશ્યકોમાં ઓછું કે વધુ કર્યા વિના જેમ જેમ પ્રયત્ન કરે છે તેમ તેમ તેને વધુને વધુ નિર્જરા થાય છે.

●●●

## પ્રતિદ્વાર ૪થું - સ્થાન ૬

(૧) **ઇચ્છા** - ઇચ્છા ૬ પ્રકારની છે -

(૧) **નામઇચ્છા** - 'ઇચ્છા' એવું નામ કે નામવાળી વ્યક્તિ તે નામઇચ્છા.

(૨) **સ્થાપનાઇચ્છા** - ઇચ્છાની સ્થાપના કરી હોય તે સ્થાપના ઇચ્છા.

(૩) **દ્રવ્યઇચ્છા** - સચિત્ત વગેરે દ્રવ્યોની ઇચ્છા અથવા ઉપયોગ વિના 'હું ઇચ્છું છું' એમ કહેવું તે દ્રવ્યઇચ્છા.

(૪) **ભાવઇચ્છા** - તે ૨ પ્રકારે છે -

(i) પ્રશસ્ત ઇચ્છા - જ્ઞાન વગેરેની ઇચ્છા.

(ii) અપ્રશસ્ત ઇચ્છા - સ્ત્રી વગેરેની ઇચ્છા.

અહીં પ્રશસ્ત ભાવઇચ્છાનો અધિકાર છે.

(૨) **અનુજ્ઞાપના** - અનુજ્ઞાપના (રજા લેવી) ૬ પ્રકારની છે -

(૧) **નામઅનુજ્ઞાપના** - 'અનુજ્ઞાપના' એવું નામ કે નામવાળી વ્યક્તિ તે નામઅનુજ્ઞાપના.

(૨) **સ્થાપનાઅનુજ્ઞાપના** - અનુજ્ઞાપનાની સ્થાપના કરી હોય તે સ્થાપનાઅનુજ્ઞાપના.

(૩) **દ્રવ્યઅનુજ્ઞાપના** - તે ૩ પ્રકારે છે -

(a) **લૌકિક** - તે ૩ પ્રકારે છે -

(i) **સચિત્ત** - ઘોડા વગેરેની અનુજ્ઞાપના.

(ii) **અચિત્ત** - મોતી, વૈડૂર્ય વગેરેની અનુજ્ઞાપના.

(iii) **મિશ્ર** - અલંકારોથી વિભૂષિત સ્ત્રી વગેરેની અનુજ્ઞાપના.

(b) **લોકોત્તર** - તે ૩ પ્રકારે છે -

(i) **સચિત્ત** - શિષ્ય વગેરેની અનુજ્ઞાપના.

(ii) **અચિત્ત** - વસ્ત્ર વગેરેની અનુજ્ઞાપના.

(iii) **મિશ્ર** - વસ્ત્ર પહેરેલ શિષ્યની અનુજ્ઞાપના.

(c) **કુપ્રાવચનિક** - તે ૩ પ્રકારે છે -

(i) **સચિત્ત** - સંન્યાસી શિષ્ય વગેરેની અનુજ્ઞાપના.

(ii) **અચિત્ત** - સંન્યાસી શિષ્યના વસ્ત્ર વગેરેની અનુજ્ઞાપના.

(iii) **મિશ્ર** - વસ્ત્ર સહિત સંન્યાસી શિષ્યની અનુજ્ઞાપના.

(૪) **ક્ષેત્રઅનુજ્ઞાપના** - જેટલા ક્ષેત્રની અનુજ્ઞાપના કરાય કે જે ક્ષેત્રમાં અનુજ્ઞાપના કરાય કે તેની વ્યાખ્યા કરાય તે ક્ષેત્રઅનુજ્ઞાપના.

(૫) **કાલઅનુજ્ઞાપના** - જેટલા કાળની અનુજ્ઞાપના કરાય કે જે કાળમાં અનુજ્ઞાપના કરાય કે તેની વ્યાખ્યા કરાય તે કાલઅનુજ્ઞાપના.

(૬) **ભાવઅનુજ્ઞાપના** - આચાર વગેરેની અનુજ્ઞાપના તે ભાવઅનુજ્ઞાપના.

અહીં ભાવઅનુજ્ઞાપનાનો અધિકાર છે.

(૩) **અવ્યાબાધ** - જેમાં વ્યાબાધા (પીડા) ન હોય તે અવ્યાબાધ.

વ્યાબાધા ૨ પ્રકારની છે -

(૧) **દ્રવ્યથી** - તલવાર વગેરેથી થયેલ.

(૨) **ભાવથી** - મિથ્યાત્વ વગેરેથી થયેલ.

બન્ને પ્રકારની વ્યાબાધાથી રહિત હોય તે.

(૪) **યાત્રા** - તે ૨ પ્રકારે છે -

(૧) **દ્રવ્યથી** - તાપસ વગેરે મિથ્યાદષ્ટિઓ પોતાની ક્રિયાને કરે તે.

(૨) **ભાવથી** - સાધુ સંયમની ક્રિયા કરે તે.

(૫) **યાપના** - તે ૨ પ્રકારે છે -

(૧) **દ્રવ્યથી** - સાકર, દ્રાક્ષ વગેરે ઔષધો વડે કાયાની સમાધિ.

(૨) **ભાવથી** - ઇન્દ્રિયો અને મન ઉપશાંત થવાથી શરીરની સમાધિ.

(૬) **ક્ષામણા** - તે ૨ પ્રકારે છે -

(૧) **દ્રવ્યથી** - કલુષિતભાવવાળો આલોકના અપાયથી ડરીને ક્ષામણા કરે તે.

(૨) **ભાવથી** - સંવેગયુક્તમનવાળો સંસારથી ડરીને ક્ષામણા કરે તે.

વંદન કરનારના વંદનસૂત્રમાં ૬ અધિકાર હોય છે. તે ૬ સ્થાન કહેવાય છે. તે આ પ્રમાણે છે -

**સ્થાન ૧ - ઇચ્છા** - 'ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ' એ પાંચ પદ બોલી વંદન કરવાની ઇચ્છા પ્રગટ કરવી.

**સ્થાન ૨ - અનુજ્ઞાપના** - 'અણુજાણહ મે મિઉગ્ગહં' એ ત્રણ પદ બોલી અવગ્રહમાં પ્રવેશ કરવાની રજા માંગવી.

**સ્થાન ૩ - અવ્યાબાધ** - 'નિસીહિ અહો કાયં કાયસંફાસં ખમણિજ્જો ભે કિલામો અપ્પકિલંતાણં બહુસુભેણ ભે દિવસો વઇક્કંતો' એ ૧૨ પદ બોલી ગુરુદેવને વંદનપૂર્વક સુખશાતા પૂછવી.

**સ્થાન ૪ - યાત્રા** - 'જત્તા ભે' એ ૨ પદ બોલી 'હે ભગવંત ! આપની સંયમયાત્રા સુખપૂર્વક પ્રવર્તે છે ?' એમ પૂછવું.

**સ્થાન ૫ - યાપના** - 'જવણિજ્જં ચ ભે' એ ૩ પદ બોલી 'આપનું શરીર સુખરૂપ છે ?' એમ પૂછવું.

**સ્થાન ૬ - ક્ષામણા** - 'ખામેમિ ખમાસમણો દેવસિઅં વઇક્કમં' એ ૪ પદ બોલી થયેલા અપરાધોની ક્ષમા માંગવી.

●●●

## પ્રતિદ્વાર ૫મું - વંદન કરવાથી થતા ગુણ ૬

(૧) વિનય થાય.

(૨) અભિમાનનો નાશ થાય, કેમકે અભિમાની વંદન ન કરે.

(૩) ગુરુની પૂજા થાય.

(૪) ભગવાનની આજ્ઞાનું પાલન થાય, કેમકે ભગવાને ધર્મનું મૂળ વિનય કહ્યું છે.

(૫) શ્રુતધર્મની આરાધના થાય, કેમકે વંદનપૂર્વક જ શ્રુતનું ગ્રહણ થાય છે.

(૬) પરંપરાએ મોક્ષ થાય, કેમકે

વંદનથી શ્રવણ થાય,

શ્રવણથી જ્ઞાન મળે,

જ્ઞાનથી વિજ્ઞાન મળે,

વિજ્ઞાનથી પચ્ચક્ખાણ થાય,

પચ્ચક્ખાણથી સંયમ થાય,
સંયમથી અનાશ્રવ થાય,
અનાશ્રવથી તપ થાય,
તપથી નિર્જરા થાય,
નિર્જરાથી અક્રિયા થાય,
અક્રિયાથી મોક્ષ થાય.

●●●

## પ્રતિદ્વાર ૬ઠ્ઠું - ગુરુવચન ૬

પૂર્વે કહેલ ૬ સ્થાનો વખતે અનુક્રમે ગુરુના ૬ ઉત્તરો હોય છે. તે આ પ્રમાણે -

**ગુરુવચન ૧** - જો અન્યકાર્યમાં વ્યગ્ર ન હોય તો 'છંદેણ' કહે. છંદેણ = મને પણ એ માન્ય છે. જો અન્ય કાર્યમાં વ્યગ્ર હોય તો 'પડિક્ખહ' (રાહ જો) કહે અને તે કાર્ય જણાવવા યોગ્ય હોય તો કહે અન્યથા ન કહે. આ ચૂર્ણિકારનો મત છે. વૃત્તિકારના મતે તો 'તિવિહેણ' (મન, વચન, કાયાથી નિષેધ કરાયેલ છો.) કહે. ત્યારે શિષ્ય સંક્ષેપવંદન 'મત્થએણ વંદામિ' કરે.

**ગુરુવચન ૨** - અણુજાણામિ - અર્થાત્ 'મેં તને અનુજ્ઞા આપી છે, મારા અવગ્રહમાં પ્રવેશ કર.'

**ગુરુવચન ૩** - તહત્તિ - અર્થાત્ 'જેમ તું કહે છે તેમ.' એટલે કે 'અમારો દિવસ શુભ રીતે પસાર થયો.'

**ગુરુવચન ૪** - તુબ્ભંપિ વટ્ટએ - અર્થાત્ 'તને પણ વર્તે છે ?' એટલે કે 'મારી તો સંયમ, તપ, નિયમ વગેરેની યાત્રા બરાબર ચાલે છે, તારી પણ બરાબર ચાલે છે ને ?

**ગુરુવચન ૫** - એવં - અર્થાત્ 'હા ! તેમજ છે.' એટલે કે 'ઇન્દ્રિય અને મનનો ઉપશમ થવાથી મારું શરીર બાધા વિનાનું છે.'

**ગુરુવચન ૬** - 'અહમવિ ખામેમિ તુમં' - અર્થાત્ 'હું પણ તને ખમાવું છું.'

●●●

## પ્રતિદ્વાર ૭મું - વંદનના અધિકારી ૫ (વંદનીય)

(૧) **આચાર્ય** - સૂત્ર - અર્થ - ઉભયના જાણકાર, પ્રશસ્ત લક્ષણોથી યુક્ત શરીરવાળા, ગંભીરતા, સ્થિરતા, ધૈર્ય વગેરે ગુણોથી ભૂષિત, પંચાચાર પાળે-પળાવે તે. તે અર્થને કહે.

(૨) **ઉપાધ્યાય** - જેની પાસે જઈને ભણાય તે ઉપાધ્યાય. તે સમ્યક્ત્વ-જ્ઞાન-સંયમથી યુક્ત હોય, સૂત્ર-અર્થ-ઉભયના જાણકાર હોય, આચાર્યપદને યોગ્ય હોય અને સૂત્રની વાચના આપતા હોય.

(૩) **પ્રવર્તક** - પ્રશસ્ત યોગોમાં સાધુઓને પ્રવર્તાવે તે પ્રવર્તક. તે જેની માટે જે તપ, સંયમ વગેરે યોગો યોગ્ય હોય તેને તેમાં પ્રવર્તાવે, અસહનશીલને અટકાવે અને ગચ્છની ચિંતા કરે.

(૪) **સ્થવિર** - જ્ઞાન વગેરેમાં સીદાતા સાધુઓને આ ભવ-પરભવના અપાય બતાવીને સ્થિર કરે તે સ્થવિર.

(૫) **રત્નાધિક** - જે પર્યાયમાં મોટા હોય તે.

આ પાંચને વંદન કરવું.

●●●

## પ્રતિદ્વાર ૮મું - વંદનના અનધિકારી ૫ (અવંદનીય)

(૧) **પાર્શ્વસ્થ** - જ્ઞાન વગેરેની પાસે રહે પણ સેવે નહીં તે પાર્શ્વસ્થ.

અથવા મિથ્યાત્વ વગેરે બંધહેતુઓ રૂપી પાશ (જાળ)માં રહે તે

પાશસ્થ. તે બે પ્રકારે છે -

**(i) સર્વપાર્શ્વસ્થ** - માત્ર વેષધારી, જ્ઞાન-દર્શન-ચારિત્ર રહિત.

**(ii) દેશપાર્શ્વસ્થ** - વિના કારણે શય્યાતરપિંડ, અભ્યાહૃત, રાજપિંડ, નિત્યપિંડ, અગ્રપિંડ વાપરે, કુલનિશ્રાએ વિચરે, સ્થાપના કુળોમાં પ્રવેશે.

(૧) શય્યાતરપિંડ - સાધુ મહારાજ જેના મકાનમાં ઊતર્યા હોય તેના ઘરના અન્ન વગેરે.

(૨) અભ્યાહૃત - સાધુમહારાજને વહોરાવવા માટે સામેથી ઉપાશ્રયમાં લાવેલું હોય તે.

(૩) રાજપિંડ - રાજાના ઘરના અન્ન વગેરે.

(૪) નિત્યપિંડ - 'દરરોજ આટલું આપીશ, મારા ઘરે રોજ આવવું.' એમ નિમંત્રણ કરનાર ગૃહસ્થના ઘરેથી નિત્ય આહાર લેવો તે.

(૫) અગ્રપિંડ - ત્યારે જ ઉતારેલ ભાત વગેરેના ઉપયોગમાં નહીં લેવાયેલા તપેલાનો ઉપરનો ભાગ ગ્રહણ કરવો તે.

(૬) કુલનિશ્રા - 'આ કુળો મારા છે, બીજાના નહીં.' એમ વિચારી તે કુળોમાંથી જ આહાર લેવો તે.

(૭) સ્થાપનાકુળ - ગુરુ વગેરેની વિશેષ ભક્તિ કરનારા કુળો.

દેશપાર્શ્વસ્થમાં સર્વથા ચારિત્રનો અભાવ નથી પણ તેનું ચારિત્ર તે શબલચારિત્ર છે.

**(૨) અવસન્ન** - સામાચારીમાં જે પ્રમાદ કરે તે અવસન્ન. તે બે પ્રકારે છે -

**(i) સર્વાવસન્ન** - અવબદ્ધપીઠફલકનો ઉપભોગી હોય, સ્થાપના-ભોજી હોય તે.

**અવબદ્ધપીઠફલક** - ચોમાસામાં એક કાષ્ઠથી બનેલ સંથારો ન મળે તો વાંસ વગેરે લાકડાના ઘણા ટુકડાઓને દોરીથી બાંધીને સંથારો કરાય છે. પક્ખિએ તેના બંધન છોડીને પડિલેહણ કરવું જોઈએ એવી જિનાજ્ઞા છે. એ પ્રમાણે પડિલેહણ ન કરવું તે અવબદ્ધપીઠફલકદોષ. અથવા વારંવાર સૂવા માટે હંમેશા સંથારો પાથરેલો રાખવો તે અવબદ્ધપીઠફલકદોષ. અથવા સંથારો પાથર્યા વિના જ સૂવું કે બેસવું તે અવબદ્ધપીઠફલકદોષ.

સ્થાપનાભોજી - સાધુ માટે આહાર રાખી મૂકવો તે સ્થાપના. તેવો આહાર વાપરે તે સ્થાપનાભોજી.

**(ii) દેશાવસન્ન** -

(૧) પ્રતિક્રમણ વગેરે આવશ્યક ન કરે કે ઓછા-વત્તા કરે, સ્વાધ્યાય ન કરે કે અકાળે કરે.

(૨) પડિલેહણ ન કરે કે દોષદુષ્ટ કરે.

(૩) આળસને લીધે ભિક્ષા માટે ન ફરે કે ઉપયોગ વિના ફરે કે અનેષણીય ગ્રહણ કરે.

(૪) શુભ ધ્યાન ન કરે કે અશુભ ધ્યાન કરે.

(૫) માંડલીમાં ન વાપરે કે કદાચ માંડલીમાં વાપરે તો કાગડા-શિયાળની જેમ વાપરે કે સંયોજના વગેરે દોષદુષ્ટ વાપરે. (મતાંતરે પચ્ચક્ખાણ ન કરે કે ગુરુના કહેવાથી ગુરુ સામે કંઈક અનિષ્ટ કહીને પચ્ચક્ખાણ કરે.)

(૬) આવવામાં નિસીહી વગેરે સામાચારીનું પાલન ન કરે.

(૭) નીકળવામાં આવસ્સહી વગેરે સામાચારીનું પાલન ન કરે.

(૮) ગમનાગમનસંબંધી કાઉસ્સગ્ગ ન કરે કે દોષદુષ્ટ કરે.

(૯) બેસવા-સૂવામાં સંડાસા-ભૂમિ પ્રમાર્જવા વગેરે સામાચારીનું પાલન ન કરે.

(૧૦) સામાચારીનું વિપરીત આચરણ થવા પર ગુરુ કહે કે 'આલોચના કરીને પ્રાયશ્ચિત્ત લે' તો ગુરુની સામે કંઈક અનિષ્ટ બોલે પણ ગુરુનું વચન માને નહીં.

(૧૧) ભૂલ થાય તો મિચ્છામિ દુક્કડં ન આપે.

(૧૨) ગુરુની વૈયાવચ્ચ ન કરે.

(૧૩) પચ્ચક્ખાણ લેતા વંદન ન કરે.

(૧૪) લેવા-મૂકવામાં જુવે નહીં - પ્રમાર્જે નહીં.

વગેરે વિપરીત રીતે સામાચારીને આચરે તે દેશાવસન્ન.

(૩) **કુશીલ** - ખરાબ ચારિત્રવાળો હોય તે કુશીલ. તે ૩ પ્રકારે છે-

**(i) જ્ઞાનકુશીલ** - ૮ પ્રકારના જ્ઞાનાચારની વિરાધના કરે તે.

**(ii) દર્શનકુશીલ** - ૮ પ્રકારના દર્શનાચારની વિરાધના કરે તે.

**(iii) ચારિત્રકુશીલ** -

(૧) **કૌતુક** - લોકોમાં માન્યતા, સંતાન વગેરે માટે સ્ત્રીઓ વગેરેને ચોક વગેરેમાં વિવિધ ઔષધિથી મિશ્રિત પાણીનું સ્નાન, મૂલિકાબંધ વગેરે કરાવાય તે. અથવા જેમ જાદુગર મોઢામાં ગોળા નાંખીને કાનમાંથી કે નાકમાંથી કાઢે તેમ મુખમાંથી અગ્નિ કાઢે તે.

(૨) **ભૂતિકર્મ** - તાવવાળા વગેરેની શય્યા વગેરેની ચારે દિશામાં મંત્રેલી રાખ નાંખવી તે.

(૩) **પ્રશ્નાપ્રશ્ન** - કોઈએ પોતાનું ઇષ્ટ પૂછ્યું હોય કે ન પૂછ્યું હોય ત્યારે જપેલી વિદ્યા વડે, કર્ણપિશાચિકાવડે કે મંત્રથી અભિષેક કરાયેલ ઘંટડીઓ વડે સ્વપ્રમાં કહેવાયેલું બીજાને કહેવું તે.

(૪) **નિમિત્ત** - ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ સંબંધી લાભ, અલાભ વગેરે ભાવો કહેવા તે.

(૫) **આજીવી** - તે ૭ પ્રકારે છે -

(૧) **જાતિઆજીવી** - દાતાની સમાન પોતાની જાતિ બતાવીને ભિક્ષા મેળવે તે. માતાનો વંશ તે જાતિ.

(૨) **કુલઆજીવી** - દાતાની સમાન પોતાનું કુળ બતાવીને ભિક્ષા મેળવે તે. ઉગ્ર વગેરે કુળ છે અથવા પિતાનો વંશ તે કુળ છે.

(૩) **શિલ્પઆજીવી** - દાતાની સમાન પોતાનું શિલ્પ બતાવીને ભિક્ષા મેળવે તે. આચાર્ય પાસે ભણેલું વિજ્ઞાન તે શિલ્પ.

(૪) **કર્મઆજીવી** - દાતાની સમાન પોતાનું કર્મ બતાવીને ભિક્ષા મેળવે તે. સ્વયં શીખેલું હોય તે કર્મ.

(૫) **ગણઆજીવી** - દાતાની સમાન પોતાનો ગુણ બતાવીને ભિક્ષા મેળવે તે. મલ્લોનો ગણ વગેરે ગણ છે.

(૬) **તપઆજીવી** - આહાર વગેરેની આસક્તિથી તપને પ્રગટ કરે તે.

(૭) **સૂત્રઆજીવી** - આહાર વગેરેની આસક્તિથી સૂત્રાભ્યાસને પ્રગટ કરે તે.

(૬) **કલ્કકુરુકા** - શઠપણાથી બીજાને ઠગવા. મતાંતરે પ્રસૂતિ વગેરે રોગોમાં ખાર પાડવો અથવા લોધ્ર (લોધર) વગેરેના ફૂલોથી શરીર પર દેશથી કે સર્વથી વિલેપન કરવું તથા દેશથી કે સર્વથી સ્નાન કરવું.

(૭) **સ્ત્રીલક્ષણાદિ** - સ્ત્રીઓના લક્ષણો, પુરુષના લક્ષણો વગેરે સામુદ્રિકશાસ્ત્રમાં કહેલ લક્ષણો કહેવા.

(૮) **વિદ્યામંત્રાદિ** - વિદ્યા, મંત્રનો પ્રયોગ કરવો. જેને સાધવી પડે કે જેની અધિષ્ઠાયિકા દેવી હોય તે વિદ્યા. જેને સાધવો ન પડે કે જેનો અધિષ્ઠાયક દેવ હોય તે મંત્ર.

(૯) **મૂલકર્મ** - પુરુષદ્વેષિણી સ્ત્રીને અપુરુષદ્વેષિણી કરવી,

અપુરુષદ્વેષિણી સ્ત્રીને પુરુષદ્વેષિણી કરવી, ગર્ભ ઉત્પન્ન કરાવવો, ગર્ભ પાડવો વગેરે.

**(૧૦) ચૂર્ણયોગ** - ચૂર્ણ-યોગ વગેરેનો પ્રયોગ કરવો.

**(૧૧) વિભૂષા** - શરીરની વિભૂષા કરવી.

ચારિત્રને મલિન કરનાર ઉપર કહેલી પ્રવૃત્તિઓ અને તેવી અન્ય પ્રવૃત્તિઓ કરનાર ચારિત્રકુશીલ છે.

**(૪) સંસક્ત** - જેમ ગાય વગેરેના ખાવાના કરંડીયામાં એઠું અને ચોક્ખુ ભોજન, ખળ, કપાસ વગેરે બધુ મળે છે તેમ જેનામાં મૂળગુણો, ઉત્તરગુણો અને તે સિવાયના ઘણા દોષો હોય તે સંસક્ત. તે બે પ્રકારે છે-

**(i) સંક્લિષ્ટસંસક્ત** -

(૧) પંચાશ્રવપ્રવૃત્ત - હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ - આ પાંચ આશ્રવોમાં પ્રવૃત્ત હોય.

(૨) ત્રણ ગારવમાં પ્રતિબદ્ધ - ઋદ્ધિગારવ, રસગારવ, સાતા-ગારવમાં આસક્ત હોય.

(૩) સ્ત્રીસંક્લિષ્ટ - સ્ત્રીને સેવનાર.

(૪) ગૃહસ્થસંક્લિષ્ટ - ગૃહસ્થ સંબંધી દ્વિપદ, ચતુષ્પદ, ધન, ધાન્ય વગેરેની ચિંતા કરવામાં પ્રવૃત્ત.

ઉપર કહેલી પ્રવૃત્તિઓ કરનાર સંક્લિષ્ટ સંસક્ત છે.

**(ii) અસંક્લિષ્ટ સંસક્ત** - જે પાર્શ્વસ્થ વગેરેની સાથે મળે ત્યારે તેવો થઈ જાય અને સંવિગ્ન સાધુઓને મળે ત્યારે પોતાને સંવિગ્ન બતાવે તે.

**(૫) યથાછંદ** -

(૧) જે ભગવાને કહેલું ન હોય, જે પોતાની બુદ્ધિથી વિચારેલું

હોય, જે જૈનઆગમોને અનુસરતું ન હોય તે ઉત્સૂત્ર. તે ઉત્સૂત્રને આચરે અને તેની પ્રરૂપણા કરે.

(૨) ગૃહસ્થના કાર્યો કરે, કરાવે, અનુમોદે.

(૩) બીજા સાધુના થોડા અપરાધમાં વારંવાર ગુસ્સો કરે.

(૪) કંઈક અપુષ્ટ આલંબન (બિનજરૂરી કારણ)ને વિચારીને સુખ પામવા વિગઈઓમાં આસક્ત થાય.

(૫) ત્રણ ગારવમાં આસક્ત હોય.

ઉપર કહેલા લક્ષણોવાળા યથાછંદ છે.

આ પાંચને વંદન ન કરવું.

●●●

## પ્રતિદ્વાર ૯મું - વંદનના અનવસર ૫

(૧) ગુરુ જ્યારે અનેક ભવ્ય લોકોની સભામાં દેશના આપવા વગેરે વડે વ્યગ્ર હોય ત્યારે વંદન ન કરવા. વંદન કરે તો ધર્મપ્રેરણામાં અંતરાય કરવાનો દોષ લાગે.

(૨) ગુરુ પરાઙ્મુખ હોય ત્યારે વંદન ન કરવા. વંદન કરવામાં ગુરુ વંદનનું અવધારણ ન કરી શકે તે દોષ લાગે.

(૩) ગુરુ ક્રોધ, નિદ્રા વગેરે પ્રમાદમાં હોય ત્યારે વંદન ન કરવા. વંદન કરે તો ગુરુ ગુસ્સે થાય.

(૪) ગુરુ આહાર કરતા હોય ત્યારે વંદન ન કરવા. વંદન કરે તો ગુરુને આહારમાં અંતરાય થવારૂપ દોષ લાગે.

(૫) ગુરુ નીહાર (સ્થંડિલ-માત્રુ) કરતા હોય ત્યારે વંદન ન કરવા. વંદન કરે તો લજ્જાના કારણે સ્થંડિલ-માત્રુ ઊતરે નહીં.

## વંદનના અવસરો

(૧) પ્રશાંત - ગુરુ બીજા કાર્યમાં કે ધર્મકથામાં વ્યગ્ર ન હોય.

(૨) આસનસ્થ - ગુરુ આસન પર બેઠેલા હોય.

(૩) ઉપશાંત - ગુરુ ક્રોધ વગેરે પ્રમાદ વિનાના હોય.

(૪) ઉપસ્થિત - ગુરુ 'છંદેણ' કહેવા માટે તૈયાર હોય ત્યારે બુદ્ધિમાન શિષ્ય ગુરુની અનુજ્ઞા લઈને વંદન કરે.

●●●

## પ્રતિદ્વાર ૧૦મું - અવગ્રહ ૧

ગુરુનો ચારે દિશામાં સાડા ત્રણ હાથનો અવગ્રહ હોય છે. ગુરુની અનુજ્ઞા વિના તે અવગ્રહમાં પ્રવેશવું ન કલ્પે.

અવગ્રહ ૬ પ્રકારના છે -

(૧) **નામઅવગ્રહ** - અવગ્રહ એવું નામ કે એવા નામવાળી વ્યક્તિ.

(૨) **સ્થાપનાઅવગ્રહ** - અવગ્રહની સ્થાપના.

(૩) **દ્રવ્યઅવગ્રહ** - મોતી વગેરે લેવા તે.

(૪) **ક્ષેત્રઅવગ્રહ** - જે ક્ષેત્રમાં રહે તે. એક ક્ષેત્રમાં રહે છતે ચારે બાજુ સવા યોજન સુધી તેનો અવગ્રહ હોય. અથવા ગુરુની ચારે બાજુ સાડા ત્રણ હાથનો અવગ્રહ તે ક્ષેત્રઅવગ્રહ.

(૫) **કાલઅવગ્રહ** - જેટલા કાળ સુધી રહે તે. જેમકે શેષકાળમાં એક માસ રહે અને ચોમાસામાં ચાર મહિના રહે.

(૬) **ભાવઅવગ્રહ** - તે બે પ્રકારે છે -

(૧) **પ્રશસ્ત** - જ્ઞાન વગેરેને ગ્રહણ કરવું તે.

(૨) **અપ્રશસ્ત** - ક્રોધ વગેરેને ગ્રહણ કરવું તે.

અહીં ક્ષેત્રાવગ્રહ અને પ્રશસ્ત ભાવઅવગ્રહનો અધિકાર છે.

અથવા અવગ્રહ ૫ પ્રકારનો છે - ઇન્દ્ર, રાજા વગેરેનો. તે આગળ કહેવાશે.

●●●

## પ્રતિદ્વાર ૧૧મું - વંદનના નામ ૫

વંદનના ૫ નામ છે. તે આ પ્રમાણે -

(૧) **વંદનકર્મ** - પ્રશસ્ત મન-વચન-કાયાના વ્યાપારથી ગુરુની સ્તુતિ કરવી તે. તે ૨ પ્રકારે છે -

**દ્રવ્યવંદનકર્મ** - મિથ્યાદૃષ્ટિનું અને ઉપયોગ વિનાના સમ્યગ્-દૃષ્ટિનું.

**ભાવવંદનકર્મ** - ઉપયોગવાળા સમ્યગ્દૃષ્ટિનું.

(૨) **ચિતિકર્મ** - રજોહરણ વગેરે ઉપધિના સમૂહપૂર્વક કુશળકર્મનો ઉપચય (પુણ્યબંધ) કરવો તે. તે ૨ પ્રકારે છે -

**દ્રવ્યચિતિકર્મ** - તાપસ વગેરેનું લિંગ લેવું કે ઉપયોગ વિનાના સમ્યગ્દૃષ્ટિની રજોહરણ વગેરે ઉપધિપૂર્વકની ક્રિયા.

**ભાવચિતિકર્મ** - ઉપયોગવાળા સમ્યગ્દૃષ્ટિની રજોહરણ વગેરે ઉપધિપૂર્વકની ક્રિયા.

(૩) **કૃતિકર્મ** - નમસ્કાર વગેરેની ક્રિયા. તે ૨ પ્રકારે છે -

**દ્રવ્યકૃતિકર્મ** - નિહ્નવ વગેરેની ક્રિયા કે ઉપયોગ વિનાના સમ્યગ્-દૃષ્ટિની ક્રિયા.

**ભાવકૃતિકર્મ** - ઉપયોગવાળા સમ્યગ્દૃષ્ટિની ક્રિયા.

(૪) **પૂજાકર્મ** - પ્રશસ્ત મન-વચન-કાયાની ચેષ્ટા. તે ૨ પ્રકારે છે-

**દ્રવ્યપૂજાકર્મ** - નિહ્નવોનું કે ઉપયોગ વિનાના સમ્યગ્દૃષ્ટિનું.

**ભાવપૂજાકર્મ** - ઉપયોગવાળા સમ્યગ્દૃષ્ટિનું.

**(૫) વિનયકર્મ** - જેનાથી ૮ પ્રકારના કર્મો દૂર થાય તે વિનય. વિનયરૂપ ક્રિયા તે વિનયકર્મ. તે ૨ પ્રકારે છે -

**દ્રવ્યવિનયકર્મ** - નિહ્નવોનું કે ઉપયોગ વિનાના સમ્યગ્દૃષ્ટિનું.

**ભાવવિનયકર્મ** - ઉપયોગવાળા સમ્યગ્દૃષ્ટિનું.

●●●

## પ્રતિદ્વાર ૧૨મું - ઉદાહરણ ૫

**(૧) વંદનકર્મમાં શીતલાચાર્યનું દૃષ્ટાંત છે** - શ્રીપુર નગરમાં શીતલ નામે રાજા હતો. તેની શૃંગારમંજરી નામે બેન હતી. તે વિક્રમસિંહ રાજાની રાણી થઈ. તેને ચાર પુત્રો થયા. શીતલ રાજાએ ધર્મઘોષસૂરિ પાસે દીક્ષા લીધી. તે ગીતાર્થ થયા. ગુરુએ તેમને આચાર્યપદ આપ્યું. એકવાર શૃંગારમંજરીએ પુત્રો સમક્ષ ભાઈમહારાજની અનુમોદના કરી. તે સાંભળી ચારે પુત્રોએ દીક્ષા લીધી. તેઓ ગીતાર્થ થયા. મામા- મહારાજને વંદન કરવા અવંતીમાં ગયા. સાંજે બહાર રહ્યા. મામા- મહારાજને શ્રાવક દ્વારા સમાચાર આપ્યા. રાત્રે તે ચારે મુનિઓને કેવળજ્ઞાન થયું. તેથી સવારે તેઓ શીતલાચાર્યને વંદન કરવા ન ગયા. શીતલાચાર્ય તેમના આવવાની રાહ જોતા હતા. એક પ્રહર સુધી ન આવ્યા એટલે શીતલાચાર્ય પોતે તેમની પાસે ગયા. કહ્યું, 'કેવી રીતે વંદન કરું ?' કેવળી - 'જેમ ઠીક લાગે તેમ.' શીતલાચાર્યે ગુસ્સાથી વંદન કર્યું. કેવળી - 'આ દ્રવ્યવંદન થયું હવે ભાવવંદન કરો.' શીતલાચાર્યને પસ્તાવો થયો. ભાવથી વંદન કરતા તેમને કેવળજ્ઞાન થયું.

શીતલાચાર્યે કેવળી ભાણેજમહારાજોને પહેલા દ્રવ્યવંદન કર્યું, પછી ભાવવંદન કર્યું.

**(૨) ચિતિકર્મમાં ક્ષુલ્લકાચાર્યનું દૃષ્ટાંત** - કોઈક ગચ્છમાં ગુણસુંદર-સૂરિજીએ દેવલોકમાં જતી વખતે એક નાના સાધુને પોતાના પદે સ્થાપ્યા. સંઘ તેમની આજ્ઞા માને છે. તે ગીતાર્થો પાસે ભણે છે. એકવાર

સાધુઓ ગોચરી માટે ગયા હતા ત્યારે મોહથી મોહિત થયેલ તેઓ એક સાધુને લઈને સ્થંડિલ જવાના બહાને દીક્ષા છોડવાની ઇચ્છાથી બહાર ગયા. સાધુ ઝાડની ઓથે ઊભા હતા ત્યારે તે ક્ષુલ્લકાચાર્ય ભાગ્યા. એક વનમાં વિસામો ખાવા બેઠા. એક નીરસ ખીજડાના વૃક્ષને મુસાફરો વડે પૂજાતું જોઈને તે વિચાર કરે છે, 'બીજા ઝાડ હોવા છતાં પણ લોકો આ વૃક્ષની પૂજા કરે છે કેમકે એની ચારે તરફ પીઠ બંધાયેલ છે. હું પણ આ વૃક્ષની જેમ અયોગ્ય છું. છતાં બીજા ગીતાર્થ અને કુલીન સાધુઓ હોવા છતાં લોકો મને પૂજે છે તે ગુરુએ આપેલ આસન વગેરેનો પ્રભાવ છે. માટે મેં આ ખોટો વિચાર કર્યો.' એમ વિચારી પાછા ફર્યા. વસતિમાં આવ્યા. સાધુઓને કહ્યું કે, 'મને અચાનક શૂળ ઊપડ્યું. તેથી આટલી વાર લાગી.' ગીતાર્થો પાસે આલોચના કરી તેમણે પ્રાયશ્ચિત્ત લીધું.

ક્ષુલ્લકાચાર્ય પહેલા ભાગ્યા ત્યારે દ્રવ્યચિતિકર્મ હતું, પાછા ફર્યા પછી ભાવચિતિકર્મ હતું.

(૩) **કૃતિકર્મમાં કૃષ્ણનું દૃષ્ટાંત** - એકવાર નેમિનાથ ભગવાન રૈવતપર્વત પર સમવસર્યા. કૃષ્ણ સપરિવાર વંદન કરવા ગયા. તેમણે ૧૮,૦૦૦ સાધુઓને દ્વાદશાવર્ત વંદન કર્યા. વીરકે તેમનું અનુકરણ કરીને વંદન કર્યા. કૃષ્ણે થાકીને પ્રભુને કહ્યું, '૩૬૦ યુદ્ધોમાં જેવો થાક નહોતો લાગ્યો તેવો હમણા લાગ્યો છે.' ભગવાને કહ્યું, 'આ ભક્તિથી તમે ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા, તીર્થંકરનામકર્મ બાંધ્યું અને સાતમી નરકનું બંધાયેલું આયુષ્ય ત્રીજી નરક યોગ્ય કર્યું.'

અહીં કૃષ્ણનું ભાવકૃતિકર્મ અને વીરકનું દ્રવ્યકૃતિકર્મ છે.

(૪) **પૂજાકર્મમાં બે સેવકોનું દૃષ્ટાંત** - એક રાજાના બે સેવકો હતા. નજીકના બે ગામની સીમા બાબત તેમની વચ્ચે વિવાદ થયો. તેઓ રાજા પાસે ચાલ્યા. રસ્તામાં તેમણે એક મુનિને જોયા. 'સાધુના દર્શનથી અવશ્ય કાર્ય સિદ્ધ થશે.' એમ કહીને એકે ભક્તિથી પ્રદક્ષિણા આપીને

વંદન કર્યા. બીજાએ તેનું અનુકરણ કર્યું. રાજદરબારમાં બન્નેએ વિવાદ કહે છતે પહેલાનો વિજય થયો, બીજાનો પરાજય થયો.

પહેલા સેવકનું ભાવપૂજાકર્મ, બીજા સેવકનું દ્રવ્યપૂજાકર્મ.

**(૫) વિનયકર્મમાં શામ્બ-પાલકનું દૃષ્ટાંત** - એકવાર નેમિનાથ ભગવાન દ્વારિકામાં આવ્યા. કૃષ્ણે પોતાના બધા કુમારોને કહ્યું, 'કાલે ભગવાનને જે પહેલા વંદન કરશે તે જે માગશે તે આપીશ.' બીજા દિવસે સવારે શાંબે ઊઠીને પથારીમાં બેસીને ભક્તિભાવથી વંદન કર્યા. દુષ્ટ બુદ્ધિવાળા, અભવ્ય પાલકે રાજ્યના લોભથી વહેલા ઊઠીને અશ્વરત્ન પર બેસીને પ્રભુને વંદન કર્યા. કૃષ્ણે પ્રભુને પૂછ્યું, 'આપને પહેલા કોણે વંદન કર્યા ?' પ્રભુ - 'શાંબે ભાવથી વંદન કર્યા, પાલકે દ્રવ્યથી વંદન કર્યા.' કૃષ્ણે ખુશ થઈને શાંબને અશ્વરત્ન આપ્યું.

પાલકનું દ્રવ્યવિનયકર્મ, શાંબનું ભાવવિનયકર્મ.

●●●

## પ્રતિદ્વાર ૧૩મું - આશાતના ૩૩

**(૧) પુરતો ગમન** - કારણ વિના ગુરુની આગળ ચાલવું તે. રસ્તો બતાવવા વગેરે માટે ગુરુની આગળ ચાલવામાં દોષ નથી.

**(૨) પક્ષગમન** - ગુરુની બન્ને બાજુમાં ચાલવું તે.

**(૩) આસન્નગમન** - ગુરુની પાછળ નજીકમાં ચાલવું તે. તેનાથી નિઃશ્વાસ લાગવો, છીંકનું શ્લેષ્મ પડવું વગેરે દોષો લાગે. તેથી ગુરુની પાછળ સાડા ત્રણ હાથ અંતર રાખીને ચાલવું.

**(૪) પુરતઃ સ્થાન** - ગુરુની આગળ ઊભા રહેવું.

**(૫) પક્ષસ્થાન** - ગુરુની બન્ને બાજુમાં ઊભા રહેવું.

**(૬) આસન્નસ્થાન** - ગુરુની પાછળ નજીકમાં ઊભા રહેવું.

**(૭) પુરતો નિષીદન** - ગુરુની આગળ બેસવું.

(૮) **પક્ષનિષીદન** - ગુરુની બન્ને બાજુમાં બેસવું.

(૯) **આસન્નનિષીદન** - ગરુની પાછળ નજીકમાં બેસવું.

તેવા પ્રકારનું કારણ આવે તો આ નવમાં દોષ નથી.

(૧૦) **આચમન** - ગુરુની સાથે સ્થંડિલભૂમિએ ગયા પછી ગુરુ કરતા પહેલા શુદ્ધિ કરવી.

(૧૧) **આલોચન** - ગુરુની સાથે સ્થંડિલભૂમિ વગેરે બહારના પ્રદેશમાંથી વસતિમાં આવ્યા પછી ગુરુ કરતા પહેલા ગમનાગમનની આલોચના કરવી.

(૧૨) **અપ્રતિશ્રવણ** - રત્નાધિક રાત્રે પૂછે, 'કોણ સૂતું છે ? કોણ જાગે છે ?' ત્યારે જાગતો હોવા છતાં જવાબ ન આપવો.

(૧૩) **પૂર્વાલાપન** - ગુરુએ જેની સાથે વાત કરવાની હોય તેની સાથે શિષ્યે પહેલા જ વાત કરવી.

(૧૪) **પૂર્વાલોચન** - ગોચરીની આલોચના પહેલા બીજા પાસે કરવી, પછી ગુરુ પાસે કરવી.

(૧૫) **પૂર્વોપદર્શન** - ગોચરી પહેલા બીજાને બતાવીને પછી ગુરુને બતાવવી.

(૧૬) **પૂર્વનિમંત્રણ** - ગોચરી લાવીને ગુરુને પૂછ્યા વિના પહેલા બીજાને નિમંત્રણ આપીને પછી ગુરુને નિમંત્રણ આપવું.

(૧૭) **ખદ્ધદાન** - ગોચરી લાવીને ગુરુને પૂછ્યા વિના જેને જેને ઠીક લાગે તેને તેને આપવી.

(૧૮) **ખદ્ધાદન** - રત્નાધિકની સાથે વાપરતી વખતે નાનો સાધુ સારુ સારુ પોતે વાપરે તે.

(૧૯) **અપ્રતિશ્રવણ** - દિવસે ગુરુ બોલાવે ત્યારે સાંભળવું નહીં.

(૨૦) **ખદ્ધભાષણ** - કર્કશ વચનથી અને મોટા ઘાંટા પાડીને ગુરુ સાથે બોલવું તે.

(૨૧) **તત્રગત** - રત્નાધિક બોલાવે ત્યારે શિષ્ય જ્યાં હોય ત્યાંથી જ જવાબ આપે, નજીક જઈને જવાબ ન આપે.

(૨૨) **કિં ભાષણ** - ગુરુ બોલાવે ત્યારે બે હાથ જોડી 'મત્થએણ વંદામિ' કહી 'આજ્ઞા ફરમાવો' એમ કહેવું જોઈએ. તેની બદલે 'શું કહો છો ?' એમ કહે.

(૨૩) **તું ભાષણ** - શિષ્ય રત્નાધિકને 'તું' એમ એકવચનથી બોલાવે, 'મને કહેનાર તું કોણ છે ?' એમ કહે. શિષ્યે 'આપ, પૂજ્ય, ભગવંત' વગેરે શબ્દોથી ગુરુને સંબોધવા જોઈએ.

(૨૪) **તજ્જાતભાષણ** - ગુરુ કહે કે, 'ગ્લાનની સેવા કેમ નથી કરતો ?' 'તું આળસુ છે.' ત્યારે સામો જવાબ આપે કે, 'તમે જ કેમ નથી કરતા ?' 'તમે આળસુ છો.'

(૨૫) **નોસુમન** - ગુરુ ધર્મકથા કરતા હોય ત્યારે શિષ્ય 'આપે ઉત્તમ ધર્મકથા કહી.' એમ અનુમોદના ન કરે, પણ મનમાં દુભાય.

(૨૬) **નોસ્મરણ** - ગુરુ ધર્મકથા કરતા હોય ત્યારે શિષ્ય કહે, 'આપને યાદ નથી. એ અર્થ એમ નથી.'

(૨૭) **કથાછેદ** - ગુરુ ધર્મકથા કરતા હોય ત્યારે 'હું તમને આ કથા પછી સારી રીતે કહીશ.' એમ કહે.

(૨૮) **પર્ષદાભેદ** - ગુરુની ધર્મકથામાં સભા એકતાન થઈ હોય ત્યારે 'ગોચરીનો સમય થયો, વાપરવાનો સમય થયો, સૂત્રપોરિસીનો સમય થયો.' વગેરે કહીને પર્ષદાનો ભેદ કરે કે જેથી તે ભેગી ન થાય.

(૨૯) **અનુત્થિતકથા** - ગુરુએ ધર્મકથા કર્યા પછી એ જ સભામાં ગુરુએ કહેલ વાતને જ વિસ્તારપૂર્વક કહેવી.

(૩૦) **સંથારપાદઘટ્ટન** - ગુરુના શય્યા-સંથારા વગેરેને પગ લગાડીને કે રજા વિના હાથથી અડીને માફી ન માંગવી. શય્યા શરીરપ્રમાણ હોય છે. સંથારો અઢી હાથ પ્રમાણ હોય છે.

(૩૧) **સંથારાવસ્થાન** - ગુરુના શય્યા-સંથારા પર ઊભા રહેવું, બેસવું, આડા પડવું.

(૩૨) **ઉચ્ચાસન** - ગુરુની આગળ ઊંચા આસને બેસવું વગેરે.

(૩૩) **સમાસન** - ગુરુની આગળ સમાન આસન પર બેસવું વગેરે.

આ ૩૩ આશાતનાઓ વર્જવી.

●●●

## પ્રતિદ્વાર ૧૪મું - વંદનના દોષ ૩૨

વંદન કરતી વખતે ૩૨ દોષો વર્જવા. તે આ પ્રમાણે છે -

(૧) **અનાદૃત** - આદર વિના વંદન કરવું.

(૨) **સ્તબ્ધ** - અહીં ચાર ભાંગા છે -

(i) દ્રવ્યથી સ્તબ્ધ - વાયુથી ગ્રસ્ત શરીર નમતું ન હોય, ભાવથી અસ્તબ્ધ.

(ii) દ્રવ્યથી અસ્તબ્ધ, ભાવથી સ્તબ્ધ - અભિમાની.

(iii) દ્રવ્યથી સ્તબ્ધ, ભાવથી સ્તબ્ધ.

(iv) દ્રવ્યથી અસ્તબ્ધ, ભાવથી અસ્તબ્ધ.

ચોથો ભાંગો શુદ્ધ છે. બાકીના ભાંગામાં ભાવથી સ્તબ્ધ અશુદ્ધ જ છે. દ્રવ્યથી સ્તબ્ધ જો કારણસર વંદન ન કરી શકતો હોય તો શુદ્ધ છે, કારણ વિના વંદન ન કરે તો અશુદ્ધ છે.

(૩) **પ્રવિદ્ધ** - વંદન કરતા અધુરુ વંદન છોડીને ભાગી જાય તે.

(૪) **પરિપિંડિત** - ઘણાંને એક વંદનથી વાંદે, અથવા શબ્દોને છુટા ન કરે, અથવા સાથળ ઉપર હાથ રાખી વાંદે.

(૫) **ટોલગતિ** - તીડની જેમ આગળ-પાછળ કૂદકા મારતો વંદન કરે તે.

(૬) **અંકુશ** - ઊભેલા, સૂતેલા કે અન્ય કાર્યમાં વ્યગ્ર ગુરુને શિષ્ય ચોલપટ્ટા-કપડા વગેરેથી કે હાથથી અવજ્ઞાથી હાથીની જેમ ખેંચીને વંદન કરવા માટે આસન પર બેસાડે તે. ત્યારે હાથ જોડીને વિનયપૂર્વક કહેવું જોઈએ, 'આપ બિરાજો જેથી વંદન કરું.' અથવા રજોહરણને અંકુશની જેમ બે હાથથી પકડીને વંદન કરે તે. અથવા અંકુશથી આક્રાંત હાથીની જેમ માથુ ઊંચું-નીચું કરતા વંદન કરે તે.

(૭) **કચ્છપરિંગિત** - ઊભો હોય કે બેઠો હોય ત્યારે કાચબાની જેમ આગળ-પાછળ હાલે તે.

(૮) **મત્સ્યોદ્વૃત્ત** - ઊભા થતા કે બેસતા પાણીમાં રહેલા માછલાની જેમ ઊછળે તે. અથવા એકને વંદન કરી તેમની બાજુમાં બીજાને વંદન કરવા માછલાની જેમ શરીર ફેરવે તે.

(૯) **મનઃપ્રદુષ્ટ** - સ્વ-પર નિમિત્તે થયેલા મનોદ્વેષપૂર્વક વાંદે. સ્વનિમિત્ત = ગુરુએ શિષ્યને જ કંઈક કઠોરવચન કહ્યું હોય તે. પરનિમિત્ત = ગુરુએ શિષ્યના મિત્ર વગેરેની સામે કંઈક અપ્રિય કહ્યું હોય તે.

(૧૦) **વેદિકાબદ્ધ** - વંદન કરતી વખતે બે હાથ બે ઢીંચણની ઉપર રાખે, નીચે રાખે, બાજુમાં રાખે, ખોળામાં રાખે કે એક ઢીંચણને બે હાથની વચ્ચે રાખે.

(૧૧) **ભજંત** - 'ગુરુ મને ભજે છે કે ભજશે.' એમ વિચારીને 'હે ગુરુજી ! અમે આપને વંદન કરવા ઊભા છીએ.' એમ કહીને વંદન કરે.

**(૧૨) ભય** - 'વંદન નહીં કરું તો મને ગચ્છમાંથી કાઢી નાંખશે.' એવા ભયથી વંદન કરે તે.

**(૧૩) મૈત્રી** - 'આ મારા મિત્ર છે કે થશે.' એમ સમજીને વંદન કરે તે.

**(૧૪) ગૌરવ** - 'બધા જાણે કે આ સામાચારીમાં કુશળ છે.' એવા આશયથી આવર્ત વગેરે બરાબર કરવાપૂર્વક વંદન કરે તે.

**(૧૫) કારણ** - જ્ઞાન-દર્શન-ચારિત્ર સિવાય બીજું કંઈપણ આલોક સંબંધી વસ્ત્ર, કામળી વગેરે મેળવવા વંદન કરે તે. પૂજાના આશયથી કે ગૌરવના આશયથી જ્ઞાનાદિના ગ્રહણ માટે વંદન કરે તો તે પણ કારણ દોષ છે.

**(૧૬) સ્તૈન્ય** - 'આ અતિવિદ્વાન સાધુ પણ કેમ બીજાને વંદન કરે છે ?' એમ પોતાની નિંદા ન થાય એટલા માટે ચોરની જેમ છુપાઈને વંદન કરે તે.

**(૧૭) પ્રત્યનીક** - ગુરુ આહાર-નીહાર કરતા હોય ત્યારે વંદન કરે તે.

**(૧૮) રુષ્ટ** - ગુસ્સાથી ધમધમતો વંદન કરે તે.

**(૧૯) તર્જિત** - 'લાકડાના શંકરની જેમ તમે વંદન ન કરવાથી ગુસ્સે થતા નથી અને વંદન કરવાથી ખુશ થતા નથી.' એમ તર્જના (તિરસ્કાર) કરતો વંદન કરે તે. અથવા 'લોકોની વચ્ચે મને વંદન કરાવો છો, પણ તમે એકલા હશો ત્યારે ખબર પડશે.' એવા આશયપૂર્વક મસ્તક, આંગળી, ભમર વગેરેથી તિરસ્કાર કરતા વંદન કરે તે.

**(૨૦) શઠ** - અંદરની ભાવના વિના માત્ર વિશ્વાસ ઉપજાવવા વંદન કરે તે.

**(૨૧) હીલિત** - 'હે ગણિ ! વાચક ! જ્યેષ્ઠાર્ય ! આપને વંદન કરવાથી શું લાભ ?' એમ મજાક કરી હીલના કરી વંદન કરે તે.

(૨૨) **વિપરિકુંચિત** - અડધુ વંદન કરીને દેશ વગેરેની વિકથા કરે તે.

(૨૩) **દૃષ્ટાદૃષ્ટ** - ઘણા વંદન કરતા હોય ત્યારે કોઈ સાધુની ઓથમાં રહીને વંદન કરે તે. અથવા અંધારામાં મૌન રહીને વંદન ન કરે, દેખાય એટલે વંદન કરે તે.

(૨૪) **શૃંગ** - આવર્તો કરતી વખતે હાથથી લલાટની મધ્યમાં સ્પર્શ કરવાની બદલે લલાટની બાજુમાં સ્પર્શ કરે તે.

(૨૫) **કર** - કર સમજીને વંદન કરે તે.

(૨૬) **કરમોચન** - 'દીક્ષા લીધી એટલે લૌકિક કરથી તો અમે છુટી ગયા, પણ અરિહંત ભગવાનના વંદનરૂપી કરથી હજી છૂટ્યા નથી.' એમ માનીને વંદન કરે તે.

(૨૭) **આશ્લિષ્ટઅનાશ્લિષ્ટ** - આવર્ત કરતી વખતે હાથ લલાટે અને રજોહરણને અડાડવા જોઈએ. તેમાં ૪ ભાંગા છે -

(i) રજોહરણને અડે અને મસ્તકને અડે.

(ii) રજોહરણને અડે અને મસ્તકને ન અડે.

(iii) રજોહરણને ન અડે અને મસ્તકને અડે.

(iv) રજોહરણને ન અડે અને મસ્તકને ન અડે.

આમાં પહેલો ભાંગો શુદ્ધ છે. બાકીના ત્રણ ભાંગામાં આ દોષ લાગે.

(૨૮) **ન્યૂન** - ઝડપથી વંદન કરે તેમાં અક્ષર, પદ કે આવશ્યક ઓછા થાય તે.

(૨૯) **ઉત્તરચૂડ** - વંદન કરીને મોટા અવાજે 'મત્થએણ વંદામિ' કહે તે.

(૩૦) **મૂક** - આલાવા ઉચ્ચાર્યા વિના મૌન રહીને વંદન કરે તે.

(૩૧) **ઢઢ્ઢર** - મોટા અવાજે આલાવા ઉચ્ચારીને વંદન કરે તે.

(૩૨) **ચુડલિક** - ઉંબાડીયાની જેમ રજોહરણને છેડાથી પકડીને ભમાવતો થકો વંદન કરે તે.

●●●

## પ્રતિદ્વાર ૧૫મું - વંદનના કારણ ૮

વંદન કરવાના ૮ કારણ છે. તે આ પ્રમાણે -

(૧) પ્રતિક્રમણ માટે (૪ વાર).

(૨) સ્વાધ્યાય માટે (૩ વાર) - ગુરુ પાસે વાચના લેતી વખતે.

(૩) કાઉસ્સગ્ગ માટે - જોગમાંથી નીકળતી વખતે આયંબિલ છોડી વિગઈના પરિભોગ માટે જે કાઉસ્સગ્ગ કરાય છે તેની માટે વંદન કરાય તે.

(૪) અપરાધ ખમાવવા માટે.

(૫) પ્રાઘૂર્ણક = મહેમાન સાધુ આવ્યા હોય ત્યારે.

(૬) આલોચના આપવા માટે - વંદન કરીને આલોચના અપાય.

(૭) પચ્ચક્ખાણ માટે - વંદન કરીને પચ્ચક્ખાણ લેવાય. એકાસણું વગેરે કર્યા પછી આગારનો સંક્ષેપ કરવા તિવિહાર વગેરે પચ્ચક્ખાણ લેવા વંદન કરવું. નવકારસીનું પચ્ચક્ખાણ કર્યા પછી ઉપવાસનું પચ્ચક્ખાણ કરવા વંદન કરવું.

(૮) અનશન માટે.

પ્રતિક્રમણ અને સ્વાધ્યાય માટેના વંદન નિયત છે, બાકીના વંદન અનિયત છે.

●●●

# દ્વાર ૩જું - પ્રતિક્રમણ

શુભ યોગોમાંથી અશુભ યોગોમાં ગયેલાનું પાછું શુભ યોગોમાં જવું તે પ્રતિક્રમણ. અથવા ક્ષાયોપશમિકભાવમાંથી ઔદયિકભાવમાં ગયેલાનું પાછું ક્ષાયોપશમિકભાવમાં જવું તે પ્રતિક્રમણ. અથવા મોક્ષનું ફળ આપનારા શુભયોગોમાં પ્રવર્તવું તે પ્રતિક્રમણ.

પ્રતિક્રમણ ત્રણ કાળ વિષયક છે.

નિંદા દ્વારા ભૂતકાળના અશુભયોગોમાંથી નિવૃત્તિ.

સંવર દ્વારા વર્તમાનના અશુભયોગોમાંથી અટકવું.

પચ્ચક્ખાણ દ્વારા ભવિષ્યના અશુભયોગોને છોડવા.

અશુભયોગોમાંથી નિવૃત્તિ = મિથ્યાત્વનું પ્રતિક્રમણ, અસંયમનું પ્રતિક્રમણ, કષાયનું પ્રતિક્રમણ, અશુભયોગનું પ્રતિક્રમણ.

પ્રતિક્રમણના ૫ પ્રકાર છે -

**(૧) દૈવસિક પ્રતિક્રમણ** - દિવસના અંતે કરાય તે. તેની વિધિ આ પ્રમાણે છે -

(૧) ઇરિયાવહિ.

(૨) ચૈત્યવંદન.

(૩) આચાર્ય વગેરે ૪ ને ખમાસમણા.

(૪) દૈવસિક અતિચારનું મિચ્છામિ દુક્કડમ્.

(૫) કરેમિ ભંતે૦, ઇચ્છામિ ઠામિ૦ વગેરે સૂત્ર બોલી દૈવસિક અતિચારને વિચારવા કાઉસ્સગ્ગ કરવો. સાધુઓ ઘણી પ્રવૃત્તિવાળા હોવાથી ૧ વાર દેવસિક અતિચારને વિચારે. ગુરુ અલ્પ પ્રવૃત્તિવાળા હોવાથી ૨ વાર દૈવસિક અતિચારને વિચારે. ગુરુ કાઉસ્સગ્ગ પારે પછી સાધુઓ કાઉસ્સગ્ગ પારે અને પ્રગટ લોગસ્સ બોલે.

(૬) મુહપત્તિનું પડિલેહણ.

(૭) વંદન (વાંદણા).

(૮) આલોચના - કાઉસ્સગમાં ચિંતવેલા દોષો ગુરુને કહેવા.

(૯) પ્રતિક્રમણ સૂત્ર (સાધુ-પગામસિજ્જા, શ્રાવક-વંદિત્તુ).

(૧૦) વાંદણા.

(૧૧) ખામણા - વડિલના ક્રમથી બધાને અબ્ભુટ્ઠિઓ ખામવો. આચરણા આ પ્રમાણે છે - જો પાંચ સાધુ હોય તો ત્રણને અબ્ભુટ્ઠિઓ ખામવો. જો પાંચથી ઓછા સાધુ હોય તો વડિલને જ અબ્ભુટ્ઠિઓ ખામવો. એમ રાત્રિક વગેરે પ્રતિક્રમણમાં પણ જાણવું.

(૧૨) વાંદણા - આચાર્ય વગેરેના આશ્રય માટેનું વંદન.

(૧૩) ચારિત્રની વિશુદ્ધિ માટે ૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ.

(૧૪) દર્શનની વિશુદ્ધિ માટે ૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ.

(૧૫) જ્ઞાનની વિશુદ્ધિ માટે ૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ.

(૧૬) શ્રુતની સમૃદ્ધિ માટે શ્રુતદેવતાનો ૧ નવકારનો કાઉસ્સગ્ગ. પારીને થોય બોલવી.

(૧૭) બધા વિઘ્નોના નાશ માટે ક્ષેત્રદેવતાનો ૧ નવકારનો કાઉસ્સગ્ગ. પારીને થોય બોલવી.

(૧૮) નવકાર.

(૧૯) મુહપત્તિપડિલેહણ.

(૨૦) વાંદણા.

(૨૧) 'ઇચ્છામો અણુસટ્ઠિં' કહી બેસીને ગુરુ ૧ સ્તુતિ બોલે, પછી શિષ્યો ત્રણ પ્રવર્ધમાન સ્તુતિ (નમોસ્તુ૦) પ્રવર્ધમાન સ્વરથી બોલે.

(૨૨) નમુત્થુણં.

(૨૩) સ્તોત્ર (સ્તવન)

(૨૪) દિવસના અતિચારની વિશુદ્ધિ માટે ૪ લોગસ્સનો કાઉસ્સગ્ગ.

**(૨) રાત્રિક પ્રતિક્રમણ** - રાત્રિના અંતે કરાય તે. તેની વિધિ આ પ્રમાણે છે -

(૧) રાત્રિના બધા અતિચારોનું મિચ્છામિદુક્કડમ્.

(૨) નમુત્થુણં.

(૩) ચારિત્રની વિશુદ્ધિ માટે ૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ.

(૪) દર્શનની વિશુદ્ધિ માટે ૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ.

(૫) જ્ઞાનની વિશુદ્ધિ માટે કાઉસ્સગ્ગ કરે. તેમાં રાત્રિ અતિચારો વિચારે.

(૬) સિદ્ધ વગેરેની સ્તુતિ (સિદ્ધાણં બુદ્ધાણં૦)

(૭) મુહપત્તિપડિલેહણ.

(૮) વાંદણા.

(૯) આલોચના-કાઉસ્સગ્ગમાં વિચારેલા અતિચારો ગુરુને કહેવા.

(૧૦) નવકાર, કરેમિ ભંતે વગેરે કહીને પ્રતિક્રમણ સૂત્ર.

(૧૧) વાંદણા.

(૧૨) ખામણા.

(૧૩) વાંદણા.

(૧૪) આયરિયઉવજ્ઝાએ૦

(૧૫) કરેમિ ભંતે૦ વગેરે કહીને ૬ માસના તપને વિચારવાનો કાઉસ્સગ્ગ. તેમાં આ પ્રમાણે ચિંતવવું - 'શ્રીમહાવીરસ્વામિના

શાસનમાં ઉત્કૃષ્ટથી ૬ માસનો તપ કહ્યો છે. હે જીવ ! સંયમયોગોને બાધા ન આવે તેમ તું તે તપ કરી શકીશ ?' 'શક્તિ નથી.' '૬ માસમાં ૧ દિવસ ઓછો એટલો તપ કરી શકીશ ?' 'શક્તિ નથી.' '૬ માસમાં ૨ દિવસ ઓછા એટલો તપ કરી શકીશ ?' 'શક્તિ નથી.' એમ ૧-૧ દિવસ ઘટાડતા જવું. યાવત્ '૬ માસમાં ૨૯ દિવસ ઓછા એટલો તપ કરી શકીશ ?' 'શક્તિ નથી.' '૫ માસનો તપ કરી શકીશ ?' 'શક્તિ નથી.' એમ ૧-૧ દિવસ ઘટાડતા જવું. યાવત્ '૧ માસનો તપ કરી શકીશ ?' 'શક્તિ નથી.' '૧ માસમાં ૧ દિવસ ઓછો એટલો તપ કરી શકીશ ?' 'શક્તિ નથી.' એમ ૧-૧ દિવસ ઘટાડતા જવું. યાવત્ '૧ માસમાં ૧૩ દિવસ ઓછા એટલો તપ કરી શકીશ ?' 'શક્તિ નથી.' '૩૪ ભક્ત (૧૬ ઉપવાસ)નો તપ કરી શકીશ ?' 'શક્તિ નથી.' '૩૨ ભક્ત (૧૫ ઉપવાસ)નો તપ કરી શકીશ ?' 'શક્તિ નથી.' એમ બે-બે ભક્ત ઘટાડતાં જવું. યાવત્ 'ચતુર્થભક્તનો તપ કરી શકીશ ?' 'શક્તિ નથી.' પછી આયંબિલ, નિવિ, એકાસણાથી માંડીને નવકારસી સુધી વિચારે. જે તપ કરવો હોય ત્યાં 'શક્તિ છે.' એમ કહીને કાઉસ્સગ્ગ પારે, આગળ ન વિચારે. પ્રગટ લોગસ્સ બોલે.

(૧૬) મુહપત્તિનું પડિલેહણ.

(૧૭) વાંદણા.

(૧૮) પચ્ચક્ખાણ.

(૧૯) પ્રવર્ધમાન અક્ષરવાળી ૩ સ્તુતિ (વિશાલલોચનદલં૦) ગરોળી વગેરે જાગી ન જાય એટલા માટે ધીમા અવાજે બોલે.

(૨૦) ચૈત્યવંદન.

+ દૈવસિક પ્રતિક્રમણમાં દૈવસિક અતિચાર વિચારવાનો કાઉસ્સગ્ગ પહેલા છે અને ચારિત્ર વગેરેની શુદ્ધિના કાઉસ્સગ્ગ પછી છે. રાત્રિ પ્રતિક્રમણમાં ચારિત્ર વગેરેની શુદ્ધિના કાઉસ્સગ્ગ પહેલા છે અને

રાત્રિ અતિચારને વિચારવાનો કાઉસ્સગ્ગ પછી છે. તેનું કારણ આ પ્રમાણે છે - સવારે વહેલા ઊઠવાથી આંખમાં ઊંઘ હોય, શરીરમાં આળસ હોય. તેથી બધા રાત્રિ અતિચાર યાદ ન આવે. ઊંઘમાં હોવાથી સાધુઓ પરસ્પર અથડાય. કાઉસ્સગ્ગ પછી વંદન કરતા તે સ્ખલનાવાળુ થાય. તેથી ચારિત્ર અને દર્શનની શુદ્ધિ માટેના કાઉસ્સગ્ગ પહેલા કરાય છે. તેથી આંખમાંથી નિદ્રા જતી રહે છે, શરીરમાંથી આળસ જતી રહે છે. તથા જ્ઞાનશુદ્ધિના ત્રીજા કાઉસ્સગ્ગમાં રાત્રિના અતિચાર બરાબર યાદ કરી શકાય છે, સાધુઓ પરસ્પર અથડાતા નથી અને વંદન વગેરે અસ્ખલિત રીતે થાય છે.

(૩) **પાક્ષિકપ્રતિક્રમણ** - પક્ષને અંતે કરાય તે. તેની વિધિ આ પ્રમાણે છે -

(૧) ચૌદસે દૈવસિક પ્રતિક્રમણ પ્રતિક્રમણસૂત્ર સુધી કરવું.

(૨) પછી 'દેવસિય આલોઈય પડિક્કંતં ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ પક્ખિયમુહપત્તી પડિલેહું ?' એમ આદેશ માગવો. ગુરુ 'પડિલેહ' કહે. ખમાસમણું આપીને મુહપત્તિપડિલેહણ કરે.

(૩) વાંદણા.

(૪) પછી પાંચ સંબુદ્ધો = ગીતાર્થોને અબ્ભુટ્ઠિઓ ખામે.

(૫) આલોચના. ગુરુ ૧ ઉપવાસ આપે. ચાતુર્માસિકપ્રતિક્રમણમાં છટ્ઠ આપે. સાંવત્સરિક પ્રતિક્રમણમાં અટ્ઠમ આપે.

(૬) વાંદણા.

(૭) દરેક સાધુને અબ્ભુટ્ઠિઓ ખામે.

(૮) વાંદણા.

(૯) ગુરુનો આદેશ લઈ એક વ્યક્તિ ૩૦૦ ગાથા પ્રમાણ પાક્ષિકસૂત્ર બોલે. બાકીના સાધુઓ ઊભા ઊભા વિકથા વગેરે વિના સાંભળે. જો

બાળ-વૃદ્ધ વગેરે તેટલો સમય ઊભા ન રહી શકે તો ખમાસમણું આપીને ગુરુની રજા લઈને બેસીને નિદ્રા વગેરે વિના વધતા શુભ ભાવ સાથે સાંભળે.

(૧૦) બેસીને પ્રતિક્રમણ સૂત્ર બોલે.

(૧૧) કરેમિ ભંતે૦ વગેરે સૂત્રો બોલી ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે.

(૧૨) મુહપત્તિપડિલેહણ.

(૧૩) વાંદણા.

(૧૪) પાંચ સાધુને અબ્ભુટ્ઠિઓ ખામે.

(૧૫) બાકીનું દૈવસિક પ્રતિક્રમણ પૂરું કરે. તેમાં શ્રુતદેવતાની બદલે ભવનદેવતાનો કાઉસ્સગ્ગ કરે.

**(૪) ચાતુર્માસિક પ્રતિક્રમણ** - ૪ માસને અંતે કરાય તે. તેની વિધિ પાક્ષિક પ્રતિક્રમણ પ્રમાણે છે. તેમાં ૭ સંબુદ્ધોને અબ્ભુટ્ઠિઓ ખામવો અને ૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

**(૫) સાંવત્સરિક પ્રતિક્રમણ** - વરસને અંતે કરાય તે. તેની વિધિ પાક્ષિક પ્રતિક્રમણ પ્રમાણે છે. તેમાં ૭ સંબુદ્ધોને અબ્ભુટ્ઠિઓ ખામવો અને ૪૦ લોગસ્સ + ૧ નવકારનો કાઉસ્સગ્ગ કરવો.

ઉપરના બધા પ્રતિક્રમણમાં કાઉસ્સગ્ગમાં લોગસ્સ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી ચિંતવવા.

**પાંચ પ્રતિક્રમણોમાં કાઉસ્સગ્ગનું પ્રમાણ -**

| **પ્રતિક્રમણ** | **કાઉસ્સગ્ગનું પ્રમાણ** | | |
|---|---|---|---|
| | **લોગસ્સ** | **શ્લોક** | **પાદ** |
| દૈવસિક | ૪ | ૨૫[1] | ૧૦૦[2] |

૧. ૧ લોગસ્સમાં $૬\frac{૧}{૪}$ શ્લોક હોય છે. ૨. ૧ શ્લોકમાં ૪ પાદ હોય છે.

| પ્રતિક્રમણ | કાઉસ્સગ્ગનું પ્રમાણ | | |
|---|---|---|---|
| | લોગસ્સ | શ્લોક | પાદ |
| રાત્રિક | ૨ | $૧૨\frac{૧}{૨}$ | ૫૦ |
| પાક્ષિક | ૧૨ | ૭૫ | ૩૦૦ |
| ચાતુર્માસિક | ૨૦ | ૧૨૫ | ૫૦૦ |
| સાંવત્સરિક | ૪૦ + ૧ નવકાર[૧] | ૨૫૨ | ૧૦૦૮ |

**પાંચ પ્રતિક્રમણોમાં કેટલા સાધુઓને ખામણા (અબ્ભુટ્ઠિઓ) કરવા-**

| પ્રતિક્રમણ | કેટલા સાધુઓને ખામણા કરવા ? | |
|---|---|---|
| | આવશ્યકચૂર્ણી મતે | વૃદ્ધસામાચારી મતે |
| દૈવસિક | ૩ | ૩ |
| રાત્રિક | ૩ | ૩ |
| પાક્ષિક | ૩ | ૫ |
| ચાતુર્માસિક | ૫ | ૭ |
| સાંવત્સરિક | ૭ | ૭ |

●●●

+ આપત્તિમાં વિહ્વળતા ન થાય તેવા ભાવ તે સત્ત્વ છે.
+ દ્રવ્યથી પણ થતું સદનુષ્ઠાન પ્રાયઃ ભાવાનુષ્ઠાનનું કારણ છે.
+ ક્રોધ, ભય, હર્ષ વગેરે ભાવોમાં બાહ્ય આકાર ન જણાય તે ગંભીરતા.
+ જે કાર્ય જેને સિદ્ધ હોય તેના સ્મરણથી તે કાર્ય સિદ્ધ થાય છે.

---

૧. ૧ નવકારમાં ૨ શ્લોક અને ૮ પાદ છે.

# દ્વાર ૪થું - પચ્ચક્ખાણ

**પચ્ચક્ખાણ** - અવિરતિને પ્રતિકૂળ રીતે, આગાર કરવારૂપ મર્યાદાપૂર્વક કહેવું તે પચ્ચક્ખાણ.

તે ૨ પ્રકારે છે -

(૧) **મૂલગુણ પચ્ચક્ખાણ** - સાધુઓના ૫ મહાવ્રત, શ્રાવકોના ૫ અણુવ્રત.

(૨) **ઉત્તરગુણ પચ્ચક્ખાણ** - સાધુઓને પિંડવિશુદ્ધિ વગેરે, શ્રાવકોને ગુણવ્રત, શિક્ષાવ્રત.

પચ્ચક્ખાણના સમયે વિનયપૂર્વક ગુરુ પાસે પચ્ચક્ખાણ લેવું. ત્યારે ઉપયોગપૂર્વક ગુરુની પાછળ પચ્ચક્ખાણના આલાવા ઉચ્ચરવા. પચ્ચક્ખાણ લેવામાં ૪ ભાંગા છે -

(૧) પચ્ચક્ખાણના સ્વરૂપને જાણનાર શિષ્ય પચ્ચક્ખાણના સ્વરૂપને જાણનાર ગુરુ પાસે પચ્ચક્ખાણ લે. આ ભાંગો શુદ્ધ છે.

(૨) પચ્ચક્ખાણના સ્વરૂપને નહીં જાણનાર શિષ્ય પચ્ચક્ખાણના સ્વરૂપને જાણનાર ગુરુ પાસે પચ્ચક્ખાણ લે. જો જાણકાર ગુરુ અજ્ઞ શિષ્યને સંક્ષેપથી પચ્ચક્ખાણનું સ્વરૂપ સમજાવીને પચ્ચક્ખાણ કરાવે તો આ ભાંગો શુદ્ધ છે, અન્યથા અશુદ્ધ જ છે.

(૩) પચ્ચક્ખાણના સ્વરૂપને જાણનાર શિષ્ય પચ્ચક્ખાણના સ્વરૂપને નહીં જાણનાર ગુરુ પાસે પચ્ચક્ખાણ લે. આ ભાંગો અશુદ્ધ છે. જો જાણકાર ગુરુ ન મળે અને ગુરુના બહુમાનથી ગુરુના સંબંધી પિતા, કાકા, મા, મામા, ભાઈ, શિષ્ય વગેરે અજ્ઞ હોવા છતાં તેમને સાક્ષી કરીને પચ્ચક્ખાણ કરે તો આ ભાંગો શુદ્ધ છે.

(૪) પચ્ચક્ખાણના સ્વરૂપને નહીં જાણનાર શિષ્ય પચ્ચક્ખાણના સ્વરૂપને નહીં જાણનાર ગુરુ પાસે પચ્ચક્ખાણ લે. આ ભાંગો અશુદ્ધ છે.

● ● ●

| ક્ર. | પ્રતિદ્વાર |
|---|---|
| ૧ | પચ્ચક્ખાણના ૧૦ પ્રકાર |
| ૨ | ક્યા પચ્ચક્ખાણમાં કેટલા અને ક્યા આગાર ? |
| ૩ | આગારના અર્થ |
| ૪ | આહારના ૪ પ્રકાર |
| ૫ | પચ્ચક્ખાણની વિશુદ્ધિના ૭ કારણો |
| ૬ | વિગઈઓ અને તેના પ્રકારો |
| ૭ | સંસૃષ્ટ દ્રવ્યો અને ઉત્કૃષ્ટ દ્રવ્ય |
| ૮ | વિકૃતિગત (નીવિયાતા) |
| ૯ | ૩૨ અનંતકાય |
| ૧૦ | ૨૨ વર્જનીય વસ્તુ (અભક્ષ્ય) |

## પ્રતિદ્વાર ૧લું - પચ્ચક્ખાણના ૧૦ પ્રકાર

ઉત્તરગુણ પચ્ચક્ખાણ દરરોજ ઉપયોગી છે. તેથી તેની વિગત કહેવાય છે. તે ૧૦ પ્રકારે છે -

(૧) **અનાગત પચ્ચક્ખાણ** - 'પર્યુષણ વગેરેમાં ગુરુ, ગણ, ગ્લાન, નૂતનદીક્ષિત, તપસ્વીની વૈયાવચ્ચ કરવાની હોવાથી હું અઠ્ઠમ વગેરે તપ નહીં કરી શકું.' એમ વિચારીને પર્યુષણ પહેલા જ પર્યુષણનો અઠ્ઠમ કરવો તે અનાગતપચ્ચક્ખાણ.

(૨) **અતીતપચ્ચક્ખાણ** - પર્યુષણ વગેરેમાં ગુરુ, ગણ, ગ્લાન, નૂતનદીક્ષિત, તપસ્વીની વૈયાવચ્ચ કરવાની હોવાથી અઠ્ઠમ વગેરે તપ ન કરી શકાય તો પર્યુષણ વગેરે પછી તે તપ કરવો તે અતીતપચ્ચક્ખાણ.

(૩) **કોટીસહિતપચ્ચક્ખાણ** - આજે ઉપવાસ કર્યો હોય અને બીજા દિવસે સવારે પણ ઉપવાસ જ કરે તો પહેલા ઉપવાસના છેડા અને બીજા

ઉપવાસની શરૂઆત રૂપી બે કોટીઓ ભેગી થવાથી તે કોટીસહિત પચ્ચક્ખાણ કહેવાય છે. એમ આયંબિલ, નિવિ, એકાસણા, એકલઠાણામાં પણ જાણવું.

(૪) **નિયન્ત્રિતપચ્ચક્ખાણ** - 'ગ્લાન હોઉં કે નીરોગી હોઉં અમુક દિવસે છટ્ઠ-અટ્ઠમ વગેરે અમુક તપ અવશ્ય કરવો.' એમ નિશ્ચય કરીને ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ તે દિવસે તે તપ અવશ્ય કરવો તે નિયન્ત્રિતપચ્ચક્ખાણ. જિનકલ્પી અને ચૌદ પૂર્વધરોના કાળમાં પહેલા સંઘયણવાળા ચૌદ પૂર્વધરો અને સ્થવિરો-અસ્થવિરો આ પચ્ચક્ખાણ કરતા હતા, હાલમાં તેનો વિચ્છેદ થયો છે.

(૫) **સાગારપચ્ચક્ખાણ** - ૨૨ આગારોમાંથી યથાયોગ્ય આગારો સહિત પચ્ચક્ખાણ કરવું તે સાગારપચ્ચક્ખાણ.

(૬) **અનાગારપચ્ચક્ખાણ** - અનાભોગ આગાર અને સહસા આગાર એ બે વિના શેષ આગાર રહિત પચ્ચક્ખાણ કરવું તે અનાગારપચ્ચક્ખાણ. દુકાળમાં-જંગલમાં ભિક્ષા ન મળે ત્યારે, ઉપચાર ન થઈ શકે તેવો રોગ આવે ત્યારે, સિંહ આક્રમણ કરે ત્યારે આ પચ્ચક્ખાણ કરાય છે.

(૭) **પરિમાણવત્ પચ્ચક્ખાણ** - દત્તિ, કોળિયા, ઘર, ભિક્ષા કે દ્રવ્યોનું પ્રમાણ કરીને શેષ ભોજનનો ત્યાગ કરવો તે પરિમાણવત્ પચ્ચક્ખાણ.

દત્તિ - હાથ, થાળી વગેરેમાંથી અખંડ ધારથી પાત્રામાં જે ભિક્ષા પડે તે એક દત્તિ.

કોળિયો - કુકડીના ઈંડા જેટલો આહારનો પિંડ તે એક કોળિયો. અથવા મોઢાને વિકૃત કર્યા વિના જેટલો આહાર લઈ શકાય તે એક કોળિયો. પુરુષનો આહાર ૩૨ કોળિયા, સ્ત્રીનો આહાર ૨૮ કોળિયા.

ભિક્ષા - ભિક્ષા લેવાની રીત. તે સંસૃષ્ટા વગેરે ૭ પ્રકારની છે. તે આગળ કહેવાશે.

(૮) **નિરવશેષ પચ્ચક્ખાણ** - આહારના ૪ પ્રકાર છે -

(૧) **અશન** - ખાખરા, મોદક, ખાજા વગેરે.

(૨) **પાન** - ખજુરનું પાણી, દ્રાક્ષનું પાણી વગેરે.

(૩) **ખાદિમ** - નાળિયેર વગેરે ફળો, ગોળ-ધાણા વગેરે.

(૪) **સ્વાદિમ** - એલચી, કપૂર, લવીંગ, સોપારી, હરડે, સૂંઠ વગેરે.

આ ચારે પ્રકારના આહારનો સંપૂર્ણપણે ત્યાગ કરવો (પ્રાયઃ અનશનસમયે) તે નિરવશેષ પચ્ચક્ખાણ.

(૯) **સાકેત પચ્ચક્ખાણ** - ઘરસહિત એવા ગૃહસ્થનું પચ્ચક્ખાણ તે સાકેત પચ્ચક્ખાણ. અથવા ચિહ્ન સહિતનું પચ્ચક્ખાણ તે સાકેત પચ્ચક્ખાણ. તે ૮ પ્રકારે છે -

(૧) **અંગુષ્ઠસહિત** - મુઠ્ઠીમાં અંગુઠો વાળી છૂટો ન કરે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

(૨) **મુષ્ટિસહિત** - મુઠ્ઠી વાળી છુટી ન કરે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

(૩) **ગ્રંથિસહિત** - કપડાની કે દોરાની ગાંઠ વાળી છુટી ન કરે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

(૪) **ઘરસહિત** - ઘરમાં પ્રવેશ ન કરે ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

(૫) **સ્વેદસહિત** - પરસેવાના બિંદુ સુકાય નહીં ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

(૬) **ઉચ્છ્વાસસહિત** - અમુક શ્વાસોચ્છ્વાસ ન થાય ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

(૭) **સ્તિબુકસહિત** - વાસણ પર લાગેલા પાણીના બિંદુ સુકાય નહીં ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

(૮) **દીપકસહિત** - દીવો ન ઓલવાય ત્યાં સુધીનું પચ્ચક્ખાણ.

જેણે પોરિસી વગેરે પચ્ચક્ખાણ કર્યું હોય અને પોરિસી પચ્ચક્ખાણનો સમય થવા છતાં ભોજન તૈયાર ન થયું હોય તે ગૃહસ્થ 'એક ક્ષણ માટે પણ પચ્ચક્ખાણ વિનાનો ન રહું.' એમ વિચારી સાકેત પચ્ચક્ખાણ કરે.

અભિગ્રહ લેવા માટે પણ સાકેત પચ્ચક્ખાણ લેવાય છે.

ગોચરી આવી ગઈ હોવા છતાં અને પચ્ચક્ખાણનો સમય થવા છતાં કોઈ ગૃહસ્થ વગેરે ઊભા હોય વગેરે કારણે ગુરુદેવ માંડલીમાં ન આવ્યા હોય, ત્યારે 'હું પચ્ચક્ખાણ વિનાનો ન રહું.' એમ વિચારી સાધુ પણ સાકેત પચ્ચક્ખાણ કરે.

(૧૦) **અદ્ધાપચ્ચક્ખાણ** - અદ્ધા = કાળ, કાળથી મપાયેલું પચ્ચક્ખાણ તે અદ્ધાપચ્ચક્ખાણ. તે ૧૦ પ્રકારે છે -

(૧) **નમસ્કારસહિત** - સૂર્યોદયથી ૧ મુહૂર્તનું અને સમય પૂર્ણ થયે નવકાર ગણીને પારવાનું પચ્ચક્ખાણ. જો કે આ પચ્ચક્ખાણના નામમાં કાળ કહ્યો નથી, છતાં આનો અદ્ધાપચ્ચક્ખાણમાં સમાવેશ કર્યો હોવાથી અને પોરિસીનું પચ્ચક્ખાણ આગળ કહેવાનું હોવાથી, તેની પહેલા મુહૂર્ત બચે છે તે આ પચ્ચક્ખાણનો કાળ છે. આ પચ્ચક્ખાણ બે જ આગારવાળું હોવાથી મુહૂર્ત કરતા વધુ આનો સમય નથી.

તેનું **સૂત્ર - સૂરિએ ઉગ્ગએ નમોક્કારસહિયં પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં વોસિરઈ.**

(૨) **પૌરુષી (પોરિસી)** - સૂર્યોદયથી ૧ પ્રહર સુધીનું પચ્ચક્ખાણ. તે વખતે પુરુષનો પડછાયો સ્વપ્રમાણ હોય છે. [સૂર્યોદયથી દોઢ પ્રહર સુધીનું પચ્ચક્ખાણ તે **સાર્ધ-પૌરુષી (સાઢપોરિસી)**.]

તેનું **સૂત્ર-પોરિસિં / સાઢપોરિસિં પચ્ચક્ખાઇ ઉગ્ગએ સૂરે ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થડણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.**

(૩) **પૂર્વાર્ધ (પુરિમઢ્ઢ)** - સૂર્યોદયથી દિવસના અડધા ભાગ સુધીનું એટલે કે બે પ્રહર સુધીનું પચ્ચક્ખાણ. [સૂર્યોદયથી દિવસના પાછલા અડધા ભાગના અડધા ભાગ સુધીનું એટલે કે ૩ પ્રહર સુધીનું પચ્ચક્ખાણ તે **અવઢ્ઢ (અપાર્ધ).**] તેનું **સૂત્ર - સૂરે ઉગ્ગએ પુરિમઢ્ઢં / અવઢ્ઢં પચ્ચક્ખાઇ ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.**

(૪) **એકાસન (એકાસણું)** - નિશ્ચલ બેઠકથી એકવાર ભોજન કરવું તે. ભોજન બાદ તિવિહાર કે ચઉવિહાર કરવો તે. નિશ્ચલ બેઠકથી બે વાર ભોજન કરવું તે **બિઆસન (બિઆસણું).**

તેનું **સૂત્ર - એકાસણં/બિઆસણં પચ્ચક્ખાઈ તિવિહંપિ આહારં અસણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં સાગારિયાગારેણં આઉંટણપસારેણં ગુરુઅબ્ભુટ્ઠાણેણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.**

(૫) **એકસ્થાન (એકલઠાણું)** - એકાસનની જેમ જ, પણ જમણો હાથ અને મુખ સિવાય બીજા અંગો હલાવવા નહીં, ભોજન બાદ ચઉવિહાર કરવો.

તેનું **સૂત્ર-એકાસણં એગટ્ઠાણં પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં સાગારિયાગારેણં ગુરુઅબ્ભુટ્ઠાણેણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.**

(૬) **આચામ્લ (આયંબિલ)** - વિગઈ, નીવિયાતા, ખટાશ, ફળ વગેરેના ત્યાગપૂર્વકનું એકાસણું તે. તે ૩ પ્રકારનું છે - ભાતનું, અડદનું અને સાથવાનું.

તેનું **સૂત્ર - આયંબિલં પચ્ચક્ખાઈ અન્નત્થણાભોગેણં સહસાગારેણં**

**લેવાલેવેણં ગિહત્થસંસટ્ઠેણં ઉક્ખિત્તવિવેગેણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.**

(૭) **અભક્તાર્થ (ઉપવાસ)** - સૂર્યોદયથી બીજા દિવસના સૂર્યોદય સુધી ચારે આહારનો ત્યાગ તે ચઉવિહાર ઉપવાસ અને દિવસે ઉકાળેલા પાણીની છૂટ તે તિવિહાર ઉપવાસ. ઉપવાસમાં બે વાર ભોજનનો ત્યાગ હોય છે, માટે તે અભક્તાર્થ કહેવાય છે. ઉપવાસની આગળ-પાછળ એકાસણું કર્યું હોય તો તે બે એકાસણા સહિત ઉપવાસને ચતુર્થભક્ત કહેવાય છે. છઠ્ઠ-અઠ્ઠમ વગેરેના પચ્ચક્ખાણમાં આગળ-પાછળ એકાસણા ન કર્યા હોય તો પણ છઠ્ઠ-અઠ્ઠમ વગેરે કહેવાની સંજ્ઞા રૂઢ છે.

તેનું **સૂત્ર-સૂરે ઉગ્ગએ અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.**

(૮) **ચરિમ** - તે ૨ પ્રકારનું છે -

(૧) **દિવસચરિમ** - દિવસના છેલ્લા ભાગનું, સૂર્યાસ્ત પૂર્વે ૧ મુહૂર્ત પહેલા લઈ લેવું તે દિવસચરિમ.

(૨) **ભવચરિમ** - ભવના છેલ્લા ભાગનું તે ભવચરિમ.

તેમનું **સૂત્ર - દિવસચરિમં / ભવચરિમં પચ્ચક્ખાઈ ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.**

એકાસણું વગેરે પચ્ચક્ખાણ ૮ આગારવાળા છે. દિવસચરિમ પચ્ચક્ખાણ ૪ આગારવાળુ છે. તેથી દિવસચરિમ પચ્ચક્ખાણ કરવાથી આગારનો સંક્ષેપ થાય છે. જેમણે યાવજ્જીવ રાત્રિભોજનનો ત્યાગ કર્યો હોય તેમણે પણ દરરોજ આ પચ્ચક્ખાણ અવશ્ય કરવું, કેમકે આ પચ્ચક્ખાણ રાત્રિભોજનત્યાગને યાદ કરાવે છે.

(૯) **અભિગ્રહ** - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રયીને નિયમ કરવાનું

પચ્ચક્ખાણ. પ્રાવરણાભિગ્રહ પચ્ચક્ખાણ પણ આની અંતર્ગત જાણવું.

તેનું **સૂત્ર - અભિગ્ગહં પચ્ચક્ખાઈ અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.**

**પ્રાવરણાભિગ્રહ(વસ્ત્રત્યાગ)નું સૂત્ર-પાંગુરણસહિઅં પચ્ચક્ખામિ અન્નત્થણાભોગેણં સહસાગારેણં ચોલપટ્ટાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.**

**(૧૦) વિગઈ** - ૪ મહાવિગઈઓનો સર્વથા ત્યાગ કરવો, શેષ ૬ ભક્ષ્ય-વિગઈઓમાંથી યથાશક્ય ત્યાગ કરવો તે. નીવિયાતા દ્રવ્યો વાપરવાનો નિયમ કરવો તે **નીવિ** પચ્ચક્ખાણ.

જેનાથી મનની વિકૃતિ થાય તે વિગઈ. અથવા જેનાથી વિગતિ (દુર્ગતિ) થાય તે વિગઈ. જેમાંથી વિકૃતિ કે વિગતિ નીકળી ગઈ હોય તે નિર્વિકૃતિક / નિર્વિગતિક. (નીવિયાતુ).

**તેમનું સૂત્ર - વિગઈ / નિવ્વિગઈયં પચ્ચક્ખાઈ અન્નત્થણાભોગેણં સહસાગારેણં લેવાલેવેણં ગિહત્થસંસટ્ઠેણં ઉક્ખિત્તવિવેગેણં પડુચ્ચમક્ખિએણં પારિટ્ઠાવણિયાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.**

અચિત્ત પાણી પીનારને **પાણીનું પચ્ચક્ખાણ લેવાનું સૂત્ર-પાણસ્સ લેવાડેણ વા અલેવાડેણ વા અચ્છેણ વા બહલેણ વા સસિત્થેણ વા અસિત્થેણ વા વોસિરઈ.**

●●●

## પ્રતિદ્વાર ૨જું - ક્યા પચ્ચક્ખાણમાં કેટલા અને ક્યા આગાર ?

| ક્ર. | પચ્ચક્ખાણ | આગાર-સંખ્યા | આગારનામ |
|---|---|---|---|
| ૧ | નમસ્કારસહિત | ૨ | અનાભોગ, સહસાગાર |

| ક્ર. | પચ્ચક્ખાણ | આગાર-સંખ્યા | આગારનામ |
|---|---|---|---|
| ૨ | પોરિસિ, સાઢપોરિસિ | ૬ | અનાભોગ, સહસાગાર, પચ્છન્નકાલ, દિસામોહ, સાહુવયણ, સવ્વસમાહિવત્તિયાગાર |
| ૩ | પુરિમડ્ઢ,અવડ્ઢ | ૭ | પોરિસિના ૬ + મહત્તરાગાર |
| ૪ | એકાસણું, બિઆસણું | ૮ | અનાભોગ, સહસાગાર, સાગારિ-આગાર, આઉંટણપસાર, ગુરુ-અબ્ભુટ્ઠાણ, પારિટ્ઠાવણિયાગાર, મહત્તરાગાર, સવ્વસમાહિવત્તિયાગાર |
| ૫ | એકલઠાણું | ૭ | આઉંટણપસાર વિના એકાસણાના |
| ૬ | વિગઈ, નીવિ (પિંડવિગઈ-સંબંધી) | ૯ | અનાભોગ, સહસાગાર, લેવાલેવ, ગિહત્થસંસટ્ઠ, ઉક્ખિત્તવિવેગ, પડુચ્ચમક્ખિઅ, પારિટ્ઠાવણિયાગાર, મહત્તરાગાર, સવ્વસમાહિવત્તિયાગાર |
| ૭ | વિગઈ, નીવિ (દ્રવવિગઈ સંબંધી) | ૮ | ઉક્ખિતવિવેગ વિના પિંડવિગઈના |
| ૮ | આયંબિલ | ૮ | પડુચ્ચમક્ખિઅ વિના પિંડવિગઈના |
| ૯ | ઉપવાસ | ૫ | અનાભોગ, સહસાગાર, પારિટ્ઠા-વણિયાગાર, મહત્તરાગાર, સવ્વસમાહિવત્તિયાગાર. |
| ૧૦ | પાણીનું | ૬ | લેવાડ, અલેવાડ, અચ્છ, બહલ, સસિત્થ, અસિત્થ |

| ક્ર. | પચ્ચક્ખાણ | આગાર-સંખ્યા | આગારનામ |
|---|---|---|---|
| ૧૧ | દિવસચરિમ, ભવચરિમ,[૧] અભિગ્રહ, દેશાવગાસિક, સાકેત | ૪ | અનાભોગ, સહસાગાર, મહત્તરાગાર, સવ્વસમાહિવત્તિયાગાર |
| ૧૨ | પ્રાવરણ | ૫ | અનાભોગ, સહસાગાર, ચોલપટ્ટાગાર, મહત્તરાગાર, સવ્વસમાહિવત્તિયાગાર |

**દ્રવવિગઈ** - પ્રવાહીરૂપ વિગઈ - દૂધ, મધ, દારૂ, તેલ.

**પિંડવિગઈ** - કઠણ વિગઈ - માખણ, પક્વાન્ન.

**પિંડદ્રવવિગઈ** - જે વિગઈ પ્રવાહીરૂપે પણ મળે અને કઠણરૂપે પણ મળે તે - ઘી, ગોળ, દહીં, માંસ.

●●●

## પ્રતિદ્વાર ૩ જું - આગારના અર્થ

**આગાર** = અપવાદ = પચ્ચક્ખાણમાં આપવામાં આવતી છૂટ.

પચ્ચક્ખાણમાં આગાર રાખવાના કારણો -

(૧) વ્રતનો ભંગ થવાથી ભગવાનની આજ્ઞાની વિરાધના થાય. તેથી અશુભ કર્મ બંધાવા રૂપ મોટો દોષ લાગે.

(૨) થોડા પણ પચ્ચક્ખાણના પાલનથી ભાવોની વિશુદ્ધિને લીધે કર્મનિર્જરારૂપ ગુણ થાય છે.

(૩) ચારિત્રધર્મમાં ગૌરવ-લાઘવ જાણવા. દા.ત. ઉપવાસ કર્યા પછી

---

૧. ભવચરિમ પચ્ચક્ખાણ ૨ આગારવાળું પણ હોય છે.

અસમાધિ થાય તો ઔષધ વગેરે આપવાથી નિર્જરારૂપ મોટો ગુણ થાય છે. જો ઔષધ વગેરે ન અપાય તો અસમાધિ થવાથી અલ્પ ગુણ થાય છે.

માટે પચ્ચક્ખાણ આગારપૂર્વક કરવું.

**આગારના અર્થ** -

અન્નત્થ = સિવાય, વર્જીને

**(૧) અણાભોગ (અનાભોગ)** - એકદમ ભૂલી જવું. જેનું પચ્ચક્ખાણ છે તે વસ્તુ ભૂલથી મોઢામાં નંખાઈ જાય અને યાદ આવતા તુરંત મુખમાંથી કાઢી નાંખે તો પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**(૨) સહસાગાર (સહસાકાર)** - અતિપ્રવૃત્તિના યોગને અટકાવી ન શકવું. અચાનક અણચિંત્યું મુખમાં કંઈ પડી જાય (છાશ વલોવતા મુખમાં છાંટો પડી જાય) તો પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**(૩) પચ્છન્નકાલ (પ્રચ્છન્નકાલ)** - વાદળ, ધૂળ, પર્વત વગેરેથી સૂર્ય ઢંકાયેલો હોય ત્યારે પોરિસી વગેરે આવી ગઈ એમ માની પોરિસીના સમય પૂર્વે જ વાપરે તો પચ્ચક્ખાણ ન ભાંગે. પોરિસી વગેરેનો સમય નથી થયો એવો ખ્યાલ આવતાં અડધુ વાપર્યું હોય તો પણ પચ્ચક્ખાણનો સમય થાય ત્યાં સુધી તેમજ બેઠા રહેવું, સમય થયા પછી વાપરવું. સમય નથી થયો એવું જાણવા છતાં વાપરે તો પચ્ચક્ખાણ ભાંગે.

**(૪) દિસામોહ (દિશામોહ)** - ભૂલથી પૂર્વને પશ્ચિમ (એમ પશ્ચિમને પૂર્વ) સમજીને પોરિસી વગેરે પચ્ચક્ખાણના સમય પહેલા જ પચ્ચક્ખાણનો સમય થઈ ગયો એમ જાણી મોહથી વાપરે તો પચ્ચક્ખાણ ન ભાંગે. સાચી વાતનો ખ્યાલ આવતાં અડધું વાપર્યું હોય તો પણ સમય થાય ત્યાં સુધી તેમજ બેઠા રહેવું, સમય થયા પછી જ વાપરવું.

**(૫) સાહુવયણ (સાધુવચન)** - પાદોનપોરિસી વખતે 'ઉગ્ઘાડા પોરિસી' વગેરે મુનિનું વચન સાંભળીને પોરિસી વગેરે પચ્ચક્ખાણનો સમય થઈ ગયો એમ સમજી સમય પૂર્વે જ વાપરે તો પણ પચ્ચક્ખાણ ન ભાંગે. વાપરતાં સાચી વાતનો ખ્યાલ આવે કે બીજુ કોઈ કહે તો પૂર્વવત્

તેમજ બેઠાં રહેવું.

(૬) **સવ્વસમાહિવત્તિયાગાર (સર્વસમાધિપ્રત્યયાકાર)** - અત્યંત દુર્ધ્યાનને લઈ દુર્ગતિમાં જવાનું ન થાય તે માટે દુર્ધ્યાન અટકાવવા ઔષધ વગેરે લેવા માટે સમય થતાં પહેલા પચ્ચક્ખાણ પારે અથવા તેવી પીડા પામતાં સાધુ વગેરે ધર્મી આત્માઓનું ઔષધાદિ કરવા જનાર વૈદ્ય વગેરે પણ જો અપૂર્ણકાળે પોરિસી વગેરે પચ્ચક્ખાણ પારે તો પચ્ચક્ખાણનો ભંગ ન થાય. અડધુ વાપર્યા પછી રોગીને સમાધિ થઈ જાય કે તેનું મરણ થઈ જાય તો પચ્ચક્ખાણનો સમય થાય ત્યાં સુધી તેમજ બેઠા રહેવું, સમય થયા પછી વાપરવું.

(૭) **મહત્તરાગાર (મહત્તરાકાર)** - પચ્ચક્ખાણથી થતી નિર્જરાની અપેક્ષાએ જેમાં ઘણી મોટી નિર્જરા થતી હોય તેવું સંઘનું કે દેરાસરનું કે ગ્લાનમુનિ વગેરેનું કોઈ મોટું કાર્ય આવી પડ્યું હોય અને તે કાર્ય બીજા કોઈથી અસાધ્ય હોય તો તેવા પ્રસંગે પોરિસી વગેરે પચ્ચક્ખાણનો સમય પૂર્ણ થતાં પૂર્વે વાપરીને જાય તો પણ પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

નમસ્કારસહિત, પોરિસી, સાઢપોરિસીના પચ્ચક્ખાણમાં મહત્તરાગાર નથી કેમકે તેમાં અલ્પ કાળ છે.

(૮) **સાગારિયાગાર (સાગારિકાકાર)** - સાધુ વાપરતા હોય ત્યારે કોઈ ગૃહસ્થ આવી જાય તો જો તે જતો રહેશે એમ લાગે તો એકાદ ક્ષણ રાહ જોવી, જો તે ત્યાં જ ઊભો રહે કે બેસે તો સાધુ સ્વાધ્યાયવ્યાઘાત વગેરેના ભયથી ઊભા થઈ અન્યત્ર જઈ વાપરે તો પણ એકાસણા વગેરેનું પચ્ચક્ખાણ ન ભાંગે. શ્રાવકની અપેક્ષાએ જેની નજરથી ભોજન પચે નહીં એવો અન્ય ગૃહસ્થ આવી જાય કે સાપ, અગ્નિ, પૂર, ઘર પડવું વગેરે પ્રસંગ આવી પડે તો એકાસણા વગેરેમાં વચ્ચે ઊઠી અન્યત્ર જઈ વાપરે તો પણ પચ્ચક્ખાણ ન ભાંગે.

(૯) **આઉંટણપસાર (આકુંચનપ્રસાર)** - એકાસણા વગેરેના પચ્ચક્ખાણમાં હાથ-પગ વગેરે અવયવો લાંબા સમય સુધી સ્થિર ન

રાખી શકે તો તેને પસારે કે સંકોચે ત્યારે સહેજ આસન ચાલે તો પણ પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**(૧૦) ગુરુઅબ્ભુટ્ઠાણ (ગુરુઅભ્યુત્થાન)** - ઊભા થવાને યોગ્ય એવા વડિલ મહાત્મા કે મહેમાન સાધુ પધારે ત્યારે વિનય સાચવવા ઊભા થતાં પણ એકાસણા વગેરેના પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**(૧૧) પારિટ્ઠાવણિયાગાર (પારિષ્ઠાપનિકાકાર)** - આ આગાર સાધુઓને જ હોય છે. વિધિગૃહીત અને વિધિભુક્ત આહારમાંથી વધતા જો પરઠવે તો બહુ દોષ સંભવતો હોવાથી ગુરુઆજ્ઞાથી ઉપવાસવાળા અને એકાસણા વગેરે વાળા સાધુ એકાસણું વગેરે કર્યા બાદ ફરી આહાર વાપરે તો પણ ઉપવાસ કે એકાસણા વગેરેના પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

ઉપવાસ, એકાસણા વગેરે ચઉવિહાર કર્યા હોય અને પરઠવવા યોગ્ય આહારમાં પણ અન્ન અને પાણી એ બન્ને વધ્યા હોય તો તેને અપાય. જો માત્ર અન્ન જ વધ્યું હોય અને પાણી વધ્યું ન હોય તો તેને ન અપાય, કેમકે પાણી વિના મુખશુદ્ધિ થઈ ન શકે.

તિવિહાર ઉપવાસ, તિવિહાર એકાસણું વગેરે વાળાને તો એકલો આહાર વધ્યો હોય તો પણ આપી શકાય, કેમકે તેને પાણી ખુલ્લુ છે, તેથી મુખશુદ્ધિ શક્ય છે.

**(૧૨) લેવાલેવ (લેપાલેપ)** - અકલ્પનીય દ્રવ્યથી ખરડાયેલ ચમચા કે વાસણને લુછવા છતાં સર્વથા અલેપ થતું નથી પણ લેપાલેપ રહે છે. એનાથી કે એમાંથી વહોરાવેલ આહાર વાપરતાં આયંબિલ તથા નીવિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**(૧૩) ગિહત્થસંસટ્ઠ (ગૃહસ્થસંસૃષ્ટ)** - ગૃહસ્થ એક વસ્તુ વહોરાવ્યા પછી બીજી વસ્તુ વહોરાવે ત્યારે હાથ વગેરેને લાગેલા પહેલી વસ્તુના અંશો બીજી વસ્તુને લાગે. પહેલી વસ્તુનો જેને ત્યાગ હોય તેને તેના અંશથી મિશ્રિત અવ્યક્ત રસવાળી બીજી વસ્તુ આ આગારથી કલ્પે.

સ્પષ્ટ રસ અનુભવવામાં આવે તો ન કલ્પે. આ આગાર મુનિને જ છે.

**(૧૪) ઉક્ખિત્તવિવેગ (ઉત્ક્ષિપ્તવિવેક)** - રોટલી વગેરે પર પડેલી ગોળ વગેરે પિંડવિગઈ ઉપાડી લઈ દૂર કરે છતાં તેના કંઈક અંશ રહી જાય તો તે રોટલી વગેરે વાપરતાં આયંબિલ વગેરેના પચ્ચક્ખાણનો ભંગ ન થાય. સર્વથા ઉપાડી ન શકાય તેવી પિંડવિગઈને ઉપાડી લેવાથી અધિક મિશ્રતાવાળા ભોજન વડે તો પચ્ચક્ખાણનો ભંગ થાય જ. આ આગાર મુનિને જ હોય છે.

**(૧૫) પડુચ્ચમક્ખિઅ** (પ્રતીત્યમ્રક્ષિત) - નીવિમાં ન કલ્પે તેવી ઘી વગેરે વિગઈનો હાથ રોટલી વગેરેની કણેક વગેરેમાં દઈ બનાવેલી રોટલી વગેરે વાપરતા નીવિના પચ્ચક્ખાણનો ભંગ ન થાય. ધાર રેડીને કણેક વગેરે મસળ્યા હોય તો પચ્ચક્ખાણનો ભંગ થાય જ. આ આગાર નીવિમાં જ હોય છે અને મુનિને જ હોય છે.

**(૧૬) લેવાડ (લેપકૃત)** - તિવિહાર ઉપવાસ વગેરેના પચ્ચક્ખાણમાં વાસણને ચીકણુ કરનાર ખજુરનું પાણી, દ્રાક્ષનું પાણી વગેરે પાણી વાપરતા પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**(૧૭) અલેવાડ (અલેપકૃત્)** - તિવિહાર ઉપવાસ વગેરેના પચ્ચક્ખાણમાં છાશની આછ વગેરે ચીકણા ન હોય તેવા પાણીને વાપરતા પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**(૧૮) અચ્છ** - તિવિહાર ઉપવાસ વગેરેના પચ્ચક્ખાણમાં ત્રણ ઉકાળાવાળુ અચિત્ત નિર્મળ જળ વાપરતા પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**(૧૯) બહલ** - તિવિહાર ઉપવાસ વગેરેના પચ્ચક્ખાણમાં તલનું ધોવણ, ચોખાનું ધોવણ વગેરે ડહોળુ પાણી વાપરતા પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**(૨૦) સસિત્થ (સસિક્થ)** - તિવિહાર ઉપવાસ વગેરેના પચ્ચક્ખાણમાં રંધાયેલા દાણાવાળુ ઓસામણ વગેરે વાપરતા પચ્ચક્ખાણનો

ભંગ ન થાય.

**(૨૧) અસિત્થ (અસિક્થ)** - તિવિહાર ઉપવાસ વગેરેના પચ્ચક્ખાણમાં દાણા વિનાનું ઓસામણ વગેરે વાપરતા પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

**(૨૨) ચોલપટ્ટાગાર (ચોલપટ્ટાકાર)** - જિતેન્દ્રિય મહામુનિઓ અમુક પ્રસંગે વસ્ત્રનું પણ અભિગ્રહ પચ્ચક્ખાણ કરે છે. તેવા મુનિ વસ્ત્રરહિત થઈ બેઠા હોય ત્યારે કોઈ ગૃહસ્થ આવે તો ઊઠીને તુરત ચોલપટ્ટો પહેરી લે તો તે જિતેન્દ્રિય મુનિને વસ્ત્રઅભિગ્રહ પચ્ચક્ખાણનો ભંગ ન થાય. આ આગાર મુનિને જ હોય છે.

●●●

## પ્રતિદ્વાર ૪થું - આહારના ૪ પ્રકાર

**(૧) અશન** - જે જલ્દીથી ભૂખને શમાવે તે અશન. તે આ પ્રમાણે છે -

(૧) ભાત વગેરે.

(૨) સાથવો વગેરે.

(૩) મગ વગેરે.

(૪) રાબ વગેરે.

(૫) ખાજા, મોદક, સુખડી, ઘેબર, લાપસી વગેરે પક્વાન્ન.

(૬) દૂધ, દહીં, ઘી, છાશ.

(૭) સૂરણ વગેરે બધી વનસ્પતિના રંધાયેલ શાક.

(૮) ખાખરા, રોટલા, રોટલી, ઠોઠિકા, કુલેર, ચૂરી વગેરે.

**(૨) પાન** - જે ઇન્દ્રિયો વગેરે પ્રાણો ઉપર ઉપકાર કરે તે પાન. તે આ પ્રમાણે છે -

(૧) કાંજી.

(૨) જવ, ઘઉં, ચોખા, કોદ્રવ વગેરેના ધોવણ.

(૩) ભિન્ન ભિન્ન પ્રકારના દારૂ.

(૪) સરોવર, નદી, કૂવા વગેરેનું પાણી.

(૫) કાકડી, ખજુર, દ્રાક્ષ, આમલી વગેરેના પાણી, શેરડીનો રસ વગેરે.

**(૩) ખાદિમ** - મુખના આકાશમાં સમાય તે ખાદિમ. તે આ પ્રમાણે છે -

(૧) શેકેલા ચણા, ઘઉં વગેરે.

(૨) ગુંદા, ચારોળી, ખાંડ, શેરડી, સાકર, ગોળથી બનાવેલ દંતમંજન વગેરે.

(૩) ખજુર, નાળિયેર, દ્રાક્ષ, અખરોટ, બદામ વગેરે મેવો.

(૪) કાકડી, આંબા, ફણસ, કેળા વગેરે ફળો.

**(૪) સ્વાદિમ** - દ્રવ્યને અને તેના રસ વગેરે ગુણોને સ્વાદ પમાડે તે સ્વાદિમ. અથવા રાગ-દ્વેષ રહિત આસ્વાદન કરવાથી સંયમીના સંયમગુણોને સ્વાદ પમાડે તે સ્વાદિમ. અથવા જેનું આસ્વાદન કરતા તે વસ્તુઓ પોતાના માધુર્ય વગેરે ગુણોને નાશ પમાડે તે સ્વાદિમ.

(૧) દાંતણ, નાગરવેલના પાન, સોપારી, જાયફળ વગેરે.

(૨) તુલસી, જીરુ, હરડે વગેરે.

(૩) મધ, પીપર, સુંઠ, ગોળ, મરી, અજમા, બેડા, આમળા, મરી વગેરે.

**કઈ વિગઈ કયા આહારમાં આવે ?**

(૧) અશન - દૂધ, દહીં, ઘી, તેલ, પક્વાન્ન, માખણ, માંસ=૭

(૨) પાન - દારુ = ૧

(૩) ખાદિમ - ગોળ, મધ = ૨

(૪) સ્વાદિમ - ૦

●●●

## પ્રતિદ્વાર ૫ મું - પચ્ચક્ખાણની વિશુદ્ધિના છ કારણો - છ કારણોથી પચ્ચક્ખાણ વિશુદ્ધ થાય છે -

**(૧) સ્પર્શિત (સ્પૃષ્ટ)** - પચ્ચક્ખાણ ઉચિતકાળે વિધિપૂર્વક ગ્રહણ કરવું તે. તે આ પ્રમાણે - પચ્ચક્ખાણના સૂત્ર અને અર્થને જાણનાર સાધુ કે શ્રાવક સૂર્યોદય પૂર્વે સ્વસાક્ષીએ કે ચૈત્ય-સ્થાપનાચાર્યજીની સાક્ષીએ સ્વયં પચ્ચક્ખાણ લઈને ગુરુ પાસે જાય. ત્યાં ગુરુને વિધિપૂર્વક વંદન કરીને હાથ જોડીને ગુરુ પાસેથી પચ્ચક્ખાણ લે. ત્યારે ધીમા અવાજે પોતે પણ ગુરુવચનની પાછળ ઉચ્ચારણ કરે.

**(૨) પાલિત** - કરેલા પચ્ચક્ખાણને વારંવાર યાદ કરવું તે.

**(૩) શોભિત** - ગુરુને વહોરાવ્યા કે વપરાવ્યા પછી જે શેષ વધ્યું હોય તે વાપરવું તે.

**(૪) તીરિત** - પચ્ચક્ખાણનો સમય પૂરો થયા પછી પણ થોડા સમય પછી વાપરવું તે.

**(૫) કીર્તિત** - વાપરતી વખતે પચ્ચક્ખાણને યાદ કરીને 'મેં અમુક પચ્ચક્ખાણ કર્યું હતું. તે પૂર્ણ થયું છે. હવે હું વાપરીશ.' એમ કહીને વાપરવું તે.

**(૬) આરાધિત** - ઉપર કહેલી બધી વિધિપૂર્વક પચ્ચક્ખાણની આરાધના કરવી તે.

●●●

## પ્રતિદ્વાર ૬ઠ્ઠું - વિગઈઓ અને તેના પ્રકારો

**છ ભક્ષ્ય વિગઈઓ અને તેમના પ્રકારો -**

| ક્ર. | વિગઈ | પ્રકાર | કુલ પ્રકાર |
|---|---|---|---|
| ૧ | દૂધ | ગાયનું, ભેંસનું, ઊંટડીનું, બકરીનું, ઘેટીનું | ૫ |
| ૨ | દહીં | ગાયનું, ભેંસનું, બકરીનું, ઘેટીનું | ૪ |
| ૩ | ઘી | ગાયનું, ભેંસનું, બકરીનું, ઘેટીનું | ૪ |
| ૪ | તેલ | તલનું, અળસીનું, કુસુંબીના ઘાસનું, સરસવનું | ૪ |
| ૫ | ગોળ | દ્રવગોળ (ઢીલો ગોળ), પિંડગોળ (કઠણ ગોળ) | ૨ |
| ૬ | પક્વાન્ન | ઘીમાં કે તેલમાં તળેલું | ૧ |

મનુષ્યસ્ત્રી વગેરેનું દૂધ વિગઈ નથી.

ઊંટડીના દૂધમાંથી દહીં, ઘી, માખણ થતા નથી.

ડોળીયાનું (મહુડાના બીજનું) તેલ, નાળિયેરનું તેલ, એરંડીયાનું તેલ, સીસમનું તેલ વગેરે તેલો વિગઈ નથી.

**ચાર અભક્ષ્ય વિગઈઓ અને તેમના પ્રકારો -**

| ક્ર. | વિગઈ | પ્રકાર | કુલ પ્રકાર |
|---|---|---|---|
| ૧ | મદ્ય (દારૂ) | કાષ્ઠનો (શેરડી, તાળ વગેરેનો), પિષ્ટનો (ષષ્ટિકા, કોદ્રવ વગેરે ચોખાના લોટનો) | ૨ |
| ૨ | મધ | માખીનું, કુંતિયા (ક્ષુદ્ર જંતુ)નું, ભમરાનું | ૩ |
| ૩ | માંસ | જલચરનું (માછલા વગેરેનું), સ્થલચરનું (બકરા, પાડા, ભૂંડ, સસલા, હરણ વગેરેનું), ખેચરનું (કબુતર, ચકલી વગેરેનું) અથવા, ચામળી, ચરબી, લોહી. | ૩ |

| ક્ર. | વિગઈ | પ્રકાર | કુલ પ્રકાર |
|---|---|---|---|
| ૪ | માખણ | ગાયનું, ભેંસનું, બકરીનું, ઘેટીનું | ૪ |

●●●

## પ્રતિદ્વાર ૭મું - સંસૃષ્ટ દ્રવ્યો અને ઉત્કૃષ્ટ દ્રવ્ય

### ગૃહસ્થસંસૃષ્ટ આગારથી નીવિના પચ્ચક્ખાણમાં કલ્પે તેવા દ્રવ્યો -

**(૧) સંસૃષ્ટદ્રવ્યો -**

(૧) ગૃહસ્થે પોતાની માટે ભાત વગેરેમાં દૂધ, દહીં કે દારૂ ડૂબાડૂબ રેડીને મિશ્ર કર્યું હોય તો તે ભાત ઉપર ચઢેલા દૂધ, દહીં, દારૂ ચાર આંગળ સુધી વિગઈમાં ન ગણાય, નીવિયાતા ગણાય. તે નીવિમાં કલ્પે. દારૂ અભક્ષ્ય છે, તેથી નીવિયાતું થવા છતાં તે ન કલ્પે. ચાર આંગળની ઉપરનું વિગઈમાં ગણાય.

(૨) ગૃહસ્થે પોતાની માટે ભાત વગેરેમાં નરમ ગોળ, ઘી અને તેલ ડૂબાડૂબ રેડીને મિશ્ર કરેલા હોય તો તે ભાત ઉપર ચઢેલા નરમ ગોળ, ઘી અને તેલ એક આંગળ સુધી વિગઈમાં ન ગણાય, નીવિયાતા ગણાય. તે નીવિમાં કલ્પે. એક આંગળની ઉપરનું વિગઈમાં ગણાય.

(૩) ગૃહસ્થે પોતાની માટે ભાત વગેરેમાં મધ અને માંસનો રસ ડૂબાડૂબ રેડીને મિશ્ર કર્યા હોય તો તે ભાત ઉપર ચઢેલા મધ અને માંસનો રસ અડધા આંગળ સુધી વિગઈમાં ન ગણાય, નીવિયાતા ગણાય. તેની ઉપરનું વિગઈમાં ગણાય. મધ અને માંસનો રસ અભક્ષ્ય છે. તેથી નીવિયાતાં થવા છતાં તે ન કલ્પે.

(૪) ગૃહસ્થે પોતાની માટે કઠણ ગોળને ચુરમા વગેરેમાં મિશ્ર કર્યા હોય, કઠણ માખણ અને માંસને ભાત વગેરેમાં મિશ્ર કર્યા હોય અને તે સંપૂર્ણ એકરસ ન થયા હોય અને તેના લીલા આમળા જેવડા નાના ઘણા કણીયા રહી ગયા હોય તો તે ગોળ, માખણ અને માંસ વિગઈમાં ન ગણાય, નીવિયાતા ગણાય. તે નીવિમાં કલ્પે. માખણ

અને માંસ અભક્ષ્ય હોવાથી નીવિયાતા થવા છતાં તે ન કલ્પે. લીલા આમળાથી મોટો એક પણ કણીયો હોય તો તે વિગઈમાં ગણાય.

(૨) **ઉત્કૃષ્ટ દ્રવ્ય** - કઢાઈ વગેરેમાંથી સુખડી વગેરે કાઢી લીધા બાદ વધેલા ઘીમાં ચુલા ઉપર જ લોટ વગેરે નાંખીને બનાવેલું દ્રવ્ય તે ઉત્કૃષ્ટ દ્રવ્ય છે. તે વિકૃતિગત છે. તે નીવિમાં કલ્પે. આ કેટલાકનો મત છે.

ગીતાર્થોનો મત આ પ્રમાણે છે - કઢાઈ વગેરેમાંથી સુખડી વગેરે કાઢી લીધા બાદ ચુલા પરથી ઉતારેલા, ઠંડા થયેલા, વધેલા ઘીમાં લોટ નાંખીને બનાવેલું દ્રવ્ય જ વિકૃતિગત કહેવાય, કેમકે તે બરાબર પકાવાયુ નથી. તે નીવિમાં કલ્પે. જો ચુલા પર રહેલા વધેલા ઘીમાં લોટ નાંખીને દ્રવ્ય બનાવાય તો તે પકાવાયુ હોવાથી વિગઈ જ છે.

●●●

## પ્રતિદ્વાર ૮મું - વિકૃતિગત (નીવિયાતા)

અન્ય દ્રવ્યથી હણાયેલી એટલે કે શક્તિરહિત કરાયેલી વિગઈ તે **વિકૃતિગત** કહેવાય છે. તેને **નીવિયાતા** પણ કહેવાય છે. તે નીવિના પચ્ચક્ખાણમાં કેટલાકને કલ્પે. છ વિગઈના દરેકના ૫-૫ વિકૃતિગત છે. તે આ પ્રમાણે -

(૧) **દૂધના ૫ વિકૃતિગત** -

(૧) **પેયા** - દૂધની રાબ, અલ્પ ચોખા સાથે રાંધેલ દૂધ તે. (પ્રાયઃ દૂધપાક)

(૨) **દુગ્ધાટી** - કાંજી વગેરે ખાટા પદાર્થો સહિત રાંધેલ દૂધ તે. મતાંતરે **બલહિકા** - પ્રાયઃ તાજી વીઆયેલી ભેંસના દૂધમાંથી બનાવાયેલ બળી.

(૩) **અવલેહિકા** - ચોખાના લોટ સહિત રાંધેલ દૂધ તે.

(૪) **દુગ્ધસાટી** - દ્રાક્ષ સહિત રાંધેલ દૂધ તે. (પ્રાયઃ બાસુંદી)

એકલા દૂધને ઉકાળીને બનાવેલ બાસુંદી નીવિયાતી નથી.

**(૫) ખીર** - ઘણા ચોખા સાથે રાંધેલ દૂધ તે.

**(૨) દહીનાં ૫ વિકૃતિગત** -

**(૧) ઘોલવડા** - ઘોલમાં વડા નાંખેલા હોય તે.

**(૨) ઘોલ** - વસ્ત્રથી ગાળેલુ દહીં.

**(૩) શિખરિણી** - ખાંડ નાંખી વસ્ત્રથી છાણેલું દહીં (શિખંડ).

**(૪) કરંબ** - દહીમાં ભાત મેળવ્યો હોય તે ભાતવાળું દહીં.

**(૫) સલવણ દહીં** - મીઠું નાંખીને મથેલું દહીં. (શાસ્ત્રીય ભાષામાં રાજીકાખાટ, લોકભાષામાં - રાઈતુ કે મઠો) તેમાં સંગરિકા, પુંસ્ફલના ટુકડા વગેરે નાંખ્યા હોય કે ન હોય તો ય વિકૃતિગત છે.

**(૩) ઘીના ૫ વિકૃતિગત** -

**(૧) પક્વઘૃત** - ઔષધિ નાંખીને ઉકાળેલું ઘી.

**(૨) ઘૃતકિટ્ટિકા** - ઉકળતા ઘીની ઉપર તરી આવતો મેલ.

**(૩) પક્વૌષધિતરિત** - ઔષધિ નાંખીને ઉકાળેલા ઘીની ઉપરની તર.

**(૪) નિર્ભંજન** - પક્વાન્ન તળ્યા બાદ વધેલું બળેલું ઘી.

**(૫) વિસ્યંદન** - દહીંની તર અને લોટ એ બે મેળવીને બનાવેલ કુલેર.

**(૪) તેલના ૫ વિકૃતિગત** -

**(૧) તૈલમલિકા** - ઉકાળેલા તેલની ઉપરનો મેલ.

**(૨) તિલકુટ્ટી** - તલ અને કઠણ ગોળ એ બેને ભેગા કરી ખાંડણીમાં ખાંડી એકરસ બનાવાય છે તે. (ગોળને ઉકાળીને તલ ભેળવાય છે તે પાકા ગોળની તલસાંકળી પણ વિકૃતિગત છે.)

(૩) **નિર્ભંજન** - પક્વાન્ન તળ્યા બાદ વધેલું બળેલું તેલ.

(૪) **પક્વૌષધિતરિત** - ઔષધિ નાંખીને ઉકાળેલા તેલની ઉપરની તર.

(૫) **પક્વતેલ** - લાખ વગેરે નાંખીને ઉકાળેલું તેલ.

(૫) **ગોળના ૫ વિકૃતિગત** -

(૧) **અર્ધક્વથિતઈક્ષુરસ** - અડધો ઉકાળેલો શેરડીનો રસ.

(૨) **ગુડપાનીય** - ગોળનું પાણી, જે પુડલા વગેરે સાથે પિવાય છે તે.

(૩) **સાકર** - કાંકરા જેવી હોય છે તે.

(૪) **ખાંડ** - ઝીણી હોય છે તે.

(૫) **પાકો ગોળ** - ઉકાળેલો ગોળ. (જેનાથી ખાજા વગેરે લેપાય છે તે ગોળની ચાસણી.)

(૬) **પક્વાન્નના ૫ વિકૃતિગત** -

(૧) **દ્વિતીય અપૂપ (બીજો પુડલો)** - તવીમાં સંપૂર્ણ સમાય એવા એક પુડલાને તળ્યા પછી એ જ ઘી કે તેલમાં નવું ઘી, તેલ ઉમેર્યા વિના તળાયેલા બીજા પુડલા, પૂરી વગેરે. પહેલો પુડલો વિગઈ છે.

(૨) **તત્સ્નેહ ચતુર્થાદિ ઘાણ (ચોથો વગેરે ઘાણ)** - કડાઈ પૂરી ભરાઈ જાય તેવા ત્રણ ઘાણ કાઢ્યા પછી નવું ઘી-તેલ ઉમેર્યા વિના ચોથા વગેરે ઘાણમાં તળાયેલા પૂરી વગેરે. ત્રણ ઘાણ સુધી વિગઈ છે.

(૩) **ગોળધાણી** - ગોળની ચાસણી કરી તેમાં ધાણી મેળવી બનાવેલા લાડુ.

(૪) **જલલાપસી** - પક્વાન્ન તળ્યા બાદ ઘી વગેરે કાઢી લીધા બાદ તવીમાં રહેલ ચીકાશમાં ઘઉંનો જાડો લોટ વગેરે શેકી ગોળનું પાણી

નાંખી બનાવાયેલો શીરો કે કંસાર તે. ઉપલક્ષણથી કોરી કડાઈમાં બનાવેલ શીરો, કંસાર વગેરે પણ નીવિયાતા છે, પણ તેમાં ચૂલા પરથી ઉતાર્યા બાદ ઘી-તેલનો એક પણ છાંટો ઉમેરવો ન જોઈએ.

**(૫) પરિપક્વ પૂપિકા** - પક્વાન્ન તળ્યા બાદ ઘી વગેરે કાઢી લીધા બાદ તવીમાં રહેલ ચીકાશમાં ઘી-તેલનું પોતું દઈને બનાવાતા પૂરી, પૂડલા, થેપલા વગેરે. ઉપલક્ષણથી કોરી તવીમાં પણ ચાલુ રીતિએ બનાવાતા પૂરી, પૂડલા, થેપલા, ઢેબરા વગેરે પણ નીવિયાતા છે, પણ તેમાં ચૂલા પરથી ઉતાર્યા બાદ નવું ઘી-તેલ ઉમેરવું નહીં.

આમ છ વિગઈના ૩૦ વિકૃતિગત થયા.

જો કે નીવિયાતા દ્રવ્યો વિગઈરૂપ ન હોવાથી નીવિમાં કલ્પે છે, છતાં આ દ્રવ્યો ઉત્કૃષ્ટ હોવાથી વાપરનારના મનમાં વિકાર પેદા કરે છે અને નીવિમાં આ દ્રવ્યો વાપરવાથી ઉત્કૃષ્ટ નિર્જરા થતી નથી. તેથી આ દ્રવ્યો ન વાપરવા. વિવિધ તપોથી શરીર કૃશ થયું હોવાથી જે સ્વાધ્યાય, અધ્યયન વગેરે ન કરી શકે તે આ દ્રવ્યો વાપરે તો પણ દોષ નથી. તેને કર્મનિર્જરા પણ ઘણી થાય છે.

દુર્ગતિથી ભય પામેલો જે વિગઈ અને નીવિયાતાને વાપરે તે દુર્ગતિમાં જાય, કેમકે વિગઈ ઇન્દ્રિયોને વિકાર ઉપજાવવાના સ્વભાવ-વાળી છે અને બળાત્કારે દુર્ગતિમાં લઈ જનારી છે.

● ● ●

## પ્રતિદ્વાર ૯મું - ૩૨ અનંતકાય

**અનંતકાય** - ભૂમિની નીચે ઊગનારા બધા કંદો અનંતકાય છે, એટલે કે તેમાં અનંતાનંત જીવો હોય છે. તે સુકાઈ ગયા પછી અનંતકાય નથી. તેમના મુખ્ય ૩૨ પ્રકાર છે. તે આ પ્રમાણે છે -

**(૧) સૂરણ.**

(૨) **વજ્રકંદ.**

(૩) **લીલી હળદર.**

(૪) **અદ્રખ.**

(૫) **લીલો કચૂરો** - એક પ્રકારનું તીખુ દ્રવ્ય છે.

(૬) **શતાવરી** - એક પ્રકારની વેલડી છે.

(૭) **વિરાલિકા.**

(૮) **કુમારી** - કુંવાર વનસ્પતિ.

(૯) **થોહરી.**

(૧૦) **ગડૂચી** - એક પ્રકારની વેલડી છે.

(૧૧) **લસણ.**

(૧૨) **વંશકરિલ્લા** - વાંસના નવા ઊગેલા કોમળ અવયવો.

(૧૩) **ગાજર.**

(૧૪) **લવણક** - એક પ્રકારની વનસ્પતિ, જેને બાળવાથી સર્જીકા (સાજીખાર) બને.

(૧૫) **લોઢક** - પદ્મિની કંદ.

(૧૬) **ગિરિકર્ણિકા** - એક પ્રકારની વેલડી છે.

(૧૭) **કિસલય** - પહેલા પાંદડા.

(૧૮) **ખરિંસુક** - એક પ્રકારનો કંદ છે.

(૧૯) **થેગ** - એક પ્રકારનો કંદ છે.

(૨૦) **લીલી મોથ.**

(૨૧) **લવણવૃક્ષની છાલ.**

(૨૨) **ખલ્લૂડક** - એક પ્રકારનો કંદ છે.

(૨૩) **અમૃતવલ્લી** - એક પ્રકારની વેલડી છે.

(૨૪) **મૂળા.**

(૨૫) **ભૂમિરુહ** - ચોમાસામાં થતાં, છત્ર આકારના બીલાડીના ટોપ.

(૨૬) **વિરૂઢ** - અંકુરા ફુટેલા દ્વિદલ (કઠોળ) અનાજ.

(૨૭) **ઢલ્લવાસ્તુલ** - એક પ્રકારનું શાક. તે પહેલીવાર ઊગે ત્યારે જ અનંતકાય છે. કાપ્યા પછી ફરી ઊગે તો અનંતકાય નથી.

(૨૮) **શૂકરવાલ.**

(૨૯) **પલ્યંક** - એક પ્રકારનું શાક.

(૩૦) **કોમળ આંબલી** - જેમાં બીજ ન હોય તેવી આંબલી.

(૩૧) **આલુ** - બટેટા. એક પ્રકારનો કંદ છે.

(૩૨) **પિંડાલુ** - એક પ્રકારનો કંદ છે.

અન્ય અનંતકાયો -

(૧) ઘોષાતકીના અંકુર.

(૨) કરીરના અંકુર.

(૩) બીજ વિનાના કોમળ તિંદુકફળ.

(૪) બીજ વિનાનું કોમળ આંબાનું ફળ.

(૫) વરુણવૃક્ષના અંકુર.

(૬) વડવૃક્ષના અંકુર.

(૭) લિંબડાના વૃક્ષના અંકુર.

નીચેના લક્ષણો પરથી અન્ય અનંતકાય પણ જાણવા.

અનંતકાયને ઓળખવાના લક્ષણો -

(૧) જે પાંદડા, થડ, નાળ, ડાળી વગેરેના સાંધા અને પર્વો ગુપ્ત હોય એટલે કે જણાય નહીં તે.

(૨) જે ડાળી, પાંદડા, મૂળ, થડ, છાલ, ફૂલ વગેરેને તોડતા ક્યારાની ઉપરની સૂકી કોપરીની જેમ કે ઝીણી ખડીથી બનાવેલ વાટની જેમ સમાન છેદ થાય, ઊંચો-નીચો નહીં તે.

(૩) જેને છેદતા અંદર તાંતણા ન હોય તે.

(૪) જેને કાપીને વાવતા ફરી ઊગે તે.

(૫) જેની ગાંઠને ભાંગતા તેમાંથી ગાઢ, સફેદ ચૂર્ણ ઊડતો દેખાય તે.

(૬) જેના સાંધામાં ઘણી ગરમી હોય તે.

અનંતકાય વાપરવાથી અનંત જીવોની હિંસા થાય છે. માટે તેમને વર્જવા.

●●●

## પ્રતિદ્વાર ૧૦મું - ૨૨ વર્જનીય વસ્તુ (અભક્ષ્ય)

| | |
|---|---|
| **(૧) વડના ફળ**<br>**(૨) પીપળાના ફળ**<br>**(૩) ઉદુંબરના ફળ**<br>**(૪) પ્લક્ષના ફળ**<br>**(૫) કાકોદુંબરના ફળ** | આ પાંચ ઉદુંબર છે. તેમાં મચ્છરના આકારના ઘણા સૂક્ષ્મ જીવો હોય છે. |
| **(૬) દારૂ**<br>**(૭) માંસ**<br>**(૮) મધ**<br>**(૯) માખણ** | તેમાં તરત જ તે રંગના અનેક જીવો ઉત્પન્ન થઈ જાય છે. |

**(૧૦) બરફ** - તે અસંખ્ય અપ્‌કાય જીવો રૂપ છે.

**(૧૧) વિષ** - મંત્રથી જેની શક્તિ હણાઈ ગઈ છે એવું વિષ વાપરવાથી પેટમાં રહેલ ગંડોલક વગેરે જીવોનો નાશ થાય છે. વિષ મરણ વખતે મહામોહને ઉત્પન્ન કરે છે.

**(૧૨) કરા** - આકાશમાંથી પડતા બરફના ટુકડા. તે અસંખ્ય અપ્‌કાય જીવો રૂપ છે.

**(૧૩) માટી** - બધા પ્રકારની. તેનાથી દેડકા વગેરે પંચેન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. ખડી વાપરવાથી આમ વગેરે દોષો થાય છે.

**(૧૪) રાત્રિભોજન** - તેમાં ઘણા જીવો પડીને મરી જવાથી આલોકપરલોકમાં દોષ થાય છે.

**(૧૫) બહુબીજ** - પંપોટક વગેરે. તેમાં દરેક બીજમાં જીવની હિંસા થાય છે.

**(૧૬) અનંતકાય** - તેમાં અનંત જીવોની હિંસા થાય છે.

**(૧૭) બોળ અથાણું** - કાચી ચાસણીવાળા બિલ્વક વગેરેના અથાણા. તેમાં જીવોત્પત્તિ થાય છે.

**(૧૮) દ્વિદળ** - કાચા ગોરસ સાથે ભળેલ દ્વિદળ (કઠોળ). તેમાં સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થઈ જાય છે.

**(૧૯) રીંગણા** - તેનાથી ઘણી ઊંઘ આવે, કામ પ્રગટે વગેરે દોષો થાય છે.

**(૨૦) અજ્ઞાતફળ** - પોતે કે બીજાએ જેના નામ ન જાણ્યા હોય એવા પુષ્પો અને ફળો. નામ ન જાણવાને લીધે ત્યાગ કરેલ ફળ ખવાઈ જવાથી વ્રતનો ભંગ થાય, વિષનું ફળ ખવાઈ જવાથી પ્રાણનો નાશ થાય.

**(૨૧) તુચ્છફળ** - મહુડા બિલ્વ વગેરેના અસાર ફળ, અરણિ-

શિગ્રુ-મહુડાના ફૂલ, ચોમાસામાં તાંદળિયાની ભાજી વગેરે. તેમાં ઘણા જીવોની ઉત્પત્તિ થાય છે. અથવા અડધી પાકેલી ચોળાની કોમળ સિંગ વગેરે તુચ્છફળ છે. તેનાથી તેવી તૃપ્તિ થતી નથી અને ઘણા દોષો થાય છે.

**(૨૨) ચલિતરસ** - કોહવાયેલું અન્ન, પુષ્પિતઓદન (વાસી ભાત), બે રાત વીતેલ દહીં વગેરે. તેમાં જીવોત્પત્તિ થાય છે.

આ ૨૨ અભક્ષ્યોને વર્જવા.

●●●

+ અજ્ઞાની જીવ ગુરુઆજ્ઞાનું પાલન કરવા માટે સમર્થ થતો નથી.
+ વાસ્તવિક સાચા અર્થને નહીં જાણનાર ઉપદેશક સ્વ-પરનો નાશ કરે છે.
+ સારા પ્રણિધાનવાળા અને એક લક્ષ્યવાળા જીવને માટે બધુ સુસાધ્ય છે.
+ બીજાની પ્રાર્થનાનો ભંગ કરવો એ દૂષણ છે.
+ ધર્મથી વિપરીત મુખવાળા લોકોની ઉપેક્ષા જ ઉચિત છે.
+ સ્વીકારેલનું પાલન કરવું એ સજ્જન પુરુષનું અલંકાર છે.
+ ધર્મ એ ઔચિત્યપૂર્વકની પ્રવૃત્તિરૂપ છે.
+ સંયોગોને અનુસાર પ્રવૃત્તિ ન કરાય તો ગુણો ચાલ્યા જાય છે.
+ સજ્જનો બીજાના ગુણ ગ્રહણ કરવામાં લંપટ હોય છે.
+ જ્ઞાન-દર્શન-ચારિત્રની શૂન્યતા એ ભાવનિદ્રા છે.
+ વિરતિ વિના એક ક્ષણ પણ રહેવું નહીં.
+ ઉત્પન્ન થયેલ એક ભાવ બીજા ભાવને ઉત્પન્ન કરે છે.

## દ્વાર ૫મું - કાઉસ્સગ્ગ

**કાઉસ્સગ્ગ** - ઉચ્છ્વાસ વગેરે આગારો અને સ્થાન-મૌન-ધ્યાનની ક્રિયા વિના અન્ય ક્રિયાઓનો જયાં સુધી 'નમો અરિહંતાણં' બોલી પરાય નહીં ત્યાં સુધી ત્યાગ કરવો તે કાઉસ્સગ્ગ. તેના બે પ્રકાર છે -

(૧) **ચેષ્ટાનો કાઉસ્સગ્ગ** - ઈરિયાવહિ વગેરે સંબંધી કાઉસ્સગ્ગ.

(૨) **અભિભવનો કાઉસ્સગ્ગ** - દેવો વગેરે વડે કરાતા ઉપસર્ગને જીતવા માટે કરાતો કાઉસ્સગ્ગ.

દોષરહિત કાઉસ્સગ્ગ કરવાથી નિર્જરા થાય છે.

કાઉસ્સગ્ગના ૧૯ દોષ છે. તે આ પ્રમાણે -

(૧) **ઘોટકદોષ** - ઘોડાની જેમ એક પગ વાંકો રાખીને ઊભા રહેવું તે.

(૨) **લતાદોષ** - ખરાબ પવનથી જેમ લતા હલે તેમ કાઉસ્સગ્ગમાં હલવું તે.

(૩) **સ્તમ્ભકુડ્યદોષ** - થાંભલાને કે દિવાલને ટેકો દઈને ઊભા રહેવું તે.

(૪) **માલદોષ** - માથુ માળને ટેકવીને કાઉસ્સગ્ગ કરવો તે.

(૫) **શબરીદોષ** - જેમ વસ્ત્રરહિત ભિલ્લની સ્ત્રી બે હાથથી ગુહ્ય અંગને ઢાંકે છે તેમ બે હાથ વડે ગુહ્યઅંગને ઢાંકીને કાઉસ્સગ્ગ કરવો તે.

(૬) **વધૂદોષ** - કુલવહુની જેમ મસ્તક નમાવીને કાઉસ્સગ્ગ કરવો તે.

(૭) **નિગડદોષ** - બેડીમાં બંધાયેલાની જેમ બે પગ પહોળા રાખીને કે ભેગા કરીને કાઉસ્સગ્ગ કરવો તે.

(૮) **લમ્બોત્તરદોષ** - નાભિથી ઉપર અને નીચે ઢીંચણ સુધી

ચોલપટ્ટો પહેરીને કાઉસ્સગ્ગ કરવો તે.

(૯) **સ્તનદોષ** - મચ્છર વગેરેના ડંખથી બચવા કે અજ્ઞાનથી સ્તન ઢાંકીને કાઉસ્સગ્ગ કરવો તે. (આ દોષ પુરુષો માટે જ છે.)

(૧૦) **ઉર્ધ્વિકાદોષ** - તેના બે પ્રકાર છે -

**(i) બાહ્યઉર્ધ્વિકાદોષ** - ગાડાની ઊધની જેમ બે પગની પાની ભેગી કરીને અને પગનો આગળનો ભાગ પસારીને કાઉસ્સગ્ગ કરવો તે.

**(ii) અભ્યંતરઉર્ધ્વિકાદોષ** - બે પગના અંગુઠા ભેગા કરીને અને પગની પાની પસારીને કાઉસ્સગ્ગ કરવો તે.

(૧૧) **સંયતીદોષ** - સાધ્વીની જેમ ખભા ઉપર વસ્ત્ર ઓઢીને કાઉસ્સગ્ગ કરવો તે. (આ દોષ પુરુષો માટે જ છે.)

(૧૨) **ખલીનદોષ** - લગામની જેમ ઓઘાને આગળ રાખીને કાઉસ્સગ્ગ કરવો તે. મતાંતરે લગામથી પીડાયેલા ઘોડાની જેમ માથુ ઉપર-નીચે હલાવવું તે.

(૧૩) **વાયસદોષ** - ચંચળ ચિત્તવાળા થઈને કાગળાની જેમ ડોળા ફેરવવા કે દિશાઓ જોવી તે.

(૧૪) **કપિત્થદોષ** - ભમરીના ભયથી વસ્ત્રને કોઠાના ફળની જેમ ગોળ વાળીને બે જંઘાની વચ્ચે રાખીને કાઉસ્સગ્ગ કરવો તે. મતાંતરે મુઠ્ઠિ બાંધીને કાઉસ્સગ્ગ કરવો તે.

(૧૫) **શીર્ષોત્કમ્પિતદોષ** - ભૂતથી ગ્રહણ કરાયેલાની જેમ માથુ કંપાવીને કાઉસ્સગ્ગ કરવો તે.

(૧૬) **મૂકદોષ** - કાઉસ્સગ્ગ કરનારની બાજુની જગ્યામાં રહેલ વનસ્પતિ વગેરેને કોઈ ગૃહસ્થ કાપતો હોય તો તેને અટકાવવા મૂંગાની જેમ ‘હું હું’ એવો અવ્યક્ત અવાજ કરતાં કરતાં કાઉસ્સગ્ગ કરવો તે.

(૧૭) **અંગુલિકાભ્રૂદોષ** - આલાવા ગણવા માટે આંગળી

હલાવવી, યોગોને કરાવવા માટે - બીજા કાર્યો બતાવવા માટે ભ્રમરથી ઈશારા કરવા કે એમ જ ભ્રમર નચાવવી તે.

**(૧૮) વારુણિદોષ** - ઊકળતા દારૂની જેમ કાઉસ્સગ્ગમાં બુડબુડ અવાજ કરવો તે. મતાંતરે દારૂના નશામાં રહેલાની જેમ ડોલા ખાતા ખાતા કાઉસ્સગ્ગ કરવો તે.

**(૧૯) પ્રેક્ષાદોષ** - વાંદરાની જેમ હોઠ હલાવીને કાઉસ્સગ્ગ કરવો તે.

મતાંતરે કાઉસ્સગ્ગના ૨૧ દોષો છે. તે આ પ્રમાણે -

ઉપર કહેલ ૧૯ દોષોમાંથી સ્તમ્ભકુડ્યદોષની બદલે સ્તમ્ભદોષ અને કુડ્યદોષ એમ બે દોષો માન્યા છે અને અંગુલિકાભ્રૂદોષની બદલે અંગુલિકાદોષ અને ભ્રૂદોષ એમ બે દોષો માન્યા છે.

કેટલાક આચાર્યો કાઉસ્સગ્ગના અન્ય દોષો પણ કહે છે. તે આ પ્રમાણે -

(૧) થુકવું.

(૨) શરીરને અડવું.

(૩) વારંવાર હલવું.

(૪) કાઉસ્સગ્ગની વિધિ ઓછી કરવી.

(૫) વયની અપેક્ષા ન રાખવી. (નાના-મોટાની મર્યાદા ન સાચવવી)

(૬) કાળની અપેક્ષા ન રાખવી. (ઘણા લાંબા કાળ સુધી કાઉસ્સગ્ગ કરવો)

(૭) મન વ્યાક્ષેપમાં હોવું.

(૮) મન લોભથી યુક્ત હોવું.

(૯) પાપકાર્યોમાં ઉદ્યમ કરવો.

(૧૦) કૃત્યાકૃત્યની સમજણ ન હોવી.

(૧૧) પાટલા વગેરે ઉપર ઊભા રહેવું.

ઉપર કહેલા કાઉસ્સગ્ગના બધા દોષો તજવા.

નીચેના કારણોસર કાઉસ્સગ્ગમાં હાલવા છતાં કાઉસ્સગ્ગનો ભંગ ન થાય.

(૧) અગ્નિ, વિજળી વગેરેના પ્રકાશનો સ્પર્શ થાય તો ઓઢવા માટે ઉપધિ લે તો પણ કાઉસ્સગ્ગનો ભંગ ન થાય.

(૨) બિલાડી, ઉંદર વગેરે આડા ઊતરે એવી સંભાવના હોય ત્યારે આગળ જાય તો પણ કાઉસ્સગ્ગનો ભંગ ન થાય.

(૩) રાજાના કે ચોરના ભયમાં અન્ય સ્થાને જવા છતાં કાઉસ્સગ્ગનો ભંગ ન થાય.

(૪) પોતાને કે બીજાને સર્પ ડંશ મારે એવી સંભાવના હોય કે સર્પે ડંશ માર્યો હોય ત્યારે અચાનક બોલવા છતાં કે હલવા છતાં કાઉસ્સગ્ગનો ભંગ ન થાય.

કાઉસ્સગ્ગ પૂરો થયા પછી 'નમો અરિહંતાણં' બોલ્યા વિના પારે તો કાઉસ્સગ્ગનો ભંગ થાય. કાઉસ્સગ્ગ પૂરો થયા પૂર્વે 'નમો અરિહંતાણં' બોલીને પારે તો કાઉસ્સગ્ગનો ભંગ થાય. માટે કાઉસ્સગ્ગ પૂરો થયા પછી 'નમો અરિહંતાણં' બોલીને પારવો. તેથી ઉપરના પ્રસંગોમાં કાઉસ્સગ્ગ પૂરો થયા પૂર્વે 'નમો અરિહંતાણં' બોલીને કાઉસ્સગ્ગ પારીને હલવાથી કાઉસ્સગ્ગનો ભંગ થવાની આપત્તિ આવે. તેથી ઉપરની છૂટો આપી, જેથી કાઉસ્સગ્ગ પૂરો થયા પૂર્વે 'નમો અરિહંતાણં' બોલ્યા વિના હલવા છતાં કાઉસ્સગ્ગનો ભંગ ન થાય.

●●●

## દ્વાર ૬ઠ્ઠું - ગૃહસ્થના પ્રતિક્રમણના ૧૨૪ અતિચાર

| | | |
|---|---|---|
| સંલેખનાના અતિચાર | - | ૫ |
| કર્માદાન | - | ૧૫ |
| જ્ઞાનના અતિચાર | - | ૮ |
| દર્શનના અતિચાર | - | ૮ |
| ચારિત્રના અતિચાર | - | ૮ |
| તપના અતિચાર | - | ૧૨ |
| વીર્યાચારના અતિચાર | - | ૩ |
| સમ્યક્ત્વના અતિચાર | - | ૫ |
| બાર વ્રતના દરેકના ૫ અતિચાર | - | ૬૦ |
| કુલ અતિચાર | - | ૧૨૪ |

**(૧) સંલેખનાના ૫ અતિચાર -**

(૧) **ઈહલોકાશંસાપ્રયોગ** - મનુષ્યની અપેક્ષાએ મનુષ્ય એ ઈહલોક છે, દેવ, નારક, તિર્યંચ એ પરલોક છે. 'આ આરાધના વગેરે વડે પરભવમાં હું રાજા, મંત્રી, શ્રેષ્ઠિ વગેરે થાઉં.' એવી પ્રાર્થના કરવી.

(૨) **પરલોકાશંસાપ્રયોગ** - 'આ આરાધના વગેરે વડે પરભવમાં હું દેવ થાઉં.' એવી પ્રાર્થના કરવી.

(૩) **મરણાશંસાપ્રયોગ** - ખરાબ ક્ષેત્રમાં અનશન કર્યું હોવાથી ત્યાંના લોકો સેવા, પૂજા વગેરે ન કરે કે ગાઢ રોગ આવે ત્યારે 'હું જલ્દી મરું.' એવી પ્રાર્થના કરવી.

(૪) **જીવિતાશંસાપ્રયોગ** - અનશન કર્યા પછી પોતાની ખૂબ પૂજા, પ્રભાવના વગેરે થતી જોઈને 'હું ઘણું જીવું.' એવી પ્રાર્થના કરવી.

(૫) **કામભોગાશંસાપ્રયોગ** - કામ = શબ્દ, રૂપ; ભોગ = ગંધ, રસ, સ્પર્શ. 'આ આરાધના વગેરે વડે પરભવમાં મને વિશિષ્ટ કામભોગો મળે.' એવી પ્રાર્થના કરવી.

આ પાંચે આશંસાઓ ન કરવી.

(૨) **૧૫ કર્માદાન** -

**કર્માદાન** - જેનાથી આત્મામાં કર્મોનું આગમન થાય તેવી પ્રવૃત્તિ તે કર્માદાન. તે ૧૫ પ્રકારના છે. તે આ પ્રમાણે - ૫ કર્મ, ૫ વાણિજ્ય અને ૫ સામાન્ય.

**૫ કર્મ**-

(૧) **ભાટકકર્મ** - પોતાના ગાડી વગેરે વડે બીજાનો સામાન ભાડાથી વહન કરવો તે. અથવા બીજાને બળદ, ગાડા વગેરે ભાડેથી આપવા તે.

(૨) **સ્ફોટનકર્મ** - વાવડી, કૂવા, તળાવ વગેરે ખોદાવવા તે. અથવા ફળ, કોદાળી વગેરે વડે ભૂમિ ખોદવી કે પથ્થર વગેરે ઘડવા તે. અથવા જવ વગેરે અનાજનો સાથવો (શેકેલા અનાજનો લોટ) કરીને વેંચવો તે.

(૩) **શકટકર્મ** - આજીવિકા માટે ગાડા કે તેના પૈડુ, ઊધ વગેરે અંગોને પોતે કે બીજા પાસે બનાવવા, વેંચવા કે એકસ્થાનેથી બીજે લઈ જવા તે.

(૪) **વનકર્મ** - આજીવિકા માટે છેદાયેલા કે નહીં છેદાયેલા વૃક્ષના ટુકડા, પાંદડા, પુષ્પો અને ફળોને વેંચવા તે. ઘંટી વગેરે વડે મગ વગેરેની દાળ કરવી અને ઘંટી, વાટવાના પથ્થર વગેરે વડે ઘઉં વગેરેનો લોટ કરવો તે સ્ફોટનકર્મ છે. કેટલાક આચાર્યો આને પણ વનકર્મ માને છે.

**(૫) અંગારકર્મ** - અંગારા બનાવીને વેંચવા, અગ્નિના આરંભપૂર્વક ઈંટ, વાસણ વગેરે પકાવવા - ભઠ્ઠી ચલાવવી વગેરે વડે આજીવિકા ચલાવવી તે.

**૫ વાણિજ્ય** - વાણિજ્ય = ખરીદવું-વેંચવું.

**(૧) વિષવાણિજ્ય** - શૃંગિક (એક પ્રકારનું ઝેર) વગેરે ઝેર, ઉપવિષ (પાંચ પ્રકારના ઝેર-આકડાનું દૂધ, થોરનું દૂધ, કલિહારિકા, ઘસ્તૂર, કરવીર અથવા કૃત્રિમ ઝેર) અને શસ્ત્રો વેંચવા તે.

**(૨) લાક્ષાવાણિજ્ય** - ઘણા જીવોને માટે જાળ સમાન લાખ વગેરે વેંચવા તે.

**(૩) દંતવાણિજ્ય** - ભિલ્લ વગેરેને પહેલાથી હાથીદાંત, શંખ, માંસ, ચામડું, વાળ વગેરે લાવવા માટે મૂલ્ય આપે, પછી તે ભિલ્લો વનમાં જઈને હાથીદાંત વગેરે માટે હાથી વગેરેને હણે, તે હાથીદાંત વગેરેને ખરીદીને વેંચે. અથવા ખાણ (બજાર)માં જઈ હાથીદાંત વગેરેને ખરીદીને વેંચે. આ રીતે આજીવિકા ચલાવવી તે દંતવાણિજ્ય. ખાણ સિવાયના સ્થાનમાં હાથીદાંત વગેરેને ખરીદવામાં કે વેંચવામાં દોષ નથી.

**(૪) રસવાણિજ્ય** - દારૂ વગેરે વેંચવો તે.

**(૫) કેશવાણિજ્ય** - આજીવિકા માટે દાસી, દાસ, હાથી, કુતરા, ગાય, ઊંટ, પાડા, ગધેડા વગેરેને લઈને ત્યાં કે બીજે વેંચવા તે. સજીવને વેંચવા તે કેશવાણિજ્ય અને નિર્જીવને વેંચવા તે દંતવાણિજ્ય.

**૫ સામાન્ય** -

**(૧) દવદાન** - દાવાનળ સળગાવવા તે. તે બે રીતે છે -

**(૧) વ્યસનથી** - ફળને વિચાર્યા વિના પ્રવૃત્તિ કરવા રૂપ. દા.ત. વનેચરો વિના કારણે ઘાસમાં અગ્નિ પ્રગટાવે છે.

(૨) **પુણ્યબુદ્ધિથી** - દા.ત. મારા મરણસમયે મારા કલ્યાણ માટે ધર્મદીવાળી કરજો, વગેરે.

અથવા જૂનું ઘાસ બળી જાય તો નવું ઘાસ ઊગવાથી ગાયો ચરે તે માટે દાવાનળ સળગાવે.

અથવા ખેતરમાં અનાજ ઊગે તે માટે અગ્નિ પ્રગટાવે.

(૨) **યન્ત્રવાહન** - તલ, શેરડી, સરસવ, એરંડીયાના ફળ વગેરેને પીલવા માટે યંત્રો ચલાવવા, રહેંટ ચલાવવો, વાટવાનો પથ્થર-ખાંડણી-સાંબેલુ વગેરે વેંચવા તે. તેમાં પીલવાના તલ વગેરેનો ચૂરો થાય છે અને તેમાં રહેલા જીવોની હિંસા થાય છે. મનુસ્મૃતિમાં કહ્યું છે -

'૧૦ કતલખાના ચલાવવા જેટલું પાપ ૧ ઘાંચી કરે છે.

૧૦ ઘાંચી જેટલું પાપ ૧ દારૂ વેંચનાર કરે છે.

૧૦ દારૂ વેંચનારા જેટલું પાપ ૧ વેશ્યા કરે છે.

૧૦ વેશ્યા જેટલું પાપ ૧ રાજા કરે છે. (૪/૮૫)'

(૩) **નિર્લાંછનકર્મ** - બળદ-પાડા-ઊંટ વગેરેના નાક વીંધવા, બળદ-ઘોડા વગેરેને અંકિત કરવા, બળદ-ઘોડા વગેરેની ખસી કરવી, ઊંટની પીઠ ગાળવી, ગાયના કાન-ગોદડી વગેરે કાપવા તે.

(૪) **અસતીપોષણ** - દાસી, પોપટ, મેના, કુતરા વગેરેને પોષવા. તે પાપનું કારણ છે.

(૫) **જલાશયશોષ** - સરોવર વગેરે પાણીના સ્થાનો સુકાવવા તે.

આ ૧૫ કર્માદાનના પચ્ચક્ખાણ કર્યા પછી અનાભોગ વગેરેથી તેમાં પ્રવૃત્તિ થવાથી અતિચાર થાય છે.

આ ૧૫ કર્માદાન નિષેધ કરાયેલ છકાયના જીવોનો વધ વગેરે મહાસાવદ્યનું કારણ હોવાથી વર્જ્ય છે.

આવા અન્ય પણ ઘણા સાવદ્યવાળા કાર્યો કર્માદાન સમજવા. તે

પણ વર્જવા.

(૩) **જ્ઞાનના ૮ અતિચાર** -

૮ પ્રકારના જ્ઞાનાચારને વિપરીત રીતે આચારવા, ઓછા-વત્તા આચરવા કે ન આચરવા તે જ્ઞાનના ૮ અતિચાર છે.

**૮ પ્રકારના જ્ઞાનાચાર** -

(૧) **કાળ** - જે શ્રુતનો જે કાળ કહ્યો હોય તેનો ત્યારે સ્વાધ્યાય કરવો. અકાળે સ્વાધ્યાય કરવાથી નુકસાન થાય છે.

(૨) **વિનય** - જ્ઞાન, જ્ઞાની અને પુસ્તક વગેરે જ્ઞાનના સાધનોની સેવા કરવી. આસન આપવું, આદેશનું પાલન કરવું વગેરે વિનયપૂર્વક ભણવું, અવિનયથી નહીં.

(૩) **બહુમાન** - જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનો પ્રત્યે અંદરની પ્રીતિરૂપ બહુમાન રાખવું.

(૪) **ઉપધાન** - જે સૂત્ર, અધ્યયન, ઉદ્દેશાનો જે તપ કહ્યો હોય તે તપ કરીને તેનો પાઠ કરવો.

(૫) **અનિહ્નવન** - પોતાની લઘુતા થવાના ભયથી વિદ્યાગુરુનો અપલાપ ન કરવો.

(૬) **વ્યંજન** - સ્વરો અને વ્યંજન (ક્, ખ્ વગેરે) અન્યથા ન કરવા અને બરાબર ઉપયોગપૂર્વક ભણવા.

(૭) **અર્થ** - સૂત્રનો અર્થ અન્યથા ન કરવો અને બરાબર ઉપયોગપૂર્વક ભણવો.

(૮) **તદુભય** - વ્યંજન અને અર્થને અન્યથા ન કરવા અને બરાબર ઉપયોગપૂર્વક ભણવા.

(૪) **દર્શનના ૮ અતિચાર** -

૮ પ્રકારના દર્શનાચારને વિપરીત રીતે આચરવા, ઓછાવત્તા-આચરવા કે ન આચરવા તે દર્શનના ૮ અતિચાર છે.

**૮ પ્રકારના દર્શનાચાર** -

(૧) **નિઃશંકિત** - જિનવચનમાં શંકા ન કરવી.

(૨) **નિષ્કાંક્ષિત** - અન્ય ધર્મોની કાંક્ષા ન કરવી. કાંક્ષા = અન્ય અન્ય દર્શનની ઈચ્છા.

(૩) **નિર્વિચિકિત્સા** - વિચિકિત્સા ન કરવી. વિચિકિત્સા = યુક્તિ અને આગમથી યુક્ત એવા અર્થમાં પણ ફળની શંકા.

અથવા **નિર્વિદ્વજ્જુગુપ્સા** - 'આ મેલાઘેલા છે.' વગેરે કહીને સાધુની જુગુપ્સા ન કરવી.

(૪) **અમૂઢદૃષ્ટિ** - કુતીર્થિકો (અન્યદર્શનવાળા)ની ઋદ્ધિ જોવા છતાં સમ્યગ્દર્શનથી ચલાયમાન ન થવું.

(૫) **ઉપબૃંહણા** - સાધર્મિકોના તપ, વૈયાવચ્ચ વગેરે ગુણોની પ્રશંસા કરીને તે તે ગુણની વૃદ્ધિ કરવી.

(૬) **સ્થિરીકરણ** - ધર્મમાં સીદાતાને મીઠા વચનની ચતુરાઈથી ધર્મમાં સ્થિર કરવા.

(૭) **વાત્સલ્ય** - સાધર્મિકોનું ભોજન, વસ્ત્ર, દાન, ઉપકાર વગેરે વડે સન્માન કરવું.

(૮) **પ્રભાવના** - ધર્મકથા, પ્રતિવાદીને જીતવો, દુષ્કર તપ કરવો વગેરે વડે જિનશાસનને પ્રકાશિત કરવું. જો કે જિનશાસન શાશ્વત હોવાથી, તીર્થંકરોએ કહેલ હોવાથી અને દેવો-દાનવો વડે નમસ્કાર કરાયેલ હોવાથી સ્વયં દીપે છે છતાં પણ પોતાના સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે જેનામાં જે ગુણ અધિક હોય તે ગુણથી તે જિનશાસનની પ્રભાવના કરે, વજ્રસ્વામી વગેરેની જેમ.

**(૫) ચારિત્રના ૮ અતિચાર** -

૮ પ્રકારના ચારિત્રાચારને વિપરીત રીતે આચરવા, ઓછા-વત્તા આચરવા કે ન આચરવા તે અતિચાર છે.

**૮ પ્રકારના ચારિત્રાચાર** - પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં એકાગ્રતાપૂર્વક પ્રવૃત્તિ કરવી.

**(૬) તપના ૧૨ અતિચાર** -

૧૨ પ્રકારના તપને વિપરીત રીતે આચરવા, ઓછા-વત્તા આચરવા કે ન આચરવા તે અતિચાર છે.

**૧૨ પ્રકારના તપ** -

**બાહ્ય તપ** - જે તપમાં બાહ્ય દ્રવ્ય વગેરેની અપેક્ષા હોય, જે તપ ઘણું કરીને બહારના શરીરને તપાવે, જે તપને લોકો પણ તપ તરીકે સમજે અને અન્ય દર્શનવાળા પણ પોતાની માન્યતા મુજબ જે તપને આચરે તે બાહ્ય તપ છે. તેના ૬ પ્રકાર છે. તે આ પ્રમાણે -

**(૧) અનશન** - અશન = આહાર કરવો. અનશન = આહારનો ત્યાગ. તેના ૨ પ્રકાર છે -

**(૧) ઈત્વર અનશન** - અલ્પકાળ માટે આહારનો ત્યાગ. તે મહાવીરસ્વામી ભગવાનના શાસનમાં નવકારસીથી છ માસ સુધીનો છે, ઋષભદેવ ભગવાનના શાસનમાં નવકારસીથી ૧ વર્ષ સુધીનો છે. મધ્યમ ૨૨ ભગવાનના શાસનમાં નવકારસીથી ૮ માસ સુધીનો છે.

**(૨) યાવત્કથિક અનશન** - જીવનના અંત સુધી આહારનો ત્યાગ કરવો. તેના ૩ ભેદ છે -

(૧) પાદપોપગમન અનશન.
(૨) ઇંગિતમરણ અનશન.
(૩) ભક્તપરિજ્ઞા અનશન.

આ ત્રણેનું સ્વરૂપ ૧૫૭મા દ્વારમાંથી જાણવું.

(૨) **ઊણોદરિકા** - ઊણોદરી = ન્યૂનતા. તેના ૨ પ્રકાર છે -

(૧) **દ્રવ્ય ઊણોદરી** - તે ૨ પ્રકારે છે -

(૧) **ઉપકરણવિષયક** - તે જિનકલ્પિકોને અને તેનો અભ્યાસ કરનારાને હોય છે. સ્થવિરકલ્પિકોને વધારાના ઉપકરણો ન રાખવા તે ઉપકરણવિષયક ઊણોદરી છે.

(૨) **ભક્તપાનવિષયક** - પોતાના આહારથી ઓછું ખાવું તે. આહારનું પ્રમાણ - પુરુષનો ૩૨ કોળિયા, સ્ત્રીનો ૨૮ કોળિયા. કોળિયાનું પ્રમાણ - કુકડીના ઈંડા જેટલું, અથવા મોઢાને વિકૃત કર્યા વિના મોઢામાં એકસાથે જેટલું નંખાય તેટલું.

ભક્તપાનવિષયક ઊણોદરીના ૫ પ્રકાર છે -

(૧) **અલ્પાહાર ઊણોદરી** - ૧ કોળિયાથી ૮ કોળિયા સુધી ખાવું તે.

જઘન્ય - ૧ કોળિયો

ઉત્કૃષ્ટ - ૮ કોળિયા

મધ્યમ - ૨ થી ૭ કોળિયા

(૨) **અપાર્ધ ઊણોદરી** - ૯ કોળિયાથી ૧૨ કોળિયા સુધી ખાવું તે.

જઘન્ય - ૯ કોળિયા

ઉત્કૃષ્ટ - ૧૨ કોળિયા

મધ્યમ - ૧૦-૧૧ કોળિયા

(૩) **દ્વિભાગ ઊણોદરી** - ૧૩ કોળિયાથી ૧૬ કોળિયા સુધી ખાવું તે.

જઘન્ય - ૧૩ કોળિયા

ઉત્કૃષ્ટ - ૧૬ કોળિયા

મધ્યમ - ૧૪-૧૫ કોળિયા

(૪) **પ્રાપ્ત ઊણોદરી** - ૧૭ કોળિયાથી ૨૪ કોળિયા સુધી ખાવું તે.

જઘન્ય - ૧૭ કોળિયા.

ઉત્કૃષ્ટ - ૨૪ કોળિયા.

મધ્યમ - ૧૮ થી ૨૩ કોળિયા

(૫) **કિંચિદ્ ઊણોદરી** - ૨૫ કોળિયાથી ૩૧ કોળિયા સુધી ખાવું તે.

જઘન્ય - ૨૫ કોળિયા

ઉત્કૃષ્ટ - ૩૧ કોળિયા

મધ્યમ - ૨૬ થી ૩૦ કોળિયા

આ પ્રમાણે પાણીમાં પણ સમજવું.

સ્ત્રીઓ માટે પણ પુરુષોની જેમ સમજવું.

(૨) **ભાવ ઊણોદરી** - ક્રોધ વગેરેનો ત્યાગ કરવો તે.

(૩) **વૃત્તિસંક્ષેપ** - દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ગોચરીના અભિગ્રહ લેવા. તે આ પ્રમાણે -

(૧) **દ્રવ્ય અભિગ્રહ** - ૧, ૨, ૩ વગેરે દ્રવ્યો જ લેવા, લેપકૃત દ્રવ્યો જ લેવા, ભાલાની અણી પર રહેલ ખાખરા વગેરે જ લેવા વગેરે.

(૨) **ક્ષેત્ર અભિગ્રહ** - ૧, ૨, ૩ વગેરે ઘરોમાંથી જ લેવું, પોતાના ગામમાંથી કે બીજા ગામમાંથી જ લેવું, પેટા-અર્ધપેટા વગેરે ગોચરીભૂમિથી જ લેવું, દાતાનો એક પગ ડેલીની બહાર હોય અને એક પગ ડેલીની અંદર હોય તો જ લેવું વગેરે. ગોચરભૂમિ ૮ છે - ઋજુ, ગત્વાપ્રત્યાગતિ, ગોમૂત્રિકા, પતંગવીથિ, પેટા, અર્ધપેટા, અભ્યંતરશંબૂકા, બાહ્યશંબૂકા.

(૩) **કાળ અભિગ્રહ** - બપોર પહેલા, બપોરે, બપોર પછી વગેરે સમયે કે બધા ભિક્ષાચરો પાછા ફરી ગયા પછી ગોચરી માટે જવું વગેરે.

(૪) **ભાવ અભિગ્રહ** - હસતો, ગાતો, રડતો, બંધાયેલો વગેરે દાતા વહોરાવે તો જ વહોરવું વગેરે.

(૪) **રસત્યાગ** - દૂધ વગેરે વિગઈઓનો ત્યાગ કરવો તે.

(૫) **કાયક્લેશ** - શાસ્ત્રને વિરોધ ન આવે તેમ કાયાને કષ્ટ પહોંચાડવું તે. દા.ત. વીરાસન વગેરે આસન કરવા, શરીરની શુશ્રૂષા ન કરવી, લોચ કરવો વગેરે. કાયક્લેશથી સંસારવાસ પ્રત્યે નિર્વેદ (કંટાળો) થાય છે. વીરાસન વગેરેના ગુણો - કાયાનો નિરોધ, જીવદયા, પરલોક વિષે મતિ થાય, બીજાને બહુમાન થાય. લોચના ગુણો-સંગરહિતપણું, પૂર્વકર્મ-પશ્ચાત્કર્મનું વર્જન, સહનશીલતા, નરક વગેરેની ભાવનાથી ભવનિર્વેદ.

(૬) **સંલીનતા** - ગુપ્તપણું. તેના ૪ પ્રકાર છે -

(૧) **ઇન્દ્રિયસંલીનતા** - પાંચ ઇન્દ્રિયોના અનુકૂળ-પ્રતિકૂળ વિષયોમાં રાગ-દ્વેષ ન કરવા.

(૨) **કષાયસંલીનતા** - ઉદયમાં આવેલા કષાયોને નિષ્ફળ કરવા અને ઉદયમાં નહીં આવેલા કષાયોનો ઉદય અટકાવવો.

(૩) **યોગસંલીનતા** - મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિને અટકાવવી અને શુભ પ્રવૃત્તિની ઉદીરણા કરવી.

(૪) **વિવિક્તશયનાસનતા** - સ્ત્રી, પશુ, નપુંસક વગેરેથી રહિત એવા ઉદ્યાન વગેરેમાં રહેવું.

**આભ્યંતર તપ** - જે તપને લોકો જાણી ન શકે, જે તપને અન્ય દર્શનવાળા આચરતા નથી, જે તપ મોક્ષપ્રાપ્તિનું નજીકનું કારણ છે, જે તપ અંદરના કર્મોને તપાવે છે, જે તપને અંતર્મુખ એવા ભગવાન જ જાણી શકે તે આભ્યંતર તપ છે. તે છ પ્રકારનો છે. તે આ પ્રમાણે છે -

**(૧) પ્રાયશ્ચિત્ત** - મૂળગુણ અને ઉત્તરગુણના અતિચારો જનિત કર્મરૂપી મેલથી મલિન જીવને જે નિર્મળ કરે તે પ્રાયશ્ચિત્ત. તેના ૧૦ પ્રકાર છે. તે આ પ્રમાણે -

| | |
|---|---|
| (૧) આલોચન | (૬) તપ |
| (૨) પ્રતિક્રમણ | (૭) છેદ |
| (૩) મિશ્ર | (૮) મૂલ |
| (૪) વિવેક | (૯) અનવસ્થાપ્ય |
| (૫) વ્યુત્સર્ગ | (૧૦) પારાંચિત. |

આ ૧૦ પ્રકારના પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ ૯૮મા દ્વારમાં કહેવાશે.

**(૨) વિનય** - જેનાથી આઠ પ્રકારના કર્મ ખપે તે વિનય. તેના ૭ પ્રકાર છે. તે આ પ્રમાણે -

**(૧) જ્ઞાનવિનય** - તે ૫ પ્રકારનો છે -

મતિજ્ઞાન વગેરે ૫ જ્ઞાનોની

(૧) શ્રદ્ધા કરવી.

(૨) ભક્તિ કરવી.

(૩) બહુમાન કરવું.

(૪) તેમાં કહેલ પદાર્થોની સારી રીતે ભાવના કરવી (આત્મસાત્ કરવા).

(૫) વિધિપૂર્વક ગ્રહણ કરીને અભ્યાસ કરવો.

**(૨) દર્શનવિનય** - તેના ૨ પ્રકાર છે -

**(૧) શુશ્રૂષણા વિનય** - તે દર્શનગુણથી અધિકનો કરાય છે. તેના ૧૦ પ્રકાર છે -

**(૧) સત્કાર કરવો** - સ્તવન, વંદન વગેરે.

(૨) **અભ્યુત્થાન** - વિનય કરવાને યોગ્યના દર્શન થતા જ આસન છોડી ઊભા થવું.

(૩) **સન્માન કરવું** - વસ્ત્ર, પાત્રા વગેરેથી પૂજા કરવી.

(૪) **આસનાભિગ્રહ** - ગુરુ ઊભા હોય ત્યારે આદરપૂર્વક આસન લાવીને 'અહીં બિરાજો.' એમ કહેવું.

(૫) **આસનઅનુપ્રદાન** - ગુરુનું આસન એક સ્થાનથી બીજા સ્થાને લઈ જવું.

(૬) **કૃતિકર્મ** - વંદન કરવું.

(૭) **અંજલિગ્રહ** - બે હાથ જોડવા.

(૮) **અનુગમન** - ગુરુ આવતા હોય ત્યારે લેવા જવું.

(૯) **પર્યુપાસન** - ગુરુ સ્થિર હોય (રહેલા હોય) ત્યારે તેમની સેવા કરવી.

(૧૦) **અનુવ્રજન** - ગુરુ જતા હોય ત્યારે વળાવવા જવું.

(૨) **અનાશાતનાવિનય** - તે ૧૫ પ્રકારે છે -

| | | | |
|---|---|---|---|
| (૧) તીર્થંકર | (૨) ધર્મ | (૩) આચાર્ય | (૪) ઉપાધ્યાય |
| (૫) સ્થવિર | (૬) કુલ | (૭) ગણ | (૮) સંઘ |

(૯) સાંભોગિક - એક સામાચારીવાળા સાધુભગવંતો

(૧૦) ક્રિયાવાન - ક્રિયા = આસ્તિકપણું

(૧૧) મતિજ્ઞાન

(૧૨) શ્રુતજ્ઞાન

(૧૩) અવધિજ્ઞાન

(૧૪) મનઃપર્યવજ્ઞાન

(૧૫) કેવળજ્ઞાન

આ ૧૫ ની

(૧) ભક્તિ કરવી - બાહ્ય સેવા કરવી.

(૨) બહુમાન કરવું - અંદરથી વિશેષ પ્રીતિ રાખવી.

(૩) વર્ણવાદ કરવા - ગુણાનુવાદ કરવા.

**(૩) ચારિત્રવિનય** - સામાયિક વગેરે ચારિત્રની શ્રદ્ધા કરવી, કાયાથી સ્પર્શના કરવી, બધા જીવો સન્મુખ પ્રરૂપણા કરવી.

**(૪) મનવિનય** - અશુભ મનને અટકાવવું, શુભ મનને પ્રવર્તાવવું.

**(૫) વચનવિનય** - અશુભ વચનને અટકાવવું, શુભ વચનને પ્રવર્તાવવું.

**(૬) કાયવિનય** - અશુભ કાયાને અટકાવવી, શુભ કાયાને પ્રવર્તાવવી.

**(૭) ઔપચારિકવિનય** - ઉપચાર = વિશેષ પ્રકારની સુખકારી ક્રિયા. તેનાથી કરાતો વિનય તે ઔપચારિકવિનય. તે ૭ પ્રકારનો છે -

**(૧) અભ્યાસસ્થાન** - ગુરુની નજીકમાં રહેવું.

**(૨) છંદોઽનુવર્તન** - ગુરુની ઇચ્છાને અનુસરવું.

**(૩) કૃતપ્રતિકૃતિ** - 'આહાર-પાણી વગેરેથી સેવા કરાયેલા ગુરુ સૂત્રાર્થ વગેરે આપીને મારી ઉપર ઉપકાર કરશે.' એમ વિચારીને, માત્ર નિર્જરા માટે નહીં, ગુરુને આહાર-પાણી વગેરે આપવા.

**(૪) કાર્યનિમિત્તકરણ / કારિતનિમિત્તકરણ** - 'ગુરુએ મને શ્રુત આપ્યું છે.' એમ વિચારીને વિશેષ રીતે ગુરુનો વિનય કરવો અને તેમનું કાર્ય કરવું.

(૫) **દુઃખાર્તગવેષણ** - દુઃખથી પીડાયેલાને ઔષધ વગેરે આપીને તેની ઉપર ઉપકાર કરવો.

(૬) **દેશકાલજ્ઞાન** - અવસરને જાણવાપણું.

(૭) **અનુમતિ** - ગુરુને બધી બાબતોમાં અનુકૂળ બનવું.

અથવા વિનયના ૫૨ પ્રકાર છે. તે ૬૫ મા દ્વારમાં કહેવાશે.

(૩) **વૈયાવચ્ચ** - ધર્મની સાધના કરવા માટે વિધિપૂર્વક અન્ન વગેરે આપવા.

(૪) **સ્વાધ્યાય** - કાળવેળાના ત્યાગરૂપ મર્યાદા વડે કે પોરિસીની મર્યાદા વડે અધ્યયન કરવું તે સ્વાધ્યાય. તેના ૫ પ્રકાર છે -

(૧) **વાચના** - શિષ્યને ભણાવવું.

(૨) **પૃચ્છના** - પૂર્વે ભણેલા સૂત્ર વગેરેમાં શંકા પડે તો પૂછવું.

(૩) **પરાવર્તના** - સૂત્ર ભૂલાઈ ન જાય એટલા માટે ઘોષ વગેરેથી વિશુદ્ધ રીતે સૂત્રને ગણવું (પાઠ કરવો).

(૪) **અનુપ્રેક્ષા** - સૂત્રના અર્થનું મનથી ચિંતન કરવું.

(૫) **ધર્મકથા** - ભણેલા શ્રુતનું બીજાને વ્યાખ્યાન કરવું.

(૫) **ધ્યાન** - અંતર્મુહૂર્ત માટે ચિત્તની એકાગ્રતા તે ધ્યાન. તે ૪ પ્રકારે છે -

(૧) **આર્તધ્યાન** - તે દુઃખના કારણે થાય છે. તે ૪ પ્રકારે છે -

(૧) **અનિષ્ટસંયોગચિંતન** - અશુભ શબ્દ વગેરે વિષયો અને તેના આશ્રયરૂપ કાગડા વગેરેના વિયોગનું ચિંતન કરવું કે ભવિષ્યમાં સંયોગ ન થાય તેનું ચિંતન કરવું.

(૨) **વેદનાચિંતન** - વેદનાના વિયોગની પ્રાર્થના કરવી અને ભવિષ્યમાં સંયોગ ન થાય તેવી પ્રાર્થના કરવી.

(૩) **ઈષ્ટવિયોગચિંતન** - ઈષ્ટ શબ્દ વગેરે વિષયો અને સાતાનો વિયોગ ન થાય તેવી પ્રાર્થના કરવી અને ભવિષ્યમાં સંયોગ થાય તેવી પ્રાર્થના કરવી.

(૪) **નિયાણું** - દેવેન્દ્રપણું, ચક્રવર્તીપણું વગેરેની પ્રાર્થના કરવી.

આર્ત્તધ્યાનના લક્ષણ - શોક, આક્રંદ, પોતાના શરીરને પીટવું, વિલાપ કરવો વગેરે.

આર્ત્તધ્યાન તિર્યંચગતિનું કારણ છે.

(૨) **રૌદ્રધ્યાન** - બીજાને રડાવે તેવી જીવહિંસા વગેરે પ્રવૃત્તિ કરનાર જે ધ્યાન કરે તે રૌદ્રધ્યાન. તેના ૪ પ્રકાર છે -

(૧) **હિંસાનુબંધી** - જીવોના વધ, વીંધવું, બાંધવું, બાળવા, આંકવા, મારવા વગેરેનું ચિંતન.

(૨) **મૃષાનુબંધી** - ચાડી ખાનારા, અસભ્ય, ખોટા, જીવોનો ઘાત થાય વગેરેના વચનનું ચિંતન.

(૩) **સ્તેયાનુબંધી** - તીવ્ર ક્રોધ અને લોભને વશ થઈને પરલોકના નુકસાન વિચાર્યા વિના, જીવહિંસા થાય તેવા બીજાના ધનને હરવાનું ચિંતન.

(૪) **સંરક્ષણાનુબંધી** - બધાની શંકા કરવી, પરંપરાએ જીવહિંસા કરનારા શબ્દ વગેરે વિષયોવાળા દ્રવ્યોને સાચવવાનું ચિંતન.

રૌદ્રધ્યાનના લિંગો - વધ વગેરે.

રૌદ્રધ્યાન નરકગતિનું કારણ છે.

(૩) **ધર્મધ્યાન** - ક્ષમા વગેરે દશ પ્રકારના ધર્મથી યુક્ત એવું ધ્યાન તે ધર્મધ્યાન. તે ૪ પ્રકારે છે -

(૧) **આજ્ઞાવિચય** - સર્વજ્ઞ ભગવાનની આજ્ઞાનું ચિંતન.

(૨) **અપાયવિચય** - રાગ, દ્વેષ, કષાય, ઇન્દ્રિયને વશ થયેલા જીવોના નુકસાનોનું ચિંતન.

(૩) **વિપાકવિચય** - જ્ઞાનાવરણ વગેરે કર્મોના શુભ અને અશુભ ફળોનું ચિંતન.

(૪) **સંસ્થાનવિચય** - પૃથ્વી, વલયાકાર દ્વીપો-સમુદ્રો વગેરેના સંસ્થાન વગેરે ધર્મોનું ચિંતન.

ધર્મધ્યાનના લિંગો - જિનેશ્વર ભગવંતે કહેલ પદાર્થોની શ્રદ્ધા વગેરે.

ધર્મધ્યાન દેવગતિ વગેરે ફળને સાધી આપે છે.

(૪) **શુક્લધ્યાન** - આઠ પ્રકારના કર્મરૂપી મેલને અને શોકને દૂર કરે તે શુક્લધ્યાન. તે ૪ પ્રકારે છે -

(૧) **પૃથક્ત્વવિતર્કસવિચાર** - પૂર્વધર મહર્ષિને પૂર્વશ્રુતના આધારે જુદા જુદા દ્રવ્ય-પર્યાયોનું અર્થ, વ્યંજન (શબ્દ) અને યોગની પરાવૃત્તિવાળુ ધ્યાન તે પૃથક્ત્વવિતર્કસવિચાર.

(૨) **એકત્વવિતર્કઅવિચાર** - પૂર્વધર મહર્ષિને પૂર્વશ્રુતના આધારે દ્રવ્યના એક પર્યાયનું અર્થ, વ્યંજન અને યોગની પરાવૃત્તિ વિનાનું અભેદપ્રધાન ચિંતન તે એકત્વવિતર્કઅવિચાર.

(૩) **સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી** - કેવળજ્ઞાની ભગવંતને મનોયોગ-વચનયોગનો તથા શ્વાસોચ્છ્વાસનો નિરોધ થયા પછી સૂક્ષ્મ કાયયોગના આલંબનથી બાદર કાયયોગનો નિરોધ કરતા સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી શુક્લધ્યાન હોય છે.

(૪) **વ્યુપરતક્રિયા અનિવૃત્તિ** - મન-વચન-કાયાના યોગોથી રહિત કેવળજ્ઞાની ભગવંતને શૈલેશી અવસ્થામાં વ્યુપરતક્રિયા અનિવૃત્તિ શુક્લધ્યાન હોય છે.

શુક્લધ્યાનના લિંગો - અવધ (વધ ન કરવો), અસંમોહ (મોહ ન પામવો) વગેરે.

શુક્લધ્યાનથી મોક્ષ વગેરે ફળ મળે છે.

આર્તધ્યાન - રૌદ્રધ્યાન બંધના કારણ હોવાથી તપરૂપ નથી.

ધર્મધ્યાન-શુક્લધ્યાન નિર્જરાના કારણ હોવાથી તપરૂપ છે.

(૬) **ઉત્સર્ગ** - ત્યાગ કરવા યોગ્યનો ત્યાગ તે ઉત્સર્ગ. તે ૨ પ્રકારે છે -

(૧) **બાહ્ય ઉત્સર્ગ** - વધારાની ઉપધિ, દોષિત કે જીવોથી યુક્ત અન્ન-પાણીનો ત્યાગ કરવો તે. મન-વચન-કાયાની પ્રવૃત્તિઓનો ત્યાગ કરી અમુક નિશ્ચિત પ્રકારના ધ્યાનમાં રહેવું તે પણ બાહ્ય ઉત્સર્ગ છે.

(૨) **આભ્યંતર ઉત્સર્ગ** - કષાયોનો ત્યાગ કરવો અને મરણસમયે શરીરનો ત્યાગ કરવો તે.

પ્રાયશ્ચિત્તમાં ઉત્સર્ગ કહ્યો છે તે અતિચારની વિશુદ્ધિ માટે કહ્યો છે. અહીં સામાન્યથી નિર્જરા માટે ઉત્સર્ગ કહ્યો છે.

(૭) **વીર્યાચારના ૩ અતિચાર** -

મન-વચન-કાયાથી પાપમાં પ્રવૃત્તિ કરવી તે.

(૮) **સમ્યક્ત્વના ૫ અતિચાર** -

(૧) **શંકા** - મતિમંદતાને લીધે ન સમજાવાથી અરિહંત ભગવાને કહેલા પદાર્થોમાં શંકા કરવી તે. તેનાથી અરિહંત ભગવાનના વચન પર અવિશ્વાસ થાય છે. શંકા ૨ પ્રકારની છે -

(૧) **દેશશંકા** - એક પદાર્થના એક દેશ(અંશ)ની શંકા. દા.ત. જીવ છે પણ સર્વવ્યાપી છે કે દેશવ્યાપી છે ? પ્રદેશવાળો છે કે પ્રદેશ વિનાનો છે.

**(૨) સર્વશંકા** - સર્વ સંબંધી શંકા. દા.ત. ધર્મ છે કે નહીં ? માત્ર આગમથી જણાતા પદાર્થો આપણા પ્રમાણોથી સિદ્ધ થતા નથી. છતાં તીર્થંકર ભગવાને કહ્યા હોવાથી તેમની શંકા ન કરવી.

(૧) મતિમંદતાને લીધે,

(૨) સમજાવનાર તેવા આચાર્ય ન મળવાથી,

(૩) જાણવા યોગ્ય પદાર્થો ગહન હોવાથી,

(૪) જ્ઞાનાવરણ કર્મના ઉદયને લીધે,

(૫) હેતુ, ઉદાહરણ ન મળવાથી,

આ બધા કારણોસર સર્વજ્ઞ ભગવાનનો મત બરાબર ન સમજાય તો આમ વિચારવું -

(૧) કોઈએ ઉપકાર ન કર્યો હોવા છતાં બીજા પર અનુગ્રહ કરનારા તીર્થંકર ભગવંતો રાગ, દ્વેષ, મોહ વિનાના હોવાથી ખોટું બોલતા નથી.

(૨) સૂત્રમાં કહેલ એક અક્ષર ઉપર પણ અશ્રદ્ધા કરનારને અરિહંત ભગવાન પર અવિશ્વાસ હોવાથી તે મિથ્યાદૃષ્ટિ છે અને મિથ્યાત્વ એ સંસારનું પહેલું કારણ છે.

**(૨) કાંક્ષા** - અન્ય અન્ય દર્શનોની ઇચ્છા કરવી તે. તેનાથી અરિહંત ભગવાનના વચન પર અવિશ્વાસ થાય છે. તે ૨ પ્રકારની છે -

**(૧) સર્વકાંક્ષા** - બધા પાખંડી ધર્મોની ઇચ્છા.

**(૨) દેશકાંક્ષા** - એક વગેરે ધર્મની ઇચ્છા.

**(૩) વિચિકિત્સા** - ફળની શંકા કરવી તે. તેનાથી અરિહંત ભગવાનના વચન પર અવિશ્વાસ થાય છે. દા.ત. મને આ દુષ્કર તપનું ફળ મળશે કે નહીં ? શંકાનો વિષય દ્રવ્ય-ગુણ છે, વિચિકિત્સાનો વિષય ક્રિયાનું ફળ છે. તેથી બન્નેમાં ભેદ છે.

અથવા વિચિકિત્સા એટલે સાધુની નિંદા. દા.ત. 'આ સાધુઓ મલિન અને ગંધાતા શરીરવાળા છે. અચિત્ત પાણીથી તેઓ સ્નાન કરે તો શું દોષ લાગે ?' વિચિકિત્સાથી ભગવાનના ધર્મ પર અવિશ્વાસ થાય છે.

(૪) **અન્યતીર્થિકપ્રશંસા** - અન્ય દર્શનવાળાની પ્રશંસા કરવી.

(૫) **પરતીર્થિકોપસેવન** - અન્ય દર્શનવાળાની સાથે એકસ્થાનમાં રહીને પરસ્પર વાર્તાલાપથી પરિચય કરવો.

પૂર્વે દર્શનના અતિચારોમાં નિઃશંકિતત્વાભાવ, નિષ્કાંક્ષિતત્વાભાવ અને નિર્વિચિકિત્સાભાવ રૂપ અતિચાર કહ્યા તે અભાવરૂપે કહ્યા, અહીં શંકા, કાંક્ષા અને વિચિકિત્સારૂપ અતિચાર કહ્યા તે સદ્ભાવરૂપે કહ્યા.

આ અતિચારો વ્યવહારનયના મતે સમજવા. નિશ્ચયનયના મતે તો તેમનાથી સમ્યક્ત્વનો અભાવ જ થાય છે.

(૯) **૧૨ વ્રતના દરેકના ૫ અતિચાર** -

**૫ અણુવ્રતના અતિચારો** -

(૧) **પ્રાણાતિપાતવિરમણવ્રતના ૫ અતિચાર** -

(૧) **અન્નપાનવ્યવચ્છેદ** - ગુસ્સા વગેરેથી મનુષ્યો-તિર્યંચોના અન્ન-પાણીનો નિષેધ કરવો તે. રોગી અને નહીં ભણતા પુત્ર વગેરે પરની હિતબુદ્ધિથી તેમને ઉપવાસ કરાવવામાં અતિચાર નથી.

(૨) **બંધ** - ગુસ્સા વગેરેથી દોરડા વગેરે વડે ગાય, મનુષ્ય વગેરેને બાંધવા તે.

(૩) **વધ** - ગુસ્સા વગેરેથી લાકડી વગેરે વડે મારવું.

(૪) **અતિભારારોપણ** - ગુસ્સાથી કે લોભથી ગાય, ઊંટ, ગધેડા, મનુષ્ય વગેરેના ખભા, પીઠ કે માથા પર વહન ન કરી શકે તેટલો ભાર ઊંચકાવવો તે.

(૫) **છવિચ્છેદ** - ગુસ્સા વગેરેથી ચામડી વગેરે શરીરના અંગો

છેદવા તે. ઉપલક્ષણથી મંત્ર-તંત્રનો પ્રયોગ વગેરે અન્ય અતિચારો પણ જાણવા.

**આવશ્યકચૂર્ણિ** વગેરેમાં આ પ્રમાણે વિધિ કહી છે -

(૧) **બંધ** - તે દ્વિપદ (મનુષ્ય) અને ચતુષ્પદ (પશુ)નો થાય છે. તે બે પ્રકારે છે -

(૧) **નિરર્થક** - પ્રયોજન વિના બંધ કરવો તે. તે તજવો.

(૨) **સાર્થક** - કારણે બંધ કરવો તે. તે ૨ પ્રકારે છે -

(૧) **સાપેક્ષ** - દયાપૂર્વક બંધ કરવો તે. ચતુષ્પદને ઢીલા દોરડાથી બાંધવા જેથી દાવાનળ વગેરેમાં છોડી શકાય. દ્વિપદને એવી રીતે બાંધવા કે તે હાલી-ચાલી શકે, તેમનું રક્ષણ કરવું કે જેથી દાવાનળ વગેરેમાં ભાગી ન જાય. દ્વિપદ-ચતુષ્પદ એવા રાખવા જે બાંધ્યા વિના જ રહેતા હોય.

(૨) **નિરપેક્ષ** - નિર્દયતાપૂર્વક નિશ્ચલ અને ગાઢ બંધ કરવો તે. તે તજવો.

(૨) **છવિચ્છેદ** - તેના ૨ પ્રકાર છે -

(૧) **નિરર્થક** - પ્રયોજન વિના અંગોપાંગ છેદવા તે. તે વર્જવો.

(૨) **સાર્થક** - કારણે અંગોપાંગ છેદવા તે. તે ૨ પ્રકારે છે -

(૧) **સાપેક્ષ** - દયાપૂર્વક અંગ છેદવા તે. ગુમડુ, મસા વગેરે છેદવા કે બાળવા.

(૨) **નિરપેક્ષ** - નિર્દયતાપૂર્વક હાથ, પગ, કાન, નાક વગેરે છેદવા. તે વર્જવું.

(૩) **અતિભારારોપણ** - ઘણો ભાર ઊંચકાવવો તે. તેવી આજીવિકા તજવી. જો બીજી આજીવિકા ન હોય તો દ્વિપદ જેટલો ભાર સ્વયં ઊંચકી શકે અને ઊતારી શકે તેટલો વહન કરાવવો, ચતુષ્પદનો

ઉચિત ભાર કંઈક ઓછો કરવો, ઉચિત સમયે ગાડા વગેરેમાંથી છોડી દેવા.

(૪) **વધ** - પ્રહાર કરવો તે. તેના ૨ પ્રકાર છે -

(૧) **નિરર્થક** - પ્રયોજન વિના મારવું તે. તે વર્જવું.

(૨) **સાર્થક** - કારણે મારવું તે. તે ૨ પ્રકારે છે -

(૧) **સાપેક્ષ** - દયાપૂર્વક મારવું તે. શ્રાવકનો પ્રભાવ એવો જોઈએ કે તેની હાજરીથી જ ભયને લીધે કોઈ અવિનય ન કરે. જો કોઈ અવિનય કરે તો મર્મસ્થાનો છોડીને લાતથી કે દોરડાથી ૧ વાર કે ૨ વાર મારે.

(૨) **નિરપેક્ષ** - નિર્દયતાપૂર્વક મારવું તે. તે વર્જવું.

(૫) **અન્નપાનનિરોધ** - શ્રાવકે આશ્રિતોને ભોજન આપીને જમવું. અન્ન વગેરેનો નિષેધ ન કરવો. અન્ન વગેરેનો નિષેધ કરવાથી તીવ્ર ભુખવાળો મરી જાય છે. તે ૨ પ્રકારે છે -

(૧) **નિરર્થક** - પ્રયોજન વિના અન્ન વગેરેનો નિરોધ કરવો તે. તે વર્જવું.

(૨) **સાર્થક** - કારણે અન્ન વગેરેનો નિરોધ કરવો તે. તે ૨ પ્રકારે છે -

(૧) **સાપેક્ષ** - દયાપૂર્વક અન્ન વગેરેનો નિષેધ કરવો તે. રોગની ચિકિત્સા માટે અન્ન વગેરે ન આપવા, અપરાધીને માત્ર વાણીથી કહેવું કે, 'આજે તને ભોજન વગેરે નહીં મળે.' શાંતિ માટે ઉપવાસ કરાવવો.

(૨) **નિરપેક્ષ** - નિર્દયતાપૂર્વક અન્ન વગેરેનો નિરોધ કરવો તે. તે વર્જવું.

બંધ વગેરે હિંસાના ઉપાય હોવાથી હિંસાના ત્યાગમાં બંધ વગેરેનો ત્યાગ પણ આવી જાય છે. ગુસ્સા વગેરેથી બીજાના મરણને વિચાર્યા વિના બંધ વગેરે કરે અને બીજા ન મરે તો નિર્દયતા, ત્યાગની

ઉપેક્ષા કરવાથી અંદરથી વ્રતનો ભંગ થાય અને હિંસા ન થઈ હોવાથી બહારથી વ્રતનું પાલન થાય. આમ દેશથી વ્રતનો ભંગ અને દેશથી વ્રતનું પાલન થવાથી અતિચાર કહેવાય.

(૨) **મૃષાવાદવિરમણવ્રતના ૫ અતિચાર** -

(૧) **સહસા કલંકન** - અનાભોગ વગેરેથી વિચાર્યા વિના બીજા પર ખોટા દોષનું આરોપણ કરવું.

(૨) **રહસ્યદૂષણ** - કોઈની ગુપ્ત વાત આકાર-ઇંગિત વગેરેથી જાણીને બીજાને કહેવી. અથવા ચાડી ખાવી કે જેથી બે વ્યક્તિની પ્રીતિ નાશ પામે.

(૩) **દારમંત્રભેદ** - પત્ની, મિત્ર વગેરેએ કહેલી ગુપ્ત વાત બીજાને કહેવી. તે સાચી હોવા છતાં પત્ની વગેરેનું મૃત્યુ થવાની સંભાવના હોવાથી હકીકતમાં અસત્ય છે.

(૪) **કૂટલેખ** - અનાભોગ, સહસાકાર, અતિક્રમ વગેરેથી ખોટા લેખ લખવા.

(૫) **મૃષોપદેશ** - બીજાનો વૃત્તાંત કહીને બીજાને ખોટું બોલવાની શિખામણ આપવી.

ઉપલક્ષણથી માયાપૂર્વક શાસ્ત્રો ભણાવવા એ પણ અતિચાર છે.

(૩) **અદત્તાદાનવિરમણવ્રતના ૫ અતિચાર** -

(૧) **ચૌરાનીતાદાન** - ચોરોએ લાવેલ સોનું, વસ્ત્ર વગેરે મૂલ્યથી કે મફતમાં લેવું. પોતે એમ માનતો હોય કે, 'હું વેપાર કરું છું.' તેથી અતિચાર છે.

(૨) **ચૌરપ્રયોગ** - ચોરોને ચોરી કરવાની પ્રેરણા કરવી, ચોરોને કોશ, કાતર, ઘંટડી વગેરે ચોરી કરવાના સાધનો આપવા, ચોરી કરવાના સાધનો વેંચવા. 'તમે કેમ એમ જ બેઠા છો ? જો તમારી પાસે

ભોજન વગેરે ન હોય તો હું આપું. તમે લાવેલ ચોરીનો માલ હું વેંચી આપીશ.' આમ કહીને આડકતરી રીતે ચોરોને પ્રેરણા કરવાથી અતિચાર લાગે.

(૩) **કૂટમાનતુલકરણ** - ખોટા માપ-તોલ કરવા, અલ્પ માપથી આપવું - અધિક માપથી લેવું.

(૪) **રિપુરાજ્યવ્યવહાર** - વ્યવસ્થા ઓળંગીને દુશ્મનના રાજ્યમાં જઈને વેપાર કરવો. પોતે એમ માનતો હોય કે, 'હું વેપાર કરું છું.' અને લોકોમાં ચોર તરીકે ગણાય નહીં, તેથી અતિચાર લાગે.

(૫) **સદૃશયુતિ** - સરખી વસ્તુની ભેળસેળ કરવી. દા.ત. ડાંગરમાં ફોતરા, ઘીમાં ચરબી, તેલમાં મૂત્ર, શુદ્ધ સોના-ચાંદીમાં નકલી સોના-ચાંદી ભેળવવા. પોતે એમ માનતો હોય કે, 'આ તો વેપારની કળા છે.' તેથી અતિચાર છે.

(૪) **સ્વદારાસંતોષપરદારાવિરમણવ્રતના ૫ અતિચાર** -

(૧) **ઈત્વરપરિગ્રહાભોગ** - ભાડુ આપીને અલ્પકાળ માટે સ્વીકારેલી વેશ્યાને ભોગવવી. પોતે ભાડુ આપ્યું હોવાથી તેને સ્વસ્ત્રી માનતો હોય. તેથી અતિચાર છે.

(૨) **અપરિગૃહીતાભોગ** - જેણે બીજાનું ભાડુ નથી લીધું એવી વેશ્યા, જેનો પતિ બહારગામ ગયો હોય તેવી સ્વચ્છંદ સ્ત્રી કે અનાથ સ્ત્રીને અનાભોગ, અતિક્રમ વગેરેથી ભોગવવી.

(૩) **તીવ્રકામાભિલાષ** - બીજા બધા કાર્યો છોડીને કામમાં એકાગ્ર થવું, લાંબા સમય સુધી સ્ત્રીને ભોગવવી, ચકલો જેમ વારંવાર ચકલી પર ચડે તેમ સ્ત્રી ઉપર વારંવાર ચડવું.

(૪) **અનંગક્રીડા** - સ્ત્રીના ગુહ્યઅંગને વારંવાર ખેંચવું, મોહનીય-કર્મના ઉદયથી વાળ ખેંચવા, મારવું, દાંત ભરાવવા, નખ ભરાવવા વગેરે

પ્રકારો વડે તેવી રીતે ક્રીડા કરવી કે પ્રબળ રાગ પેદા થાય.

અથવા મૈથુનના અંગો સિવાયના સ્તન, બગલ, સાથળ, મુખ વગેરે અંગોમાં ક્રીડા કરવી. તેનાથી ક્ષયરોગ થાય છે. મૈથુનમાત્રથી વેદોદય સહન થઈ શકે છે. તેથી તીવ્રકામાભિલાષ અને અનંગક્રીડાનો પણ અર્થાપત્તિથી નિષેધ થઈ જાય છે. વળી તેનાથી ક્ષય વગેરે રોગ થાય છે. આમ પ્રતિષિદ્ધના આચરણથી અને પોતાના નિયમનો ભંગ ન થવાથી અતિચાર લાગે છે.

**(૫) પરવિવાહકરણ** - કન્યાદાનના ફળને મેળવવા કે સ્નેહસંબંધ વગેરેથી પોતાના સંતાનો સિવાય બીજાના વિવાહ કરાવવા. પોતે એમ માનતો હોય કે 'હું લગ્ન જ કરાવું છું, મૈથુન નહીં.' તેથી અતિચાર છે.

સમ્યગ્દષ્ટિને અવ્યુત્પન્ન (અણસમજુ) અવસ્થામાં કન્યાદાનના ફળને મેળવવાની ઈચ્છા હોય. અનુગ્રહ માટે જેને વ્રત આપ્યા હોય તેવા ભદ્રકમિથ્યાદષ્ટિને પણ કન્યાદાનના ફળને મેળવવાની ઈચ્છા હોય.

પોતાના સંતાનોના વિવાહ કરાવવામાં પણ દોષ છે, છતાં તેને અહીં અતિચારરૂપ નથી કહ્યું, કેમકે તે ન કરાવે તો સંતાનો સ્વચ્છંદ થઈ જવાથી શાસનની હીલના થાય, વિવાહ થઈ જવાથી નિયંત્રણને લીધે સ્વચ્છંદ ન થાય.

કૃષ્ણમહારાજા અને ચેડા મહારાજાને પોતાના સંતાનોના વિવાહ નહીં કરાવવાનો નિયમ હતો, તેનું કારણ એ હતુ કે તેમના સંતાનોના વિવાહની ચિંતા કરનાર બીજા હાજર હતા.

**હરિભદ્રસૂરિનો મત** - સ્વદારસંતોષીને ૫ અતિચાર હોય છે. પરદારવર્જકને છેલ્લા ૩ અતિચાર હોય છે, પહેલા ૨ અતિચાર હોતા નથી, કેમકે ઈત્વરપરિગ્રહા વેશ્યા હોવાથી અને અપરિગૃહીતા અનાથ હોવાથી પરદારા નથી. તેથી તેમને ભોગવતા તેને અતિચાર ન લાગે. આ મત આગમને અનુસરનારો છે.

**કેટલાક આચાર્યોનો મત** - સ્વદારસંતોષીને પહેલો અતિચાર હોય છે, પૂર્વે કહ્યા મુજબ. પરદારવર્જકને બીજો અતિચાર હોય છે. અપરિગ્રહા એટલે વેશ્યા. તેણે બીજાનું ભાડું લીધું હોય ત્યારે તે પરદારા હોવાથી તેને ભોગવે તો પરદારવર્જકને બીજો અતિચાર લાગે. બાકીના ૩ અતિચાર બન્નેને હોય છે.

**બીજા કેટલાક આચાર્યોનો મત** - પરદારવર્જકને ૫ અતિચાર હોય છે. અલ્પકાળ માટે બીજાએ ભાડાથી રાખેલ વેશ્યા અપેક્ષાએ પરદારા હોવાથી તેને ભોગવે તો પરદારવર્જકને અતિચાર લાગે. અપરિગૃહીતા એવી અનાથ સ્ત્રી લોકમાં પરદારા તરીકે રૂઢ હોવાથી તેને ભોગવે તો પરદારવર્જકને અતિચાર લાગે. સ્વદારસંતોષીને છેલ્લા ૩ અતિચાર હોય છે, પહેલા ૨ અતિચાર હોતા નથી, કેમકે ઇત્વરપરિગૃહીતા અને અપરિગૃહીતાને ભોગવવાથી તેને વ્રતનો ભંગ થાય છે.

સ્ત્રીને સ્વપુરુષ સિવાય બધા પરપુરુષ હોવાથી સ્વપુરુષસંતોષ અને પરપુરુષવર્જન એ બન્નેમાં ભેદ નથી. તેથી તેણીને સ્વદારસંતોષી પુરુષની જેમ સ્વપુરુષસંબંધી છેલ્લા ૩ અતિચાર હોય છે, પહેલા ૨ અતિચાર હોતા નથી, કેમકે પરપુરુષને ભોગવવાથી તેણીને વ્રતનો ભંગ થાય છે.

અથવા સ્ત્રીને ૫ અતિચાર હોય છે. પોતાના પતિને ભોગવવાનો સપત્નીનો વારો હોય ત્યારે પોતે પોતાના પતિને ભોગવે તો પહેલો અતિચાર લાગે. અતિક્રમ વગેરેથી પરપુરુષ તરફ પ્રવૃત્તિ કરે તો બીજો અતિચાર લાગે. (અતિક્રમ = કોઈ આધાકર્મીનું નિમંત્રણ કરે તે સાંભળવું અને સ્વીકારવું, વગેરે. વ્યતિક્રમ = આધાકર્મી વહોરવા જવું, વગેરે. અતિચાર = આધાકર્મી વહોરવું, વગેરે. અનાચાર = આધાકર્મી વાપરવું, વગેરે. આ પ્રમાણે સર્વત્ર અતિક્રમ વગેરેની વ્યાખ્યા જાણવી.) અથવા બ્રહ્મચારિણી સ્ત્રી અતિક્રમ વગેરેથી સ્વપતિ તરફ પ્રવૃત્તિ કરે તો

બીજો અતિચાર લાગે. બાકીના ૩ અતિચાર સ્વદારસંતોષી પુરુષની જેમ સ્વપુરુષસંબંધી હોય છે.

**(૫) પરિગ્રહપરિમાણવ્રતના ૫ અતિચાર** -

(૧) **ક્ષેત્ર-વાસ્તુયોજન** - ક્ષેત્ર = અનાજ પેદા થવાની ભૂમિ. તે ૩ પ્રકારનું છે -

(૧) **સેતુક્ષેત્ર** - જે રહેંટ વગેરેના પાણીથી સિંચાય છે.

(૨) **કેતુક્ષેત્ર** - જેમાં વરસાદના પાણીથી અનાજ પાકે છે.

(૩) **ઉભયક્ષેત્ર** - જેમાં બન્ને પ્રકારના પાણીથી અનાજ પાકે છે.

**વાસ્તુ** = ઘર, દુકાન વગેરે અને ગામ, નગર વગેરે.

**ઘર** ૩ પ્રકારનું છે -

(૧) **ખાત** - ભૂમિ ખોદીને કરાયેલ હોય તે. દા.ત. ભોંયરું વગેરે.

(૨) **ઉચ્છ્રિત** - ભૂમિ ઉપર બાંધેલ હોય તે. દા.ત. મહેલ વગેરે.

(૩) **ખાતોચ્છ્રિત** - ભૂમિની નીચે અને ઉપર બંધાયેલ હોય તે. દા.ત. ભોંયરા ઉપર બાંધેલ મહેલ વગેરે.

પોતાના ખેતર, ઘર વગેરેની બાજુમાં બીજાએ આપેલ ખેતર, ઘર વગેરેને વાડ, ભીંત વગેરે કાઢીને પોતાના ખેતર, ઘર વગેરે સાથે જોડી દેવું તે અતિચાર છે.

(૨) **ચાંદી-સોનાનું સ્વજનને દાન** - નક્કી કરેલ પરિમાણથી વધુ ચાંદી-સોનું થઈ જાય તો 'નિયમ પૂરો થયા પછી પાછું લઈ લઈશ.' એમ વિચારી સ્વજનને તે રાખવા આપવું તે.

(૩) **ધન-ધાન્ય વગેરે બીજાના ઘરે રાખવા** -

ધન ૪ પ્રકારનું છે -

(૧) **ગણિમ** - ગણી શકાય તેવું. દા.ત. જાયફળ, સોપારી વગેરે.

(૨) **ધરિમ** - ધારણ કરી શકાય તેવું. દા.ત. કંકુ, ગોળ વગેરે.

(૩) **મેય** - માપી શકાય તેવું. દા.ત. ઘી, મીઠું વગેરે.

(૪) **પરિચ્છેદ્ય** - પરીક્ષા કરી શકાય તેવું દા.ત. રત્ન, વસ્ત્ર વગેરે.

ધાન્ય ૧૭ પ્રકારના છે -

| | | |
|---|---|---|
| (૧) ડાંગર | (૭) તલ | (૧૩) કલમ ચોખા |
| (૨) જવ | (૮) ચણા | (૧૪) તુવેર |
| (૩) મસૂર | (૯) અણુ (કાંગ) | (૧૫) વટાણા |
| (૪) ઘઉં | (૧૦) રાઈ | (૧૬) કળથી |
| (૫) મગ | (૧૧) કોદરા | (૧૭) શણ |
| (૬) અડદ | (૧૨) મકુષ્ઠક (રાની મગ) | |

ધન, ધાન્ય વગેરેનું પરિમાણ કર્યા પછી વધી જવાની સંભાવના દેખાતા 'નિયમ પૂરો થયા પછી કે જૂનું ખર્ચાયા પછી લઈ લઈશ.' એમ વિચારીને બીજાને ત્યાં રાખી મૂકવા તે.

**(૪) દ્વિપદચતુષ્પદગર્ભગ્રાહણ** -

દ્વિપદ = બે પગવાળા હોય તે. દા.ત. પત્ની, દાસી, દાસ, નોકર, સૈનિક વગેરે.

ચતુષ્પદ = ચાર પગવાળા હોય તે. દા.ત. હંસ, મોર, કુકડો, પોપટ, મેના, ચકોર, કબુતર વગેરે.

લીધેલા નિયમનો ભંગ થવાના ભયથી દ્વિપદ-ચતુષ્પદને થોડા કાળ પછી ગર્ભ ગ્રહણ કરાવવો તે.

**(૫) અલ્પધનવાળી કુપ્યની સંખ્યાને બહુધનવાળી કરવી** -

કુપ્ય = સોના-ચાંદી સિવાયના કાંસુ, લોઢુ, તાંબુ, સીસુ, કલાઈ,

વાંસના વાસણો, ચટાઈ, માંચી, માંચડો, રવૈયો, ગાદલુ, રથ, ગાડુ, હળ, માટીના વાસણ વગેરે.

થાળી વગેરેની સંખ્યા લીધેલા નિયમ કરતા વધી જાય તો અલ્પમૂલ્યવાળા થાળી વગેરેને ગાળીને બીજા થાળી વગેરે સાથે મેળવીને વધુ મૂલ્યવાળા કરવા તે અતિચાર છે.

**૩ ગુણવ્રતના અતિચારો -**

**(૬) દિગ્વિરતિવ્રતના ૫ અતિચાર -**

(૧) **તિર્યગ્દિગ્વ્યતિક્રમ** - પૂર્વ વગેરે તિરછી દિશામાં લીધેલા નિયમથી અનાભોગ વગેરેથી વધુ જવું તે. ચૈત્ય, સાધુના વંદન વગેરે માટે નિયમથી વધુ ભૂમિ સુધી સાધુની જેમ બારીકાઈથી ઉપયોગ રાખીને જવા છતાં ભંગ થતો નથી. એમ આગળ પણ જાણવું.

(૨) **અધોદિગ્વ્યતિક્રમ** - અધોગ્રામ, ભોયરું, કૂવા વગેરે નીચેની દિશામાં લીધેલા નિયમથી અનાભોગ વગેરેથી વધુ જવું તે.

(૩) **ઊર્ધ્વદિગ્વ્યતિક્રમ** - પર્વત, વૃક્ષ, શિખર વગેરે ઉપરની દિશામાં લીધેલા નિયમથી અનાભોગ વગેરેથી વધુ જવું તે.

(૪) **સ્મૃતિવિસ્મરણ** - કરેલા દિશાપરિમાણને અતિવ્યાકુળપણાને લીધે, પ્રમાદને લીધે, મંદબુદ્ધિને લીધે વગેરે કારણોસર ભૂલી જવું તે. આ અતિચાર બધા વ્રતોમાં જાણવો.

(૫) **ક્ષેત્રવૃદ્ધિ** - એક દિશાના ક્ષેત્રનું પરિમાણ બીજી દિશાના ક્ષેત્રના પરિમાણમાં નાંખી તેને વધારવું. અજ્ઞાનથી કે ભૂલથી તેટલા (વધારેલા) ક્ષેત્રમાં જાય તો ત્યાંથી જે મળ્યું હોય તેનો ત્યાગ કરવો.

**(૭) ભોગોપભોગવિરમણવ્રતના ૫ અતિચાર -**

શ્રાવકે પ્રાયઃ નિરવદ્ય આહાર વાપરવો જોઈએ. તે અપેક્ષાએ આ

અતિચાર જાણવા -

(૧) **અપક્વાહાર** - અગ્નિ વગેરેથી અચિત્ત નહીં થયેલા ડાંગર, ઘઉં, ઔષધ વગેરેને અનાભોગ, અતિક્રમ વગેરેથી વાપરવા. અથવા લોટ વાપરવો તે અતિચાર, તેમાં સચિત્ત દાણાની સંભાવના હોવાથી.

(૨) **દુષ્પક્વાહાર** - અડધા રંધાયેલા પવા, ચોખા, જવ, ઘઉં, ખાખરા, કોરડુ મગ, ફળ વગેરે વાપરવા. તેનાથી શરીરને પણ નુકસાન થાય છે અને જેટલા અંશે સચિત્ત હોય તેની વિરાધના પણ થાય છે. પોતે એમ માનતો હોય કે આ અચિત્ત છે. તેથી અતિચાર છે.

(૩) **સચિત્તભોજન** - અનાભોગથી, અતિક્રમ વગેરેથી સચિત્ત કંદમૂળ, ફળ વગેરે, પૃથ્વીકાય વગેરેમાં ભોજનસંબંધી પ્રવૃત્તિ કરવી. અથવા અડધા કુટેલા ચિંચિણીના પાન કે અચિત્ત નહીં થયેલ ગરમ પાણી વાપરવું. પહેલો-બીજો અતિચાર ડાંગર વગેરે ઔષધિ સંબંધી છે. ત્રીજો-ચોથો અતિચાર સચિત્ત કંદ, ફળ વગેરે સંબંધી છે.

(૪) **સચિત્તપ્રતિબદ્ધભોજન** - અનાભોગ વગેરેથી સચિત્ત વૃક્ષ પર લાગેલા ગુંદા વગેરે વાપરવા કે અંદર બીજવાળા ખજુર, આંબા વગેરે પાકા ફળો વગેરે વાપરવા. અથવા 'બીજ ફેંકી દઈશ અને ગર્ભ ખાઈ જઈશ.' એમ વિચારીને પાકેલી ખજુર વગેરે વાપરવી.

(૫) **તુચ્છૌષધિભક્ષણ** - અનાભોગ, અતિક્રમ વગેરેથી નહીં પાકેલી કાચી મગફળી વગેરે વાપરવી. કાચી મગફળી વિશિષ્ટ તૃપ્તિ ન કરતી હોવાથી તુચ્છ છે. મગફળી વગેરે ઔષધિને અચિત્ત કરીને વાપરવી એ પણ અતિચાર છે, કેમકે તેનાથી તૃપ્તિ થતી નથી.

એ જ રીતે રાત્રિભોજનત્યાગના વ્રતમાં, માંસ વગેરેના ત્યાગના વ્રતમાં અનાભોગ, અતિક્રમ વગેરેથી અતિચાર લાગે છે.

તત્ત્વાર્થમાં સાતમા વ્રતના ૫ અતિચાર આ રીતે બતાવ્યા છે -

સચિત્ત, સચિત્તસંબદ્ધ, સંમિશ્ર, અભિષવ અને દુષ્પક્વાહાર. આમાં સચિત્ત, સચિત્તસંબદ્ધ અને દુષ્પક્વાહાર ઉપર મુજબ જ છે. બાકીના બે આ પ્રમાણે જાણવા -

**સંમિશ્રાહાર** - અનાભોગ, અતિક્રમ વગેરેથી સચિત્તવસ્તુથી મિશ્ર આહાર કરવો તે. દા.ત. આદુ, દાડમના બીજ, કરવંદા વગેરેથી મિશ્ર પૂરણ વગેરે વાપરવા, તલથી મિશ્ર જવધાણા વગેરે વાપરવા. અથવા જેમાં સચિત્ત દાણાની સંભાવના હોય તેવો કાચો લોટ વગેરે વાપરવો.

**અભિષવ** - અનાભોગ, અતિક્રમ વગેરેથી ઘણા દ્રવ્યોને ભેગા કરીને બનાવેલ દારૂ-કાંજી વગેરે, માંસ જેવી મિઠાઈ વગેરે, દારૂ-મધ વગેરેને ઝરતા વૃક્ષના દ્રવ્યો (તાળી, નીરો) વગેરે વાપરવા તે.

(૮) **અનર્થદંડવિરમણવ્રતના ૫ અતિચાર** -

(૧) **કૌત્કુચ્ય** - ભ્રમર, આંખ, હોઠ, નાક, હાથ, પગ, મુખના વિકારો વડે ભાંડની જેમ અનેક રીતે વિક્રિયા (ચેનચાળા) કરવી કે સંકોચ વગેરેની ક્રિયા કરવી. બીજા હસે અને પોતાની લઘુતા થાય તેવું બોલવું કે કરવું કલ્પે નહીં. પ્રમાદથી તેમ કરે તો અતિચાર લાગે.

(૨) **મૌખર્ય** - વિચાર્યા વિના ધિઠ્ઠુ, અસભ્ય, સંબંધ વિનાનું બહુ બોલવું તે. તેનાથી પાપોપદેશની સંભાવના હોવાથી તે અતિચારરૂપ છે.

(૩) **ભોગોપભોગાતિરેક** - ભોગ = એકવાર ભોગવાય તે. દા.ત. આહાર, ફૂલની માળા વગેરે.

ઉપભોગ = વારંવાર ભોગવાય તે. દા.ત,. ઓછાડ, સ્ત્રી વગેરે.

અનાભોગ, પ્રમાદ વગેરેથી વધુ પડતા સ્નાન, પાણી, ભોજન, કંકુ, ચંદન, કસ્તૂરિ, વસ્ત્ર, અલંકાર વગેરેનો આરંભ કરવો તે અતિચાર છે.

અહીં વૃદ્ધપરંપરા આ પ્રમાણે છે - જો ઘણા બધા તેલ, આમળા

વગેરે લે તો તેની લાલચથી ઘણા બધા લોકો સ્નાન કરવા તડાવે જાય. તેથી પોરા, અપ્‌કાય વગેરેની ઘણી વિરાધના થાય. તે કલ્પે નહીં. તેથી ઘરમાં જ સ્નાન કરવું. જો ઘરમાં સ્નાનની વ્યવસ્થા ન હોય તો ઘરે જ તેલ - આમળાથી માથુ ઘસીને તેમને દૂર કરીને તડાવના કિનારે ખોબાથી સ્નાન કરે. જેમાં જીવોત્પત્તિ થઈ હોય એવા ફૂલો પણ ન વાપરે.

(૪) **કંદર્પ** - જેનાથી કામ પ્રગટે તેવા વચનો બોલવા તે.

**(૫) યુક્તાધિકરણ** - અધિકરણ-જેનાથી આત્મા દુર્ગતિનો અધિકારી કરાય તે. એક અધિકરણને બીજા અધિકરણ સાથે જોડેલું રાખવું તે અતિચાર છે. દા.ત. ખાંડણી સાથે સાંબેલુ સંયુક્ત રાખવું, હળની સાથે આગળનું લોઢાનું ફળુ સંયુક્ત રાખવું, ગાડા સાથે ધુંસરી સંયુક્ત રાખવી, ધનુષ્ય સાથે બાણ સંયુક્ત રાખવા વગેરે.

અનર્થદંડ ચાર પ્રકારનું છે -

(૧) **અપધ્યાનાચરિત** - દુષ્ટ ધ્યાન કરવું તે.

(૨) **પ્રમાદાચરિત** - પ્રમાદથી આચરણ કરવું તે.

(૩) **હિંસ્રપ્રદાન** - હિંસક શસ્ત્રો આપવા તે.

(૪) **પાપકર્મોપદેશ** - પાપ કરવાનો ઉપદેશ આપવો તે.

આઠમા વ્રતમાં આ ચારેની વિરતિ હોય છે.

અનાભોગ વગેરેથી કૌત્કુચ્ય વગેરે પાંચનો વિચાર કરવો તે અપધ્યાનવિરતિનો અતિચાર છે. કૌત્કુચ્ય, કંદર્પ અને ભોગોપભોગાતિરેક એ ત્રણ પ્રમાદાચરિતવિરતિના અતિચાર છે. યુક્તાધિકરણ એ હિંસ્રપ્રદાનવિરતિનો અતિચાર છે. મૌખર્ય એ પાપકર્મોપદેશવિરતિનો અતિચાર છે.

**૪ શિક્ષાવ્રતના અતિચાર -**

**(૯) સામાયિકવ્રતના ૫ અતિચાર -**

**(૧) મનનું દુષ્પ્રણિધાન** - અનાભોગ વગેરેથી મનથી સાવદ્યમાં પ્રવૃત્તિ કરવી, ક્રોધ-લોભ-દ્રોહ-અભિમાન-ઈર્ષ્યાથી કાર્ય કરવું, ઉતાવળ કરવી, ભય રાખવો વગેરે.

**(૨) વચનનું દુષ્પ્રણિધાન** - અનાભોગ વગેરેથી વચનથી સાવદ્યમાં પ્રવૃત્તિ કરવી, સ્પષ્ટ ન બોલવું, અર્થ ન સમજવા, ઝડપથી બોલવું વગેરે.

**(૩) કાયાનું દુષ્પ્રણિધાન** - અનાભોગ વગેરેથી કાયાથી સાવદ્યમાં પ્રવૃત્તિ કરવી, શરીરના અવયવો નિશ્ચળ ન રાખવા વગેરે.

**(૪) સ્મૃતિઅકરણ** - પ્રમાદને લીધે મારે સામાયિક કરવાનું છે કે નહીં ? મેં સામાયિક કર્યું કે નહીં ? એ યાદ ન રાખવું.

**(૫) અનવસ્થિતકરણ** - પ્રમાદથી ચોક્કસ સમયે સામાયિક ન કરવી, જેમ-તેમ કરવી, લીધા પછી તરત પારવી વગેરે.

**(૧૦) દેશાવગાસિકવ્રતના ૫ અતિચાર -**

દેશાવગાસિકવ્રત એ વિશેષ પ્રકારનું દિગ્વિરતિવ્રત જ છે. દિગ્વિરતિવ્રત યાવજ્જીવ, વરસ કે ચાર માસનું હોય, દેશાવગાસિક વ્રત દિવસ, પ્રહર, મુહૂર્ત વગેરેના પ્રમાણનું હોય છે.

**(૧) આનયન** - અણસમજ, સહસાકાર વગેરેથી નિયમિત ક્ષેત્રની બહાર રહેલ વસ્તુને બીજા પાસે નિયમિત ક્ષેત્રની અંદર મંગાવવી તે.

**(૨) પ્રેષણ** - અણસમજ, સહસાકાર વગેરેથી નિયમિત ક્ષેત્રની બહાર કોઈ કાર્ય માટે બીજાને મોકલવા તે.

**(૩) શબ્દાનુપાત** - માયાથી નિયમિતક્ષેત્રની સીમા પાસે રહીને કોઈ કારણસર ખાંસિ વગેરેનો અવાજ કરવો જેથી બહારના લોકો પાસે

આવે તે.

(૪) **રૂપાનુપાત** - માયાથી નિયમિતક્ષેત્રની સીમા પાસે રહીને કોઈ કારણસર પોતાના શરીરનું રૂપ બતાવવું (સામી વ્યક્તિ પોતાને જુવે તે રીતે ઊભા રહેવું) જેથી બહારના લોકો પાસે આવે તે.

(૫) **પુદ્ગલપ્રક્ષેપ** - માયાથી નિયમિતક્ષેત્રની બહાર રહેલી વ્યક્તિને બોલાવવા પથ્થર વગેરે ફેંકવા તે.

દેશાવગાસિક વ્રત એ દિગ્વિરતિવ્રતનો સંક્ષેપ છે. ઉપલક્ષણથી દેશાવગાસિકવ્રતમાં અન્યવ્રતોનો સંક્ષેપ પણ જાણવો.

**(૧૧) પૌષધવ્રતના ૫ અતિચાર** -

(૧) **અપ્રત્યુપેક્ષિતદુષ્પ્રત્યુપેક્ષિત શય્યા-સંથારા વગેરે** - સંથારો, સંથારાની ભૂમિ વગેરેને જુવે નહીં કે જેમ-તેમ જુવે.

(૨) **અપ્રમાર્જિતદુષ્પ્રમાર્જિત શય્યા-સંથારા વગેરે** - સંથારો, સંથારાની ભૂમિ વગેરેને પ્રમાર્જે નહીં કે જેમ-તેમ પ્રમાર્જે.

(૩) **અપ્રત્યુપેક્ષિતદુષ્પ્રત્યુપેક્ષિત ઉચ્ચારપ્રશ્રવણાદિસ્થંડિલ** - સ્થંડિલ-માત્રુની ભૂમિને જુવે નહીં કે જેમ-તેમ જુવે.

(૪) **અપ્રમાર્જિતદુષ્પ્રમાર્જિત ઉચ્ચારપ્રશ્રવણાદિસ્થંડિલ** - સ્થંડિલ-માત્રુની ભૂમિને પ્રમાર્જે નહીં કે જેમ-તેમ પ્રમાર્જે.

(૫) **સમ્યગ્ અનનુપાલન** - ચારે પ્રકારના પૌષધમાં ન કરવા યોગ્ય પ્રવૃત્તિનું ચિંતન કરવું. જેમકે, પારણાની વિચારણા કરવી, સ્નાન-વિલેપન વગેરેની વિચારણા કરવી, પૂર્વક્રીડા-કામવચન વગેરેની વિચારણા કરવી, વેપારસંબંધી વિચારણા કરવી વગેરે.

**(૧૨) અતિથિસંવિભાગવ્રતના ૫ અતિચાર** -

(૧) **સચિત્તનિક્ષેપ** - વહોરાવવાની વસ્તુને ન આપવાની બુદ્ધિથી

સચિત્ત વસ્તુ ઉપર રાખવી તે.

(૨) **સચિત્તપિધાન** - વહોરાવવાની વસ્તુને ન આપવાની બુદ્ધિથી સચિત્ત વસ્તુથી ઢાંકવી તે.

(૩) **અન્યવ્યપદેશ** - વહોરાવવાની વસ્તુ ન આપવાની બુદ્ધિથી પોતાની હોવા છતાં બીજાની છે એમ કહેવું તે.

(૪) **મત્સર** - સાધુએ માંગેલી વસ્તુ પોતાની પાસે હોવા છતાં ગુસ્સાથી ન આપવી તે. અથવા બીજાની ઈર્ષ્યાથી આપવું તે.

(૫) **કાલાતિક્રમ** - સાધુના વહોરવા આવવાના સમયની પહેલા કે પછી વાપરવું તે.

●●●

+ ગુરુઓની ચરણસેવા ક્યારેય નિષ્ફળ જતી નથી.
+ ગુરુ પ્રત્યેના ભક્તિ અને બહુમાનથી જ ચારિત્રમાં શ્રદ્ધા (ઉલ્લાસ) અને સ્થિરતા થાય છે, એ સિવાય નહીં.
+ સજ્જનોની સર્વ પ્રવૃત્તિઓમાં સ્વાર્થ ગૌણ હોય છે અને પરાર્થ પ્રધાન હોય છે.
+ અકાળે ફળની ઈચ્છા કરવી તે ઉત્સુકતા છે. અકાળે ઉત્સુકતા એ હકીકતમાં આર્તધ્યાનરૂપ છે.
+ ભયના કારણો હોવા છતાં નિર્ભય રહેવું તે ધૈર્ય.
+ બીજાની પ્રશંસા સહન ન થવી તે ઈર્ષ્યા.
+ અચરમાવર્તમાં મોક્ષનો આશય પણ હોતો નથી.

# દ્વાર ૭મું - ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રના તીર્થંકરોના નામો

## ભરતક્ષેત્રની અતીત (ગઈ) ચોવીશીના ચોવીશ તીર્થંકરોના નામો -

(૧) કેવલજ્ઞાની ભગવાન
(૨) નિર્વાણી ભગવાન
(૩) સાગર ભગવાન
(૪) મહાયશ ભગવાન
(૫) વિમલ ભગવાન
(૬) નાથસુતેજ ભગવાન, મતાંતરે સર્વાનુભૂતિ ભગવાન
(૭) શ્રીધર ભગવાન
(૮) દત્ત ભગવાન
(૯) દામોદર ભગવાન
(૧૦) સુતેજ ભગવાન
(૧૧) સ્વામી ભગવાન
(૧૨) શિવાશી ભગવાન, મતાંતરે મુનિસુવ્રત ભગવાન
(૧૩) સુમતિ ભગવાન
(૧૪) શિવગતિ ભગવાન
(૧૫) અબાધ ભગવાન, મતાંતરે અસ્તાગ ભગવાન
(૧૬) નેમીશ્વર ભગવાન
(૧૭) અનિલ ભગવાન
(૧૮) યશોધર ભગવાન
(૧૯) કૃતાર્ઘ ભગવાન
(૨૦) ધર્મીશ્વર ભગવાન, મતાંતરે જિનેશ્વર ભગવાન
(૨૧) શુદ્ધમતિ ભગવાન
(૨૨) શિવકર ભગવાન
(૨૩) સ્યન્દન ભગવાન
(૨૪) સમ્પ્રતિ ભગવાન

## ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકરોના નામો -

(૧) ઋષભ ભગવાન
(૨) અજિત ભગવાન
(૩) સંભવ ભગવાન
(૪) અભિનંદન ભગવાન
(૫) સુમતિ ભગવાન
(૬) પદ્મપ્રભ ભગવાન

(૭) સુપાર્શ્વ ભગવાન
(૮) ચન્દ્રપ્રભ ભગવાન
(૯) સુવિધિ ભગવાન
(૧૦) શીતલ ભગવાન
(૧૧) શ્રેયાંસ ભગવાન
(૧૨) વાસુપૂજ્ય ભગવાન
(૧૩) વિમલ ભગવાન
(૧૪) અનંત ભગવાન
(૧૫) ધર્મ ભગવાન
(૧૬) શાંતિ ભગવાન
(૧૭) કુંથુ ભગવાન
(૧૮) અર ભગવાન
(૧૯) મલ્લિ ભગવાન
(૨૦) મુનિસુવ્રત ભગવાન
(૨૧) નમિ ભગવાન
(૨૨) અરિષ્ટનેમિ ભગવાન
(૨૩) પાર્શ્વ ભગવાન
(૨૪) મહાવીર ભગવાન

**ભરતક્ષેત્રની ભાવી (આવતી) ચોવીશીના ચોવીશ તીર્થંકરોના નામો -**

(૧) પદ્મનાભ ભગવાન
(૨) સૂરદેવ ભગવાન
(૩) સુપાર્શ્વ ભગવાન
(૪) સ્વયંપ્રભ ભગવાન
(૫) સર્વાનુભૂતિ ભગવાન
(૬) દેવશ્રુત ભગવાન
(૭) ઉદય ભગવાન
(૮) પેઢાલ ભગવાન
(૯) પોટ્ટિલ ભગવાન
(૧૦) શતકીર્તિ ભગવાન
(૧૧) મુનિસુવ્રત ભગવાન
(૧૨) અમમ ભગવાન
(૧૩) નિષ્કષાય ભગવાન
(૧૪) નિષ્પુલાક ભગવાન
(૧૫) નિર્મમત્વ ભગવાન
(૧૬) ચિત્રગુપ્ત ભગવાન
(૧૭) સમાધિ ભગવાન
(૧૮) સંવર ભગવાન
(૧૯) યશોધર ભગવાન
(૨૦) વિજય ભગવાન
(૨૧) મલ્લિ ભગવાન
(૨૨) દેવ ભગવાન
(૨૩) અનન્તવીર્ય ભગવાન
(૨૪) ભદ્ર ભગવાન મતાંતરે ભદ્રકૃત ભગવાન

**સમવાયાંગસૂત્ર**માં ભરતક્ષેત્રની ભાવી ચોવીશીના ચોવીશ તીર્થંકરોના નામો આ પ્રમાણે બતાવ્યા છે -

(૧) મહાપદ્મ ભગવાન
(૨) સુરાદેવ ભગવાન
(૩) સુપાર્શ્વ ભગવાન
(૪) સ્વયંપ્રભ ભગવાન
(૫) સર્વાનુભૂતિ ભગવાન
(૬) દેવગુપ્ત ભગવાન
(૭) ઉદય ભગવાન
(૮) પેઢાલપુત્ર ભગવાન
(૯) પોટ્ટિલ ભગવાન
(૧૦) શતક ભગવાન
(૧૧) મુનિસુવ્રત ભગવાન
(૧૨) સર્વભાવવિદ્ ભગવાન
(૧૩) અમમ ભગવાન
(૧૪) નિષ્કષાય ભગવાન
(૧૫) નિષ્પુલાક ભગવાન
(૧૬) નિર્મમ ભગવાન
(૧૭) ચિત્રગુપ્ત ભગવાન
(૧૮) સમાધિ ભગવાન
(૧૯) સંવર ભગવાન
(૨૦) અનિવૃત્તિ ભગવાન
(૨૧) વિપાક ભગવાન
(૨૨) વિમલ ભગવાન
(૨૩) દેવોપપાત ભગવાન
(૨૪) અનંતવિજય ભગવાન

ઐરવતક્ષેત્રની અતીત (ગઈ) ચોવીશીના ચોવીશ તીર્થંકરોના નામો પ્રવચનસારોદ્ધારમાં બતાવ્યા નથી.

**ઐરવતક્ષેત્રની વર્તમાન ચોવીશીના ચોવીશ તીર્થંકરોના નામો** -

(૧) બાલચન્દ્ર ભગવાન
(૨) સિચય ભગવાન
(૩) અગ્નિષેણ ભગવાન
(૪) નંદિષેણ ભગવાન
(૫) દત્ત ભગવાન
(૬) વ્રતધર ભગવાન
(૭) સોમચન્દ્ર ભગવાન
(૮) દીર્ઘસેન ભગવાન
(૯) શતાયુષ ભગવાન
(૧૦) સત્યકિ ભગવાન
(૧૧) યુક્તિસેન ભગવાન
(૧૨) શ્રેયાંસ ભગવાન

(૧૩) સિંહસેન ભગવાન
(૧૪) સ્વયંજલ ભગવાન
(૧૫) ઉપશાન્ત ભગવાન
(૧૬) દેવસેન ભગવાન
(૧૭) મહાવીર્ય ભગવાન
(૧૮) પાર્શ્વ ભગવાન
(૧૯) મરુદેવ ભગવાન
(૨૦) શ્રીધર ભગવાન
(૨૧) સ્વામિકોષ્ઠ ભગવાન
(૨૨) અગ્નિસેન ભગવાન
(૨૩) અગ્રદત્ત ભગવાન, મતાંતરે માર્ગદત્ત ભગવાન
(૨૪) વારિષેણ ભગવાન

**ઐરવતક્ષેત્રની ભાવી (આવતી) ચોવીશીના ચોવીશ તીર્થંકરોના નામો-**

(૧) સિદ્ધાર્થ ભગવાન
(૨) પુણ્યઘોષ ભગવાન, મતાંતરે પૂર્ણઘોષ ભગવાન
(૩) યમઘોષ ભગવાન
(૪) સાગર ભગવાન
(૫) સુમંગલ ભગવાન
(૬) સર્વાર્થસિદ્ધ ભગવાન
(૭) નિર્વાણ ભગવાન
(૮) ધર્મધ્વજ ભગવાન
(૯) સિદ્ધસેન ભગવાન
(૧૦) મહાસેન ભગવાન
(૧૧) રવિમિત્ર ભગવાન
(૧૨) સત્યસેન ભગવાન
(૧૩) શ્રીચન્દ્ર ભગવાન
(૧૪) દૃઢકેતુ ભગવાન
(૧૫) મહેન્દ્ર ભગવાન
(૧૬) દીર્ઘપાર્શ્વ ભગવાન
(૧૭) સુવ્રત ભગવાન
(૧૮) સુપાર્શ્વનાથ ભગવાન
(૧૯) સુકોશલ ભગવાન
(૨૦) અનંતાર્થ ભગવાન
(૨૧) વિમલ ભગવાન
(૨૨) ઉત્તર ભગવાન
(૨૩) મહર્દ્ધિ ભગવાન
(૨૪) દેવતાનન્દક ભગવાન

ઉપર કહેલા ૧૨૦ તીર્થંકરોને નમસ્કાર થાઓ.

●●●

# દ્વાર ૮મું - ૯મું - ૨૪ તીર્થંકરોના પહેલા ગણધર અને પ્રવર્તિની

| તીર્થંકર | પહેલા ગણધર | પ્રવર્તિની |
|---|---|---|
| ૧લા | ઋષભસેન | બ્રાહ્મી |
| ૨જા | સિંહસેન | ફલ્ગુ |
| ૩જા | ચારુ | શ્યામા |
| ૪થા | વજ્રનાભ | અજિતા |
| ૫મા | ચમર | કાશ્યપી |
| ૬ઠ્ઠા | પ્રદ્યોત | રતિ |
| ૭મા | વિદર્ભ | સોમા |
| ૮મા | દત્ત | સુમના |
| ૯મા | વરાહ | વારુણી |
| ૧૦મા | નંદ | સુયશા |
| ૧૧મા | કૌસ્તુભ | ધારિણી |
| ૧૨મા | સુભૌમ | ધરિણી |

| તીર્થંકર | પહેલા ગણધર | પ્રવર્તિની |
|---|---|---|
| ૧૩મા | મંદર | ધરા |
| ૧૪મા | યશ | પદ્મા |
| ૧૫મા | અરિષ્ટ | શિવા |
| ૧૬મા | ચક્રાયુધ | શુભા |
| ૧૭મા | શંબ | દામિની |
| ૧૮મા | કુંભ | રક્ષી |
| ૧૯મા | ભિષજ | બંધુમતી |
| ૨૦મા | મલ્લિ | પુષ્પવતી |
| ૨૧મા | સુંભ | અનિલા |
| ૨૨મા | વરદત્ત | યક્ષદત્તા |
| ૨૩મા | આર્યદત્ત | પુષ્પચૂલા |
| ૨૪મા | ઇન્દ્રભૂતિ | ચન્દના |

આ પહેલા ગણધરો અને પ્રવર્તિનીઓ નમેલા અને ભક્તિવાળા જીવોના પાપોને હરો.

●●●

+ બીજાના હિતની ચિંતા તે મૈત્રી છે.
+ બીજાના દુઃખનો નાશ કરવાની ભાવના તે કરુણા છે.
+ બીજાના સુખમાં ખુશ થવું તે પ્રમોદ છે.
+ બીજાના દોષોની ઉપેક્ષા તે મધ્યસ્થભાવના છે.

## દ્વાર ૧૦મું - તીર્થંકરનામકર્મના બંધમાં કારણભૂત વીશ સ્થાનકો

(૧) **અરિહંત** - અશોકવૃક્ષ વગેરે આઠ પ્રાતિહાર્યો રૂપ પૂજાને યોગ્ય એવા તીર્થંકરો.

(૨) **સિદ્ધ** - જેમના બધા કર્મો નાશ પામ્યા છે, જેઓ શ્રેષ્ઠ સુખી છે, જેઓ એકાંતે કૃતકૃત્ય છે એટલે કે જેમના બધા કાર્યો પૂરા થયા છે એવા મુક્ત જીવો.

(૩) **પ્રવચન** - દ્વાદશાંગી અથવા દ્વાદશાંગી જેમાં રહે છે તે સંઘ.

(૪) **ગુરુ** - શાસ્ત્રોના અર્થ બરાબર કહે તે. તેઓ ધર્મનો ઉપદેશ વગેરે આપે છે.

(૫) **સ્થવિર** - તે ત્રણ પ્રકારે છે -

**(i) જાતિસ્થવિર** - ૬૦ વર્ષની વયવાળા.

**(ii) શ્રુતસ્થવિર** - સમવાયાંગસૂત્રને ધારણ કરનારા.

**(iii) પર્યાયસ્થવિર** - ૨૦ વર્ષના ચારિત્રપર્યાયવાળા.

(૬) **બહુશ્રુત** - જેમની પાસે ઘણું શ્રુતજ્ઞાન છે તે. શ્રુતના ત્રણ પ્રકાર છે -

(i) સૂત્ર, (ii) અર્થ, (iii) સૂત્રાર્થ (ઉભય)

આ ત્રણેને ધારણ કરે તે બહુશ્રુત.

સૂત્ર ધારણ કરનારા કરતા અર્થ ધારણ કરનારા પ્રધાન છે, અર્થ ધારણ કરનારા કરતા સૂત્રાર્થ ધારણ કરનારા પ્રધાન છે.

(૭) **તપસ્વી** - અનશન વગેરે ભેદવાળા વિચિત્ર તપને કરનારા સામાન્ય સાધુઓ.

આ સાતનું વાત્સલ્ય કરવું. વાત્સલ્ય એટલે

**(i) ભક્તિ** - અંદરનું બહુમાન.

**(ii) પૂજા** - ઔચિત્ય પ્રમાણે ફુલ, ફળ, આહાર, વસ્ત્ર વગેરે વડે સેવા.

**(iii) વર્ણવાદ** - પ્રશંસા કરવી.

**(iv) અવર્ણવાદવર્જન** - નિંદાનો ત્યાગ.

**(v) આશાતનાવર્જન** - આશાતનાનો ત્યાગ. આશાતનાઓ આગળ કહેવાશે.

(૮) **અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ** - સતત જ્ઞાનમાં પ્રવૃત્તિ.

(૯) **દર્શનશુદ્ધિ** - સમ્યક્ત્વની શુદ્ધિ.

(૧૦) **વિનયશુદ્ધિ** - જ્ઞાન વગેરેના વિનયની શુદ્ધિ.

(૧૧) **આવશ્યક** - પ્રતિક્રમણ.

(૧૨) **શીલ** - ઉત્તરગુણ.

(૧૩) **વ્રત** - મૂળગુણ.

આ પાંચમાં અતિચાર ન લગાડવા.

**(૧૪) ક્ષણલવસમાધિ** - ક્ષણ, લવ વગેરે બધા કાળોમાં સતત સંવેગની ભાવના કરવી અને ધ્યાન કરવું.

**(૧૫) તપસમાધિ** - બાહ્ય-અભ્યંતર તપમાં શક્તિમુજબ સતત પ્રવૃત્તિ.

**(૧૬) ત્યાગસમાધિ** - ત્યાગ બે પ્રકારના છે -

(i) દ્રવ્યત્યાગ - અપ્રાયોગ્ય આહાર, ઉપધિ, શય્યા વગેરેનો ત્યાગ અને પ્રાયોગ્ય આહાર વગેરે સાધુઓને આપવા તે.

(ii) ભાવત્યાગ - ક્રોધ વગેરેનો ત્યાગ અને જ્ઞાન વગેરે સાધુઓને આપવું તે.

આ બન્ને પ્રકારના ત્યાગમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ શક્તિ પ્રમાણે સતત પ્રવૃત્તિ.

**(૧૭) વૈયાવચ્ચસમાધિ** - વૈયાવચ્ચ દસ પ્રકારની છે -

(i) આચાર્યની વૈયાવચ્ચ
(ii) ઉપાધ્યાયની વૈયાવચ્ચ
(iii) સ્થવિરની વૈયાવચ્ચ
(iv) તપસ્વીની વૈયાવચ્ચ
(v) ગ્લાનની વૈયાવચ્ચ
(vi) શૈક્ષક (નૂતનદીક્ષિત)ની વૈયાવચ્ચ
(vii) સાધર્મિકની વૈયાવચ્ચ
(viii) કુળ ([1]ગચ્છોનો સમુદાય)ની વૈયાવચ્ચ
(ix) ગણ (કુળોનો સમુદાય)ની વૈયાવચ્ચ
(x) સંઘ (સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ)ની વૈયાવચ્ચ.

આ દરેકની વૈયાવચ્ચ ૧૩ પ્રકારની છે -

(i) આહાર આપવો
(ii) પાણી આપવું
(iii) આસન આપવું
(iv) ઉપકરણ આપવા
(v) પગ પૂંજવા
(vi) વસ્ત્ર આપવા
(vii) ઔષધ આપવું
(viii) રસ્તામાં સહાય કરવી
(ix) ચોરોથી રક્ષણ કરવું
(x) વસતિમાં પેસતા હોય ત્યારે તેમનો દાંડો લેવો.
(xi) માત્રુનો પ્યાલો આપવો
(xii) સ્થંડિલનો પ્યાલો આપવો
(xiii) કફનો પ્યાલો આપવો.

દસ સ્થાનોની ૧૩ પ્રકારની વૈયાવચ્ચમાં શક્તિમુજબ સતત

---

૧. ગચ્છ = એક આચાર્યનો પરિવાર.

પ્રવૃત્તિ કરવી.

(૧૮) **અપૂર્વજ્ઞાનગ્રહણ** - સતત નવું નવું જ્ઞાન મેળવવું.

(૧૯) **શ્રુતભક્તિ** - શ્રુતનું બહુમાન.

(૨૦) **પ્રવચનપ્રભાવના** - શક્તિ મુજબ દ્વાદશાંગીના અર્થનો ઉપદેશ આપવો.

આ ૨૦ કારણોથી જીવ તીર્થંકર નામકર્મ બાંધી તીર્થંકર બને છે.

અથવા, ૧૨મા અને ૧૩મા સ્થાનોની બદલે ૧૨મુ શીલવ્રત નામનું એક જ સ્થાન સમજવું તથા ૧૬મું વૈયાવચ્ચસ્થાન અને ૧૭મુ સમાધિ સ્થાન જુદું-જુદું સમજવું.

સમાધિ = આચાર્ય વગેરે દસના કાર્ય કરીને તેમને સ્વસ્થ કરવા.

- ઋષભદેવ ભગવાને અને મહાવીરસ્વામી ભગવાને આગલા ત્રીજા ભવમાં આ વીશે સ્થાનકોની આરાધના કરી હતી. બાકીના ૨૨ તીર્થંકરોમાંથી કેટલાકે એક સ્થાનની, કેટલાકે બે સ્થાનોની, કેટલાકે ત્રણ સ્થાનોની યાવત્ કેટલાકે બધા સ્થાનોની આરાધના કરી હતી.
- તીર્થંકર થવાના આગલા ત્રીજા ભવમાં મનુષ્યગતિમાં રહેલ પુરુષ, સ્ત્રી કે નપુંસક તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કરવાનું શરૂ કરે છે. તે બંધ ત્યારથી માંડીને તીર્થંકરના ભવમાં અપૂર્વકરણ ગુણઠાણાના સંખ્યાતા ભાગો પસાર થાય ત્યાં સુધી બંધાય છે. ત્યારપછી તેનો બંધવિચ્છેદ થાય છે.
- તેરમા ગુણઠાણે કેવળજ્ઞાન થવા પર તીર્થંકર નામકર્મનો ઉદય થાય છે. ત્યારે દેવેન્દ્રો ૮ પ્રાતિહાર્યો કરે છે. દેવો, અસુરો અને મનુષ્યોની પર્ષદામાં થાક્યા વિના શ્રુત-ચારિત્ર ધર્મની દેશના આપવા વડે, ૩૪ અતિશયો વડે અને વાણીના ૩૫ અતિશયો વડે તીર્થંકર નામકર્મ ભોગવાય છે.

- તીર્થંકર નામકર્મનો અનિકાચિત બંધ આગલા ત્રીજા ભવની પહેલા પણ બંધાય છે, કેમકે તીર્થંકર નામકર્મની જઘન્ય સ્થિતિ પણ અંતઃ-કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે.
- તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ અવશ્ય ફળ આપે. તેનો અનિકાચિત બંધ ફળ આપે કે ન પણ આપે.

●●●

+ બીજાના દોષોની ઉપેક્ષા તે મધ્યસ્થભાવના છે.

+ જે દોષો દૂર થઈ શકે તેવા છે તે દોષોની સ્થવિરકલ્પી મુનિએ ઉપેક્ષા ન કરવી જોઈએ.

+ મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ કદિ ન બાંધે તે અપુનર્બંધક.

+ રાગ-દ્વેષ રહિત અને શાસ્ત્રાજ્ઞાથી શુદ્ધ એવો પ્રયત્ન તે જયણા છે.

+ શિષ્ટ લોકોમાં પ્રિય બનવું તે જનપ્રિયત્વ છે.

+ આચાર્ય પ્રત્યેના ભક્તિરાગથી વિદ્યા અને મંત્રો સિદ્ધ થાય છે.

+ જે ગુણ દોષને કરે છે તે ગુણ નથી પણ દોષરૂપ જ છે.

+ જ્યાં પરિણામ સુંદર આવે છે તે દોષ પણ ગુણરૂપ છે.

+ આગમોમાં બતાવેલ માર્ગ સિવાય હિતને પામવાનો બીજો કોઈ ઉપાય નથી.

+ સારી રીતે શુભભાવમાં પ્રવર્તાવનારુ અને અશુભભાવથી અટકાવનારુ એવું સત્ય કે અસત્ય વચન તે નિશ્ચયથી સત્ય છે.

# દ્વાર ૧૧મું - ૨૪ તીર્થંકરોના માતા-પિતાના નામ
# દ્વાર ૧૨મું - ૨૪ તીર્થંકરોના માતા-પિતાની ગતિ

| તીર્થંકર | માતા | પિતા | માતાની ગતિ | પિતાની ગતિ |
|---|---|---|---|---|
| ૧લા | મરુદેવી | નાભિ | સિદ્ધિ | નાગકુમાર |
| ૨જા | વિજયા | જિતશત્રુ | સિદ્ધિ | ઈશાનદેવલોક[1] |
| ૩જા | સેના | જિતારિ | સિદ્ધિ | ઈશાનદેવલોક |
| ૪થા | સિદ્ધાર્થા | સંવર | સિદ્ધિ | ઈશાનદેવલોક |
| ૫મા | મંગલા | મેઘ | સિદ્ધિ | ઈશાનદેવલોક |
| ૬ઠ્ઠા | સુસીમા | ધર | સિદ્ધિ | ઈશાનદેવલોક |
| ૭મા | પૃથિવી | પ્રતિષ્ઠ | સિદ્ધિ | ઈશાનદેવલોક |
| ૮મા | લક્ષણા (લક્ષ્મણા) | મહાસેન | સિદ્ધિ | ઈશાનદેવલોક |
| ૯મા | રામા | સુગ્રીવ | સનત્કુમાર દેવલોક | સનત્કુમાર દેવલોક |
| ૧૦મા | નન્દા | દૃઢરથ | સનત્કુમાર દેવલોક | સનત્કુમાર દેવલોક |
| ૧૧મા | વિષ્ણુ | વિષ્ણુ | સનત્કુમાર દેવલોક | સનત્કુમાર દેવલોક |
| ૧૨મા | જયા | વસુપૂજ્ય | સનત્કુમાર દેવલોક | સનત્કુમાર દેવલોક |
| ૧૩મા | શ્યામા | કૃતવર્મા | સનત્કુમાર દેવલોક | સનત્કુમાર દેવલોક |
| ૧૪મા | સુયશા | સિંહસેન | સનત્કુમાર દેવલોક | સનત્કુમાર દેવલોક |
| ૧૫મા | સુવ્રતા | ભાનુ | સનત્કુમાર દેવલોક | સનત્કુમાર દેવલોક |
| ૧૬મા | અચિરા | વિશ્વસેન | સનત્કુમાર દેવલોક | સનત્કુમાર દેવલોક |
| ૧૭મા | શ્રી | શૂર | માહેંદ્ર દેવલોક | માહેંદ્ર દેવલોક |
| ૧૮મા | દેવી | સુદર્શન | માહેંદ્ર દેવલોક | માહેંદ્ર દેવલોક |
| ૧૯મા | પ્રભાવતી | કુંભ | માહેંદ્ર દેવલોક | માહેંદ્ર દેવલોક |
| ૨૦મા | પદ્માવતી | સુમિત્ર | માહેંદ્ર દેવલોક | માહેંદ્ર દેવલોક |
| ૨૧મા | વપ્રા | વિજય | માહેંદ્ર દેવલોક | માહેંદ્ર દેવલોક |
| ૨૨મા | શિવા | સમુદ્રવિજય | માહેંદ્ર દેવલોક | માહેંદ્ર દેવલોક |
| ૨૩મા | વામા | અશ્વસેન | માહેંદ્ર દેવલોક | માહેંદ્ર દેવલોક |
| ૨૪મા | ત્રિશલા | સિદ્ધાર્થ | માહેંદ્ર દેવલોક | માહેંદ્ર દેવલોક |

●●●

૧. અનુયોગદ્વારમાં, યોગશાસ્ત્રમાં અને ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમાં સિદ્ધિ કહી છે.

# દ્વાર ૧૩મું - એકસાથે વિચરતા તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા અને જઘન્ય સંખ્યા

● **ઉત્કૃષ્ટ સંખ્યા - ૧૭૦**

| | |
|---|---|
| પાંચ ભરતક્ષેત્રમાં દરેકમાં ૧-૧ ભગવાન | = ૫ |
| પાંચ ઐરવતક્ષેત્રમાં દરેકમાં ૧-૧ ભગવાન | = ૫ |
| પાંચ મહાવિદેહક્ષેત્રમાં ૩૨ વિજયોમાં દરેકમાં ૧-૧ ભગવાન = ૫ × ૩૨ | = ૧૬૦ |
| | કુલ ૧૭૦ |

● **જઘન્ય સંખ્યા - ૨૦**

| | |
|---|---|
| જંબૂદ્વીપના પૂર્વદક્ષિણ મહાવિદેહક્ષેત્રમાં ૧ ભગવાન | = ૧ |
| જંબૂદ્વીપના પૂર્વઉત્તર મહાવિદેહક્ષેત્રમાં ૧ ભગવાન | = ૧ |
| જંબૂદ્વીપના પશ્ચિમદક્ષિણ મહાવિદેહક્ષેત્રમાં ૧ ભગવાન | = ૧ |
| જંબૂદ્વીપના પશ્ચિમઉત્તર મહાવિદેહક્ષેત્રમાં ૧ ભગવાન | = ૧ |
| ધાતકીખંડના પૂર્વવિભાગના મહાવિદેહક્ષેત્રમાં ઉપર પ્રમાણે ૪ ભગવાન | = ૪ |
| ધાતકીખંડના પશ્ચિમવિભાગના મહાવિદેહક્ષેત્રમાં ઉપર પ્રમાણે ૪ ભગવાન | = ૪ |
| પુષ્કરવરાર્ધદ્વીપના પૂર્વવિભાગના મહાવિદેહક્ષેત્રમાં ઉપર પ્રમાણે ૪ ભગવાન | = ૪ |
| પુષ્કરવરાર્ધદ્વીપના પશ્ચિમવિભાગના મહાવિદેહક્ષેત્રમાં ઉપર પ્રમાણે ૪ ભગવાન | = ૪ |
| | કુલ ૨૦ |

**મતાંતરે, જઘન્ય સંખ્યા -૧૦**

જંબૂદ્વીપના પૂર્વમહાવિદેહક્ષેત્રમાં ૧ ભગવાન = ૧

| | |
|---|---|
| જંબૂદ્વીપના પશ્ચિમમહાવિદેહક્ષેત્રમાં ૧ ભગવાન | = ૧ |
| ધાતકીખંડના પૂર્વવિભાગના મહાવિદેહક્ષેત્રમાં ઉપર પ્રમાણે ૨ ભગવાન | = ૨ |
| ધાતકીખંડના પશ્ચિમવિભાગના મહાવિદેહક્ષેત્રમાં ઉપર પ્રમાણે ૨ ભગવાન | = ૨ |
| પુષ્કરવરાર્ધદ્વીપના પૂર્વવિભાગના મહાવિદેહક્ષેત્રમાં ઉપર પ્રમાણે ૨ ભગવાન | = ૨ |
| પુષ્કરવરાર્ધદ્વીપના પશ્ચિમવિભાગના મહાવિદેહક્ષેત્રમાં ઉપર પ્રમાણે ૨ ભગવાન | = ૨ |
| | કુલ ૧૦ |

●●●

+ આપત્તિઓમાં પણ મનની સ્થિરતા તે ધૈર્ય છે.
+ પૂજ્યની પૂજાનું ઉલ્લંઘન એ કલ્યાણમાં પ્રતિબંધક છે.
+ ગ્રંથીભેદ થયેલ (સમ્યગ્દૃષ્ટિ) જીવને પ્રાયઃ મોક્ષમાં ચિત્ત હોય છે અને સંસારમાં શરીર હોય છે.
+ જેઓને મુક્તિ વિષે દ્વેષ નથી તે આત્માઓને પણ ધન્ય કહ્યા છે.
+ ઉત્કૃષ્ટ પુણ્યવાળા જીવોને ત્રણ જગતમાં કંઈ જ અસાધ્ય નથી.
+ પૂર્વે બુદ્ધિથી વિચારીને પછી વાક્ય બોલવું.
+ સાધુએ 'જ'કારપૂર્વકનું વચન ન બોલવું.
+ આચાર્યની તીક્ષ્ણ એવી પણ પ્રેરક આજ્ઞા હકીકતમાં ઠંડી છે.
+ સંજ્ઞા એટલે ઇચ્છા.

# દ્વાર ૧૪મું - એકસાથે જન્મ પામતા તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા અને જઘન્ય સંખ્યા

**ઉત્કૃષ્ટ સંખ્યા - ૨૦**

પાંચ મહાવિદેહક્ષેત્રમાં દરેકમાં ૪-૪ વિજયોમાં ૧-૧ ભગવાનનો જન્મ એકસાથે થાય. તેથી ૫ × ૪ = ૨૦

તીર્થંકરોનો જન્મ મધ્યરાત્રિએ થાય છે. મહાવિદેહક્ષેત્રમાં મધ્યરાત્રિ હોય ત્યારે ભરતક્ષેત્રમાં અને ઐરવતક્ષેત્રમાં દિવસ હોવાથી તીર્થંકરોનો જન્મ થતો નથી.

મેરુપર્વત ઉપર પાંડકવનમાં ચૂલિકાની ચારે દિશાઓમાં ૧-૧ અભિષેકશિલા છે. તે ૪ યોજન જાડી છે, ૫૦૦ યોજન લાંબી છે અને મધ્યભાગમાં ૨૫૦ યોજન પહોળી છે. તે અર્ધચન્દ્રના આકારની છે અને સફેદ સુવર્ણની બનેલી છે. પૂર્વ-પશ્ચિમની શિલાઓ ઉપર ૨-૨ સિંહાસનો છે - એક ઉત્તરમાં અને એક દક્ષિણમાં. ઉત્તર-દક્ષિણની શિલાઓ ઉપર ૧-૧ સિંહાસનો છે. આ સિંહાસનો ઉપર તીર્થંકરોનો જન્માભિષેક થાય છે. આ સિંહાસનો સર્વરત્નના બનેલા છે. તે ૫૦૦ ધનુષ્ય લાંબા-પહોળા અને ૨૫૦ ધનુષ્ય ઊંચા છે.

| દિશા | શિલા | સિંહાસન | કયા તીર્થંકરોનો અભિષેક થાય ? |
|---|---|---|---|
| પૂર્વ | પાંડુકંબલા | ઉત્તરમાં | શીતા મહાનદીની ઉત્તર તરફની કચ્છ વગેરે ૮ વિજયોના |
| | | દક્ષિણમાં | શીતા મહાનદીની દક્ષિણ તરફની મંગલાવતી વગેરે ૮ વિજયોના |
| પશ્ચિમ | રક્તકંબલા | ઉત્તરમાં | શીતોદા મહાનદીની ઉત્તર તરફની ગંધિલાવતી વગેરે ૮ વિજયોના |

| દિશા | શિલા | સિંહાસન | કયા તીર્થંકરોનો અભિષેક થાય ? |
|---|---|---|---|
| | | દક્ષિણમાં | શીતોદા મહાનદીની દક્ષિણ તરફની પદ્મા વગેરે ૮ વિજયોના |
| દક્ષિણ | અતિપાંડુ-કંબલા | ૧ | ભરતક્ષેત્રના |
| ઉત્તર | અતિરક્ત-કંબલા | ૧ | ઐરવતક્ષેત્રના |

આમ એક મહાવિદેહક્ષેત્રના તીર્થંકરોના અભિષેક માટેના ચાર સિંહાસનો હોવાથી એક મહાવિદેહક્ષેત્રમાં એકસાથે ચાર તીર્થંકરોનો જ જન્મ થાય. એમ પાંચે મહાવિદેહક્ષેત્રમાં સમજવું. તેથી ૫ × ૪ = ૨૦ તીર્થંકરો જ એકસાથે જન્મ પામે.

**જઘન્ય સંખ્યા - ૧૦**

પાંચ ભરતક્ષેત્રમાં અને પાંચ ઐરવતક્ષેત્રમાં દરેકમાં ૧-૧ તીર્થંકરનો જન્મ એક સાથે થાય. તેથી ૫ + ૫ = ૧૦. ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રમાં મધ્યરાત્રિ હોય ત્યારે મહાવિદેહક્ષેત્રમાં દિવસ હોવાથી તીર્થંકરનો જન્મ થતો નથી.

●●●

+ સંસારથી અધિક કંઈ પણ હેય (ત્યાજ્ય) નથી.
  મોક્ષથી અધિક કંઈ પણ ઉપાદેય (આદરણીય) નથી
+ મનને ચોક્કસ કાર્યમાં જોડવું તે ઉપયોગ.
+ જેનાથી જીવો સદનુષ્ઠાનથી રહિત થાય છે તે પ્રમાદ.
+ સમ્યગ્દૃષ્ટિના જ જ્ઞાન, ચારિત્ર અને તપ સફળ થાય છે.
+ આઠ પ્રાતિહાર્યરૂપ દેવકૃત પૂજાને યોગ્ય તે અરિહંત.
+ ગુરુનું પારતંત્ર્ય સ્વીકારવું એ જ જ્ઞાન, દર્શન, ચારિત્ર છે.

## દ્વાર ૧૫મું - ૨૪ તીર્થંકરોના ગણધરોની સંખ્યા
## દ્વાર ૧૬મું - ૨૪ તીર્થંકરોના સાધુઓની સંખ્યા
## દ્વાર ૧૭મું - ૨૪ તીર્થંકરોના સાધ્વીઓની સંખ્યા
## દ્વાર ૧૮મું - ૨૪ તીર્થંકરોના વૈક્રિયલબ્ધિધર સાધુઓની સંખ્યા

| તીર્થંકર | ગણધરોની સંખ્યા | સાધુઓની સંખ્યા[1] | સાધ્વીઓની સંખ્યા | વૈક્રિયલબ્ધિધર સાધુઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧લા | ૮૪ | ૮૪,૦૦૦ | ૩,૦૦,૦૦૦ | ૨૦,૬૦૦ |
| ૨જા | ૯૫ | ૧,૦૦,૦૦૦ | ૩,૩૦,૦૦૦ | ૨૦,૪૦૦ |
| ૩જા | ૧૦૨ | ૨,૦૦,૦૦૦ | ૩,૩૬,૦૦૦ | ૧૯,૮૦૦ |
| ૪થા | ૧૧૬ | ૩,૦૦,૦૦૦ | ૬,૩૦,૦૦૦ | ૧૯,૦૦૦ |
| ૫મા | ૧૦૦ | ૩,૨૦,૦૦૦ | ૫,૩૦,૦૦૦ | ૧૮,૪૦૦ |
| ૬ઠ્ઠા | ૧૦૭ | ૩,૩૦,૦૦૦ | ૪,૨૦,૦૦૦ | ૧૬,૮૦૦ |
| ૭મા | ૯૫ | ૩,૦૦,૦૦૦ | ૪,૩૦,૦૦૦ | ૧૫,૩૦૦ |
| ૮મા | ૯૩ | ૨,૫૦,૦૦૦ | ૩,૮૦,૦૦૦ | ૧૪,૦૦૦ |
| ૯મા | ૮૮ | ૨,૦૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ | ૧૩,૦૦૦ |
| ૧૦મા | ૮૧ | ૧,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૬ | ૧૨,૦૦૦ |
| ૧૧મા | ૭૬ | ૮૪,૦૦૦ | ૧,૦૩,૦૦૦ | ૧૧,૦૦૦ |
| ૧૨મા | ૬૬ | ૭૨,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | ૧૦,૦૦૦ |
| ૧૩મા | ૫૭ | ૬૮,૦૦૦ | ૧,૦૦,૮૦૦ | ૯,૦૦૦ |
| ૧૪મા | ૫૦ | ૬૬,૦૦૦ | ૬૨,૦૦૦ | ૮,૦૦૦ |
| ૧૫મા | ૪૩ | ૬૪,૦૦૦ | ૬૨,૪૦૦ | ૭,૦૦૦ |
| ૧૬મા | ૩૬ | ૬૨,૦૦૦ | ૬૧,૬૦૦ | ૬,૦૦૦ |

૧. આ સંખ્યા ભગવાનના હાથે દીક્ષિત થયેલા સાધુઓની સમજવી.

| તીર્થંકર | ગણધરોની સંખ્યા | સાધુઓની સંખ્યા | સાધ્વીઓની સંખ્યા | વૈક્રિયલબ્ધિધર સાધુઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧૭મા | ૩૫ | ૬૦,૦૦૦ | ૬૦,૬૦૦ | ૫,૧૦૦ |
| ૧૮મા | ૩૩ | ૫૦,૦૦૦ | ૬૦,૦૦૦ | ૭,૩૦૦ |
| ૧૯મા | ૨૮ | ૪૦,૦૦૦ | ૫૫,૦૦૦ | ૨,૯૦૦ |
| ૨૦મા | ૧૮ | ૩૦,૦૦૦ | ૫૦,૦૦૦ | ૨,૦૦૦ |
| ૨૧મા | ૧૭ | ૨૦,૦૦૦ | ૪૧,૦૦૦ | ૫,૦૦૦ |
| ૨૨મા | ૧૧[1] | ૧૮,૦૦૦ | ૪૦,૦૦૦ | ૧,૫૦૦ |
| ૨૩મા | ૧૦ | ૧૬,૦૦૦ | ૩૮,૦૦૦ | ૧,૧૦૦ |
| ૨૪મા | ૧૧ | ૧૪,૦૦૦ | ૩૬,૦૦૦ | ૭૦૦ |
| કુલ | | ૨૮,૪૮,૦૦૦ | ૪૪,૪૬,૪૦૬ | |

●●●

+ નિદ્રાથી હણાયેલ ચિત્તની પ્રવૃત્તિ તે સ્વપ્ન.
+ અનુબંધ એટલે ભાવની બીજરૂપ શક્તિ.
+ ધર્મસ્થાનોને વિષે ઉદાસીનતા એ જ મોટું પાપ છે.
+ જિનશાસનના ઉડ્ડાહ (અપભ્રાજના, લઘુતા, નિંદા વગેરે)ના નિરાકરણ માટે અસત્ય બોલનાર પણ આરાધક થાય છે.
+ જ્ઞાનપૂર્વકની ક્રિયા જ જેમ સફળ છે તેમ શક્ય ક્રિયા પૂર્વકનું જ જ્ઞાન સફળ છે.
+ યથાશક્તિ સ્વીકારેલ વ્રત-પચ્ચક્ખાણ વગેરેનું પાલન કરવું એ જ પક્ષપાતનું લક્ષણ છે.
+ પાપોની જુગુપ્સા એ જ ચારિત્રના અતિચારોને વિશુદ્ધ કરે છે.

---

૧. મતાંતરે ૧૮.

# દ્વાર ૧૯મું - ૨૪ તીર્થંકરોના વાદી સાધુઓની સંખ્યા
# દ્વાર ૨૦મું - ૨૪ તીર્થંકરોના અવધિજ્ઞાની સાધુઓની સંખ્યા
# દ્વાર ૨૧મું - ૨૪ તીર્થંકરોના કેવળજ્ઞાનીઓની સંખ્યા
# દ્વાર ૨૨મું - ૨૪ તીર્થંકરોના મન:પર્યવજ્ઞાનીઓની સંખ્યા

| તીર્થંકર | વાદી સાધુઓની સંખ્યા | અવધિજ્ઞાની સાધુઓની સંખ્યા | કેવલજ્ઞાનીઓની સંખ્યા | મન:પર્યવજ્ઞાની-ઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧લા | ૧૨,૬૫૦ | ૯,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૨,૭૫૦ |
| ૨જા | ૧૨,૪૦૦ | ૯,૪૦૦ | ૨૦,૦૦૦[૧] | ૧૨,૫૦૦ |
| ૩જા | ૧૨,૦૦૦ | ૯,૬૦૦ | ૧૫,૦૦૦ | ૧૨,૧૫૦ |
| ૪થા | ૧૧,૦૦૦ | ૯,૮૦૦ | ૧૪,૦૦૦ | ૧૧,૬૫૦ |
| ૫મા | ૧૦,૬૫૦ | ૧૧,૦૦૦ | ૧૩,૦૦૦ | ૧૦,૪૫૦ |
| ૬ઠ્ઠા | ૯,૬૦૦ | ૧૦,૦૦૦ | ૧૨,૦૦૦ | ૧૦,૩૦૦ |
| ૭મા | ૮,૪૦૦ | ૯,૦૦૦ | ૧૧,૦૦૦ | ૯,૧૫૦ |
| ૮મા | ૭,૬૦૦ | ૮,૦૦૦ | ૧૦,૦૦૦ | ૮,૦૦૦ |
| ૯મા | ૬,૦૦૦ | ૮,૪૦૦ | ૭,૫૦૦ | ૭,૫૦૦ |
| ૧૦મા | ૫,૮૦૦ | ૭,૨૦૦ | ૭,૦૦૦ | ૭,૫૦૦ |
| ૧૧મા | ૫,૦૦૦ | ૬,૦૦૦ | ૬,૫૦૦ | ૬,૦૦૦ |
| ૧૨મા | ૪,૭૦૦[૨] | ૫,૪૦૦ | ૬,૦૦૦ | ૬,૦૦૦ |
| ૧૩મા | ૩,૨૦૦ | ૪,૮૦૦ | ૫,૫૦૦ | ૫,૫૦૦ |
| ૧૪મા | ૩,૨૦૦ | ૪,૩૦૦ | ૫,૦૦૦ | ૫,૦૦૦ |
| ૧૫મા | ૨,૮૦૦ | ૩,૬૦૦ | ૪,૫૦૦ | ૪,૫૦૦ |
| ૧૬મા | ૨,૪૦૦ | ૩,૦૦૦ | ૪,૩૦૦ | ૪,૦૦૦ |
| ૧૭મા | ૨,૦૦૦ | ૨,૫૦૦ | ૩,૨૦૦[૩] | ૩,૩૪૦ |
| ૧૮મા | ૧,૬૦૦ | ૨,૬૦૦ | ૨,૮૦૦ | ૨,૫૫૧ |
| ૧૯મા | ૧,૪૦૦ | ૨,૨૦૦ | ૨,૨૦૦ | ૧,૭૫૦ |
| ૨૦મા | ૧,૨૦૦ | ૧,૮૦૦ | ૧,૮૦૦ | ૧,૫૦૦ |
| ૨૧મા | ૧,૦૦૦ | ૧,૬૦૦ | ૧,૬૦૦ | ૧,૨૬૦ |
| ૨૨મા | ૮૦૦ | ૧,૫૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ |
| ૨૩મા | ૬૦૦ | ૧,૪૦૦ | ૧,૦૦૦ | ૭૫૦ |
| ૨૪મા | ૪૦૦ | ૧,૩૦૦ | ૭૦૦ | ૫૦૦ |

૧. મતાંતરે ૨૨,૦૦૦ ૨. મતાંતરે ૪,૨૦૦ ૩. મતાંતરે ૨,૨૦૦

## દ્વાર ૨૩મું - ૨૪ તીર્થંકરોના ચૌદપૂર્વીઓની સંખ્યા
## દ્વાર ૨૪મું - ૨૪ તીર્થંકરોના શ્રાવકોની સંખ્યા
## દ્વાર ૨૫મું - ૨૪ તીર્થંકરોના શ્રાવિકાઓની સંખ્યા
## દ્વાર ૨૮મું - ૨૪ તીર્થંકરોના શરીરની ઊંચાઈ

| તીર્થંકર | ચૌદપૂર્વીઓની સંખ્યા | શ્રાવકોની સંખ્યા | શ્રાવિકાઓની સંખ્યા | શરીરની ઊંચાઈ[1] |
|---|---|---|---|---|
| ૧લા | ૪,૭૫૦ | ૩,૫૦,૦૦૦ | ૫,૫૪,૦૦૦ | ૫૦૦ ધનુષ્ય |
| ૨જા | ૩,૭૨૦ | ૨,૯૮,૦૦૦ | ૫,૪૫,૦૦૦ | ૪૫૦ ધનુષ્ય |
| ૩જા | ૨,૧૫૦ | ૨,૯૩,૦૦૦ | ૬,૩૬,૦૦૦ | ૪૦૦ ધનુષ્ય |
| ૪થા | ૧,૫૦૦ | ૨,૮૮,૦૦૦ | ૫,૨૭,૦૦૦ | ૩૫૦ ધનુષ્ય |
| ૫મા | ૨,૪૦૦ | ૨,૮૧,૦૦૦ | ૫,૧૬,૦૦૦ | ૩૦૦ ધનુષ્ય |
| ૬ઠ્ઠા | ૨,૩૦૦ | ૨,૭૬,૦૦૦ | ૫,૦૫,૦૦૦ | ૨૫૦ ધનુષ્ય |
| ૭મા | ૨,૦૩૦ | ૨,૫૭,૦૦૦ | ૪,૯૩,૦૦૦ | ૨૦૦ ધનુષ્ય |
| ૮મા | ૨,૦૦૦ | ૨,૫૦,૦૦૦ | ૪,૯૧,૦૦૦ | ૧૫૦ ધનુષ્ય |
| ૯મા | ૧,૫૦૦ | ૨,૨૯,૦૦૦ | ૪,૭૧,૦૦૦ | ૧૦૦ ધનુષ્ય |
| ૧૦મા | ૧,૪૦૦ | ૨,૮૯,૦૦૦ | ૪,૫૮,૦૦૦ | ૯૦ ધનુષ્ય |
| ૧૧મા | ૧,૩૦૦ | ૨,૭૯,૦૦૦ | ૪,૪૮,૦૦૦ | ૮૦ ધનુષ્ય |
| ૧૨મા | ૧,૨૦૦ | ૨,૧૫,૦૦૦ | ૪,૩૬,૦૦૦ | ૭૦ ધનુષ્ય |
| ૧૩મા | ૧,૧૦૦ | ૨,૦૮,૦૦૦ | ૪,૨૪,૦૦૦ | ૬૦ ધનુષ્ય |
| ૧૪મા | ૧,૦૦૦ | ૨,૦૬,૦૦૦ | ૪,૧૪,૦૦૦ | ૫૦ ધનુષ્ય |
| ૧૫મા | ૯૦૦ | ૨,૦૪,૦૦૦ | ૪,૧૩,૦૦૦ | ૪૫ ધનુષ્ય |
| ૧૬મા | ૮૦૦ | ૨,૯૦,૦૦૦ | ૩,૯૩,૦૦૦ | ૪૦ ધનુષ્ય |
| ૧૭મા | ૬૭૦ | ૧,૭૯,૦૦૦ | ૩,૮૧,૦૦૦ | ૩૫ ધનુષ્ય |
| ૧૮મા | ૬૧૦ | ૧,૮૪,૦૦૦ | ૩,૭૨,૦૦૦ | ૩૦ ધનુષ્ય |
| ૧૯મા | ૬૬૮ | ૧,૮૩,૦૦૦ | ૩,૭૦,૦૦૦ | ૨૫ ધનુષ્ય |
| ૨૦મા | ૫૦૦ | ૧,૭૨,૦૦૦ | ૩,૫૦,૦૦૦ | ૨૦ ધનુષ્ય |
| ૨૧મા | ૪૫૦ | ૧,૭૦,૦૦૦ | ૩,૪૮,૦૦૦ | ૧૫ ધનુષ્ય |
| ૨૨મા | ૪૦૦ | ૧,૬૯,૦૦૦ | ૩,૩૬,૦૦૦ | ૧૦ ધનુષ્ય |
| ૨૩મા | ૩૫૦ | ૧,૬૪,૦૦૦ | ૩,૩૯,૦૦૦ | ૯ હાથ |
| ૨૪મા | ૩૦૦ | ૧,૫૯,૦૦૦ | ૩,૧૮,૦૦૦ | ૭ હાથ |

૧. આ ઊંચાઈ ઉત્સેધ અંગુલથી સમજવી.

## દ્વાર ૨૯મું - ૨૪ તીર્થંકરોના યક્ષો

| તીર્થંકર | યક્ષનું નામ | વર્ણ | વાહન | હાથની સંખ્યા | જમણા હાથમાં શું છે ? | ડાબા હાથમાં શું છે ? | વિશેષ |
|---|---|---|---|---|---|---|---|
| ૧લા | ગોમુખ | સુવર્ણ | હાથી | ૪ | વરદાનમુદ્રા, અક્ષમાળા[1] | બીજોરુ, પાશ[2] | — |
| ૨જા | મહાયક્ષ | શ્યામ | ઐરાવણ હાથી | ૮ | વરદાનમુદ્રા, કુહાડી, અક્ષમાળા, પાશ | બીજોરુ, અભયમુદ્રા, અંકુશ[3], શક્તિ | ૪ મુખવાળા |
| ૩જા | ત્રિમુખ | શ્યામ | મોર | ૬ | નોળિયો, ગદા, અભયમુદ્રા | બીજોરુ, સર્પ, અક્ષમાળા | ૩ મુખવાળા, ૩ નેત્રવાળા |
| ૪થા | ઈશ્વર | શ્યામ | હાથી | ૪ | બીજોરુ, અક્ષમાળા | નોળિયો, અંકુશ | — |
| ૫મા | તુમ્બુરુ | શ્વેત | ગરુડ | ૪ | વરદાનમુદ્રા, શક્તિ | ગદા, સર્પ, પાશ | — |
| ૬ઠ્ઠા | કુસુમ | નીલ | હરણ | ૪ | ફળ, અભયમુદ્રા | નોળિયો, અક્ષમાળા | — |
| ૭મા | માતંગ | નીલ | હાથી | ૪ | બિલ્વ, પાશ | નોળિયો, અંકુશ | — |
| ૮મા | વિજય | લીલો | હંસ | ૨ | ચક્ર | કુહાડી | ૩ આંખવાળા |
| ૯મા | અજિત | શ્વેત | કાચબો | ૪ | બીજોરુ, અક્ષમાળા | નોળિયો, ભાલો | — |
| ૧૦મા | બ્રહ્મા | સફેદ | કમળ | ૮ | બીજોરુ, કુહાડી, પાશ, અભય-મુદ્રા | નોળિયો, ગદા, અંકુશ, અક્ષમાળા | ૪ મુખવાળા, ૩ નેત્રવાળા |
| ૧૧મા | મનુજ[4] | સફેદ | વૃષભ | ૪ | બીજોરુ, ગદા | નોળિયો, અક્ષમાળા | ૩ નેત્રવાળા |
| ૧૨મા | સુરકુમાર | શ્વેત | હંસ | ૪ | બીજોરુ, વીણા | નોળિયો, ધનુષ્ય | — |
| ૧૩મા | ષણ્મુખ | શ્વેત | મોર | ૧૨ | ફળ, ચક્ર, બાણ, તલવાર, પાશ, અક્ષમાળા | નોળિયો, ચક્ર, ધનુષ્ય, ફલક, અંકુશ, અભયમુદ્રા | — |

૧. અક્ષમાળા = જાપમાળા. ૨. પાશ = એક શસ્ત્ર. ૩. અંકુશ = હાથીને ચલાવવામાં ઉપયોગી હથિયાર. ૪. મતાંતરે ઈશ્વર.

| તીર્થંકર | યક્ષનું નામ | વર્ણ | વાહન | હાથની સંખ્યા | જમણા હાથમાં શું છે ? | ડાબા હાથમાં શું છે ? | વિશેષ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪મા | પાતાલ | લાલ | મગર | ૬ | કમળ, તલવાર, પાશ | નોળિયો, ફલક, અક્ષમાળા | ૩ મુખવાળા |
| ૧૫મા | કિન્નર | લાલ | કાચબો | ૬ | બીજોરુ, ગદા, અભયમુદ્રા | નોળિયો, કમળ, અક્ષમાળા | ૩ મુખવાળા, |
| ૧૬મા | ગરુડ | શ્યામ | વરાહ | ૪ | બીજોરુ, કમળ | નોળિયો, અક્ષમાળા | વરાહ જેવા મોઢાવાળા |
| ૧૭મા | ગંધર્વ | શ્યામ | હંસ | ૪ | વરદાનમુદ્રા, પાશ | બીજોરુ, અંકુશ | — |
| ૧૮મા | યક્ષેન્દ્ર | શ્યામ | શંખ | ૧૨ | બીજોરુ, બાણ, તલવાર, કુહાડી, પાશ, અભયમુદ્રા | નોળિયો, ધનુષ્ય, ફલક, ભાલો, અંકુશ, અક્ષમાળા | ૬ મુખવાળા ૩ નેત્રવાળા |
| ૧૯મા | કૂબર | ઈન્દ્ર-ધનુષ્ય | હાથી | ૮ | વરદાનમુદ્રા, કુહાડી, ભાલો, અભયમુદ્રા | બીજોરુ, શક્તિ, કુહાડી, અક્ષયમાળા | ૪ મુખવાળા |
| ૨૦મા | વરુણ | શ્યામ | વૃષભ | ૮ | બીજોરુ, ગદા, બાણ, શક્તિ | નોળિયો, કમળ, ધનુષ્ય, કુહાડી | ૪ મુખવાળા ૩ નેત્રવાળા, જટાના મુગટવાળા |
| ૨૧મા | ભૃકુટિ | સુવર્ણ | વૃષભ | ૮ | બીજોરુ, શક્તિ, કુહાડી, અભયમુદ્રા | નોળિયો, કુહાડી, વજ્ર, અક્ષમાળા | ૪ મુખવાળા ૩ નેત્રવાળા |
| ૨૨મા | ગોમેધ | શ્યામ | પુરુષ | ૬ | બીજોરુ, કુહાડી, ચક્ર | નોળિયો, ભાલો, શક્તિ | ૩ મુખવાળા |
| ૨૩મા | વામન[૧] | શ્યામ | કાચબો | ૪ | બીજોરુ, સર્પ | નોળિયો, સર્પ | હાથી જેવા મુખવાળા |
| ૨૪મા | માતંગ | શ્યામ | હાથી | ૨ | નોળિયો | બીજોરુ | — |

૧. મતાંતરે પાર્શ્વ.

## દ્વાર ૨૭મું - ૨૪ તીર્થંકરોની દેવીઓ

| તીર્થંકર | દેવીનું નામ | વર્ણ | વાહન | હાથની સંખ્યા | જમણા હાથમાં શું છે ? | ડાબા હાથમાં શું છે ? |
|---|---|---|---|---|---|---|
| ૧લા | ચક્રેશ્વરી[1] | સુવર્ણ | ગરુડ | ૮ | વરદાનમુદ્રા,બાણ, ચક્ર, પાશ | ધનુષ્ય, વજ્ર, ચક્ર, અંકુશ |
| ૨જા | અજિતા[2] | સફેદ | લોહ | ૪ | વરદાનમુદ્રા, પાશ | બીજોરુ, અંકુશ |
| ૩જા | દુરિતારિ | સફેદ | ઘેટું | ૪ | વરદાનમુદ્રા, અક્ષમાળા | ફળ, અભયમુદ્રા |
| ૪થા | કાલી | શ્યામ | કમળ | ૪ | વરદાનમુદ્રા, પાશ | સર્પ, અંકુશ |
| ૫મા | મહાકાલી | સુવર્ણ | કમળ | ૪ | વરદાનમુદ્રા, પાશ | બીજોરુ, અંકુશ |
| ૬ઠ્ઠા | અચ્યુતા[3] | શ્યામ | મનુષ્ય | ૪ | વરદાનમુદ્રા, બાણ | ધનુષ્ય, અભયમુદ્રા |
| ૭મા | શાન્તા | સુવર્ણ | હાથી | ૪ | વરદાનમુદ્રા, અક્ષમાળા | ભાલો, અભયમુદ્રા |
| ૮મા | જ્વાલા[4] | પીળો | વરાલક[5] | ૪ | તલવાર, કુહાડી | ફલક, કુહાડી |
| ૯મા | સુતારા | સફેદ | વૃષભ | ૪ | વરદાનમુદ્રા, અક્ષમાળા | કળશ, અંકુશ |
| ૧૦મા | અશોકા | નીલ | કમળ | ૪ | વરદાનમુદ્રા, પાશ | ફલક, અંકુશ |
| ૧૧મા | શ્રીવત્સા[6] | સફેદ | સિંહ | ૪ | વરદાનમુદ્રા, પાશ | કળશ, અંકુશ |
| ૧૨મા | પ્રવરા[7] | શ્યામ | ઘોડો | ૪ | વરદાનમુદ્રા, શક્તિ | ફુલ, ગદા |
| ૧૩મા | વિજયા[8] | હરિતાલ (લાલ) | કમળ | ૪ | બાણ, પાશ | ધનુષ્ય, સર્પ |
| ૧૪મા | અંકુશા | સફેદ | કમળ | ૪ | તલવાર, પાશ | ફલક, અંકુશ |

૧. મતાંતરે અપ્રતિચક્રા ૨. મતાંતરે અજિતબલા ૩. મતાંતરે શ્યામા ૪. મતાંતરે ભૃકુટિ ૫. વરાલક = એક પ્રકારનું પ્રાણી. ૬. મતાંતરે માનવી ૭. મતાંતરે ચંડા ૮. મતાંતરે વિદિતા.

| તીર્થંકર | દેવીનું નામ | વર્ણ | વાહન | હાથની સંખ્યા | જમણા હાથમાં શું છે ? | ડાબા હાથમાં શું છે ? |
|---|---|---|---|---|---|---|
| ૧૫મા | પન્નગા[1] | સફેદ | માછલુ | ૪ | કમળ, અંકુશ | કમળ, અભયમુદ્રા |
| ૧૬મા | નિર્વાણી | સુવર્ણ | કમળ | ૪ | પુસ્તક, કમળ | કમંડળ, કમળ |
| ૧૭મા | અચ્યુતા[2] | સુવર્ણ | મોર | ૪ | બીજોરુ, ભાલો | મુષુંઢિ[3], કમળ |
| ૧૮મા | ધારણી | નીલ | કમળ | ૪ | બીજોરુ, કમળ | કમળ, અક્ષમાળા |
| ૧૯મા | વૈરોટ્યા | શ્યામ | કમળ | ૪ | વરદાનમુદ્રા, અક્ષમાળા | બીજોરુ, શક્તિ |
| ૨૦મા | અચ્છુપ્તા[4] | સુવર્ણ | ભદ્રાસન | ૪ | વરદાનમુદ્રા, અક્ષમાળા | બીજોરુ, ભાલો |
| ૨૧મા | ગાન્ધારી | શ્વેત | હંસ | ૪ | વરદાનમુદ્રા, તલવાર | બીજોરુ, ભાલો |
| ૨૨મા | અંબા | સુવર્ણ | સિંહ | ૪ | આંબાની લુંબ, પાશ | પુત્ર, અંકુશ |
| ૨૩મા | પદ્માવતી | સુવર્ણ | કુર્કુટસર્પ | ૪ | કમળ, પાશ | ફળ, અંકુશ |
| ૨૪મા | સિદ્ધાયિકા | લીલો | સિંહ | ૪ | પુસ્તક, અભયમુદ્રા | બીજોરુ, વીણા |

૧. મતાંતરે કંદર્પા ૨. મતાંતરે બલા ૩. મુષુંઢિ = એક પ્રકારનું શસ્ત્ર. ૪. મતાંતરે નરદત્તા.

## દ્વાર ૨૯મું - ૨૪ તીર્થંકરોના લાંછન
## દ્વાર ૩૦મું - ૨૪ તીર્થંકરોના વર્ણ
## દ્વાર ૩૧મું - ૨૪ તીર્થંકરોએ કેટલા સાથે દીક્ષા લીધી ?
## દ્વાર ૩૨મું - ૨૪ તીર્થંકરોના આયુષ્ય
## દ્વાર ૩૩મું - ૨૪ તીર્થંકરો કેટલા સાથે મોક્ષે ગયા ?

| તીર્થંકર | લાંછન | વર્ણ (રંગ) | કેટલા સાથે દીક્ષા લીધી ? | આયુષ્ય | કેટલા સાથે મોક્ષે ગયા ? |
|---|---|---|---|---|---|
| ૧લા | વૃષભ | સુવર્ણ[1] | ૪,૦૦૦ | ૮૪ લાખ પૂર્વ | ૧૦,૦૦૦ |
| ૨જા | હાથી | સુવર્ણ | ૧,૦૦૦ | ૭૨ લાખ પૂર્વ | ૧,૦૦૦ |
| ૩જા | ઘોડો | સુવર્ણ | ૧,૦૦૦ | ૬૦ લાખ પૂર્વ | ૧,૦૦૦ |
| ૪થા | વાંદરો | સુવર્ણ | ૧,૦૦૦ | ૫૦ લાખ પૂર્વ | ૧,૦૦૦ |
| ૫મા | ક્રૌંચ | સુવર્ણ | ૧,૦૦૦ | ૪૦ લાખ પૂર્વ | ૧,૦૦૦ |
| ૬ઠ્ઠા | કમળ | લાલ[2] | ૧,૦૦૦ | ૩૦ લાખ પૂર્વ | ૩૦૮[3] |
| ૭મા | સ્વસ્તિક | સુવર્ણ | ૧,૦૦૦ | ૨૦ લાખ પૂર્વ | ૫૦૦ |
| ૮મા | ચંદ્ર | સફેદ[4] | ૧,૦૦૦ | ૧૦ લાખ પૂર્વ | ૧,૦૦૦ |
| ૯મા | મગર | સફેદ | ૧,૦૦૦ | ૨ લાખ પૂર્વ | ૧,૦૦૦ |
| ૧૦મા | શ્રીવત્સ | સુવર્ણ | ૧,૦૦૦ | ૧ લાખ પૂર્વ | ૧,૦૦૦ |
| ૧૧મા | ગેંડો | સુવર્ણ | ૧,૦૦૦ | ૮૪ લાખ વર્ષ | ૧,૦૦૦ |
| ૧૨મા | પાડો | લાલ | ૬૦૦ | ૭૨ લાખ વર્ષ | ૬૦૦ |
| ૧૩મા | વરાહ | સુવર્ણ | ૧,૦૦૦ | ૬૦ લાખ વર્ષ | ૬૦૦૦ |
| ૧૪મા | બાજ | સુવર્ણ | ૧,૦૦૦ | ૩૦ લાખ વર્ષ | ૭૦૦૦ |
| ૧૫મા | વજ્ર | સુવર્ણ | ૧,૦૦૦ | ૧૦ લાખ વર્ષ | ૧૦૮ |

---

૧. સુવર્ણવર્ણ - સોના જેવો રંગ, ૨. લાલવર્ણ - જાસુદના ફુલ જેવો રંગ, ૩. મતાંતરે ૮૦૩. **આવશ્યકટિપ્પનક**માં ૩૨૪ કહ્યા છે. ૪. સફેદ વર્ણ-ચંદ્ર જેવો સફેદ રંગ.

| તીર્થંકર | લાંછન | વર્ણ (રંગ) | કેટલા સાથે દીક્ષા લીધી ? | આયુષ્ય | કેટલા સાથે મોક્ષે ગયા ? |
|---|---|---|---|---|---|
| ૧૬મા | હરણ | સુવર્ણ | ૧,૦૦૦ | ૧ લાખ વર્ષ | ૯૦૦ |
| ૧૭મા | બકરો | સુવર્ણ | ૧,૦૦૦ | ૯૫,૦૦૦ વર્ષ | ૧,૦૦૦ |
| ૧૮મા | નંદાવર્ત | સુવર્ણ | ૧,૦૦૦ | ૮૪,૦૦૦ વર્ષ | ૧,૦૦૦ |
| ૧૯મા | કળશ | લીલો[૧] | ૩૦૦[૨] | ૫૫,૦૦૦ વર્ષ | ૫૦૦ |
| ૨૦મા | કાચબો | કાળો[૩] | ૧,૦૦૦ | ૩૦,૦૦૦ વર્ષ | ૧,૦૦૦ |
| ૨૧મા | નીલકમળ | સુવર્ણ | ૧,૦૦૦ | ૧૦,૦૦૦ વર્ષ | ૧,૦૦૦ |
| ૨૨મા | શંખ | કાળો | ૧,૦૦૦ | ૧,૦૦૦ વર્ષ | ૫૩૬ |
| ૨૩મા | સર્પ | લીલો | ૩૦૦ | ૧૦૦ વર્ષ | ૩૩ |
| ૨૪મા | સિંહ | સુવર્ણ | ૦ | ૭૨ વર્ષ | ૦ |

●●●

+ અશુભમાં પ્રવેશી જતું મન જો એમાં પડ્યું જ રહેતું હોય તો એ ભેંસ જેવું છે અને શુભની ડાળ પર બેસતું મન જો ત્યાંથી તુર્ત ઊડી જતું હોય તો એ કોયલ જેવું છે.

+ સ્વબુદ્ધિથી કલ્પિત અર્થને અનુસારે કષ્ટપૂર્વક થતું શુદ્ધ અનુષ્ઠાન પણ અજ્ઞાનકષ્ટમાં ગણાય છે.

+ ધર્મના આચરણમાં આળસુ જીવોનો મનુષ્ય જન્મ નિષ્ફળ જાય છે.

+ નવકારને ધારણ કરનાર શ્રાવકને પણ સર્વ પ્રયત્નથી પરમબંધુ જેવો માનવો.

૧. લીલોવર્ણ-રાયણ જેવો રંગ. ૨. **સ્થાનાંગની ટીકા**માં ૩૦૩ કહ્યા છે. ૩. કાળો વર્ણ ઇન્દ્રનીલ મણિ જેવો રંગ.

# દ્વાર ૩૪મું - ૨૪ તીર્થંકરોના નિર્વાણગમનસ્થાન
# દ્વાર ૩૫મું - ૨૪ તીર્થંકરોના અંતરો

| તીર્થંકર | નિર્વાણગમનસ્થાન | અંતર[1] |
|---|---|---|
| ૧લા | અષ્ટાપદ | – |
| ૨જા | સમ્મેતશિખર | ૫૦ લાખ કરોડ સાગરોપમ |
| ૩જા | સમ્મેતશિખર | ૩૦ લાખ કરોડ સાગરોપમ |
| ૪થા | સમ્મેતશિખર | ૧૦ લાખ કરોડ સાગરોપમ |
| ૫મા | સમ્મેતશિખર | ૯ લાખ કરોડ સાગરોપમ |
| ૬ઠ્ઠા | સમ્મેતશિખર | ૯૦,૦૦૦ કરોડ સાગરોપમ |
| ૭મા | સમ્મેતશિખર | ૯,૦૦૦ કરોડ સાગરોપમ |
| ૮મા | સમ્મેતશિખર | ૯૦૦ કરોડ સાગરોપમ |
| ૯મા | સમ્મેતશિખર | ૯૦ કરોડ સાગરોપમ |
| ૧૦મા | સમ્મેતશિખર | ૯ કરોડ સાગરોપમ |
| ૧૧મા | સમ્મેતશિખર | ૧ કરોડ સાગરોપમ – (૧૦૦ સાગરોપમ + ૬૬,૨૬,૦૦૦ વર્ષ) |
| ૧૨મા | ચંપાપુરી | ૫૪ સાગરોપમ |
| ૧૩મા | સમ્મેતશિખર | ૩૦ સાગરોપમ |
| ૧૪મા | સમ્મેતશિખર | ૯ સાગરોપમ |
| ૧૫મા | સમ્મેતશિખર | ૪ સાગરોપમ |

૧. આ અંતર પૂર્વ-પૂર્વના ભગવાનના નિર્વાણથી પછી-પછીના ભગવાનના નિર્વાણ સુધીનું છે.

| તીર્થંકર | નિર્વાણગમનસ્થાન | અંતર |
|---|---|---|
| ૧૬મા | સમ્મેતશિખર | ૩ સાગરોપમ – ૩/૪ પલ્યોપમ |
| ૧૭મા | સમ્મેતશિખર | ૧/૨ પલ્યોપમ |
| ૧૮મા | સમ્મેતશિખર | ૧/૪ પલ્યોપમ – ૧,૦૦૦ કરોડ વર્ષ |
| ૧૯મા | સમ્મેતશિખર | ૧,૦૦૦ કરોડ વર્ષ |
| ૨૦મા | સમ્મેતશિખર | ૫૪ લાખ વર્ષ |
| ૨૧મા | સમ્મેતશિખર | ૬ લાખ વર્ષ |
| ૨૨મા | ઉજ્જયંતગિરિ | ૫ લાખ વર્ષ |
| ૨૩મા | સમ્મેતશિખર | ૮૩,૭૫૦ વર્ષ |
| ૨૪મા | અપાપાપુરી | ૨૫૦ વર્ષ |
| કુલ | | ૧ કોડાકોડી સાગરોપમ–૪૨,૦૦૦ વર્ષ |

ત્રીજા આરાના ૮૯ પખવાડીયા બાકી હતા ત્યારે ઋષભદેવ ભગવાન નિર્વાણ પામ્યા.

ચોથા આરાના ૮૯ પખવાડીયા બાકી હતા ત્યારે મહાવીરસ્વામી ભગવાન નિર્વાણ પામ્યા.

**આ અવસર્પિણીમાં થયેલા તીર્થંકરો, ચક્રવર્તીઓ અને વાસુદેવોના ક્રમ, શરીરની ઊંચાઈ અને આયુષ્ય -**

| તીર્થંકર | ચક્રવર્તી | વાસુદેવ | શરીરની ઊંચાઈ | આયુષ્ય |
|---|---|---|---|---|
| (૧) ઋષભદેવ | (૧) ભરત | — | ૫૦૦ ધનુષ્ય | ૮૪ લાખ પૂર્વ |
| (૨) અજિતનાથ | (૨) સગર | — | ૪૫૦ ધનુષ્ય | ૭૨ લાખ પૂર્વ |
| (૩) સંભવનાથ | — | — | ૪૦૦ ધનુષ્ય | ૬૦ લાખ પૂર્વ |
| (૪) અભિનંદન-સ્વામી | — | — | ૩૫૦ ધનુષ્ય | ૫૦ લાખ પૂર્વ |

| તીર્થંકર | ચક્રવર્તી | વાસુદેવ | શરીરની ઊંચાઈ | આયુષ્ય |
|---|---|---|---|---|
| (૫) સુમતિનાથ | — | — | ૩૦૦ ધનુષ્ય | ૪૦ લાખ પૂર્વ |
| (૬) પદ્મપ્રભ-સ્વામી | — | — | ૨૫૦ ધનુષ્ય | ૩૦ લાખ પૂર્વ |
| (૭) સુપાર્શ્વનાથ | — | — | ૨૦૦ ધનુષ્ય | ૨૦ લાખ પૂર્વ |
| (૮) ચંદ્રપ્રભસ્વામી | — | — | ૧૫૦ ધનુષ્ય | ૧૦ લાખ પૂર્વ |
| (૯) સુવિધિનાથ | — | — | ૧૦૦ ધનુષ્ય | ૨ લાખ પૂર્વ |
| (૧૦) શીતલનાથ | — | — | ૯૦ ધનુષ્ય | ૧ લાખ પૂર્વ |
| (૧૧) શ્રેયાંસનાથ | — | (૧) ત્રિપૃષ્ઠ | ૮૦ ધનુષ્ય | ૮૪ લાખ વર્ષ |
| (૧૨) વાસુપૂજ્ય-સ્વામી | — | (૨) દ્વિપૃષ્ઠ | ૭૦ ધનુષ્ય | ૭૨ લાખ વર્ષ |
| (૧૩) વિમલનાથ | — | (૩) સ્વયંભૂ | ૬૦ ધનુષ્ય | ૬૦ લાખ વર્ષ |
| (૧૪) અનંતનાથ | — | (૪) પુરુષોત્તમ | ૫૦ ધનુષ્ય | ૩૦ લાખ વર્ષ |
| (૧૫) ધર્મનાથ | — | (૫) પુરુષસિંહ | ૪૫ ધનુષ્ય | ૧૦ લાખ વર્ષ |
| — | (૩) મઘવન્ | — | ૪૨ ધનુષ્ય ૨ હાથ | ૫ લાખ વર્ષ |
| — | (૪) સનત્કુમાર | — | ૪૧ ધનુષ્ય ૨ હાથ | ૩ લાખ વર્ષ |
| (૧૬) શાંતિનાથ | (૫) શાંતિનાથ | — | ૪૦ ધનુષ્ય | ૧ લાખ વર્ષ |
| (૧૭) કુંથુનાથ | (૬) કુંથુનાથ | — | ૩૫ ધનુષ્ય | ૯૫,૦૦૦ વર્ષ |
| (૧૮) અરનાથ | (૭) અરનાથ | — | ૩૦ ધનુષ્ય | ૮૪,૦૦૦ વર્ષ |
| — | — | (૬) પુરુષ-પુંડરીક | ૨૯ ધનુષ્ય | ૬૫,૦૦૦ વર્ષ |
| — | (૮) સુભૂમ | — | ૨૮ ધનુષ્ય | ૬૦,૦૦૦ વર્ષ |
| — | — | (૭) દત્ત | ૨૬ ધનુષ્ય | ૫૬,૦૦૦ વર્ષ |

| તીર્થંકર | ચક્રવર્તી | વાસુદેવ | શરીરની ઊંચાઈ | આયુષ્ય |
|---|---|---|---|---|
| (૧૯) મલ્લિનાથ | — | — | ૨૫ ધનુષ્ય | ૫૫,૦૦૦ વર્ષ |
| (૨૦) મુનિસુવ્રત | (૯) મહાપદ્મ | — | ૨૦ ધનુષ્ય | ૩૦,૦૦૦ વર્ષ |
| સ્વામી | — | (૮) નારાયણ | ૧૬ ધનુષ્ય | ૧૨,૦૦૦ વર્ષ |
| (૨૧) નમિનાથ | (૧૦) હરિષેણ | — | ૧૫ ધનુષ્ય | ૧૦,૦૦૦ વર્ષ |
| — | (૧૧) જય | — | ૧૨ ધનુષ્ય | ૩,૦૦૦ વર્ષ |
| (૨૨) નેમિનાથ | — | (૯) કૃષ્ણ | ૧૦ ધનુષ્ય | ૧,૦૦૦ વર્ષ |
| — | (૧૨) બ્રહ્મદત્ત | — | ૭ ધનુષ્ય | ૭૦૦ વર્ષ |
| (૨૩) પાર્શ્વનાથ | — | — | ૯ હાથ | ૧૦૦ વર્ષ |
| (૨૪) મહાવીર-સ્વામી | — | — | ૭ હાથ | ૭૨ વર્ષ |

●●●

+ પરંપરાથી આવેલ અર્થને સ્વબુદ્ધિથી નિષેધ કરવો યોગ્ય નથી. તેનો નિષેધ કરવાથી નિહ્નવોના માર્ગને અનુસરવાનું થાય છે.
+ સ્વચ્છંદપણે કરાતું સુંદર કાર્ય પણ સંસાર માટે થાય છે.
+ તપથી કંઈ પણ દુષ્પ્રાપ્ય, દુઃસાધ્ય કે દુરારાધ્ય નથી.
+ બાળ, વૃદ્ધ, ગ્લાન, શૈક્ષક, તપસ્વી વગેરેની વૈયાવચ્ચ બધા કલ્યાણોની વેલડીરૂપ કલ્પવૃક્ષના કંદ સમાન છે.
+ એકાદિ ઉત્તરગુણ હીન પણ મૂળગુણસંપન્ન ગુરુ ત્યાજ્ય નથી.
+ ઉપધાન વહન કર્યા વિના શ્રાવકને અને યોગ વહન કર્યા વિના સાધુને પોતપોતાને ઉચિત શ્રુતનું અધ્યયન પણ અધર્મ છે.

# દ્વાર ૩૬મું - તીર્થવિચ્છેદનો કાળ

ઋષભદેવ ભગવાનથી સુવિધિનાથ ભગવાન સુધીના ૯ ભગવાનોના ૮ અંતરોમાં તીર્થનો વિચ્છેદ થયો નથી.

શાંતિનાથ ભગવાનથી મહાવીરસ્વામી ભગવાન સુધીના ૯ ભગવાનોના ૮ અંતરોમાં તીર્થનો વિચ્છેદ થયો નથી.

સુવિધિનાથ ભગવાનથી શાંતિનાથ ભગવાન સુધીના ૮ ભગવાનોના ૭ અંતરોમાં તીર્થનો વિચ્છેદ થયો. તેનો કાળ આ પ્રમાણે છે -

| અંતર | તીર્થવિચ્છેદનો કાળ |
|---|---|
| સુવિધિનાથ-શીતલનાથ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| શીતલનાથ-શ્રેયાંસનાથ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| શ્રેયાંસનાથ-વાસુપૂજ્ય | $\frac{૩}{૪}$ પલ્યોપમ |
| વાસુપૂજ્ય-વિમલનાથ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| વિમલનાથ-અનંતનાથ | $\frac{૩}{૪}$ પલ્યોપમ |
| અનંતનાથ-ધર્મનાથ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| ધર્મનાથ-શાંતિનાથ | $\frac{૧}{૪}$ પલ્યોપમ |
| કુલ | ૨$\frac{૩}{૪}$ પલ્યોપમ |

●●●

+ વૈભવાનુસાર પૂજા કર્યા વિના સુરો-અસુરો નમસ્કાર ક્રિયામાં પ્રવર્તતા નથી.

+ ધન્ય આત્માઓના પુત્રો ચારિત્ર લે છે.

# દ્વાર ૩૭મું - જિનાલયમાં વર્જવાની ૧૦ આશાતનાઓ

(૧) તાંબૂલ ખાવું.

(૨) પાણી પીવું.

(૩) ભોજન કરવું.

(૪) જોડા પહેરવા.

(૫) મૈથુન સેવવું.

(૬) સૂવું.

(૭) થુંકવું.

(૮) પેશાબ કરવો.

(૯) ઝાડો કરવો.

(૧૦) જુગાર રમવો

●●●

+ મને સંસારથી તારે તે મંગળ.
+ ધર્મને લાવે તે મંગળ.
+ જ્ઞાન, દર્શન, ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગ છે. તે સિવાયનો બધો જ ઉન્માર્ગ છે.
+ કોઈ પણ બદલાની ઇચ્છા વિના બીજાના દુઃખોનો નાશ કરવાની ઇચ્છા તે દયાળુપણું.
+ બીજાએ કરેલા ઉપકારનું સ્મરણ તે કૃતજ્ઞતા.
+ વિદ્યાસિદ્ધ પુરુષોનું ધ્યાન વિદ્યા અને જાપમાં વિઘ્નને દૂર કરે છે.
+ સર્વ જીવોને વિષે સ્વઆત્માની સમાન આચરણ કરવું.
+ ગર્વ એ વિનાશનું મૂળ છે.
+ સર્વ રીતે બીજાને ઠગવા નહીં.

# દ્વાર ૩૮મું - જિનાલયમાં વર્જવાની ૮૪ આશાતનાઓ

**આશાતના** - બધા કલ્યાણોની સંપત્તિ રૂપી વેલડીઓના વિસ્તારના સમર્થ બીજ સમાન જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરેના લાભનો નાશ કરે તે આશાતના.

(૧) કફ નાંખવો.

(૨) ક્રીડા કરવી.

(૩) વાણીથી ઝઘડો કરવો.

(૪) કળા શિખવાની શાળાની જેમ દેરાસરમાં ધનુર્વેદ વગેરે કળાઓ શિખવી.

(૫) કોગળો કરવો.

(૬) તાંબૂલ ચાવવું.

(૭) તાંબૂલના રસની પીચકારી કાઢવી.

(૮) ગાળ આપવી.

(૯) લઘુનીતિ-વડીનીતિ કરવી.

(૧૦) શરીરને ધોવું.

(૧૧) માથા વગેરે પરથી વાળ ઉતારવા.

(૧૨) હાથ-પગના નખ કાપવા.

(૧૩) શરીરમાંથી નીકળેલ લોહી વોસિરાવવું.

(૧૪) સુખડી વગેરે મીઠાઈ ખાવી.

(૧૫) ઘા વગેરેની ચામડી કાઢવી.

(૧૬) ઔષધ વગેરેથી પિત્ત કાઢવા.

(૧૭) વમન કરવું.

(૧૮) દાંત નાખે કે દાંત સાફ કરે.

(૧૯) શરીર દબાવડાવે.

(૨૦) બકરા વગેરે જાનવરોને બાંધવા.

(૨૧) દાંતનો મેલ નાંખવો.

(૨૨) આંખનો મેલ નાંખવો.

(૨૩) નખનો મેલ નાંખવો.

(૨૪) લમણા ઉપરનો મેલ નાંખવો.

(૨૫) નાકનો મેલ નાંખવો.

(૨૬) માથાનો મેલ નાંખવો.

(૨૭) કાનનો મેલ નાંખવો.

(૨૮) શરીરનો મેલ નાંખવો.

(૨૯) ભૂત વગેરેનો નિગ્રહ કરવા રૂપ મંત્ર કરવો કે રાજા વગેરેના કાર્યની વિચારણારૂપ મંત્રણા કરવી.

(૩૦) પોતાના લગ્ન વગેરે કાર્યોનો નિર્ણય કરવા માટે વડિલોને ભેગા કરવા.

(૩૧) વેપાર વગેરેનું લખાણ કરવું.

(૩૨) લેણદારો વગેરેનો વિભાગ કરવો.

(૩૩) પોતાના ધન વગેરેનો ભંડાર બનાવવો.

(૩૪) પગ ઉપર પગ ચઢાવવો વગેરે અનુચિત રીતે બેસવું.

(૩૫) છાણા સુકાવવા.

(૩૬) કપડા સુકાવવા.

(૩૭) મગ વગેરેની દાળ સુકાવવી.

(૩૮) પાપડ સુકાવવા.

(૩૯) વડી સુકાવવી.

(૪૦) રાજા, લેણદાર વગેરેના ભયથી મંદિરના ગભારા વગેરેમાં છુપાવું.

(૪૧) પુત્ર, પત્ની વગેરેના વિયોગમાં રડવું.

(૪૨) સુંદર સ્ત્રીઓ વગેરેની વિકથા કરવી.

(૪૩) બાણો અને શેરડીઓ ઘડવી. (પાઠાંતરે બાણો અને ધનુષ્ય વગેરે શસ્ત્રો ઘડવા.)

(૪૪) ઘોડા, ગાય વગેરેને રાખવા.

(૪૫) ઠંડી વગેરેમાં તાપણું કરવું.

(૪૬) અન્ન વગેરે રાંધવું.

(૪૭) નાણાની પરીક્ષા કરવી.

(૪૮) નિસીહી ન કરવી. (સામાચારીમાં ચતુર પુરુષોએ દેરાસરમાં પ્રવેશતા અવશ્ય નિસીહી કરવી જોઈએ.)

(૪૯) છત્ર બહાર ન મૂકવું કે અંદર ધારણ કરવું.

(૫૦) જોડા બહાર ન મૂકવા કે અંદર ધારણ કરવા.

(૫૧) તલવાર વગેરે શસ્ત્રો બહાર ન મૂકવા કે અંદર ધારણ કરવા.

(૫૨) ચામર બહાર ન મૂકવા કે અંદર ધારણ કરવા.

(૫૩) મનની એકાગ્રતા ન રાખવી.

(૫૪) તેલ વગેરેનું માલીશ કરવું.

(૫૫) ફુલ, તાંબૂલ, પાન વગેરે સચિત્તનો બહાર ત્યાગ ન કરવો.

(૫૬) હાર, વીંટી વગેરે અચિત્તનો બહાર ત્યાગ કરવો. (હાર વગેરે બહાર મૂકી દેવાથી લોકો નિંદા કરે, 'અરે, આ ભિખારીઓનો ધર્મ છે.'

(૫૭) જિનપ્રતિમાના દર્શન થતા અંજલી ન કરવી.

(૫૮) ખેસનો ઉત્તરાસંગ ન કરવો.

(૫૯) મુગટ ધારણ કરવો.

(૬૦) પાઘડી, સાફો પહેરવો.

(૬૧) ફુલ વગેરેનો માથે મુગટ કરવો. (ફુલનો અંબોળો કરવો)

(૬૨) પારેવા, નાળિયેર વગેરે સંબંધી શરત કરવી, લીલામ કરવું.

(૬૩) ગેડી (વાંકી લાકડી) દડાથી, લખોટીથી, કોડી વગેરેથી રમવું.

(૬૪) પિતા વગેરે સાથે હાથ મીલાવવા.

(૬૫) નાટકીયાની કક્ષા વગાડવી વગેરે ક્રિયા કરવી.

(૬૬) તિરસ્કારસૂચક 'રે, રે' વગેરે શબ્દો કહેવા.

(૬૭) અપકારીઓને અને દેવાદારોને રોકવા.

(૬૮) યુદ્ધ કરવું.

(૬૯) વાળને ઓળવા.

(૭૦) પલાઠી વાળવી.

(૭૧) લાકડા વગેરેના જોડા પહેરવા.

(૭૨) સ્વેચ્છાથી પગ પસારવા.

(૭૩) મુખથી શરણાઈ વગાડવા જેવો અવાજ કરવો કે ચપટીઓ વગાડવી.

(૭૪) પોતાના શરીરના અવયવો ધોવા વડે કાદવ કરવો.

(૭૫) પગ વગેરેમાં લાગેલી ધૂળને ખંખેરવી.

(૭૬) મૈથુન સેવવું.

(૭૭) માથા વગેરેમાં જૂ જોવી કે માથા વગેરેમાંથી જૂ કાઢીને નાંખવી.

(૭૮) ભોજન કરવું.

(૭૯) લિંગને ખુલ્લુ કરવું. (પાઠાંતરે દૃષ્ટિયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, બાહુયુદ્ધ વગેરે યુદ્ધો કરવા.)

(૮૦) વૈદ્યક કરવું.

(૮૧) વેંચવા-ખરીદવારૂપ વેપાર કરવો.

(૮૨) શય્યા કરીને સૂવું.

(૮૩) પીવા માટેનું પાણી મૂકવું કે પીવું.

(૮૪) સ્નાન કરવું.

આ આશાતનાઓ ભવભ્રમણનું કારણ છે. તેથી સ્નાન ન કરતા હોવાથી મેલથી મલિન શરીરવાળા સાધુઓએ જિનાલયમાં 'સિદ્ધાણં બુદ્ધાણં' બોલાય ત્યાંસુધી જ રહેવું, ધર્મ સાંભળવા આવેલ ભવ્ય લોકો પર ઉપકાર કરવો વગેરે કારણ હોય તો ચૈત્યવંદન પછી પણ સાધુઓ જિનાલયમાં રહી શકે, બાકીના સમયમાં કારણ વિના નહીં. શરીરને સ્નાન કરાવવા છતાં પણ તેમાંથી દુર્ગંધી મેલ અને પસીનો નીકળે છે, ઓડકાર નીકળે છે, શ્વાસોચ્છ્વાસ નીકળે છે, વાછૂટ થાય છે. તેથી સાધુઓ જિનાલયમાં વધુ રહેતા નથી. આમ સાધુઓ પણ જિનાલયની આશાતનાઓને વર્જે છે, તો ગૃહસ્થોએ અવશ્ય એ વર્જવી જોઈએ.

●●●

+ પડેલી વસ્તુ બીજાની છે એમ જાણીને ન લેવી.

# દ્વાર ૩૯મું - તીર્થંકરોના ૮ પ્રાતિહાર્યો

**પ્રાતિહાર્ય** - દેવેન્દ્રે નીમેલા દેવોએ કરેલા પરમાત્માની ભક્તિ માટેના કૃત્યો તે પ્રાતિહાર્ય. તે આઠ છે. તે આ પ્રમાણે -

(૧) દેવતાઓ ભગવાનની ઉપર અશોકવૃક્ષને રચે છે.

(૨) દેવતાઓ ઘુંટણ સુધી પાંચ રંગના પુષ્પોની વૃષ્ટિ કરે છે.

(૩) દેવતાઓ લોકોને આનંદ આપનાર દિવ્યધ્વનિ રેલાવે છે.

(૪) દેવતાઓ ચારે દિશામાં ચામર વીંઝે છે.

(૫) દેવતાઓ અનેક પ્રકારના રત્નોથી સુંદર સિંહાસન રચે છે.

(૬) દેવતાઓ ભગવાનના મસ્તકની પાછળ પ્રભાના સમૂહને ભેગો કરીને ભામંડલ રચે છે.

(૭) દેવતાઓ અવાજથી વિશ્વને ભરી દેનારી મોટી ભેરીઓ (દુંદુભિઓ) રચે છે.

(૮) દેવતાઓ ત્રણ ભુવનના સામ્રાજ્યને સૂચવનારા ત્રણ છત્રો રચે છે.

- બધા તીર્થંકરોના અશોકવૃક્ષો તેમના પોતપોતાના શરીર કરતા બાર ગુણા ઊંચા હોય છે. મહાવીરસ્વામી ભગવાનની શરીરની ઊંચાઈ ૭ હાથ હતી. તેથી તેમનું અશોકવૃક્ષ ૭ × ૧૨ = ૮૪ હાથ = ૨૧ ધનુષ્ય ઊંચું હતું. તેની ઉપર ૧૧ ધનુષ્ય ઊંચું સાલવૃક્ષ હતું. બન્ને વૃક્ષો મળીને ૩૨ ધનુષ્ય ઊંચા હતા.

- દેવોએ વરસાવેલા ઘુંટણ સુધીના પુષ્પો ઉપર સાધુઓ અને લોકો ચાલે, બેસે અને ઊભા રહે તો પણ પ્રભુના અચિંત્ય પ્રભાવથી તે

પુષ્પોને પીડા થતી નથી, ઊલટા જાણે અમૃતથી સિંચાયા હોય તેમ તેઓ ઉલ્લાસ પામે છે.

- જેમ ગાયકના મધુર ગીતને વાજિંત્રોનું સંગીત વધુ મધુર કરે છે, તેમ માલવ, કૈશિકી વગેરે રાગમાં ભવ્યજીવોના ઉપકાર માટે દેશના આપનારા તીર્થંકરોની સ્વાભાવિક રીતે મધુર વાણીને દેવતા દિવ્યધ્વનિ (વાંસળી, વીણા વગેરેના સંગીત) વડે વધુ મધુર બનાવે છે.

●●●

+ વેપાર પણ પોતાના મિત્ર, મૂળી, બળ, ભાગ્યોદય, દેશ, કાળ વગેરેને અનુરૂપ કરવો, નહીંતર અચાનક વેપાર ભાંગી પડે.

+ વેપારમાં દેશ-કાળની અપેક્ષાએ એક, બે, ત્રણ, ચાર, પાંચ ટકા વગેરે રૂપ વ્યાજ પણ સજ્જનોથી અનિંદિત જ લેવું.

+ દેવું ચુકવવા માટે સર્વશક્તિથી પ્રયત્ન કરવો.

+ જેમાં થોડું પણ બીજાનું મન દુભાતુ હોય. તેવા ઘર-દુકાન બનાવડાવવા, લેવા, રાખવા વગેરેનો બધો વેપાર તજવો, કેમકે બીજાના નિસાસા વડે સમૃદ્ધિ, સુખ વગેરેની વૃદ્ધિ થતી નથી.

+ મુશ્કેલીમાં મદદ માટે સમાન ધર્મ-ધન-પ્રતિષ્ઠા વગેરે ગુણવાળો, બુદ્ધિશાળી, નિર્લોભી એવો એક મિત્ર કરવો.

+ ધન કમાવાના ઉપાયોનું રહસ્ય હકીકતમાં ન્યાય જ છે.

+ બુદ્ધિચક્ષુ આપણને લગભગ 'તફાવત'ના દર્શન કરાવતી રહે છે જ્યારે હૃદયચક્ષુ આપણને લગભગ 'સમાનતા'ના દર્શન કરાવતી રહે છે.

+ જીવન આપણે એવું પવિત્ર જીવીએ કે એ જીવન પર કોકને કાંક લખવાનું મન થઈ જાય.

# દ્વાર ૪૦મું - તીર્થંકરોના ૩૪ અતિશયો

**જન્મથી થનારા ૪ અતિશયો -**

(૧) તીર્થંકરનું શરીર મેલ, રોગ, પસીના વિનાનું હોય છે અને લોકોત્તર રૂપ, રસ, ગંધથી સુંદર હોય છે.

(૨) તીર્થંકરના શરીરના માંસ અને લોહી ગાયના દૂધની જેમ સફેદ હોય છે અને સુગંધી હોય છે.

(૩) તીર્થંકરના આહાર અને નીહાર (લઘુનીતિ-વડીનીતિનો ત્યાગ) ચર્મચક્ષુથી દેખાતા નથી.

(૪) તીર્થંકરના શ્વાસોચ્છ્વાસ વિકસિત કમળની જેમ સુગંધી હોય છે.

**કર્મોનો ક્ષય થવાથી થનારા ૧૧ અતિશયો -**

(૫) એક યોજનના સમવસરણમાં કરોડો કરોડો દેવો, મનુષ્યો અને તિર્યંચો પરસ્પર પીડા વિના સુખેથી બેસી શકે છે.

(૬) અર્ધમાગધી ભાષામાં બોલાતી પ્રભુની વાણી બધાને પોતપોતાની ભાષામાં સમજાય છે.

(૭) ચારે દિશામાં ૨૫ યોજન સુધીમાં જુના રોગો શાંત થાય અને નવા રોગો ઉત્પન્ન ન થાય.

(૮) ચારે દિશામાં ૨૫ યોજન સુધીમાં પૂર્વભવમાં બાંધેલા વૈરો અને જાતિના વૈરો થતા નથી.

(૯) ચારે દિશામાં ૨૫ યોજન સુધીમાં દુકાળ થતો નથી.

(૧૦) ચારે દિશામાં ૨૫ યોજન સુધીમાં સ્વરાષ્ટ્ર-પરરાષ્ટ્રનો ઉપદ્રવ થતો નથી.

(૧૧) ચારે દિશામાં ૨૫ યોજન સુધીમાં દુષ્ટ દેવતા વગેરેએ કરેલ મારી થતી નથી.

(૧૨) ચારે દિશામાં ૨૫ યોજન સુધીમાં અનાજ વગેરેનો વિનાશ કરનાર ઘણા પતંગીયા, પોપટ, ઉંદર વગેરે રૂપ ઈતિ થતી નથી.

(૧૩) ચારે દિશામાં ૨૫ યોજન સુધીમાં અતિવૃષ્ટિ (વધુ વરસાદ) થતી નથી.

(૧૪) ચારે દિશામાં ૨૫ યોજન સુધીમાં અનાવૃષ્ટિ (વરસાદ સર્વથા ન થવો) થતી નથી.

(૧૫) પ્રભુના મસ્તકની પાછળ દેદીપ્યમાન ભામંડલ હોય છે.

**દેવોએ કરેલા ૧૯ અતિશયો** -

(૧૬) પાદપીઠ સહિત સ્ફટિકનું સિંહાસન રચે છે.

(૧૭) ત્રણ છત્ર રચે છે.

(૧૮) પ્રભુની આગળ નાની ધજાઓથી શોભતો ૧,૦૦૦ યોજન ઊંચો ઈન્દ્રધ્વજ રચે છે.

(૧૯) બન્ને બાજુ દેવો ચામર વીંઝે છે.

(૨૦) પ્રભુની આગળ કમળ ઉપર પ્રતિષ્ઠિત ધર્મચક્ર રચે છે. સિંહાસન, છત્ર, ઈન્દ્રધ્વજ, ચામર અને ધર્મચક્ર - આ પાંચ જ્યાં જ્યાં પ્રભુ વિચરે છે ત્યાં ત્યાં આકાશમાં સાથે જાય છે.

(૨૧) જ્યાં જ્યાં પ્રભુ સ્થિર રહે છે ત્યાં ત્યાં અશોકવૃક્ષ રચે છે.

(૨૨) પ્રભુ પૂર્વાભિમુખ બેસે છે. બાકીની ત્રણ દિશામાં પ્રભુના પ્રભાવથી પ્રભુ જેવા જ પ્રતિબિંબો બનાવે છે.

(૨૩) સમવસરણમાં ત્રણ ગઢ રચે છે. વૈમાનિક દેવો ઉપરથી પહેલો રત્નનો ગઢ રચે છે. જ્યોતિષદેવો બીજો સોનાનો ગઢ રચે છે. ભવનપતિદેવો ત્રીજો ચાંદીનો ગઢ રચે છે.

(૨૪) માખણ જેવા કોમળ, સોનાના નવ કમળો રચે છે. તેમાં બે કમળો

ઉપર પ્રભુ પગ મૂકીને ચાલે છે, બાકીના ૭ કમળો પાછળ હોય છે. પ્રભુ પગ મૂકે ત્યારે છેલ્લુ કમળ પ્રભુની આગળ આવીને પ્રભુના પગ નીચે ગોઠવાઈ જાય.

(૨૫) જ્યાં જ્યાં પ્રભુ વિચરે ત્યાં ત્યાં કાંટા ઊંધા થઈ જાય.

(૨૬) પ્રભુના વાળ, રોમ અને નખ વધતા નથી, અવસ્થિત રહે છે.

(૨૭) પાંચે ઇન્દ્રિયોના વિષયો મનને પ્રીતિ કરનારા થાય છે.

(૨૮) છએ ઋતુઓ અનુકૂળ થાય છે.

(૨૯) જ્યાં પ્રભુ રહે છે ત્યાં ધૂળને શાંત કરવા સુગંધી પાણીની વૃષ્ટિ કરે છે.

(૩૦) પાંચ રંગના પુષ્પોની વૃષ્ટિ કરે છે.

(૩૧) પક્ષીઓ પ્રભુને પ્રદક્ષિણા આપે છે.

(૩૨) એક યોજન સુધીના ક્ષેત્રને શુદ્ધ કરનારો, સુગંધી, ઠંડો અને સુખકારી પવન થાય છે.

(૩૩) જ્યાં પ્રભુ જાય ત્યાં વૃક્ષો પ્રભુને નમે છે.

(૩૪) જ્યાં પ્રભુ જાય ત્યાં દુંદુભિઓ વાગે છે.

ઉપર બતાવેલા અતિશયો અને **સમવાયાંગ**માં બતાવેલા અતિશયોમાં થોડો મતાંતર છે.

●●●

| | |
|---|---|
| + | જુદા જુદા ઉપાયો કરવા છતાં પણ જ્યારે પોતાના ભાગ્યની હીનતાને જ અનુભવાય ત્યારે કોઈક ભાગ્યશાળીનો સારી યુક્તિપૂર્વક કોઈ પણ રીતે આધાર લેવો. |

# દ્વાર ૪૧મું - ૧૮ દોષો

(૧) અજ્ઞાન - મૂઢતા. તેના ત્રણ પ્રકાર છે - સંશય, અનધ્યવસાય, વિપર્યય.

(૨) ક્રોધ - ગુસ્સો.

(૩) મદ - કુળ, બળ, ઐશ્વર્ય, રૂપ, વિદ્યા વગેરેનો અહંકાર કરવો, બીજાને હલકા પાડવા.

(૪) માન - કદાગ્રહ ન છોડવો, યુક્તિપૂર્વક કહેવાયેલું ન સ્વીકારવું.

(૫) લોભ - આસક્તિ

(૬) માયા - કપટ

(૭) રતિ - ઇષ્ટ પદાર્થો ઉપર મનની પ્રીતિ.

(૮) અરતિ - અનિષ્ટનો સંયોગ થવા પર મનમાં દુઃખ થવું.

(૯) નિદ્રા - ઊંઘવું.

(૧૦) શોક - માનસિક પીડા.

(૧૧) જૂઠ - ખોટું બોલવું.

(૧૨) ચોરી - બીજાની વસ્તુ હરવી.

(૧૩) મત્સર - બીજાની સંપત્તિને સહન ન કરવી.

(૧૪) ભય - ડરવું.

(૧૫) હિંસા - જીવોનો ઘાત કરવો.

(૧૬) પ્રેમ - સ્નેહ.

(૧૭) ક્રીડાપ્રસંગ - રમવામાં આસક્તિ.

(૧૮) હાસ્ય - હસવું.

તીર્થંકર પ્રભુમાં આ ૧૮ દોષો હોતા નથી.

●●●

# દ્વાર ૪૨મું - ૪ પ્રકારના અરિહંત

(૧) **નામઅરિહંત** - ઋષભ, અજિત, સંભવ વગેરે અરિહંતના નામ તે નામઅરિહંત.

(૨) **સ્થાપનાઅરિહંત** - સોનું, મોતી, મરકતમણિ વગેરેથી બનેલી અરિહંતની પ્રતિમા તે સ્થાપનાઅરિહંત.

(૩) **દ્રવ્યઅરિહંત** - ભવિષ્યમાં અરિહંત થનારા જીવો તે દ્રવ્યઅરિહંત. દા.ત. શ્રેણિક વગેરે.

(૪) **ભાવઅરિહંત** - ૮ પ્રાતિહાર્યો વગેરે સમૃદ્ધિને સાક્ષાત્ અનુભવતા, કેવળજ્ઞાન પામેલા, વિચરતા અરિહંતો અને મોક્ષમાં ગયેલા અરિહંતો તે ભાવઅરિહંત. (બીજા ગ્રંથોમાં મોક્ષમાં ગયેલા અરિહંતોને દ્રવ્ય અરિહંત કહ્યા છે.)

●●●

+ જો પોતાનો નિર્વાહ ન થવાના કારણે દેવુ ચુકવવા અસમર્થ હોય તો દેવાદારે લેણદારના ઘરે યથાયોગ્ય કામ કરવું વગેરે વડે પણ દેવુ ઉતારવું, અન્યથા જો દેવુ ન ઊતારે તો ભવાંતરમાં લેણદારના ઘરમાં નોકર, પાડો, બળદ, ઊંટ, ગધેડો, ઘોડો વગેરેરૂપે પણ થાય.

+ થાપણ છૂપી રીતે મૂકવી કે લેવી નહીં, પણ થોડા સ્વજનોની સમક્ષ જ થાપણ લેવી કે મૂકવી.

+ કેવળજ્ઞાની પણ જ્યાં સુધી અન્યથી અજાણ હોય ત્યાં સુધી પૂર્વથી ચાલતા વિનયને છોડતા નથી.

+ સત્કાર્ય-દુષ્કાર્યનું ફળ આજે કદાચ નહીં પણ મળે, પણ કાયમ નહીં મળે એવું માની લેવાની જરૂર નથી.

# દ્વાર ૪૩મું - ૨૪ તીર્થંકરોનો દીક્ષાતપ
# દ્વાર ૪૪મું - ૨૪ તીર્થંકરોનો કેવળજ્ઞાનતપ
# દ્વાર ૪૫મું - ૨૪ તીર્થંકરોનો નિર્વાણતપ

| તીર્થંકર | દીક્ષાનો તપ | કેવળજ્ઞાનનો તપ | નિર્વાણનો તપ |
|---|---|---|---|
| ૧લા | છટ્ઠ | અટ્ઠમ | ૬ ઉપવાસ |
| ૨જા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૩જા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૪થા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૫મા | એકાસણું | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૬ઠ્ઠા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૭મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૮મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૯મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૧૦મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૧૧મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૧૨મા | ૧ ઉપવાસ | ૧ ઉપવાસ | ૩૦ ઉપવાસ |
| ૧૩મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૧૪મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૧૫મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૧૬મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |

| તીર્થંકર | દીક્ષાનો તપ | કેવળજ્ઞાનનો તપ | નિર્વાણનો તપ |
|---|---|---|---|
| ૧૭મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૧૮મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૧૯મા | અઠ્ઠમ | અઠ્ઠમ | ૩૦ ઉપવાસ |
| ૨૦મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૨૧મા | છટ્ઠ | છટ્ઠ | ૩૦ ઉપવાસ |
| ૨૨મા | છટ્ઠ | અઠ્ઠમ | ૩૦ ઉપવાસ |
| ૨૩મા | અઠ્ઠમ | અઠ્ઠમ | ૩૦ ઉપવાસ |
| ૨૪મા | છટ્ઠ | છટ્ઠ | છટ્ઠ |

●●●

+ જેવું બીજા માટે વિચારાય છે, તેવું પોતાને મળે છે. એમ જાણતો થકો શી રીતે બીજાની આબાદીમાં ઈર્ષ્યા કરે ?

+ ધાર્મિક કાર્યોમાં ધનવ્યય કરવો એ લક્ષ્મીનું વશીકરણ છે. ધાર્મિક કાર્યોમાં ધનવ્યય કરવાથી જ લક્ષ્મી સ્થિર થાય છે. એવું ક્યારેય માનવું નહીં કે ધન આપતા ઓછું થાય છે, કેમકે કૂવા, બગીચા, ગાય વગેરે જેમ જેમ આપે છે, તેમ તેમ તેમની સંપત્તિ વધે છે.

+ પરોપકારમાં તત્પર મનુષ્ય બધાની આંખો માટે અમૃતના આંજણ સમાન છે.

+ ગુરુદેવના મનમાં આપણા માટે ઊભી રહી જતી ગેરસમજ માત્રથી આપણી દુર્ગતિ થઈ જવાની નથી, પરંતુ આપણા મનમાં ગુરુદેવશ્રી માટે ઊભી રહી જતી ગેરસમજો તો આપણા ડૂચા કાઢી નાખવાની છે.

# દ્વાર ૪૬મું - ભાવી ચોવીશીના ૨૪ તીર્થંકરોના જીવો

મહાવીરસ્વામી ભગવાનના નિર્વાણ પછી ૮૯ પખવાડીયા પછી આ અવસર્પિણીનો ચોથો આરો પૂરો થયો.

ત્યાર પછી ૨૧,૦૦૦ વર્ષનો અવસર્પિણીનો ૫મો આરો પૂરો થશે.

ત્યાર પછી ૨૧,૦૦૦ વર્ષનો અવસર્પિણીનો ૬ઠ્ઠો આરો પૂરો થશે.

ત્યાર પછી ૨૧,૦૦૦ વર્ષનો ઉત્સર્પિણીનો ૧લો આરો પૂરો થશે.

ત્યાર પછી ૨૧,૦૦૦ વર્ષનો ઉત્સર્પિણીનો ૨જો આરો પૂરો થશે.

ત્યાર પછી ઉત્સર્પિણીના ૩જા આરાના ૮૯ પખવાડીયા પછી ભાવી ચોવીશીના ૧લા તીર્થંકરનો જન્મ થશે.

| ક્ર. | ભાવી ચોવીશીના ૨૪ તીર્થંકરોના નામો | તેમના ભૂતકાળના ભવોમાં નામો |
|---|---|---|
| ૧ | પદ્મનાભ | શ્રેણિક મહારાજા |
| ૨ | સૂરદેવ | સુપાર્શ્વ (વીરપ્રભુના સંસારી કાકા) |
| ૩ | સુપાર્શ્વ | ઉદાયી મહારાજા (કોણિકના પુત્ર) |
| ૪ | સ્વયંપ્રભ | પોટ્ટિલ |
| ૫ | સર્વાનુભૂતિ | દૃઢાયુષ |
| ૬ | દેવશ્રુત | કીર્તિ |
| ૭ | ઉદય | શંખ શ્રાવક |

| ક્ર. | ભાવી ચોવીશીના ૨૪ તીર્થંકરોના નામો | તેમના ભૂતકાળના ભવોમાં નામો |
|---|---|---|
| ૮ | પેઢાલ | આનંદ શ્રાવક |
| ૯ | પોટ્ટિલ | સુનંદ |
| ૧૦ | શતકીર્તિ | શતક |
| ૧૧ | મુનિસુવ્રત | દેવકી |
| ૧૨ | અમમ | સત્યકી |
| ૧૩ | નિષ્કષાય | કૃષ્ણ વાસુદેવ |
| ૧૪ | નિષ્પુલાક | બળદેવ |
| ૧૫ | નિર્મમ | સુલસા શ્રાવિકા |
| ૧૬ | ચિત્રગુપ્ત | રોહિણી |
| ૧૭ | સમાધિ | રેવતી શ્રાવિકા |
| ૧૮ | સંવર | શતાલિ |
| ૧૯ | યશોધર | દ્વીપાયન |
| ૨૦ | વિજય | કૃષ્ણ |
| ૨૧ | મલ્લિ | નારદ |
| ૨૨ | દેવ | અંબડ |
| ૨૩ | અનંતવીર્ય | અમર |
| ૨૪ | ભદ્ર | સ્વાતિબુદ્ધ |

●●●

## દ્વાર ૪૭મું - ઊર્ધ્વલોક, અધોલોક, તિર્ચ્છાલોકમાં એકસાથે સિદ્ધ થનારાની ઉત્કૃષ્ટ સંખ્યા

| ક્ષેત્ર | એકસાથે સિદ્ધ થનારા જીવોની ઉત્કૃષ્ટ સંખ્યા |
|---|---|
| ઊર્ધ્વલોક | ૪ |
| સમુદ્ર | ૨ |
| શેષ જલ | ૩ (સિદ્ધપ્રાભૃતના મતે ૪) |
| અધોલોક (અધોગ્રામ) | ૨૨ (સિદ્ધપ્રાભૃતમાં ૨૦ પૃથક્ત્વ કહ્યું છે. ટીકામાં તેનો અર્થ ૪૦ કર્યો છે.) |
| તિર્ચ્છાલોક | ૧૦૮ |

●●●

## દ્વાર ૪૮મું - એક સમયે સિદ્ધ થનારાની સંખ્યા

મનુષ્યગતિમાં સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા વીતરાગ સર્વજ્ઞ ભગવંતો એક સમયે જઘન્યથી ૧, ૨ કે ૩ અને ઉત્કૃષ્ટથી ૧૦૮ સિદ્ધ થાય છે.

●●●

+ પુણ્યપ્રભાવના ક્ષેત્રની હરણફાળ કરતાં આત્મસ્વભાવના ક્ષેત્રની પા પા પગલી આપણા માટે વધુ મહત્ત્વની છે.
+ 'મારે લાયક કામ કહેજો' એમ ન કહેતા 'કામને લાયક હું બનું' આવો તંદુરસ્ત અભિગમ આપણે અપનાવીએ.

# દ્વાર ૪૯મું - સિદ્ધોના ૧૫ ભેદો

(૧) **તીર્થંકરસિદ્ધ** - તીર્થંકર થઈને સિદ્ધ થયેલા.

(૨) **અતીર્થંકરસિદ્ધ** - સામાન્ય કેવળી થઈને સિદ્ધ થયેલા.

(૩) **તીર્થસિદ્ધ** - જેનાથી સંસારસાગર તરાય તે તીર્થ. તીર્થ એટલે જીવ વગેરે પદાર્થોનું સાચું સ્વરૂપ કહેનારું તીર્થંકરનું પ્રકૃષ્ટ વચન. તેના આધારરૂપ સંઘ અને પહેલા ગણધર પણ તીર્થ છે. તીર્થની સ્થાપના પછી સિદ્ધ થયેલા તે તીર્થસિદ્ધ.

(૪) **અતીર્થસિદ્ધ** - તીર્થની સ્થાપના પહેલા કે તીર્થના વિચ્છેદ પછી સિદ્ધ થયેલા. મરુદેવીમાતા તીર્થની સ્થાપના પહેલા સિદ્ધ થયા. સુવિધિનાથ વગેરે ભગવાનના અંતરોમાં જાતિસ્મરણજ્ઞાન વગેરેથી સિદ્ધ થયેલા તે તીર્થવિચ્છેદસિદ્ધ.

(૫) **સ્વલિંગસિદ્ધ** - રજોહરણ વગેરે રૂપ સાધુવેષમાં રહીને સિદ્ધ થયેલા.

(૬) **અન્યલિંગસિદ્ધ** - પરિવ્રાજક વગેરેના દ્રવ્યવેષમાં રહીને ભાવથી સમ્યક્ત્વ અને કેવળજ્ઞાન પામીને તરત કાળ કરીને સિદ્ધ થયેલા. જો કેવળજ્ઞાન પામ્યા પછી આયુષ્ય લાંબુ હોય તો અવશ્ય સાધુવેષ સ્વીકારીને સિદ્ધ થવાથી સ્વલિંગસિદ્ધ થાય.

(૭) **ગૃહિલિંગસિદ્ધ** - મરુદેવીમાતા વગેરેની જેમ ગૃહસ્થાવસ્થામાં સિદ્ધ થયેલા.

(૮) **સ્ત્રીલિંગસિદ્ધ** - સ્ત્રીના આકારમાં રહીને સિદ્ધ થયેલા. લિંગના ત્રણ પ્રકાર છે - વેદ, શરીરની આકૃતિ અને વેષ. અહીં લિંગનો અર્થ શરીરની આકૃતિ સમજવો.

(૯) **પુરુષલિંગસિદ્ધ** - પુરુષના આકારમાં રહીને સિદ્ધ થયેલા.

(૧૦) **નપુંસકલિંગસિદ્ધ** - નપુંસકના આકારમાં રહીને સિદ્ધ થયેલા.

(૧૧) **સ્વયંબુદ્ધસિદ્ધ** - બીજાના ઉપદેશ કે નિમિત્ત વિના સ્વયં બોધ પામીને સિદ્ધ થયેલા.

(૧૨) **પ્રત્યેકબુદ્ધસિદ્ધ** - અનિત્ય ભાવનામાં કારણભૂત એવી બળદ વગેરે વસ્તુને જોઈને બોધ પામીને સિદ્ધ થયેલા.

(૧૩) **બુદ્ધબોધિતસિદ્ધ** - આચાર્ય વગેરેના ઉપદેશથી બોધ પામીને સિદ્ધ થયેલા.

(૧૪) **એકસિદ્ધ** - એકસમયમાં એક સિદ્ધ થયેલા.

(૧૫) **અનેકસિદ્ધ** - એકસમયમાં અનેક સિદ્ધ થયેલા.

તીર્થંકરસિદ્ધ - અતીર્થંકરસિદ્ધ એ બે ભેદોમાં કે તીર્થસિદ્ધ-અતીર્થસિદ્ધ એ બે ભેદોમાં બાકીના ભેદોનો સમાવેશ થવા છતાં તેમને સમજાવવા તેમને જુદા બતાવ્યા છે.

● ● ●

+ ધન કમાવાની શરૂઆત કરનારાએ સાત ક્ષેત્રમાં ધનનો વ્યય કરવો વગેરે ધર્મસંબંધી મોટા જ મનોરથ નિરન્તર કરવા. જો વેપારમાં લાભ થાય તો તેને અનુરૂપ તે મનોરથો સફળ કરવા.
+ મહાઆરંભ વગેરે અનુચિત વૃત્તિથી ભેગુ કરેલું ધન સાત ક્ષેત્રોમાં વાવવું વગેરે વિના મમ્મણશેઠની જેમ અપકીર્તિ અને દુર્ગતિરૂપી ફળને જ આપનારું છે.
+ સામગ્રીની હાજરીમાં પોતાના સાધ્ય સાથે જોડાય તે યોગ્ય.
+ ભવ્યત્વ એટલે મોક્ષમાં જવાની યોગ્યતારૂપ અનાદિ પારિણામિક ભાવ.
+ વંદનને અપાત્રને વંદન કરવાથી કર્મબંધન વગેરે થાય છે.

## દ્વાર ૫૦મું - એકસમયમાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ અવગાહનામાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા

| અવગાહના | એકસમયમાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા |
|---|---|
| ઉત્કૃષ્ટ (૫૦૦ ધનુષ્ય) | ૨ |
| જઘન્ય (૨ હાથ) | ૪ |
| મધ્યમ | ૧૦૮ |

● મરુદેવી માતાની અવગાહના ૫૦૦ ધનુષ્યની હતી. વળી તેઓ હાથીની અંબાડી ઉપર બેઠા બેઠા સિદ્ધ થયેલા. તેથી તેમનું શરીર સંકોચાયેલુ હોવાથી ૫૦૦ ધનુષ્યથી વધુ તેમની અવગાહના સંભવતી નથી. **મતાંતરે**-મરુદેવી માતાની અવગાહના ૫૨૫ ધનુષ્યની હતી. સિદ્ધ થનારાની ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્યની કહી છે તે બહુલતાની અપેક્ષાએ સમજવું. તેથી ૫૨૫ ધનુષ્યની અવગાહનાવાળા પણ સિદ્ધ થાય છે.

●●●

## દ્વાર ૫૧મું - એકસમયમાં ગૃહીલિંગ-અન્યલિંગ-સ્વલિંગમાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા

| લિંગ | એકસમયમાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા |
|---|---|
| ગૃહીલિંગ | ૪ |
| અન્યલિંગ | ૧૦ |
| સ્વલિંગ | ૧૦૮ |

●●●

# દ્વાર ૫૨મું - કેટલા જીવો નિરંતર કેટલા સમય સુધી સિદ્ધ થાય ?

| કેટલા જીવો ? | નિરંતર કેટલા સમય સુધી સિદ્ધ થાય ? |
|---|---|
| ૧ થી ૩૨ | ૮ સમય[1] |
| ૩૩ થી ૪૮ | ૭ સમય |
| ૪૯ થી ૬૦ | ૬ સમય |
| ૬૧ થી ૭૨ | ૫ સમય |
| ૭૩ થી ૮૪ | ૪ સમય |
| ૮૫ થી ૯૬ | ૩ સમય |
| ૯૭ થી ૧૦૨ | ૨ સમય |
| ૧૦૩ થી ૧૦૮ | ૧ સમય |

સિદ્ધોનું જઘન્ય અંતર ૧ સમય છે અને ઉત્કૃષ્ટ અંતર ૬ માસ છે. અંતર = તેટલો સમય કોઈ સિદ્ધ ન થાય.

●●●

હે નાથ ! પરમાત્મન્ !

એવું પુણ્ય આપો કે જેથી આરાધના કરતા વચ્ચે સંક્લેશ ઊભા કરે, વિઘ્ન કરે, મનની સમાધિ જોખમાવે તેવા પ્રતિકૂળ વાતાવરણના વંટોળીયા ઊભા જ ન થાય.

તથા એવી ધીરતા આપો કે ગમે તેવા પ્રતિકૂળ વાતાવરણના વંટોળીયા વચ્ચે પણ મેરુ પર્વત જેવી સ્થિરતા, સમાથિ મારી અડગ રહે.

---

૧. પછી અવશ્ય અંતર પડે. એમ આગળ પણ જાણવું.

# દ્વાર ૫૩મું - એકસમયમાં ત્રણ વેદમાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા

| વેદ | એકસમયમાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા |
|---|---|
| સ્ત્રીવેદ | ૨૦ |
| પુરુષવેદ | ૧૦૮ |
| નપુંસકવેદ | ૧૦ |

**કઈ ગતિમાંથી આવેલા એકસમયમાં ઉત્કૃષ્ટથી કેટલા સિદ્ધ થાય ?**

| ગતિ | એકસમયમાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા |
|---|---|
| મનુષ્ય સ્ત્રી | ૨૦[૧] |
| સૌધર્મ-ઈશાનની દેવી | ૨૦ |
| જ્યોતિષ દેવી | ૨૦ |
| ૧૦ ભવનપતિ દેવી | ૫ |
| ૩૨ વ્યંતર દેવી | ૫ |
| પંચેન્દ્રિયતિર્યંચ સ્ત્રી | ૧૦ |
| મનુષ્ય પુરુષ, જ્યોતિષ-દેવ, ૧૦ ભવનપતિ દેવ, ૩૨ વ્યંતર દેવ, પંચેન્દ્રિય તિર્યંચ પુરુષ | ૧૦ |
| વૈમાનિક દેવોમાંથી મનુષ્ય પુરુષ થયેલા | ૧૦૮ |

૧. **સિદ્ધપ્રાભૃત**માં કહ્યું છે કે, 'દેવગતિ સિવાયની ત્રણ ગતિમાંથી આવેલા એકસમયમાં ઉત્કૃષ્ટથી ૧૦-૧૦ સિદ્ધ થાય છે.

| ગતિ | **એકસમયમાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા** |
|---|---|
| પૃથ્વીકાય, અપ્કાય | ૪ |
| પંકપ્રભા રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા | ૧૦ |
| ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમઃપ્રભા | — |
| વનસ્પતિકાય | ૬ |
| તેઉકાય, વાયુકાય, વિકલેન્દ્રિય | — |

**ક્યા વેદમાંથી ક્યા વેદમાં આવેલા એકસમયમાં ઉત્કૃષ્ટથી કેટલા સિદ્ધ થાય ?**

| **ક્યા વેદમાંથી ક્યા વેદમાં આવેલા ?** | **એકસમયમાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા** |
|---|---|
| પુરુષમાંથી પુરુષ થયેલા | ૧૦૮ |
| પુરુષમાંથી સ્ત્રી થયેલા | ૧૦ |
| પુરુષમાંથી નપુંસક થયેલા | ૧૦ |
| સ્ત્રીમાંથી પુરુષ થયેલા | ૧૦ |
| સ્ત્રીમાંથી સ્ત્રી થયેલા | ૧૦ |
| સ્ત્રીમાંથી નપુંસક થયેલા | ૧૦ |
| નપુંસકમાંથી પુરુષ થયેલા | ૧૦ |
| નપુંસકમાંથી સ્ત્રી થયેલા | ૧૦ |
| નપુંસકમાંથી નપુંસક થયેલા | ૧૦ |

## ક્યા ક્ષેત્ર વગેરેમાં એકસમયમાં ઉત્કૃષ્ટથી કેટલા સિદ્ધ થાય ?

| ક્ષેત્ર વગેરે | એકસમયમાં સિદ્ધ થયેલાની ઉત્કૃષ્ટ સંખ્યા |
|---|---|
| નંદનવન | ૪ |
| ૧ વિજય | ૨૦ |
| સંહરણથી કોઈ પણ ક્ષેત્રમાં | ૧૦ |
| પંડકવન | ૨ |
| ૧૫ કર્મભૂમિ (જન્મથી) | ૧૦૮ |
| અવસર્પિણીનો ૩જો-૪થો આરો, ઉત્સર્પિણીનો ૩જો-૪થો આરો | ૧૦૮ |
| અવસર્પિણીનો ૫મો આરો | ૨૦ |
| ઉત્સર્પિણી-અવસર્પિણીના બાકીના આરામાં સંહરણથી | ૧૦ |

●●●

+ આપણે (શિષ્યોને) તે ગુરુ તરફથી ક્યારેક મળતાં ઠપકાના શબ્દો જ સહન કરવાના છે. તેમાં પણ આપણે ઊણા પડીએ છીએ. જ્યારે ગુરુને તો આપણા હંમેશના પ્રમાદના વર્તનને સહન કરવાનું હોય છે. વાણી કરતા પણ વર્તનની પ્રતિકૂળતા સહન કરવી વધુ કઠણ છે. વળી આપણે તો એક જ ગુરુના ક્યારેક મળતાં ઠપકાના કઠોર શબ્દો સાંભળવાના. બીજા કોઈ તરફથી તો કંઈ નહીં. ગુરુને તો અનેક શિષ્યોના અસદ્વર્તનને સહન કરવાનું. ગુરુપદ વહન કરવું બહુ કઠીન છે !

## દ્વાર ૫૪મું - સિદ્ધોનું સંસ્થાન (આકાર)

સિદ્ધ થતી વખતે જીવ શરીરના મુખ, પેટ વગેરેના છિદ્રો કે જ્યાં આત્મપ્રદેશો નથી તેમને આત્મપ્રદેશોથી ભરી દે છે. તેથી તે આત્મપ્રદેશોથી ઘન બની જાય છે. આમ કરવાથી તેની ત્રીજા ભાગની અવગાહના ઘટી જાય છે. તેથી છેલ્લા ભવમાં જે જીવની જેટલી અવગાહના હોય છે તેના કરતા સિદ્ધ થયા પછીની તેમની અવગાહના ત્રીજો ભાગ ઓછી હોય છે.

ચત્તા સૂતા હોય, પાછળથી અડધા વળેલા હોય, પડખે સૂતા હોય, ઊભા હોય, બેઠા હોય - જે જીવો જે અવસ્થામાં કાળ કરે તેઓ તે આકારે સિદ્ધ થાય.

●●●

## દ્વાર ૫૫મું - સિદ્ધોનું અવસ્થિતિ (રહેવાનું) સ્થાન

સર્વાર્થસિદ્ધવિમાનથી ૧૨ યોજન ઉપર સિદ્ધશિલા છે. તેનું નામ ઈષત્પ્રાગ્ભારા છે. તે ૪૫ લાખ યોજન લાંબી-પહોળી છે, વચ્ચે ૮ યોજન જાડી છે, ત્યારપછી દિશા-વિદિશામાં ૧-૧ પ્રદેશ ઘટતા ઘટતા અંતે માખીની પાંખ કરતા પણ પાતળી છે, સર્વશ્વેતસુવર્ણની બનેલી છે, સ્ફટિક જેવી નિર્મળ છે, ચત્તા છત્રના આકારની છે, ઘીથી ભરેલી કડાઈના આકારની છે. તેની ઉપર ૧ યોજન ગયા પછી લોકનો અંત છે. મતાંતરે સર્વાર્થસિદ્ધવિમાનથી ૧૨ યોજન ઉપર ગયા પછી લોકનો અંત છે. સિદ્ધશિલાની ઉપરના ૧ યોજનના ઉપરના ચોથા ગાઉના ૩૩૩$\frac{1}{3}$ ધનુષ્ય પ્રમાણ ઉપરના ૬ઠ્ઠા ભાગમાં સિદ્ધો રહે છે. અલોકમાં ધર્માસ્તિકાય ન હોવાથી સિદ્ધો લોકના અગ્ર ભાગે વસે છે. મનુષ્યક્ષેત્રમાં શરીર છોડીને સિદ્ધો એક જ સમયમાં લોકના અગ્રભાગે પહોંચી જાય છે.

●●●

## દ્વાર ૫૬મું - સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના
## દ્વાર ૫૭મું - સિદ્ધોની મધ્યમ અવગાહના
## દ્વાર ૫૮મું - સિદ્ધોની જઘન્ય અવગાહના

| અવગાહના | છેલ્લા ભવની અવગાહના | ઘટતી અવગાહના | સિદ્ધોની અવગાહના |
|---|---|---|---|
| ઉત્કૃષ્ટ | ૫૦૦ ધનુષ્ય | ૧૬૬$\frac{2}{3}$ ધનુષ્ય[1] | ૩૩૩$\frac{1}{3}$ ધનુષ્ય[2] |
| મધ્યમ | ૭ હાથ[3] | ૨$\frac{1}{3}$ હાથ[4] | ૪$\frac{2}{3}$ હાથ[5] |
| જઘન્ય | ૨ હાથ[6] | $\frac{2}{3}$ હાથ | ૧$\frac{1}{3}$ હાથ[7] |

૧. ૧ ધનુષ્ય = ૯૬ અંગુલ. $\frac{2}{3}$ ધનુષ્ય = ૬૪ અંગુલ. ૨૪ અંગુલ = ૧ હાથ. ૬૪ અંગુલ = ૨ હાથ ૧૬ અંગુલ. ∴ $\frac{2}{3}$ ધનુષ્ય = ૬૪ અંગુલ = ૨ હાથ ૧૬ અંગુલ = ૨ હાથ ૧ વેંત ૪ અંગુલ.

૨. ૧ ધનુષ્ય = ૯૬ અંગુલ. $\frac{1}{3}$ ધનુષ્ય = ૩૨ અંગુલ. ૨૪ અંગુલ = ૧ હાથ. ૩૨ અંગુલ = ૧ હાથ ૮ અંગુલ ∴ $\frac{1}{3}$ ધનુષ્ય = ૩૨ અંગુલ = ૧ હાથ ૮ અંગુલ.

૩. ઉત્કૃષ્ટ અવગાહનાથી ઓછી અને જઘન્ય અવગાહનાથી વધુ બધી અવગાહનાઓ મધ્યમ અવગાહના છે. તેમાંથી અહીં ૭ હાથ રૂપ એક જ મધ્યમ અવગાહના બતાવી છે. તેના પરથી બીજી મધ્યમ અવગાહનાઓ પણ જાણી લેવી.

૪. ૧ હાથ = ૨૪ અંગુલ. $\frac{1}{3}$ હાથ = ૮ અંગુલ.

૫. ૧ હાથ = ૨૪ અંગુલ. $\frac{2}{3}$ હાથ = ૧૬ અંગુલ.

૬. તીર્થંકરોની જઘન્ય અવગાહના ૭ હાથની છે, સિદ્ધ થનારા શેષ જીવોની છેલ્લા ભવની જઘન્ય અવગાહના ૨ હાથ છે.

૭. સિદ્ધોની આ જઘન્ય અવગાહના છેલ્લા ભવમાં ૨ હાથની અવગાહનાવાળા કૂર્માપુત્ર વગેરેને હોય છે, અથવા છેલ્લા ભવમાં ૭ હાથની અવગાહનાવાળા હોવા છતાં પણ યંત્રમાં પીલાવા વગેરેના કારણે સંકોચાયેલા શરીરવાળાને હોય છે.

● ● ●

# દ્વાર ૫૯મું - શાશ્વત જિનપ્રતિમાઓના નામો

(૧) વૃષભસેન,

(૨) વારિષેણ,

(૩) વર્ધમાન,

(૪) ચન્દ્રાનન.

●●●

+ (૧) અભિમાનનો ત્યાગ કરવો.

(૨) કામસુખોનો ત્યાગ કરવો.

(૩) મન રાગાદિથી વિકૃત ન થવું. મનની પવિત્રતા જાળવવી.

(૪) વચન રાગાદિથી વિકૃત ન થવું. વચનની પવિત્રતા જાળવવી.

(૫) કાયા અસત્પ્રવૃત્તિથી વિકૃત ન થવી. કાયા સદાચારથી પવિત્ર હોવી.

(૬) બીજાની આશા-અપેક્ષા ન રાખવી.

આ છ વાતો અપનાવવાથી અહીં સંસારમાં જ મોક્ષના સુખનો કંઈક અનુભવ થશે.

+ ગુરુના ચરણકમળના પ્રભાવે શિષ્યની બુદ્ધિ નિર્મળ થાય છે. આ નિર્મળ બુદ્ધિ પાસે ચિંતામણી, કલ્પવૃક્ષ, કલ્પવેલડી અને કામધેનુનો પ્રભાવ પણ ગૌણ બની જાય છે.

+ જો તમે હૃદયમાં કડવાશને આશરો આપો છો તો ખુશાલી એ હૃદયને છોડીને અન્યત્ર રહેવા ચાલી જાય છે.

# દ્વાર ૬૦મું - જિનકલ્પીના ઉપકરણોની સંખ્યા

**ઉપકરણ** - સાધુ પર ઉપકાર કરે તે ઉપકરણ, એટલે કે ઉપધિ. તે બે પ્રકારે છે -

(૧) **ઔઘિક** - સામાન્યથી જે રોજ વપરાય તે.

(૨) **ઔપગ્રહિક** - જે રોજ ન વપરાય પણ કારણે સંયમયાત્રાના પાલન માટે ગ્રહણ કરાય તે.

આ બન્નેના બે પ્રકાર છે -

(૧) **ગણનાપ્રમાણથી** - સંખ્યાથી.

(૨) **પ્રમાણપ્રમાણથી** - લંબાઈ-પહોળાઈ વગેરેથી.

જિનકલ્પીની ઔઘિક ઉપધિ ગણના પ્રમાણથી ૧૨પ્રકારની છે. તે આ પ્રમાણે -

(૧) **પાત્રુ**

(૨) **પાત્રબંધન** - જેમાં પાત્રુ રખાય તે વસ્ત્રનો ચોરસ ટુકડો - ઝોળી.

(૩) **પાત્રકસ્થાપન** - જેની ઉપર પાત્રા રખાય તે કાંબળીનું આસન-પાત્રાસન.

(૪) **પાત્રકેસરિકા** - પાત્રુ પૂંજવા માટેની ચરવળી.

(૫) **પડલા** - ગોચરી ફરતી વખતે પાત્રા ઉપર રખાય તે.

(૬) **રજસ્ત્રાણ** - પાત્રાને વીંટવા માટેનું વસ્ત્ર.

(૭) **ગુચ્છો** - પાત્રા ઉપર રખાતો કાંબળીનો ટુકડો.

આ ૭ પ્રકારનો પાત્રનિર્યોગ - પાત્રા સંબંધી ઉપધિ છે.

(૮, ૯, ૧૦) **૩ કપડા** - બે સૂતરના, ૧ ઊનનો (કાંબળી).

(૧૧) **રજોહરણ**

(૧૨) **મુહપત્તિ**

જિનકલ્પી બે પ્રકારના છે -

(૧) **પાણિપાત્ર** - હાથમાં ભોજન કરનારા.

(૨) **પાત્રધારી** - પાત્રામાં ભોજન કરનારા.

આ બન્નેના બે પ્રકાર છે -

(૧) **સપ્રાવરણ** - વસ્ત્રધારી.

(૨) **અપ્રાવરણ** - વસ્ત્રરહિત.

આ ૪ પ્રકારના જિનકલ્પીઓની ઉપધિ આ પ્રમાણે હોય છે -

| ક્ર. | જિનકલ્પી | ઉપધિ | કુલ |
|---|---|---|---|
| ૧ | અપ્રાવરણ પાણિપાત્ર | મુહપત્તિ, રજોહરણ | ૨ |
| ૨ | સપ્રાવરણ પાણિપાત્ર | મુહપત્તિ, રજોહરણ, ૧ કપડો | ૩ |
| | | મુહપત્તિ, રજોહરણ, ૨ કપડા | ૪ |
| | | મુહપત્તિ, રજોહરણ, ૩ કપડા | ૫ |
| ૩ | અપ્રાવરણ પાત્રધારી | મુહપત્તિ, રજોહરણ, ૭ પાત્રનિર્યોગ | ૯ |
| ૪ | સપ્રાવરણ પાત્રધારી | મુહપત્તિ, રજોહરણ, ૧ કપડો, ૭ પાત્રનિર્યોગ | ૧૦ |
| | | મુહપત્તિ, રજોહરણ, ૨ કપડા, ૭ પાત્રનિર્યોગ | ૧૧ |
| | | મુહપત્તિ, રજોહરણ, ૩ કપડા, ૭ પાત્રનિર્યોગ | ૧૨ |

આમાં (૧) અને (૩) એ વિશુદ્ધ જિનકલ્પી છે, (૨) અને (૪) એ અવિશુદ્ધ જિનકલ્પી છે.

જિનકલ્પ સ્વીકારતા પહેલા જિનકલ્પની તુલના કરાય છે, એટલે કે જિનકલ્પને સ્વીકારવા માટે પોતાની પરીક્ષા કરાય છે. તે ૫ પ્રકારે છે -

(૧) **તપથી** - ૧ ઉપવાસથી ૬ ઉપવાસ સુધીના તપના અભ્યાસથી આત્માને ભાવિત કરે. તેમાં તકલીફ ન આવે તો જિનકલ્પ સ્વીકારે, તકલીફ પડે તો જિનકલ્પ ન સ્વીકારે. તેથી દેવતા વગેરેના ઉપસર્ગમાં આહાર દોષિત થવાના કારણે ૬ મહિના સુધી નિર્દોષ આહાર ન મળે તો પણ પીડિત ન થાય.

(૨) **સૂત્રથી** - જિનકલ્પને ઉચિત એવા નવ પૂર્વ વગેરે રૂપ સૂત્રનો તેવી રીતે અભ્યાસ કરે કે જેથી પશ્ચાનુપૂર્વી વગેરે ક્રમથી તેનું પરાવર્તન કરી શકે, દિવસે કે રાતે શરીરનો પડછાયો ન હોય ત્યારે સૂત્રપરાવર્તનને અનુસારે કાળને જાણી શકે.

(૩) **સત્ત્વથી** - માનસિક ધીરતાવડે પોતાની એવી રીતે પરીક્ષા કરે કે જેથી શૂન્ય ઘર, ચાર રસ્તા, સ્મશાન વગેરે ભયજનક સ્થાનોમાં કાઉસ્સગ્ગ વગેરે કરતી વખતે પરીષહો વગેરેથી ડરે નહીં અને નિદ્રાધીન ન થાય. તેની માટે રાત્રે બધા સાધુઓ સૂઈ ગયા પછી ઉપાશ્રયમાં, ઉપાશ્રયની બહાર, ચોકમાં, શૂન્યઘરમાં અને સ્મશાનમાં કાઉસ્સગ્ગ કરે.

(૪) **એકત્વથી** - એકલા વિચરતા જો મન ડામાડોળ ન થાય તો જિનકલ્પ સ્વીકારે. તેની માટે કોઈની સાથે વાત ન કરે અને શરીર, ઉપધિ વગેરેથી પોતાને ભિન્ન જોઈને, તેમાં રાગ ન કરે.

(૫) **બળથી** - એક અંગુઠા ઉપર લાંબા કાળ સુધી ઊભા રહેવા રૂપ શારીરિક બળ અને ધીરતા વડે પોતાની પરીક્ષા કરે. જિનકલ્પ સ્વીકારનારનું શારીરિક બળ અન્ય લોકો કરતા વધુ હોય છે. તપથી શારીરિક બળ ઘટે તો પણ ધીરતાથી જાતને એવી ભવિત કરે કે મોટા પરીષહોમાં પણ ડગે નહીં.

આ પાંચ પ્રકારની તુલના કરીને પછી જિનકલ્પ સ્વીકારાય છે.

●●●

# દ્વાર ૬૧મું - સ્થવિરકલ્પીના ઉપકરણો

સ્થવિરકલ્પીની ઔઘિક ઉપધિ ગણનાપ્રમાણથી ૧૪ પ્રકારની છે. તે આ પ્રમાણે - ૭ પાત્રનિર્યોગ, ૩ કપડા, રજોહરણ, મુહપત્તિ, માત્રક અને ચોલપટ્ટો. સ્થવિરકલ્પીની ઔઘિક ઉપધિનું પ્રમાણપ્રમાણ અને પ્રયોજન આ પ્રમાણે છે -

(૧) **પાત્રુ** - તે ચારે બાજુથી સમગોળ હોય, સારી રીતે ભૂમિ ઉપર રહે તેવું હોય (ડગમગ થાય તેવું ન હોય), છિદ્ર વિનાનું હોય, સાંધા વિનાનું હોય અને સારા રંગવાળું હોય. પાત્રાની પરિધિ ૩ વેંત અને ૪ અંગુલની હોય તો તે મધ્યમ પાત્રુ છે. તેનાથી નાનુ તે જઘન્ય પાત્રુ છે અને મોટુ તે ઉત્કૃષ્ટ પાત્રુ છે. છ કાયની રક્ષા માટે પાત્રુ ગ્રહણ કરાય છે. ગુરુ, ગ્લાન, વૃદ્ધ, બાળ, ભિક્ષા ન જઈ શકે તેવા, રાજપુત્ર, મહેમાન, લબ્ધિરહિત સાધુઓની ભિક્ષા લાવવા પાત્રુ વપરાય છે.

(૨) **પાત્રબંધન** - તે પાત્રાના પ્રમાણ પ્રમાણેનું હોય છે. ગાંઠ લગાવ્યા પછી ગાંઠના છેડા ૪ અંગુલ જેટલા બહાર રહે તેટલું પાત્રબંધન રાખવું. તે ધૂળથી પાત્રાનું રક્ષણ કરવા માટે વપરાય છે.

(૩) **પાત્રસ્થાપન** - તેનું પ્રમાણ ૧ વેંત અને ૪ અંગુલ છે. તે ધૂળથી પાત્રાનું રક્ષણ કરવા માટે વપરાય છે.

(૪) **પાત્રકેસરિકા** - તેનું પ્રમાણ ૧ વેંત અને ૪ અંગુલ છે. તે પાત્રા પૂંજવા માટે વપરાય છે.

(૫) **પડલા** - તે અઢી હાથ એટલે ૬૦ અંગુલ લાંબા અને દોઢ હાથ એટલે ૩૬ અંગુલ પહોળા હોય છે. અથવા પાત્રા અને શરીર પ્રમાણેના હોય છે એટલે કે મોટા પાત્રા અને જાડુ શરીર હોય તો તે પ્રમાણેના હોય અને નાના પાત્રા અને પાતળુ શરીર હોય તો તે પ્રમાણેના હોય.

પડલા કેળના ગર્ભ જેવા સફેદ, કોમળ, ઘન (ગાઢ) અને સૂતરના હોય છે. તેમાંથી સૂર્ય ન દેખાવો જોઈએ. તે ત્રણ પ્રકારના હોય છે - ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય.

**ત્રણ ઋતુઓમાં પડલાની સંખ્યા**

| ઋતુ | પડલાની સંખ્યા | | |
|---|---|---|---|
| | ઉત્કૃષ્ટ | મધ્યમ | જઘન્ય |
| ઉનાળો | ૩ | ૪ | ૫ |
| શિયાળો | ૪ | ૫ | ૬ |
| ચોમાસુ | ૫ | ૬ | ૭ |

પાત્રામાં સંપાતિમ જીવો (ઉપરથી ઊડીને પડનારા જીવો), ઝાડના પાંદડા, ફૂલ, ફળ વગેરે, સચિત્ત રજ, પાણી વગેરે, પક્ષીની હગાર, ધૂળ વગેરે ન પડે એટલા માટે પડલા રખાય છે. ભિક્ષા માટે ભમતા સાધુને વેદોદય થાય તો વિકૃત થયેલા લિંગને ઢાંકવા માટે પણ પડલા રખાય છે.

**(૬) રજસ્ત્રાણ** - પાત્રાને ચારે બાજુથી વીંટીને પાત્રાની અંદર ૪ અંગુલ ઊતરે તેટલું રજસ્ત્રાણનું પ્રમાણ હોય છે. ઉંદરડો પાત્રાને કોતરીને રજ ન પાડે એટલા માટે, વરસાદનું પાણી - ઓસ-સચિત્ત પૃથ્વી વગેરેથી પાત્રાનું રક્ષણ કરવા માટે રજસ્ત્રાણ રખાય છે.

**(૭) ગુચ્છો** - તેનું પ્રમાણ ૧ વેંત અને ૪ અંગુલ છે. તેનાથી પડલાની પ્રમાર્જના થાય છે.

**(૮-૧૦) ૩ કપડા** - તે સાડા ત્રણ હાથ લાંબા અને અઢી હાથ પહોળા હોય છે. બે સૂતરના કપડા અને ૧ ઊનનો કપડો હોય છે. ઘાસ અને અગ્નિનો ઉપયોગ ન કરવો પડે તે માટે કપડા વપરાય છે. ધર્મધ્યાન-શુક્લધ્યાન કરવા માટે કપડા વપરાય છે. ગ્લાનની રક્ષા માટે

અને મૃતક ઉપર ઢાંકવા માટે કપડા વપરાય છે.

**(૧૧) રજોહરણ** - તે ૩૨ અંગુલ લાંબુ હોય છે. તેમાં ૨૪ અંગુલનો દંડ અને ૮ અંગુલની દશી હોય છે. દંડ અને દશીનું પ્રમાણ ઓછુ-વત્તુ પણ હોઈ શકે, પણ બન્ને મળીને ૩૨ અંગુલ પ્રમાણ થવા જોઈએ. લેવામાં, મૂકવામા, ઊઠવામાં, બેસવામાં, આડા પડવામાં, સંકોચવામાં ભૂમિ વગેરેને રજોહરણથી પૂંજાય છે. તે સાધુનું લિંગ છે.

રજોહરણમાં નીચેનો દોરો બાંધવાની ગીતાર્થોની આચરણા છે.

**(૧૨) મુહપત્તિ** - તેનું પ્રમાણ ૧ વેંત અને ૪ અંગુલ છે. અથવા વસતિને પ્રમાર્જતી વખતે નાક અને મુખમાં રજ ન પેસે એટલા માટે અને સ્થંડિલભૂમિએ નાકના મસા ન થાય એટલા માટે મુહપત્તિને તીરછી કરીને તેનાથી મોઢું ઢાંકીને બન્ને છેડાથી મસ્તકની પાછળ ગાંઠ બાંધી શકાય તેટલું મુહપત્તિનું પ્રમાણ હોય છે. માખી, મચ્છર વગેરે સંપાતિમ જીવોની રક્ષા માટે બોલતી વખતે મુખ આગળ મુહપત્તિ રખાય છે. સચિત્ત રજ અને ધૂળને પૂંજવા મુહપત્તિ વપરાય છે. વસતિ પ્રમાર્જતી વખતે મુહપત્તિથી મોઢુ અને નાક ઢંકાય છે.

**(૧૩) માત્રક** - તેનું પ્રમાણ મગધ દેશના પ્રસ્થ કરતા વધુ હોય છે. અથવા મૂળનગરમાંથી ઉપનગરમાં આવેલા ગોકુળો વગેરેમાં ભિક્ષા માટે ફરીને પાછા વસતિમાં આવીને એક સાધુ એક સાથે જેટલા દાળ-ભાત વગેરે વાપરી શકે તેટલા દાળ-ભાત વગેરે જેમાં સમાય તેટલું માત્રકનું પ્રમાણ છે.

૨ અસતિ = ૧ પ્રસતિ

૨ પ્રસતિ = ૧ સેતિકા

૪ સેતિકા = ૧ કુડવ

૪ કુડવ = મગધ દેશનો ૧ પ્રસ્થ.

જે ક્ષેત્રમાં ગુરુ, ગ્લાન, મહેમાન વગેરેને યોગ્ય દ્રવ્યો અવશ્ય મળતા હોય ત્યાં વૈયાવચ્ચ કરનાર સંઘાટક જ માત્રકમાં તે યોગ્ય દ્રવ્ય લે. જયાં તે યોગ્ય દ્રવ્યો અવશ્ય ન મળતા હોય ત્યાં બધા સંઘાટકો માત્રકમાં તે યોગ્ય દ્રવ્ય લે. જે ક્ષેત્રમાં કે કાળમાં અન્ન-પાણી સ્વાભાવિક રીતે જ જીવોથી સંસક્ત થતા હોય ત્યાં પહેલા અન્ન-પાણી માત્રકમાં લઈને તેમને તપાસીને પછી પાત્રામાં નંખાય છે. ઘી વગેરે દુર્લભ દ્રવ્ય માત્રકમાં લેવાય છે. કોઈ અચાનક કંઈ આપે તો તે માત્રકમાં લેવાય છે.

**(૧૪) ચોલપટ્ટો** - પુરુષચિહ્નને ઢાંકનારું વસ્ત્ર તે ચોલપટ્ટો. બમણો કે ચાર ગણો કર્યા પછી ૧ હાથ પ્રમાણ અને ચોરસ થાય તેટલું તેનું પ્રમાણ છે. સ્થવિરો માટે બમણો કરાય, યુવાનો માટે ચાર ગણો કરાય. સ્થવિરોનો ચોલપટ્ટો પાતળો હોય, યુવાનોનો ચોલપટ્ટો જાડો હોય.

વિકૃત લિંગને ઢાંકવા ચોલપટ્ટો વપરાય છે. કોઈનું લિંગ આગળથી ચામડીથી ઢંકાયેલું ન હોય, કોઈનું લિંગ વાયુથી ફૂલી ગયું હોય, કોઈ શરમાળ હોય, કોઈનું લિંગ મોટું હોય, સ્ત્રીને જોઈને કોઈને લિંગનો ઉદય થાય, સાધુના લિંગને જોઈને કોઈ સ્ત્રીને વેદનો ઉદય થાય. આ બધા કારણસર લિંગને ઢાંકવા ચોલપટ્ટો વપરાય છે.

ઔપગ્રહિક ઉપધિ -

**(૧) સંથારો** - તે અઢી હાથ લાંબો અને ૧ હાથ ૪ અંગુલ પહોળો હોય છે. તે ઊનનો હોય છે. તે જીવોની રક્ષા માટે અને ધૂળથી બચવા માટે હોય છે.

**(૨) ઉત્તરપટ્ટો** - તે અઢી હાથ લાંબો અને ૧ હાથ ૪ અંગુલ પહોળો હોય છે. તે સૂતરાઉ હોય છે. તે જૂની રક્ષા માટે સંથારા ઉપર પથરાય છે.

જિનકલ્પી અને સ્થવિરકલ્પી સાધુઓ સિવાયના સાધુઓ બે પ્રકારના છે -

(૧) સ્વયંબુદ્ધ - તેઓ બે પ્રકારના છે -

(i) તીર્થંકર અને (i) તીર્થંકર સિવાયના.

(૨) પ્રત્યેકબુદ્ધ.

સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધના બોધિ, ઉપધિ, શ્રુત, લિંગ અને વિહારનો ભેદ -

| **સ્વયંબુદ્ધ** | **પ્રત્યેકબુદ્ધ** |
|---|---|
| (૧) **બોધિ** - બાહ્યનિમિત્ત વિના જાતિસ્મરણજ્ઞાન વગેરેથી બોધ પામે. | (૧) **બોધિ** - બળદ વગેર બાહ્ય નિમિત્તથી બોધ પામે. |
| (૨) **ઉપધિ** - ૧૨ પ્રકારની ઉપધિ હોય - મુહપત્તિ, રજોહરણ, ૩ કપડા, ૭ પાત્રનિર્યોગ. | (૨) **ઉપધિ** - **જઘન્ય** ૨પ્રકારની ઉપધિ હોય - મુહપત્તિ, રજોહરણ.<br>**ઉત્કૃષ્ટ** - ૯ પ્રકારની ઉપધિ હોય - મુહપત્તિ, રજો-હરણ, ૭ પાત્રનિર્યોગ. |
| (૩) **શ્રુત** - પૂર્વે ભણેલું શ્રુત હોય કે ન હોય, પણ નવું ભણેલું શ્રુત હોય. | (૩) **શ્રુત** - પૂર્વે ભણેલું શ્રુત જ હોય. જઘન્યથી ૧૧ અંગનું શ્રુત હોય. ઉત્કૃષ્ટથી ન્યૂન ૧૦ પૂર્વનું શ્રુત હોય. |
| (૪) **લિંગ** (સાધુવેષ) - પૂર્વે ભણેલું શ્રુત હોય તો લિંગ દેવતા આપે અથવા ગુરુ પાસે સ્વીકારે. પૂર્વે ભણેલું શ્રુત ન હોય તો લિંગ ગુરુ પાસે જ સ્વીકારે. | (૪) **લિંગ** - દેવતા જ લિંગ આપે. ક્યારેક લિંગરહિત પણ હોય. |

| સ્વયંબુદ્ધ | પ્રત્યેકબુદ્ધ |
|---|---|
| (૫) **વિહાર** - પૂર્વે ભણેલું શ્રુત હોય અને એકલા વિચરવા સમર્થ હોય કે એકલા વિચરવાની તેમની ઈચ્છા હોય તો એકલા વિચરે. એકલા વિચરવાની તેમની ઈચ્છા ન હોય તો ગચ્છમાં રહે. પૂર્વે ભણેલું શ્રુત ન હોય તો અવશ્ય ગચ્છમાં રહે. | (૫) એકલા વિચરે, ગચ્છમાં ન રહે. |

● ● ●

+ આપણે ગુરુસમર્પિતભાવ કેળવવા, વિનયધર્મની આરાધના કરવા આટલું કરીએ—

(૧) ગુરુદેવ પ્રત્યે ખૂબ જ બહુમાનવાળા થઈએ.

(૨) ગુરુદેવના ગુણ-સાધના વગેરેને વારંવાર યાદ કરી ખૂબ અનુમોદના કરીએ.

(૩) ગુરુના અનંત ઉપકારને હંમેશ આર્દ્રભાવે (ભીના હૃદયે) યાદ કરીએ.

(૪) પ્રસંગ મળે ગુરુ-ગુણની સ્તવના કરતા રહીએ.

(૫) ગુરુદેવના પ્રત્યેક વચનને અમૃત માની ખૂબ બહુમાન પૂર્વક એનું પાન કરીએ.

(૬) એમની આગળ બાળક જેવા થઈને રહીએ.

(૭) એમની વાતોમાં ખોટા તર્કો ન કરીએ.

(૮) એમની આજ્ઞામાં ખોટા તર્કો ન કરીએ.

(૯) વગર વિચાર્યે એમની આજ્ઞાને સહર્ષ સ્વીકારીએ.

(૧૦) પ્રતિકૂળ એવી પણ એમની આજ્ઞામાં સ્વહિત જોઈએ.

# દ્વાર ૬૨મું - સાધ્વીઓના ઉપકરણો

પૂર્વે સ્થવિરકલ્પીના જે ૧૪ ઉપકરણો કહ્યા છે તેમાંથી ચોલપટ્ટા સિવાયના ૧૩ ઉપકરણો સાધ્વીઓને પણ હોય છે. સાધ્વીઓને નીચે કહેલા ઉપકરણો વધુ હોય છે -

(૧૪) **કમઢક** - તે લેપાયેલા તુંબડાનું ભાજન છે. તે કાંસાના મોટા વાટકાના આકારનું હોય છે. તેનું પ્રમાણ સાધ્વીના પેટ પ્રમાણેનું હોય છે. સાધ્વીઓની માંડલીમાં પાત્રુ ફરતું નથી. એક સાધ્વીનું પાત્રુ બીજી સાધ્વીને ઉપયોગમાં નથી આવતું, કેમકે તેમનો સ્વભાવ તુચ્છ હોય છે. સાધ્વીઓ કમઢકમાં જ વાપરે છે.

(૧૫) **અવગ્રહાનંતક** - યોનિદ્વારને ઢાંકનારું વસ્ત્ર. તે નાવડી જેવું, વચ્ચેથી પહોળું અને બન્ને છેડે પાતળું હોય છે. તે બ્રહ્મચર્યની રક્ષા માટે અને ઋતુસમયના બીજપાતના રક્ષણ માટે વપરાય છે. તેની સંખ્યા ૧ હોય છે. તે ઘટ્ટ વસ્ત્રનું અને કોમળ હોય છે. તેનું પ્રમાણ શરીર પ્રમાણેનું હોય છે.

(૧૬) **પટ્ટ** - તે ૧ હોય છે. તેને અંતે બીટક બંધ (બટન) હોય છે. તે ૪ અંગુલ પહોળો અને કેડ જેટલો લાંબો હોય છે. તે અવગ્રહાનંતકના આગળના અને પાછળના છેડાઓને ઢાંકીને વાધર (ચામડાની દોરી)ની જેમ કેડે બંધાય છે. તે બાંધ્યા પછી મલ્લના કછોટા જેવું લાગે છે.

(૧૭) **અર્ધોરુક** - તે અવગ્રહાનંતક અને પટ્ટને ઢાંકીને કેડના ભાગને ઢાંકે છે. તે બન્ને સાથળની વચ્ચે અને બન્ને સાથળ ઉપર દોરીથી બંધાયેલ હોય છે. તે મલ્લની ચડ્ડી જેવું હોય છે.

(૧૮) **ચલનકા** - તે ઘુંટણ સુધીનું, સીવ્યા વિનાનું, દોરીથી બંધાયેલું અને વાંસ પર નાચતી નર્તકીના વસ્ત્ર જેવું હોય છે.

(૧૯) **અંતર્નિવસની** - તે કેડથી અડધી જંઘા સુધીની હોય છે.

**(૨૦) બહિર્નિવસની** - તે કેડથી ઘુંટી સુધીની હોય છે. તે કેડે દોરીથી બંધાયેલી હોય છે.

(૧૫) થી (૨૦) સુધીના ૬ ઉપકરણો શરીરના નીચેના ભાગના છે.

**(૨૧) કંચુક** - તે અઢી હાથ લાંબુ અને ૧ હાથ પહોળુ હોય છે. તે સીવ્યા વિનાનું અને બન્ને બાજુ દોરીથી બંધાયેલુ હોય છે. તે કાપાલિક (એક પ્રકારના સંન્યાસી)ના કંચુક જેવું હોય છે. તે સ્તનોને ઢાંકે છે. તે ઢીલું પહેરાય છે.

**(૨૨) ઉપકક્ષિકા** - તે દોઢ હાથની, ચોરસ, સીવ્યા વિનાની હોય છે. તે છાતી, જમણું પડખું અને પીઠને ઢાંકીને ડાબી બાજુ બીટકથી બંધાયેલી હોય છે.

**(૨૩) વૈકક્ષિકા** - તે ઉપકક્ષિકા જેવી હોય છે. તે કંચુક અને ઉપકક્ષિકાને ઢાંકે છે. તે ડાબી બાજુ પહેરાય છે.

**(૨૪) સંઘાટીઓ** - તે ૪ હોય છે. એક સંઘાટી બે હાથ પહોળી હોય છે. તે ઉપાશ્રયમાં પહેરાય છે. બે સંઘાટીઓ ૩ હાથની હોય છે. તેમાંથી એક સંઘાટી ભિક્ષા લેવા જતી વખતે પહેરાય છે અને બીજી સંઘાટી સ્થંડિલ જતી વખતે પહેરાય છે. ચોથી સંઘાટી ૪ હાથની હોય છે. તે સમવસરણ, વ્યાખ્યાન, સ્નાત્રમહોત્સવ વગેરેમાં પહેરાય છે. સમવસરણમાં સાધ્વીઓને બેસવાનું ન હોવાથી તેઓ ઊભા રહે છે અને આ સંઘાટીથી આખુ શરીર ઢાંકે છે. આ ચારે સંઘાટીઓ પૂર્વે પહેરેલા વેષને ઢાંકવા માટે, લોકોમાં પ્રશંસા અને પ્રભાવ માટે કોમળ વસ્ત્રની બનાવાય છે.

**(૨૫) સ્કંધકરણી** - તે ૪ હાથની અને ચોરસ હોય છે. પવનથી વસ્ત્રો ન ઊડે એટલા માટે સ્કંધકરણીના ૪ પડ કરી ખભે રખાય છે. રૂપવતી સાધ્વીને કુબ્જ (વિરૂપ) કરવા માટે સ્કંધકરણીને પીઠ પર ખભાની નીચે કોમળ વસ્ત્રના પાટાથી ઉપકક્ષિકા-વૈકક્ષિકાની સાથે બાંધીને ખુંધ કરાય છે.

●●●

# દ્વાર ૬૩મું - એક વસતિમાં જિનકલ્પીઓની ઉત્કૃષ્ટ સંખ્યા

## જિનકલ્પીનું સ્વરૂપ -

જિનકલ્પ સ્વીકારવાની ઇચ્છાવાળાએ મધ્યરાત્રિએ આ પ્રમાણે વિચારવું - 'મેં વિશુદ્ધ ચારિત્ર પાળીને પોતાનું હિત કર્યું છે. મેં શિષ્યો વગેરેને તૈયાર કરીને બીજાનું હિત કર્યું છે. મારા શિષ્યો ગચ્છનું પાલન કરવા સમર્થ થયા છે. માટે હવે મારે વિશેષ પ્રકારે આત્મહિતકારી અનુષ્ઠાન કરવું જોઈએ.' આમ વિચારીને પોતાની પાસે જ્ઞાન હોય તો પોતે જ પોતાનું કેટલું આયુષ્ય બાકી છે ? તે વિચારે. પોતાની પાસે જ્ઞાન ન હોય તો બીજા જાણકાર આચાર્ય વગેરેને પૂછે. જો આયુષ્ય થોડું હોય તો ભક્તપરિજ્ઞામરણ, ઇંગિનીમરણ કે પાદપોપગમનમરણમાંથી એક મરણને સ્વીકારે. જો આયુષ્ય લાંબુ હોય અને જંઘાબળ ક્ષીણ થયું હોય તો વૃદ્ધવાસ (સ્થિરવાસ) સ્વીકારે. જો આયુષ્ય લાંબુ હોય અને શક્તિ હોય તો જિનકલ્પ સ્વીકારે. તેની માટે પૂર્વે બતાવેલ પાંચ તુલનાઓથી પોતાની પરીક્ષા કરે. ત્યાર પછી ગચ્છમાં રહીને તે ઉપધિ અને આહારનું પરિકર્મ કરે. જો પાણિપાત્રની લબ્ધિ હોય તો તેને અનુરૂપ પરિકર્મ કરે. જો પાણિપાત્રની લબ્ધિ ન હોય તો યથાયોગ્ય રીતે પાત્રધારીનું પરિકર્મ કરે. આહારપરિકર્મમાં ત્રીજા પ્રહરમાં વધેલા, વિરસ અને રૂક્ષ વાલ, ચણા વગેરે વાપરે. સંસૃષ્ટા, અસંસૃષ્ટા, ઉદ્ધૃતા, અલ્પલેપા, અવગૃહીતા, પ્રગૃહીતા, ઉજ્ઝિતધર્મા - આ ૭ પિંડૈષણામાંથી પહેલી બે સિવાયની બાકીની પાંચમાંથી બેનો અભિગ્રહ કરે. તેમાંથી એકથી આહાર લે અને બીજીથી પાણી લે.

આ અને આગમમાં કહેલી આવી અન્ય વિધિથી પોતાનું પરિકર્મ કરે. પછી સંઘને ભેગો કરે. સંઘ ન હોય તો પોતાના સાધુસમુદાયને ભેગો કરે.

પછી તીર્થંકર પાસે, તે ન હોય તો ગણધર પાસે, તે ન હોય તો ૧૪ પૂર્વી પાસે, તે ન હોય તો ૧૦ પૂર્વી પાસે, તે ન હોય તો વડ, પીપળો, અશોકના ઝાડ વગેરેની નજીકમાં મોટી ઋદ્ધિપૂર્વક જિનકલ્પ સ્વીકારે.

પછી પોતાના પદે સ્થાપેલ આચાર્યને, ગચ્છને અને વિશેષ કરીને પૂર્વે જેમની સાથે વિરોધ થયો હોય તેમને ખમાવે. પછી નૂતન આચાર્યને અને શેષસાધુઓને હિતશિક્ષા આપે. પછી તે જિનકલ્પી ગચ્છમાંથી નીકળી જાય. બાકીના સાધુઓ પાછા વળે.

(૧) જિનકલ્પી જ્યાં માસકલ્પ કે ચોમાસુ કરે તે ગામ વગેરેના છ ભાગ કલ્પે. દરરોજ ૧-૧ ભાગમાં ગોચરી જાય. જે ભાગમાં એક દિવસ ગોચરી માટે જાય ત્યાં ફરી સાતમા દિવસે જાય.

(૨) તે ગોચરી માટે ફરવાનું અને વિહાર ત્રીજા પ્રહરમાં કરે.

(૩) ચોથો પ્રહાર જ્યાં પૂરો થાય ત્યાં અવશ્ય રહી જાય.

(૪) પૂર્વે કહેલી બે એષણાથી લેપરહિત અન્ન-પાણી ગ્રહણ કરે. ગોચરી વગેરે સંબંધી બોલવા સિવાય કોઈની સાથે બોલે નહીં. બધા ઉપસર્ગો-પરીષહોને તે સહન કરે છે.

(૫) તે રોગ આવે તો પણ ચિકિત્સા ન કરાવે, પણ સહન કરે.

(૬) તે એકલા જ હોય છે.

(૭) ૧૦ ગુણવાળી સ્થંડિલભૂમિમાં જ સ્થંડિલ, જીર્ણ વસ્ત્ર વગેરે વોસિરાવે, પરિકર્મ રહિત વસતિમાં રહે.

(૮) ઔપગ્રહિક ઉપકરણો ન હોવાથી ઉભડક પગે બેસે, આસન પર નહીં.

(૯) માસકલ્પથી જ વિહાર કરે.

(૧૦) હાથી, વાઘ, સિંહ વગેરે સામે આવે તો પણ ઉન્માર્ગે જવા

વગેરે વડે ઈર્યાસમિતિનો ભંગ ન કરે.

(૧૧) જઘન્યથી નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુ સુધીનું શ્રુત હોય. તેનાથી તે કાળને સંપૂર્ણ રીતે જાણે. ઉત્કૃષ્ટથી ન્યૂન ૧૦ પૂર્વનું શ્રુત હોય છે.

(૧૨) તે પહેલા સંઘયણવાળા અને વજ્રની દિવાલ જેવા મજબૂત હોય છે. તે રોજ લોચ કરે.

(૧૩) તેમને આવસ્સહી, નિસીહી, મિથ્યાદુષ્કૃત, ગૃહસ્થ સંબંધી પૃચ્છા અને ઉપસંપદા - આ પાંચ સામાચારીઓ હોય છે. મતાંતરે તેમને આવસ્સહી, નિસીહી અને ગૃહસ્થની ઉપસંપદા રૂપ ત્રણ જ સામાચારી હોય.

જિનકલ્પીની અન્ય સામાચારી બૃહત્કલ્પમાંથી જાણી લેવી. જિનકલ્પીના સ્વરૂપને સમજવા ૧૬ દ્વારો બતાવાય છે.

(૧) **ક્ષેત્ર** - જન્મથી અને સદ્ભાવથી ૧૫ કર્મભૂમિમાં હોય. સંહરણથી કર્મભૂમિમાં અને અકર્મભૂમિમાં હોય.

(૨) **કાલ** - અવસર્પિણીમાં જન્મથી ૩જા, ૪થા આરામાં.

અવસર્પિણીમાં વ્રતમાં રહેલો ૩જા, ૪થા, ૫મા આરામાં.

ઉત્સર્પિણીમાં જન્મથી ૨જા, ૩જા, ૪થા આરામાં.

ઉત્સર્પિણીમાં વ્રતમાં રહેલો ૩જા, ૪થા આરામાં.

મહાવિદેહક્ષેત્રમાં ૪થા આરામાં જન્મથી અને સદ્ભાવથી હોય. સંહરણથી બધા કાળમાં હોય.

(૩) **ચારિત્ર** - પ્રતિપદ્યમાનક (સ્વીકારનાર) - પહેલા-છેલ્લા ભગવાનના શાસનમાં છેદોપસ્થાપનીયચારિત્રમાં હોય. ૨૨ ભગવાનના શાસનમાં અને મહાવિદેહક્ષેત્રમાં સામાયિકચારિત્રમાં હોય.

પૂર્વપ્રતિપન્ન (પૂર્વે પામેલ) - સામાયિક, છેદોપસ્થાપનીય, સૂક્ષ્મ-

સંપરાય, યથાખ્યાત ચારિત્રોમાં હોય. તે પણ ઉપશમશ્રેણિમાં, ક્ષપકશ્રેણિમાં નહીં.

(૪) **તીર્થ** - ૬૯મા પરિહારવિશુદ્ધિ દ્વાર પ્રમાણે જાણવું.

(૫) **પર્યાય** - ૬૯મા પરિહારવિશુદ્ધિ દ્વાર પ્રમાણે જાણવું.

(૬) **આગમ** - ૬૯મા પરિહારવિશુદ્ધિ દ્વાર પ્રમાણે જાણવું.

(૭) **વેદ** - ૬૯મા પરિહારવિશુદ્ધિ દ્વાર પ્રમાણે જાણવું.

(૮) **કલ્પ** - સ્થિતકલ્પમાં અને અસ્થિતકલ્પમાં હોય છે.

(૯) **લિંગ (વેષ)** - પ્રતિપદ્યમાનક દ્રવ્યલિંગમાં અને ભાવલિંગમાં હોય. પૂર્વપ્રતિપન્ન ભાવલિંગમાં અવશ્ય હોય અને દ્રવ્યલિંગમાં હોય કે ન હોય. લિંગને કોઈ હરી ગયું હોય કે લિંગ ફાટી ગયું હોય તો ન હોય.

(૧૦) **ધ્યાન** - ૬૯મા પરિહારવિશુદ્ધિ દ્વાર પ્રમાણે જાણવું.

(૧૧) **ગણના** - પ્રતિપદ્યમાનક - જઘન્યથી ૧, ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ.

પૂર્વપ્રતિપન્ન - જઘન્યથી સહસ્રપૃથક્ત્વ, ઉત્કૃષ્ટથી સહસ્રપૃથક્ત્વ.

ઉત્કૃષ્ટ કરતા જઘન્ય નાનું હોય.

(૧૨) **અભિગ્રહ** - ૬૯મા પરિહારવિશુદ્ધિ દ્વાર પ્રમાણે જાણવું.

(૧૩) **પ્રવ્રાજના** - ૬૯મા પરિહારવિશુદ્ધિ દ્વાર પ્રમાણે જાણવું.

(૧૪) **નિષ્પ્રતિકર્મતા** - ૬૯મા પરિહારવિશુદ્ધિ દ્વાર પ્રમાણે જાણવું.

(૧૫) **ભિક્ષા** - ૬૯મા પરિહારવિશુદ્ધિ દ્વાર પ્રમાણે જાણવું.

(૧૬) **પથ** - ૬૯મા પરિહારવિશુદ્ધિ દ્વાર પ્રમાણે જાણવું.

એક વસતિમાં ઉત્કૃષ્ટથી ૭ જિનકલ્પી હોય. તેઓ પરસ્પર બોલે નહીં. ગામના એક ભાગમાં એક જિનકલ્પી જ ગોચરી માટે જાય, બીજા ન જાય.

●●●

# દ્વાર ૬૪મું - આચાર્યના ૩૬ ગુણો

(I) **પહેલી રીતે આચાર્યના ૩૬ ગુણો** - જેની પાસે મોટો કે અતિશયવાળો ગુણોનો કે સાધુઓનો સમુદાય હોય તે ગણી એટલે આચાર્ય. તેની સંપત્તિ ૮ પ્રકારની છે. તે દરેકના ૪-૪ પ્રકાર છે. એટલે ૮ × ૪ = ૩૨ પ્રકાર થયા. ૪ પ્રકારનો વિનય છે. આમ આચાર્યના ૩૬ ગુણો થયા. તે આ પ્રમાણે -

(૧) **આચારસંપત્તિ** - તેના ચાર પ્રકાર છે -

(i) **ચરણયુક્ત (સંયમધ્રુવયોગયુક્તતા)** - ચરણસિત્તરીથી યુક્ત.

(ii) **મદરહિત (અસંગ્રહ)** - જાતિ, કુલ, તપ, શ્રુત વગેરેના અભિમાન વિનાના.

(iii) **અનિયતવૃત્તિ** - ગામ વગેરેમાં અનિયત વિહાર કરનાર.

(iv) **અચંચલ** - ઇન્દ્રિયોને વશમાં કરેલ. અન્ય ગ્રંથોમાં આને '**વૃદ્ધશીલતા** - શરીરમાં અને મનમાં નિર્વિકારપણું' કહ્યું છે.

(૨) **શ્રુતસંપત્તિ** - તેના ચાર પ્રકાર છે -

(i) **યુગપ્રધાનાગમ (બહુશ્રુતતા)** - તે તે કાળે વિદ્યમાન બધા શાસ્ત્રોના જાણકાર.

(ii) **પરિચિતસૂત્ર (પરિચિતસૂત્રતા)** - ક્રમથી અને ઉત્ક્રમથી વાંચવાથી સૂત્રોને સ્થિર કર્યા હોય.

(iii) **ઉત્સર્ગી (વિચિત્રસૂત્રતા)** - ઉત્સર્ગ, અપવાદ, સ્વશાસ્ત્ર, પરશાસ્ત્ર વગેરેને જાણે.

(iv) **ઉદાત્તઘોષાદિ (ઘોષવિશુદ્ધિકરણતા)** - ઉદાત્ત, અનુદાત્ત વગેરે સ્વરની વિશુદ્ધિ કરનારા.

(૩) **શરીરસંપત્તિ** - તેના ચાર પ્રકાર છે -

(i) **ચતુરસ્ર (આરોહપરિણાહયુક્તતા)** - લંબાઈ-પહોળાઈથી લક્ષણ-પ્રમાણથી યુક્ત હોય.

(ii) **અકુંટાદિ (અનવત્રપ્યતા)** - હાથ, પગ વગેરે અંગો પરિપૂર્ણ હોવાથી લજ્જા પામવા યોગ્ય ન હોય.

(iii) **બધિરત્વાદિવર્જિત (પરિપૂર્ણેન્દ્રિયતા)** - બધી ઇન્દ્રિયો પરિપૂર્ણ હોય.

(iv) **તપમાં શક્ત (સ્થિરસંહનનતા)** - દૃઢ સંઘયણવાળા હોવાથી બાહ્ય-અભ્યંતર તપ કરવા સમર્થ હોય.

(૪) **વચનસંપત્તિ** - તેના ચાર પ્રકાર છે -

(i) **વાદી (આદેયવચનતા)** - જેનું વચન બીજા માને તેવા હોય.

(ii) **મધુરવચન (મધુરવચનતા)** - પ્રકૃષ્ટ અર્થને કહેનારા, કર્કશ ન હોય તેવા, સુસ્વરતા-ગંભીરતા વગેરે ગુણોવાળા અને સાંભળનારના મનને પ્રીતિ કરાવનારા વચનવાળા હોય.

(iii) **અનિશ્રિતવચન (અનિશ્રિતવચનતા)** - રાગ-દ્વેષથી કલુષિત ન હોય તેવા વચનવાળા.

(iv) **સ્ફુટવચન (અસંદિગ્ધવચનતા)** - બધા સમજી શકે તેવા સ્પષ્ટ વચનવાળા.

(૫) **વાચનાસંપત્તિ** - તેના ચાર પ્રકાર છે -

(i) **યોગ્યવાચન** - પરિણામકત્વ વગેરે ગુણોથી યુક્ત શિષ્યોને જાણીને જે સૂત્ર જેને યોગ્ય હોય તે સૂત્રનો તેને ઉદ્દેશો કે સમુદ્દેશો આપે. અન્ય ગ્રંથોમાં આના 'વિદિત્વા ઉદ્દેશન અને વિદિત્વા સમુદ્દેશન' એવા બે ભેદ કહ્યા છે.

(ii) **પરિણતવાચન (પરિનિર્વાપ્ય વાચના)** - પૂર્વે આપેલા આલાવા શિષ્યમાં બરાબર પરિણમાવીને પછી નવા નવા આલાવાની

વાચના આપે.

(iii) **વાચનાનિર્યાપક** - શિષ્યને ઉત્સાહિત કરીને ગ્રંથ પૂરો કરાવે, અધૂરો ન મૂકે. અન્ય ગ્રંથોમાં આ ભેદ કહ્યો નથી.

(iv) **નિર્વાહક (અર્થનિર્યાપણા)** - આગળ-પાછળની સંગતિ કરીને અર્થને સ્વયં જાણે અને બીજાને સમજાવે.

(૬) **મતિસંપત્તિ** - તેના ચાર પ્રકાર છે -

(i) **અવગ્રહ** - આનું સ્વરૂપ ૨૧૬મા દ્વારમાં કહેવાશે.

(ii) **ઈહા** - આનું સ્વરૂપ ૨૧૬મા દ્વારમાં કહેવાશે.

(iii) **અવાય** - આનું સ્વરૂપ ૨૧૬મા દ્વારમાં કહેવાશે.

(iv) **ધારણા** - આનું સ્વરૂપ ૨૧૬મા દ્વારમાં કહેવાશે.

(૭) **પ્રયોગમતિસંપત્તિ** - વાદ વગેરેની સિદ્ધિ માટે વસ્તુના જ્ઞાનરૂપી સંપત્તિ. તેના ચાર પ્રકાર છે -

(i) **શક્તિજ્ઞાન** - પ્રતિવાદીને જીતવાની પોતાની શક્તિ વિચારવી.

(ii) **પુરુષજ્ઞાન** - પ્રતિવાદી બૌદ્ધ છે કે સાંખ્ય છે કે વૈશેષિક છે કે બીજો કોઈ છે, પ્રતિભાવાળો છે કે નહીં વગેરે જાણે.

(iii) **ક્ષેત્રજ્ઞાન** - આ ક્ષેત્ર માયાવાળુ છે કે નહીં, સાધુથી ભાવિત છે કે નહીં વગેરે જાણે.

(iv) **વસ્તુજ્ઞાન** - આ રાજા, મંત્રી કે સભાજનો ભયંકર છે કે નહીં, ભદ્રક છે કે નહીં વગેરે જાણે.

(૮) **સંગ્રહપરિજ્ઞાસંપત્તિ** - તેના ચાર પ્રકાર છે -

(i) **ગણયોગ્યઉપસંગ્રહસંપત્તિ** - ગચ્છના નિર્વાહને યોગ્ય ક્ષેત્રને સ્વીકારવું.

(ii) **સંસક્તસંપત્તિ** - ભદ્રક વગેરે પુરુષોને અનુરૂપ દેશના આપે.

અન્યગ્રંથમાં અહીં **'પીઠફલકોપાદાનસંપત્તિ** - આસન વગેરે મેલા ન થાય એટલા માટે પાટ, પાટલા, પાટીયા ગ્રહણ કરવા.' કહ્યું છે.

(iii) **સ્વાધ્યાયસંપત્તિ** - શાસ્ત્રમાં કહ્યા મુજબ સ્વાધ્યાય, પડિલેહણ, ગોચરી, ઉપધિ મેળવવું વગેરે કરવું.

(iv) **શિક્ષોપસંગ્રહસંપત્તિ** - ગુરુ, દીક્ષા આપનાર, અધ્યયન કરાવનાર, રત્નાધિક વગેરેની ઉપધિ ઊંચકવી, શરીર દબાવવું, દાંડો લેવો વગેરે શિખવવું.

(૯) **વિનય** - જેનાથી કર્મ દૂર થાય તે વિનય. તેના ચાર પ્રકાર છે -

(i) **આચારવિનય** - તેના ચાર પ્રકાર છે -

(a) **સંયમસામાચારી** - પોતે સંયમ આચરે, સંયમમાં સીદાતાં બીજાને સ્થિર કરે અને સંયમમાં તત્પર બીજાની અનુમોદના કરે.

(b) **તપસામાચારી** - પક્ખી વગેરેમાં પોતે તપ કરે, બીજાને તપ કરાવે, પોતે ગોચરી જાય, બીજાને ગોચરી મોકલે.

(c) **ગણસામાચારી** - પડિલેહણ, બાળ-વૃદ્ધ વગેરેની વૈયાવચ્ચ વગેરે કાર્યોમાં પોતે ગ્લાનિ વિના તત્પર હોય અને બીજાને પ્રેરે.

(d) **એકાકીવિહારસામાચારી** - એકાકીવિહારપ્રતિમાને પોતે સ્વીકારે અને બીજાને ગ્રહણ કરાવે.

(ii) **શ્રુતવિનય** - તેના ચાર પ્રકાર છે -

(a) સૂત્રની વાચના આપે.

(b) અર્થનું વ્યાખ્યાન કરે.

(c) હિતકારી વાચના આપે, એટલે કે પરિણામક વગેરે ગુણોને જોઈને જેને જે યોગ્ય હોય તેને તે સૂત્ર, અર્થ, ઉભય આપે.

(d) સૂત્ર કે અર્થની સમાપ્તિ સુધી વાચના આપે, વચ્ચે છોડી ન દે.

(iii) **વિક્ષેપણવિનય** - તેના ચાર પ્રકાર છે -

(a) મિથ્યાદષ્ટિને મિથ્યામાર્ગમાંથી દૂર કરીને સમ્યક્ત્વમાર્ગ ગ્રહણ કરાવે.

(b) સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને ગૃહસ્થપણામાંથી દૂર કરીને દીક્ષા આપે.

(c) સમ્યક્ત્વ કે ચારિત્રથી ભ્રષ્ટ થયેલાને ફરી ત્યાં સ્થિર કરે.

(d) દોષિત ગોચરી વગેરેનો ત્યાગ કરીને અને નિર્દોષ ગોચરી વગેરેને સ્વીકારીને જેમ ચારિત્રધર્મની વૃદ્ધિ થાય તેમ પોતે પ્રવર્તે.

(iv) **દોષપરિઘાતવિનય** - તેના ચાર પ્રકાર છે -

(a) ગુસ્સે થયેલાનો દેશના વગેરેથી ગુસ્સો દૂર કરે.

(b) કષાયવિષયોથી દુષ્ટને તેમાંથી પાછો વાળે.

(c) અન્ન-પાણીની કે પરદર્શનની કાંક્ષાને દૂર કરે.

(d) પોતે ક્રોધ, કષાય-વિષય એ કાંક્ષા વિના સારી રીતે પ્રણિધાનપૂર્વક પ્રવૃત્તિ કરવી.

(II) **બીજી રીતે આચાર્યના ૩૬ ગુણો** -

| | | |
|---|---|---|
| ૮ દર્શનાચાર પાળે | - | ૮ |
| ૮ જ્ઞાનાચાર પાળે | - | ૮ |
| ૮ ચારિત્રાચાર પાળે | - | ૮ |
| ૧૨ પ્રકારનો તપ કરે | - | ૧૨ |
| | | કુલ ૩૬ |

(III) **ત્રીજી રીતે આચાર્યના ૩૬ ગુણો** -

| | | |
|---|---|---|
| ૮ પ્રકારની ગણિસંપદાવાળા | - | ૮ |
| ૧૦ પ્રકારના સ્થિતકલ્પને જાણે અને પાળે | - | ૧૦ |

| | |
|---|---|
| ૧૨ પ્રકારનો તપ કરે | - ૧૨ |
| ૬ આવશ્યક કરે | - ૬ |
| | કુલ ૩૬ |

૧૦ પ્રકારનો સ્થિતકલ્પ આગળ કહેવાશે.

૧૨ પ્રકારનો તપ પૂર્વે કહ્યો છે.

૬ આવશ્યક = સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વાંદણા, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, પચ્ચક્ખાણ.

**(IV) ચોથી રીતે આચાર્યના ૩૬ ગુણો** -

(૧) **દેશયુક્ત** - સાડા પચીશ આર્યદેશોમાં જન્મેલા હોય તે દેશયુક્ત. તે આર્યદેશની ભાષા જાણતા હોવાથી શિષ્યો તેમની પાસે સુખેથી ભણી શકે છે.

(૨) **કુલયુક્ત** - પિતાના વંશને કુળ કહેવાય. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ તે કુલયુક્ત. તે સ્વીકારેલ વસ્તુને પૂરી કરે છે.

(૩) **જાતિયુક્ત** - માતાનો વંશ તે જાતિ. ઉત્તમ જાતિમાં ઉત્પન્ન થયેલ તે જાતિયુક્ત. તે વિનય વગેરે ગુણોવાળા હોય છે.

(૪) **રૂપયુક્ત** - તે લોકાના બહુમાનને યોગ્ય બને છે.

(૫) **સંઘયણયુક્ત** - તે વિશિષ્ટ સામર્થ્યથી યુક્ત હોવાથી વ્યાખ્યાન વગેરેમાં થાકતા નથી.

(૬) **ધૃતિયુક્ત** - તે વિશિષ્ટ માનસિક બળવાળા હોવાથી તેમને અતિગહન પદાર્થોમાં પણ ભ્રમ થતો નથી.

(૭) **અનાશંસી** - શ્રોતા પાસેથી વસ્ત્ર વગેરેની ઇચ્છા ન કરે તે.

(૮) **અવિકત્થન** - અતિઘણું ન બોલે તે. અથવા બીજાના નાના પણ અપરાધમાં વારંવાર ન કહે તે.

(૯) **અમાયી** - શઠતા વિનાના હોય તે.

(૧૦) **સ્થિરપરિપાટી** - વારંવાર ઘણો અભ્યાસ થવાથી જેના સૂત્ર અને અર્થ સ્થિર થયા હોય તે. તે સૂત્ર - અર્થને ભૂલે નહીં.

(૧૧) **ગૃહીતવાક્ય** - બીજા જેનું વચન સ્વીકારે તે. તેમનું થોડું પણ વચન ઘણા અર્થવાળુ લાગે.

(૧૨) **જિતપર્ષદ્** - તે મોટી સભામાં પણ ક્ષોભ ન પામે.

(૧૩) **જિતનિદ્ર** - અલ્પ નિદ્રાવાળા હોય તે. તેમને રાત્રે સૂત્ર કે અર્થ વિચારતા ઊંઘ ન આવે.

(૧૪) **મધ્યસ્થ** - તે બધા શિષ્યો ઉપર સમાન ચિત્તવાળા હોય.

(૧૫, ૧૬, ૧૭) **દેશજ્ઞ-કાલજ્ઞ-ભાવજ્ઞ** - લોકોના દેશ, કાળ, ભાવને જાણીને સુખેથી વિચરે તે, અથવા શિષ્યોના ભાવને જાણીને સુખેથી અનુવર્તન કરે તે.

(૧૮) **આસન્નલબ્ધપ્રતિભ** - કર્મના ક્ષયોપશમથી પરદર્શનવાળાને તાત્કાલિક જવાબ આપવાની શક્તિ જેની પાસે હોય તે.

(૧૯) **નાનાવિધદેશભાષાજ્ઞ** - જુદા જુદા દેશોની ભાષાને જાણે તે. તે જુદા જુદા દેશના શિષ્યોને સુખેથી શાસ્ત્રો સમજાવી શકે અને તે તે દેશના લોકોને તેમની ભાષામાં સમજાવીને ધર્મમાર્ગમાં જોડી શકે.

(૨૦-૨૪) **પંચાચારથી યુક્ત** - જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારને પોતે આચરે અને બીજા પાસે આચરાવે તે.

(૨૫) **સૂત્રાર્થતદુભયવિધિજ્ઞ** - સૂત્ર, અર્થ અને બન્નેની વિધિને જાણે તે.

(૨૬-૨૯) **આહરણહેતૂપનયનયનિપુણ** - આહરણ = દૃષ્ટાંત. હેતુ બે પ્રકારના છે - (i) કારક - કુંભાર ઘડો બનાવે છે. માટે કુંભાર

કારક હેતુ છે. (ii) જ્ઞાપક - દીવો અંધારામાં ઘડો બતાવે છે. માટે દીવો જ્ઞાપક હેતુ છે. ઉપનય = ઉપસંહાર = દૃષ્ટાંતની વાત પ્રસ્તુતમાં જોડવી. નય = નૈગમ વગેરે. આહરણ, હેતુ, ઉપનય અને નયમાં હોંશિયાર હોય તે. તે શ્રોતાને સમજાવવા ક્યાંક દૃષ્ટાંત કહે છે, ક્યાંક હેતુ કહે છે, સારી રીતે ઉપસંહાર કરે છે, વિસ્તારથી નયોને કહે છે.

(૩૦) **ગ્રાહણાકુશલ** - સમજાવવાની શક્તિવાળા હોય તે.

(૩૧-૩૨) **સ્વસમયપરસમયવિદ્** - સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતને જાણે તે. પરદર્શનવાળા આક્ષેપ કરે ત્યારે તે સુખેથી પરસિદ્ધાંતનું ખંડન કરી સ્વસિદ્ધાંતને સ્થાપી શકે.

(૩૩) **ગંભીર** - તુચ્છ સ્વભાવવાળા ન હોય તે.

(૩૪) **દીપ્તિમાન** - પરવાદીઓ જેના તેજને સહન ન કરી શકે તે.

(૩૫) **શિવ** - ગુસ્સા વિનાના કે સર્વત્ર કલ્યાણકારી હોય તે.

(૩૬) **સોમ** - શાંત દૃષ્ટિવાળા હોય તે.

આ ૩૬ ગુણો અને બીજા ઔદાર્ય, સ્થૈર્ય વગેરે સેંકડો ગુણોથી અલંકૃત આચાર્ય પ્રવચનનો ઉપદેશ આપે છે.

● ● ●

+ બીજા તરફથી કડવા વચનો કે પ્રતિકૂળતા વગેરે સહવામાં મોટા પુણ્યબંધ કે પાપક્ષયના આત્મિક મહાન લાભની પ્રાપ્તિ થાય છે.

+ રાગદ્વેષની આકુળતા વિનાની ચિત્તની સ્વસ્થ અવસ્થા એ સમાધિ.

# દ્વાર ૬૫મું - વિનયના પર ભેદ

(૧) તીર્થંકર - તીર્થની સ્થાપના કરનાર અરિહંત ભગવંતો.

(૨) સિદ્ધ - મોક્ષમાં ગયેલા શુદ્ધ આત્માઓ.

(૩) કુળ - સમાન જાતિવાળા ઘણા [1]ગચ્છોનો સમૂહ દા.ત. નાગેંદ્ર કુળ વગેરે.

(૪) ગણ - ઘણા કુળોનો સમુદાય. દા.ત. કોટિક ગણ વગેરે.

(૫) સંઘ - સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ.

(૬) ક્રિયા - આસ્તિક્યરૂપ.

(૭) ધર્મ - સાધુધર્મ, શ્રાવકધર્મ વગેરે.

(૮) જ્ઞાન - મતિજ્ઞાન વગેરે.

(૯) જ્ઞાની - જ્ઞાનવાળા.

(૧૦) આચાર્ય - ૩૬ ગુણોવાળા.

(૧૧) સ્થવિર - સીદાતાને સ્થિર કરે તે.

(૧૨) ઉપાધ્યાય - ૨૫ ગુણોવાળા.

(૧૩) ગણી - કેટલાક સાધુસમુદાયોના અધિપતિ.

આ ૧૩ ના અનાશાતના, ભક્તિ, બહુમાન, વર્ણસંજ્વલના કરવા.

(૧) અનાશાતના - જાતિ વગેરેથી હીલના ન કરવી.

(૨) ભક્તિ - ઉચિત સેવા કરવી.

(૩) બહુમાન - અંદરથી પ્રીતિ કરવી.

(૪) વર્ણસંજ્વલના - ગુણાનુવાદ કરવા.

આમ વિનયના ૧૩ × ૪ = પર ભેદ થયા.

●●●

---

૧. એક આચાર્યનો સાધુસમૂહ તે ગચ્છ.

# દ્વાર ૬૬મું - ચરણસિત્તરી

ચરણ = ચારિત્ર, એટલે કે મૂળગુણો. તેનું નિત્ય પાલન થાય છે. ચારિત્રના ૭૦ પ્રકાર છે. તે આ પ્રમાણે -

| | |
|---|---|
| ૫ | મહાવ્રત |
| ૧૦ | પ્રકારના શ્રમણધર્મ |
| ૧૭ | પ્રકારનું સંયમ |
| ૧૦ | પ્રકારની વૈયાવચ્ચ |
| ૯ | પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિઓ |
| ૩ | જ્ઞાન-દર્શન-ચારિત્ર |
| ૧૨ | પ્રકારનો તપ |
| ૪ | કષાયોનો નિગ્રહ |
| કુલ ૭૦ | |

(૧) **૫ મહાવ્રત** -

(i) **પ્રાણિવધવિરતિ** - પ્રમાદથી થતા ત્રસ-સ્થાવર જીવોના વધથી સમ્યગ્જ્ઞાન અને સમ્યક્શ્રદ્ધા પૂર્વક અટકવું.

પ્રમાદના ૮ પ્રકાર છે -

(૧) અજ્ઞાન
(૨) સંશય
(૩) વિપર્યય
(૪) રાગ
(૫) દ્વેષ
(૬) સ્મૃતિભ્રંશ
(૭) યોગોનું દુષ્પ્રણિધાન
(૮) ધર્મમાં અનાદર.

(ii) **મૃષાવાદવિરતિ** - પ્રિય, પથ્ય, તથ્ય વચન ન બોલીને જૂઠ બોલવું તે

મૃષાવાદ. તેનાથી અટકવું. પ્રિય = પ્રીતિ કરાવનાર, પથ્ય = હિતકારી, તથ્ય = સાચું.

(iii) **અદત્તાદાનવિરતિ** - માલિકે નહીં આપેલું લેવું તે અદત્તાદાન. તેના ૪ પ્રકાર છે -

(૧) સ્વામીઅદત્ત - માલિકે નહીં આપેલ ઘાસ, લાકડુ, પથ્થર વગેરે.

(૨) જીવઅદત્ત - માલિકે આપવા છતા જીવે નહીં આપેલું.

દા.ત. ચારિત્રની ભાવના વિનાના પુત્રને માતા-પિતા ગુરુને આપે તે, સચિત્ત પૃથ્વીકાય વગેરે.

(૩) તીર્થંકરઅદત્ત - તીર્થંકર ભગવાને નિષેધ કરેલ આધાકર્મી વગેરે.

(૪) ગુરુઅદત્ત - માલિકે આપેલ નિર્દોષ ગોચરી વાપરવાની ગુરુએ રજા ન આપી હોય તે.

આ ચાર પ્રકારના અદત્તથી અટકવું.

(iv) **મૈથુનવિરતિ** - સ્ત્રી-પુરુષનું કર્મ તે મૈથુન. તેનાથી અટકવું.

(v) **પરિગ્રહવિરતિ** - ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, ચાંદી, સોનું, ચતુષ્પદ, દ્વિપદ, કુપ્ય - મૂર્ચ્છાનો ત્યાગ કરીને આ નવ પ્રકારના પરિગ્રહથી અટકવું.

(૨) **૧૦ પ્રકારનો શ્રમણધર્મ** - સાધુઓનો ધર્મ તે શ્રમણધર્મ. તે ૧૦ પ્રકારે છે -

(i) **ક્ષાન્તિ** - શક્તિ હોય કે ન હોય, પણ સહન કરવું, ગુસ્સો ન કરવો.

(ii) **મૃદુતા** - નમ્રતા, અભિમાન ન કરવું.

(iii) **આર્જવ** - સરળતા, મન-વચન-કાયાની વક્રતા ન કરવી, માયા ન કરવી.

(iv) **મુક્તિ** - બાહ્ય-અભ્યંતર વસ્તુમાં તૃષ્ણા ન કરવી, લોભનો ત્યાગ

કરવો.

(v) **તપ** - રસ વગેરે ધાતુઓ કે કર્મો જેનાથી તપે તે તપ. તે ૧૨ પ્રકારનો છે.

(vi) **સંયમ** - આસ્રવોથી અટકવું.

(vii) **સત્ય** - જૂઠ ન બોલવું.

(vii) **મતાંતરે લાઘવ** - દ્રવ્યથી ઉપધિ અલ્પ રાખવી અને ભાવથી ગારવોનો ત્યાગ કરવો.

(viii) **શૌચ** - સંયમમાં અતિચાર ન લગાડવા.

(viii) **મતાંતરે ત્યાગ** - સર્વસંગનો ત્યાગ કરવો, અથવા સાધુઓને વસ્ત્ર વગેરે આપવા.

(ix) **આકિંચન્ય** - શરીર, ધર્મોપકરણ વગેરે પર મમત્વ ન કરવું.

(x) **બ્રહ્મચર્ય** - બ્રહ્મચર્યની નવ વાડનું પાલન કરવાપૂર્વક મૈથુનનો ત્યાગ કરવો.

(૩) **૧૭ પ્રકારનું સંયમ** - આસ્રવોથી અટકવું તે સંયમ. તેના ૧૭ પ્રકાર છે -

(૧-૫) **પાંચ આસ્રવોથી અટકવું** - આસ્રવ = કર્મબંધના કારણો. ૫ આસ્રવો = હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ.

(૬-૧૦) **પાંચ ઈન્દ્રિયોનું નિયંત્રણ** - ૫ ઈન્દ્રિયો = સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય. નિયંત્રણ = ઈન્દ્રિયોના વિષયોમાં રાગ-દ્વેષ ન કરવા.

(૧૧-૧૪) **ચાર કષાયોનો જય** - ૪ કષાયો = ક્રોધ, માન, માયા, લોભ. જય = ઉદયમાં આવેલ કષાયોને નિષ્ફળ કરવા અને ઉદયમાં નહીં આવેલ કષાયોને ઉત્પન્ન ન કરવા.

**(૧૫-૧૭) ત્રણ દંડથી અટકવું** - ૩ દંડ = દુષ્ટ મન-વચન-કાયા.

**બીજી રીતે ૧૭ પ્રકારનું સંયમ** -

**(૧-૯) જીવસંયમ** - પૃથ્વીકાય
અપ્કાય
તેઉકાય
વાયુકાય
વનસ્પતિકાય
બેઇન્દ્રિય
તેઇન્દ્રિય
ચઉરિન્દ્રિય
પંચેન્દ્રિય

આ નવના સંરંભ, સમારંભ અને આરંભનો મન-વચન-કાયાથી અને કરણ-કરાવણ-અનુમોદનથી ત્યાગ કરવો.

સંરંભ = મનમાં હિંસાનો સંકલ્પ કરવો.

સમારંભ = પીડા કરવી.

આરંભ = મારી નાંખવા.

**(૧૦) અજીવસંયમ** - પુસ્તક વગેરેને પડિલેહણ - પ્રમાર્જના પૂર્વક જયણાથી વાપરવા તે.

**(૧૧) પ્રેક્ષાસંયમ** - આંખથી જોઈને બીજ, વનસ્પતિ, જંતુ વગેરે રહિત સ્થાને સૂવું, બેસવું, ચાલવું વગેરે પ્રવૃત્તિ કરવી તે.

**(૧૨) ઉપેક્ષાસંયમ** - પાપવ્યાપાર કરનારા ગૃહસ્થની ઉપેક્ષા કરવી, તેને પાપ કરવાનો ઉપદેશ ન આપવો. સંયમમાં સીદાતા સાધુઓને સંયમમાં ઉદ્યમ કરવાની પ્રેરણા કરવી. નિર્ધ્વંસ એવા પાર્શ્વસ્થ વગેરેની પ્રવૃત્તિની ઉપેક્ષા કરવી.

**(૧૩) પ્રમાર્જનાસંયમ** - સ્થંડિલભૂમિ અને વસ્ત્ર-પાત્રા વગેરે જોવા છતાં રજોહરણ વગેરેથી પ્રમાર્જીને સૂવું, બેસવું, મૂકવું, લેવું વગેરે કરવું.

કાળી ભૂમિવાળા પ્રદેશમાંથી સફેદ ભૂમિવાળા પ્રદેશમાં જતા ગૃહસ્થ વગેરે ન જોતા હોય તો સચિત્ત-અચિત્ત-મિશ્ર રજવાળા પગ રજોહરણથી પ્રમાર્જવા, ગૃહસ્થો વગેરે જોતા હોય તો ન પ્રમાર્જવા.

(૧૪) **પરિષ્ઠાપનાસંયમ** - જીવયુક્ત, દોષિત, અનુપયોગી એવા અન્ન, પાણી, વસ્ત્ર, પાત્રા વગેરે જંતુરહિત સ્થાનમાં વિધિપૂર્વક પરઠવવા.

(૧૫) **મનસંયમ** - મનને દ્રોહ, ઈર્ષ્યા, અભિમાન વગેરેથી અટકાવવું અને ધર્મધ્યાન વગેરેમાં પ્રવૃત્ત કરવું.

(૧૬) **વચનસંયમ** - હિંસક, કઠોર વગેરે વાણીથી અટકવું અને સારી ભાષામાં પ્રવૃત્તિ કરવી.

(૧૭) **કાયસંયમ** - અવશ્ય કરવા યોગ્ય ગમન, આગમન વગેરેમાં ઉપયોગપૂર્વક કાયાની પ્રવૃત્તિ કરવી.

(૪) **૧૦ પ્રકારની વૈયાવચ્ચ** - આચાર્ય વગેરેના કાર્યમાં મગ્ન થવું તે વૈયાવચ્ચ.

(i) **આચાર્ય** - પંચાચાર પાળે-પળાવે તે.

(i) **ઉપાધ્યાય** - જેમની પાસે જઈને શિષ્યો ભણે તે.

(iii) **તપસ્વી** - તપ કરે તે.

(iv) **શૈક્ષક** - નૂતન દીક્ષિત.

(v) **ગ્લાન** - તાવ વગેરે રોગવાળા.

(vi) **સાધુ** - સ્થવિરો.

(vii) **સમનોજ્ઞ** - સમાન સામાચારીવાળા.

(viii) **સંઘ** - સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનો સમુદાય.

(ix) **કુલ** - સમાન જાતિવાળા ઘણા ગચ્છોનો સમૂહ. દા.ત. ચાંદ્રકુળ વગેરે.

(x) **ગણ** - ઘણા કુળોનો સમુદાય. દા.ત. કોટિક ગણ વગેરે.

આ ૧૦ ની અન્ન, પાણી, વસ્ત્ર, પાત્રા, ઉપાશ્રય, પાટ, પાટલા, સંથારા વગેરે ધર્મસાધનો વડે ભક્તિ કરવી, શારીરિક સેવા કરવી, ઔષધ આપવા, જંગલમાં-રોગમાં-ઉપસર્ગોમાં રક્ષા કરવી વગેરે વૈયાવચ્ચ છે.

(૫) **બ્રહ્મચર્યની ૯ ગુપ્તિ** - બ્રહ્મચર્યનું રક્ષણ કરવાના ઉપાયો તે બ્રહ્મચર્યની ગુપ્તિ. તે ૯ પ્રકારની છે -

(i) **વસતિ** - સ્ત્રી, પશુ, નપુંસક રહિત વસતિમાં રહેવું. સ્ત્રીઓ બે પ્રકારની છે -

(a) સચિત્ત - તેના બે પ્રકાર છે - દેવી અને મનુષ્ય સ્ત્રી.

(b) અચિત્ત - સ્ત્રીનું પૂતળું, ચિત્ર, મૂર્તિ વગેરે.

(ii) **કથા** - એકલી સ્ત્રીઓને એકલા સાધુએ ધર્મદેશના વગેરે કથા ન કહેવી. સ્ત્રીસંબંધી કથા પણ મનમાં વિકાર કરનારી હોવાથી ન કરવી.

(iii) **આસન** - સ્ત્રીની સાથે એક આસન પર ન બેસવું. સ્ત્રીના ઊઠ્યા પછી પણ ૧ મુહૂર્ત સુધી તે આસન પર ન બેસવું, કેમકે ત્યાં બેસવાથી મનમાં વિકાર થાય છે.

(iv) **ઇન્દ્રિય** - સ્ત્રીની ઇન્દ્રિયો અને અંગો જોવા નહીં. કદાચ જોવાઈ જાય તો ખરાબ વિચાર ન કરવા. જોવાથી અને વિચારવાથી મોહનો ઉદય થાય છે.

(v) **કુડ્યંતર** - દિવાલના અંતરે જ્યાં પતિ-પત્નીની કામક્રીડા વગેરેના શબ્દો સંભળાય ત્યાં ન રહેવું.

(vi) **પૂર્વક્રીડિત** - પૂર્વે ગૃહસ્થ અવસ્થામાં અનુભવેલા કામક્રીડા જુગાર રમવો વગેરેને યાદ ન કરવા. યાદ કરવાથી કામાગ્નિ પ્રગટે છે.

(vii) **પ્રણીતાહાર** - અતિસ્નિગ્ધ, અતિમધુર વગેરે રસોવાળુ ભોજન ન કરવું. તેવા ભોજનથી ધાતુ પુષ્ટ થવાથી વેદોદય થાય અને અબ્રહ્મનું સેવન થાય.

(viii) **અતિમાત્રાહાર** - લૂખો આહાર પણ આકંઠ પેટ ભરીને ન વાપરવો. આકંઠ પેટ ભરીને વાપરવાથી બ્રહ્મચર્યમાં સ્ખલના થાય અને શરીરને પીડા થાય.

(ix) **વિભૂષણા** - સ્નાન, વિલેપન, ધૂપ કરવો, નખ સમારવા, દાંત સમારવા વાળ સમારવા વગેરે શરીરની શોભા ન કરવી.

(૬) **જ્ઞાન-દર્શન-ચારિત્ર ૩**

(i) **જ્ઞાન** - કર્મના ક્ષયોપશમથી થયેલો બોધ તે જ્ઞાન. તેના કારણરૂપ ૧૨ અંગ, ૧૨ ઉપાંગ, પયન્ના વગેરે પણ જ્ઞાન છે.

(ii) **દર્શન** - જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ - આ તત્ત્વોની શ્રદ્ધા તે દર્શન.

(iii) **ચારિત્ર** - જ્ઞાન અને શ્રદ્ધા પૂર્વક બધી પાપ પ્રવૃત્તિનો ત્યાગ તે ચારિત્ર. તેના બે પ્રકાર છે -

(i) દેશચારિત્ર - તે શ્રાવકોને હોય છે.

(ii) સર્વચારિત્ર - તે સાધુઓને હોય છે.

(૭) **૧૨ પ્રકારનો તપ** - રસ વગેરે ધાતુઓને કે કર્મોને તપાવે તે તપ. તેના ૧૨ પ્રકાર છે -

પૂર્વે તપના અતિચાર બતાવતી વખતે ૧૨ પ્રકારનો તપ બતાવ્યો છે.

(૮) **૪ કષાયોનો નિગ્રહ** -

કષ = જેમાં જીવોની હિંસા થાય છે તે સંસાર.

કષાય = જીવ જેનાથી સંસારને પામે તે. તેના ચાર પ્રકાર છે -

ક્રોધ, માન, માયા, લોભ.

આ ચારે કષાયોને નિયંત્રણમાં રાખવા.

●●●

# દ્વાર ૬૭મું - કરણસિત્તરી

કરણ - મોક્ષના અર્થી સાધુઓ વડે કરાય તે. કરણ એટલે ઉત્તરગુણો. તેનું અવસરે પાલન કરાય છે. તે ૭૦ છે. તે આ પ્રમાણે -

૪ પ્રકારની પિંડવિશુદ્ધિ
૫ સમિતિ
૧૨ ભાવના
૧૨ પ્રકારની સાધુની પ્રતિમા
૫ ઈન્દ્રિયોનો નિરોધ
૨૫ પ્રકારનું પડિલેહણ
૩ ગુપ્તિઓ
૪ પ્રકારના અભિગ્રહો

કુલ ૭૦

## (૧) ૪ પ્રકારની પિંડવિશુદ્ધિ -

સમાન જાતિના કે ભિન્ન ભિન્ન જાતિના કઠણ દ્રવ્યોનો સમુદાય તે પિંડ. પિંડની આધાકર્મી વગેરે દોષોના ત્યાગપૂર્વક જે શુદ્ધિ તે પિંડવિશુદ્ધિ છે. તેના ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે -

(i) પિંડવિશુદ્ધિ.
(ii) શય્યા (વસતિ) વિશુદ્ધિ
(iii) વસ્ત્રવિશુદ્ધિ
(iv) પાત્રવિશુદ્ધિ

ગોચરીના ૪૨ દોષોથી રહિત પિંડને શોધવો તે પિંડવિશુદ્ધિ.

**ગોચરીના ૪૨ દોષો** - ૧૬ ઉદ્ગમના દોષો
૧૬ ઉત્પાદનાના દોષો
૧૦ એષણાના દોષો

કુલ ૪૨

**૧૬ ઉદ્‌ગમના દોષો** - પિંડની ઉત્પત્તિ સંબંધી દોષો તે ઉદ્‌ગમના દોષો. તે ૧૬ છે. તે આ પ્રમાણે -

(૧) **આધાકર્મ** - સાધુ માટે સચિત્તને અચિત્ત કરવું કે અચિત્તને રાંધવું તે.

(૨) **ઔદ્દેશિક** - સાધુને ઉદ્દેશીને બનાવેલું હોય તે ઔદ્દેશિક. તેના બે પ્રકાર છે -

(i) **ઓઘૌદ્દેશિક** - પોતાની માટે રાંધવાનું હોય તેમાં સાધુને આપવા માટે 'આટલું અમારી માટે અને આટલું સાધુ માટે' એ વિભાગ કર્યા વિના વધુ રાંધવું તે.

(ii) **વિભાગૌદ્દેશિક** - લગ્ન વગેરેમાં જે વધ્યું હોય તેને દાન આપવા માટે જુદુ કાઢી રાખવું તે. તેના ત્રણ પ્રકાર છે -

(a) **ઉદ્દિષ્ટ** - પોતાની માટે બનાવેલા આહારમાંથી જે વધેલું હોય તે ભિક્ષાચરોને આપવા માટે જુદુ કાઢવું તે.

(b) **કૃત** - પોતાની માટે બનાવેલા આહારમાંથી વધેલા ભાત વગેરેને ભિક્ષાચરોને આપવા માટે ચૂલે ચઢાવ્યા વિના દહીં વગેરે સાથે ભેળવીને કરબો વગેરે બનાવવો તે.

(c) **કર્મ** - લગ્ન વગેરેમાં વધેલા લાડવાના ચૂરા વગેરેને ભિક્ષાચરોને આપવા ગોળનો પાયો વગેરે કરીને તેમાં ચૂરો ભેળવીને લાડવા વગેરે રૂપે બનાવવા તે. આમાં ચૂલે ચડાવીને સંસ્કાર થાય છે.

આધાકર્મમાં સાધુ માટે જ બનાવાય છે, પોતાની માટે નહીં. કર્મૌદ્દેશિકમાં પોતાની માટે બનાવેલાને ફરી ચૂલે ચડાવીને સંસ્કાર કરાય છે.

આ ત્રણના દરેકના ચાર પ્રકાર છે -

(a) **ઉદ્દેશ** - બધા ભિક્ષાચરો માટે કાઢેલુ હોય તે.

(b) **સમુદ્દેશ** - સંન્યાસીઓ માટે કાઢેલુ હોય તે.

(c) **આદેશ** - સાધુઓ માટે કાઢેલુ હોય તે.

(d) **સમાદેશ** - જૈન સાધુઓ માટે કાઢેલુ હોય છે.

આમ વિભાગૌદ્દેશિકના બાર પ્રકાર થયા.

(૩) **પૂતિકર્મ** - નિર્દોષ આહારમાં અવિશોધિકોટીના દોષવાળા આહારનાં અવયવોનો સંપર્ક થાય તે. આધાકર્મી દોષવાળા થોડા પણ અવયવો જેમાં હોય તે થાળી, ચમચો, વાટકી વગેરે પૂતિ હોવાથી તજવા. પૂતિકર્મના બે પ્રકાર છે -

(i) **ભક્તપાનપૂતિકર્મ** - અવિશોધિકોટિના દોષવાળા આહારથી ખરડાયેલા વાસણમાં બીજો શુદ્ધ આહાર નાખ્યો હોય અથવા અવિશોધિકોટિના દોષવાળા આહારથી ખરડાયેલા હાથ કે ચમચા વગેરેથી અપાતો શુદ્ધ આહાર તે ભક્તપાનપૂતિકર્મ છે.

(ii) **ઉપકરણપૂતિકર્મ** - અવિશોધિકોટિના દોષવાળા ચૂલા ઉપર રાંધેલો કે મૂકેલો અથવા અવિશોધિકોટિના દોષવાળા વાસણ, ચમચા વગેરેમાં રહેલો શુદ્ધ આહાર તે ઉપકરણ પૂતિકર્મ છે.

(૪) **મિશ્રજાત** - કુટુંબ માટે અને સાધુ માટે એમ બન્ને માટે રાંધેલું હોય તે. તે ત્રણ પ્રકારે છે -

(i) **યાવદર્થિકમિશ્ર** - કુટુંબ માટે અને બધા ભિક્ષાચરો માટે રાંધેલું હોય તે.

(ii) **પાખંડીમિશ્ર** - કુટુંબ માટે અને સંન્યાસીઓ માટે રાંધેલું હોય તે.

(iii) **સાધુમિશ્ર** - કુટુંબ માટે અને જૈનસાધુ માટે રાંધેલું હોય તે.

(૫) **સ્થાપના** - આપવાની વસ્તુ સાધુ માટે થોડો સમય કે વધુ સમય

રાખી મૂકવી તે. તેના બે પ્રકાર છે -

(i) **સ્વસ્થાનસ્થાપના** - ચૂલા, થાળી વગેરેમાં રાખી મૂકવું તે.

(ii) **પરસ્થાનસ્થાપના** - છાબળી વગેરેમાં મૂકવું તે.

(૬) **પ્રાભૃતિકા** - સાધુ ભગવંતને વહોરાવવા માટે ભોજનનો સમય કે લગ્ન વગેરે પ્રસંગ વહેલા કે મોડા કરવા તે. ભોજનનો સમય વહેલો-મોડો કરવો તે સૂક્ષ્મપ્રાભૃતિકા છે. લગ્ન વગેરે પ્રસંગ વહેલો-મોડો કરવો તે બાદરપ્રાભૃતિકા છે.

(૭) **પ્રાદુષ્કરણ** - વહોરાવવાની વસ્તુને સાધુ માટે અગ્નિ, દીવો, મણી વગેરે વડે કે દિવાલ વગેરે દૂર કરીને કે બહાર લાવીને પ્રકાશિત કરવી તે.

(૮) **ક્રીત** - સાધુ માટે ખરીદેલું હોય તે. તેના ૪ પ્રકાર છે -

(i) **આત્મદ્રવ્યક્રીત** - તીર્થની શેષ, રૂપપરાવર્તન કરનારી ગુટિકા, સૌભાગ્ય કરનાર રક્ષાપોટલી વગેરે દ્રવ્ય આપીને સાધુ બીજા પાસેથી આહાર વગેરે મેળવે તે.

(ii) **આત્મભાવક્રીત** - ધર્મકથા કરવી વગેરે પોતાના ભાવ વડે સાધુ બીજા પાસેથી આહાર વગેરે મેળવે તે.

(iii) **પરદ્રવ્યક્રીત** - ગૃહસ્થ પોતાના સચિત્ત, અચિત્ત, મિશ્ર એવા દ્રવ્ય વડે આહાર વગેરે ખરીદીને આપે તે.

(iv) **પરભાવક્રીત** - ગૃહસ્થ પોતાના ધર્મકથા વગેરે રૂપ ભાવ વડે બીજા પાસેથી આહાર વગેરે મેળવીને આપે તે.

(૯) **પ્રામિત્ય** - સાધુ માટે ઉછીનું લઈને આપે તે. તે બે પ્રકારે છે -

(i) **લૌકિક** - ગૃહસ્થ બીજા પાસેથી વસ્તુ ઉછીની લઈને સાધુને આપે તે.

(ii) **લૌકોત્તર** - સાધુઓ પરસ્પર એકબીજાને વસ્ત્ર વગેરે આપે તે. તે બે પ્રકારે છે -

(a) બીજાનું વસ્ત્ર થોડા દિવસ વાપરીને પાછું આપવું.

(b) બીજાનું વસ્ત્ર લઈને થોડા દિવસ પછી તેને નવું વસ્ત્ર આપવું.

(૧૦) **પરિવર્તિત** - સાધુ માટે વસ્તુની અદલાબદલી કરીને આપે તે. તે બે પ્રકારે છે -

(i) **લૌકિક** - તેના બે પ્રકાર છે -

(a) **તે દ્રવ્ય સંબંધી** - ખરાબ ઘી આપીને સાધુ માટે સારુ ઘી લેવું તે.

(b) **અન્ય દ્રવ્ય સંબંધી** - કૂર આપીને સાધુ માટે ભાત લેવા તે.

(ii) **લોકોત્તર** - તેના બે પ્રકાર છે -

(a) **તે દ્રવ્ય સંબંધી** - એક સાધુ બીજા સાધુને જુનો કપડો આપીને નવો કપડો લે તે.

(b) **અન્ય દ્રવ્ય સંબંધી** - એક સાધુ બીજા સાધુને કપડો આપીને ચોલપટ્ટો લે તે.

(૧૧) **અભ્યાહૃત** - સાધુ માટે અન્ય સ્થાનમાંથી લાવેલું હોય તે. તેના બે પ્રકાર છે -

(i) **અનાચીર્ણ** - સાધુને ન કલ્પે તે. તેના બે પ્રકાર છે -

(a) **પ્રચ્છન્ન** - 'આ અભ્યાહૃત છે' એમ સાધુને ખબર ન હોય તે.

(b) **પ્રગટ** - 'આ અભ્યાહૃત છે' એમ સાધુને ખબર હોય તે. આ બન્નેના બે-બે પ્રકાર છે -

(a) **સ્વગ્રામવિષયક** - સાધુ જે ગામમાં રહ્યા હોય તે જ ગામમાંથી લાવેલું હોય તે.

(b) **પરગ્રામવિષયક** - સાધુ જે ગામમાં રહ્યા હોય તે સિવાયના બીજા ગામમાંથી લાવેલું હોય તે.

(ii) **આચીર્ણ** - સાધુને કલ્પે તે. તેના બે પ્રકાર છે -

(a) **ક્ષેત્રવિષયક** - તે ત્રણ પ્રકારે છે -

(૧) **ઉત્કૃષ્ટ** - ૧૦૦ હાથ દૂરથી લાવેલું હોય તે.

(૨) **જઘન્ય** - હાથ ફેરવીને આપે તે.

(૩) **મધ્યમ** - જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેના ક્ષેત્રમાંથી લાવેલું હોય તે.

(b) **ઘરવિષયક** - ત્રણ ઘરમાંથી લાવેલું હોય તે. એક સાધુ એક ઘરમાં વહોરતા હોય ત્યારે સંઘાટક સાધુ બાજુના બે ઘરમાંથી લવાતી ભિક્ષામાં ઉપયોગ રાખે.

(૧૨) **ઉદ્ભિન્ન** - છાણ વગેરેથી ઢંકાયેલું બરણી વગેરેનું મોઢું સાધુને આપવા માટે ખોલવું તે. તેના બે પ્રકાર છે -

(i) **પિહિતોદ્ભિન્ન** - છાણ, લાખ, સચિત્ત માટી વગેરે દ્રવ્યોથી જેનું ઢાંકણું બંધ કર્યું હોય એવા રોજ નહીં વપરાતા બરણી વગેરેનું ઢાંકણું સાધુ માટે ખોલીને સાધુને આપવું તે.

(ii) **કપાટોદ્ભિન્ન** - જેનું બારણું બંધ હોય એવા રોજ નહીં ખોલાતા ઓરડાનું બારણું સાધુ માટે ખોલીને સાધુને આપવું તે.

(૧૩) **માલાપહૃત** - સાધુ માટે માળીયા પરથી, કે સિક્કામાંથી ઉતારીને આપવું તે. તેના ચાર પ્રકાર છે -

(i) **ઊર્ધ્વમાલાપહૃત** - ઉપરથી ઊતારીને આપવું તે. તેના ત્રણ પ્રકાર છે-

(a) **જઘન્ય** - પગ ઊંચા કરીને સિક્કા વગેરેમાંથી ઉતારીને આપવું તે.

(b) **ઉત્કૃષ્ટ** - નિસરણીથી ઉપરના માળે ચઢીને ઉતારીને આપવું તે.

(c) **મધ્યમ** - જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેના સ્થાનમાંથી ઉતારીને આપવું તે.

(ii) **અધોમાલાપહૃત** - ભોંયરા વગેરેમાંથી લાવીને આપવું તે.

(iii) **ઉભયમાલાપહૃત** - કોઠી વગેરેમાંથી પહેલા ઊંચા થઈને અને પછી નમીને લઈને આપવું તે.

(iv) **તિર્યગ્માલાપહૃત** - ખભા જેટલા ઊંચા પ્રદેશ પર રહેલું, જાડી ભીંત ઉપર રહેલું, લાંબી બારી વગેરેમાં રહેલું હોય તેને હાથથી લઈને આપવું તે.

(૧૪) **આચ્છેદ્ય** - જેની ઇચ્છા ન હોય એવા નોકર વગેરે પાસેથી સાધુ માટે લઈને આપવું તે. તેના ત્રણ પ્રકાર છે -

(i) **સ્વામીવિષયક** - ગામ વગેરેનો મુખી સાધુ માટે લોકો પાસેથી ઝુંટવીને આપે તે.

(ii) **પ્રભુ વિષયક** - ઘરનો માલિક સાધુ માટે નોકર, દીકરા, દીકરી વગેરે પાસેથી ઝુંટવીને આપે તે.

(iii) **ચોર વિષયક** - ચોર સાધુ માટે સાર્થિકો પાસેથી ઝુંટવીને આપે તે.

(૧૫) **અનિસૃષ્ટ** - બધા માલિકોએ સાધુને આપવા માટે અનુમતિ ન આપી હોય તેવું આપવું તે. તેના ત્રણ પ્રકાર છે -

(i) **સાધારણાનિસૃષ્ટ** - ઘણા માલિકવાળી વસ્તુ બધાની અનુમતિ વિના કોઈ એક સાધુને આપે તે.

(ii) **ચોલ્લકાનિસૃષ્ટ** - ચોલ્લક = માલિક વડે નોકરોને અપાતું ભોજન. તે બે પ્રકારનું છે.

(a) **છિન્ન** - દરેક નોકરને જુદુ આપેલું હોય તે. તે નોકર તે વહોરાવે તો સાધુને કલ્પે.

(b) **અચ્છિન્ન** - દરેક નોકરને જુદુ આપ્યું ન હોય તે. તે માલિક અને બધા નોકરોએ અનુમતિ આપેલ હોય તો સાધુને કલ્પે. બધાએ કે એકે અનુમતિ ન આપી હોય તો સાધુને ન કલ્પે.

(iii) **જડ્ડાનિસૃષ્ટ** - જડ્ડ = હાથી. હાથીનું ભોજન મહાવત સાધુને આપે

તો પણ રાજા અને હાથીએ અનુમતિ ન આપી હોવાથી સાધુને ન કલ્પે.

(૧૬) **અધ્યવપૂરક** - પોતાની માટે રંધાતા આહારમાં સાધુ માટે ઉમેરવું તે. તેના ત્રણ પ્રકાર છે -

(i) **સ્વગૃહયાવદર્થિકમિશ્ર** - પોતાની માટે રંધાતા આહારમાં બધા ભિક્ષાચરો માટે ઉમેરવું તે.

(ii) **સ્વગૃહપાખંડીમિશ્ર** - પોતાની માટે રંધાતા આહારમાં સંન્યાસીઓ માટે ઉમેરવું તે.

(iii) **સ્વગૃહસાધુમિશ્ર** - પોતાની માટે રંધાતા આહારમાં સાધુ માટે ઉમેરવું તે.

**૧૬ ઉત્પાદનાના દોષો** - મૂળથી શુદ્ધ એવા આહારને ધાત્રીપણું વગેરે કરીને મેળવવો તે ઉત્પાદના. તેના દોષો તે ઉત્પાદનાદોષો. તે ૧૬ છે. તે આ પ્રમાણે -

(૧) **ધાત્રીપિંડ** - ધાત્રી=બાળકનું પાલન કરનાર. તે પાંચ પ્રકારની છે -

(i) **ક્ષીરધાત્રી** - બાળકને દૂધ પીવડાવે તે.

(ii) **મજ્જનધાત્રી** - બાળકને નવડાવે તે.

(iii) **મંડનધાત્રી** - બાળકને વસ્ત્ર-અલંકાર પહેરાવે તે.

(iv) **ક્રીડનધાત્રી** - બાળકને રમાડે તે.

(v) **ઉત્સંગધાત્રી** - બાળકને ખોળામાં રાખે તે.

ધાત્રીપણું કરીને જે પિંડ મેળવાય તે ધાત્રીપિંડ.

(૨) **દૂતીપિંડ** - દૂતી = એકબીજાનો સંદેશો કહેનાર.

દૂતીપણું કરીને પિંડ મેળવાય તે દૂતીપિંડ. તે બે પ્રકારે છે -

(i) **સ્વગ્રામદૂતી** - જે ગામમાં સાધુ રહેતા હોય તે ગામમાં જ સંદેશો

કહેવો તે.

(ii) **પરગ્રામદૂતી** - જે ગામમાં સાધુ રહેતા હોય તે સિવાયના બીજા ગામમાં સંદેશો કહેવો તે.

આ બન્નેના બે-બે પ્રકાર છે -

(a) **પ્રગટ** - બીજાને ખબર પડે તેમ પ્રગટ રીતે દૂતીપણું કરે તે.

(b) **પ્રચ્છન્ન** - બીજાને ખબર ના પડે તેમ ગુપ્ત રીતે દૂતીપણું કરે તે. તેના બે પ્રકાર છે -

(૧) **લોકોત્તરવિષયક** - સંઘાટકસાધુને પણ ખબર ન પડે તેમ દૂતીપણું કરે તે.

(૨) **લોકલોકોત્તરવિષયક** - લોકોને અને સંઘાટકસાધુને બન્નેને ખબર ન પડે તેમ દૂતીપણું કરે તે.

(૩) **નિમિત્તપિંડ** - નિમિત્ત = શુભ કે અશુભ ચેષ્ટા પરથી ભૂત-ભવિષ્યની વસ્તુનું જ્ઞાન થવું તે. તેનો પ્રયોગ કરીને પિંડ મેળવવો તે નિમિત્તપિંડ.

(૪) **આજીવપિંડ** - આજીવ = આજીવિકા. પોતાના જાતિ વગેરે પ્રગટ કરીને પિંડ મેળવવો તે આજીવપિંડ. તેના પાંચ પ્રકાર છે -

(i) **જાતિવિષયક** - પોતાની જાતિને પ્રગટ કરીને પિંડ મેળવવો તે.

(ii) **કુલવિષયક** - પોતાના કુળને પ્રગટ કરીને પિંડ મેળવવો તે.

(iii) **ગણવિષયક** - પોતાના ગણને પ્રગટ કરીને પિંડ મેળવવો તે. ગણ = મલ્લ વગેરેનો સમૂહ.

(iv) **કર્મવિષયક** - પોતાના કર્મને પ્રગટ કરીને પિંડ મેળવવો તે. કર્મ = આચાર્ય વિના જે કળા શિખાય તે.

(v) **શિલ્પવિષયક** - પોતાના શિલ્પને પ્રગટ કરીને પિંડ મેળવવો તે. શિલ્પ = આચાર્ય પાસેથી જે કળા શિખાય તે.

આ પાંચના બે-બે પ્રકાર છે -

(a) **સૂચાથી** - આડકતરી રીતે કહેવું તે.

(b) **અસૂચા** - સ્પષ્ટ શબ્દોથી કહેવું તે.

(૫) **વનીપકપિંડ** - દાતા જેનો ભક્ત હોય સાધુ પોતાને તેનો ભક્ત બતાવીને પિંડ માંગે તે વનીપકપિંડ.

(૬) **ચિકિત્સાપિંડ** - ચિકિત્સા કરીને પિંડ મેળવવો તે ચિકિત્સાપિંડ. ચિકિત્સા = રોગનો પ્રતીકાર કરવો કે તેનો ઉપદેશ આપવો. તેના બે પ્રકાર છે -

(i) **સૂક્ષ્મ** - ઔષધ બતાવવું, વૈદ્ય બતાવવા તે.

(ii) **બાદર** - પોતે ચિકિત્સા કરવી, બીજા પાસે ચિકિત્સા કરાવવી.

(૭) **ક્રોધપિંડ** - ક્રોધ કરીને પિંડ મેળવવો તે ક્રોધપિંડ.

(૮) **માનપિંડ** - પોતે અભિમાન કરીને કે ગૃહસ્થને અભિમાન પેદા કરાવીને પિંડ મેળવવો તે માનપિંડ.

(૯) **માયાપિંડ** - માયાથી રૂપપરાવર્તન વગેરે કરીને પિંડ મેળવવો તે માયાપિંડ.

(૧૦) **લોભપિંડ** - આસક્તિથી પિંડ મેળવવો તે લોભપિંડ.

(૧૧) **પૂર્વપશ્ચાત્સંસ્તવપિંડ** - સંસ્તવ = વાર્તાલાપ, પરિચય. તેના બે પ્રકાર છે -

(i) **વચનસંસ્તવ** - પ્રશંસા કરવી તે.

(ii) **સંબંધીસંસ્તવ** - માતા વગેરે રૂપે અને સાસુ વગેરે રૂપે વાર્તાલાપ તે.

આ બન્નેના બે-બે પ્રકાર છે -

(a) **પૂર્વસંસ્તવ** - વહોરાવ્યા પહેલા દાતાની પ્રશંસા કરવી તે.

(b) **પશ્ચાત્સંસ્તવ** - પહોરાવ્યા પછી દાતાની પ્રશંસા કરવી તે.

વહોરાવ્યા પહેલા કે પછી દાતાની પ્રશંસા કરીને મેળવેલો પિંડ તે પૂર્વપશ્ચાત્સંસ્તવપિંડ.

(૧૨) **વિદ્યાપિંડ** - વિદ્યાનો પ્રયોગ કરીને પિંડ મેળવવો તે વિદ્યાપિંડ. વિદ્યા = સ્ત્રીદેવતાથી અધિષ્ઠિત વિશેષ પ્રકારની અક્ષરની રચના. તે જાપ, હોમ વગેરેથી સધાય છે. દા.ત. પ્રજ્ઞપ્તિ વગેરે વિદ્યા.

(૧૩) **મંત્રપિંડ** - મંત્રનો પ્રયોગ કરીને પિંડ મેળવવો તે મંત્રપિંડ. મંત્ર = પુરુષદેવતાથી અધિષ્ઠિત વિશેષ પ્રકારની અક્ષરોની રચના. તે પાઠ કરવા માત્રથી સિદ્ધ થાય છે.

(૧૪) **ચૂર્ણપિંડ** - ચૂર્ણનો પ્રયોગ કરીને પિંડ મેળવવો તે ચૂર્ણપિંડ. ચૂર્ણ = આંખમાં આંજવાનું અંજન વગેરે. એનાથી અદૃશ્ય થવું વગેરે ફળ મળે છે. તેનો ઉપયોગ શરીરના બહારના ભાગમાં થાય છે.

(૧૫) **યોગપિંડ** - યોગનો પ્રયોગ કરીને પિંડ મેળવવો તે યોગપિંડ. યોગ = પગનો લેપ વગેરે. તે સૌભાગ્ય કે દૌર્ભાગ્ય કરે છે. તેના બે પ્રકાર છે -

(i) **અભ્યવહાર્ય** - પાણી વગેરે દ્વારા જે શરીરમાં અંદર ઉતારી શકાય તે.

(ii) **અનાહાર્ય** - જે શરીરની ઉપર વપરાય તે. દા.ત. પગનો લેપ વગેરે.

(૧૬) **મૂલકર્મ** - ગર્ભ થંભાવવો, ગર્ભ ધારણ કરાવવો, ગર્ભપાત કરાવવો, યોનિને ક્ષત કે અક્ષત કરવી વગેરે સંસારના મૂળ સમાન સાવદ્ય ક્રિયાઓ કરીને પિંડ મેળવવો તે મૂલકર્મ.

**૧૦ એષણાના દોષો** - એષણા = આહાર ગ્રહણ કરતી વખતે શંકિત વગેરે દોષોને શોધવા તે. એષણા સંબંધી દોષો તે એષણાના દોષો. તે ૧૦ પ્રકારના છે -

(૧) **શંકિત** - આધાકર્મ વગેરે દોષોની શંકાવાળું હોય તે. તેના ૪ ભાંગા છે -

(i) વહોરતી વખતે શંકા હોય અને વાપરતી વખતે શંકા હોય.

(ii) વહોરતી વખતે શંકા હોય, વાપરતી વખતે શંકા ન હોય.

(iii) વહોરતી વખતે શંકા ન હોય, વાપરતી વખતે શંકા હોય.

(iv) વહોરતી વખતે શંકા ન હોય, વાપરતી વખતે શંકા ન હોય.

આમાંથી ચોથો ભાંગો શુદ્ધ છે. બાકીના ત્રણ ભાંગામાં ૧૬ ઉદ્‌ગમના દોષો અને ૯ એષણાના દોષો = કુલ ૨૫ દોષોમાંથી જે દોષની શંકા થાય તે દોષ લાગે.

(૨) **મ્રક્ષિત** - પૃથ્વી વગેરેથી લેપાયેલું હોય તે મ્રક્ષિત. તેના બે પ્રકાર છે-

**(i) સચિત્તમ્રક્ષિત** - સચિત્તથી લેપાયેલું હોય તે. તેના ત્રણ પ્રકાર છે -

**(a) પૃથિવીકાયમ્રક્ષિત** - સુકી કે ભીની સચિત્ત પૃથ્વીથી વસ્તુ, વાસણ કે હાથ લેપાયેલા હોય તે.

**(b) અપ્કાયમ્રક્ષિત** - પાણીથી લેપાયેલું હોય તે. તેના ચાર પ્રકાર છે -

(૧) **પુરઃકર્મ** - વહોરાવ્યા પહેલા સાધુ માટે હાથ કે વાસણ ધોવા તે.

(૨) **પશ્ચાત્કર્મ** - વહોરાવ્યા પછી હાથ કે વાસણ ધોવા તે.

(૩) **સસ્નિગ્ધ** - પાણીથી સહેજ ભીના હાથ, વાસણ વગેરે.

(૪) **ઉદકાર્દ્ર** - સ્પષ્ટ રીતે દેખાતા પાણીથી ભીના હાથ, વાસણ વગેરે.

**(c) વનસ્પતિકાયમ્રક્ષિત** - આંબા વગેરેના તરત કરેલા નાના ટુકડાઓથી હાથ, વાસણ વગેરે ખરડાયેલા હોય તે.

**(ii) અચિત્તમ્રક્ષિત** - અચિત્તથી લેપાયેલું હોય તે. તેના બે પ્રકાર છે -

**(a) ગર્હિત** - ચરબી વગેરે ખરાબ વસ્તુથી લેપાયેલું હોય તે.

(b) **અગર્હિત** - ઘી વગેરેથી લેપાયેલું હોય તે.

સચિત્તથી લેપાયેલું અને ગર્હિત અચિત્તથી લેપાયેલું હોય તે સાધુને ન કલ્પે.

(૩) **નિક્ષિપ્ત** - સચિત્તની ઉપર રાખેલું હોય તે નિક્ષિપ્ત. તેના છ પ્રકાર છે -

(i) **પૃથિવીનિક્ષિપ્ત** - પૃથિવી ઉપર રાખેલું હોય તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરનિક્ષિપ્ત** - સચિત્ત માટી વગેરે ઉપર પક્વાન્ન, ખાખરા વગેરે રાખ્યા હોય તે.

(b) **પરંપરનિક્ષિપ્ત** - સચિત્ત માટી વગેરે ઉપર રાખેલા ડબ્બા વગેરેમાં રાખેલું હોય તે.

(ii) **અપ્કાયનિક્ષિપ્ત** - પાણી ઉપર રાખેલું હોય તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરનિક્ષિપ્ત** - માખણ, થીજેલું ઘી વગેરે સચિત્ત પાણી ઉપર રાખ્યું હોય તે.

(b) **પરંપરનિક્ષિપ્ત** - પાણીમાં રહેલ નાવડી વગેરેમાં માખણ, પક્વાન્ન વગેરે રાખ્યા હોય તે.

(iii) **તેઉકાયનિક્ષિપ્ત** - અગ્નિ ઉપર રાખ્યું હોય તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરનિક્ષિપ્ત** - અગ્નિ ઉપર પાપડ વગેરે રખાય છે તે.

(b) **પરંપરનિક્ષિપ્ત** - અગ્નિ ઉપર રાખેલા તપેલા વગેરેમાં રાખેલું હોય તે.

(iv) **વાયુકાયનિક્ષિપ્ત** - વાયુ ઉપર રાખ્યું હોય તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરનિક્ષિપ્ત** - પવનથી ઉડેલા ભાત, પાપડ વગેરે.

*(b) **પરંપરનિક્ષિપ્ત** - પવનથી પૂરેલી મશક ઉપર રાખેલ ખાખરા વગેરે.*

(v) **વનસ્પતિકાયનિક્ષિપ્ત** - વનસ્પતિ ઉપર રાખ્યું હોય તે. તેના બે

પ્રકાર છે -

(a) **અનંતરનિક્ષિપ્ત** - સચિત્ત ડાંગર, ફળો વગેરે પર પૂડલા, ખાખરા વગેરે રાખ્યા હોય તે.

(b) **પરંપરનિક્ષિપ્ત** - વનસ્પતિની ઉપર રાખેલ ડબ્બા વગેરેમાં રાખેલ પૂડલા વગેરે.

(vi) **ત્રસકાયનિક્ષિપ્ત -** ત્રસજીવો ઉપર રાખ્યું હોય તે. તેના બે પ્રકાર છે-

(a) **અનંતરનિક્ષિપ્ત** - બળદ વગેરેની પીઠ ઉપર પૂડલા, લાડવા વગેરે રાખ્યા હોય તે.

(b) **પરંપરનિક્ષિપ્ત** - બળદ વગેરેની પીઠ ઉપર રાખેલ બરણી, ડબ્બા વગેરેમાં ઘી, લાડવા વગેરે રાખ્યા હોય તે.

આ બધામાં અનંતરનિક્ષિપ્ત સાધુને ન કલ્પે. પરંપરનિક્ષિપ્તમાં સચિત્તનો સંઘટ્ટો વગેરે કર્યા વિના જયણાપૂર્વક વહોરાવે તો કલ્પે. તેઉકાય ઉપર પરંપરનિક્ષિપ્તને વહોરવામાં વિશેષ બતાવે છે - અગ્નિ ઉપર રાખેલી કડાઈ વગેરે બધી બાજુથી માટીથી લેપાયેલી હોય અને પહોળી હોય, અને તેમાં રહેલા ઈક્ષુરસ વગેરે બહુ ગરમ ન હોય અને તે ઈક્ષુરસ ઢોળ્યા વિના વહોરાવે તો કલ્પે.

(૪) **પિહિત** - સચિત્તથી ઢંકાયેલું હોય તે પિહિત. તેના છ પ્રકાર છે -

(i) **પૃથિવીકાયપિહિત** - સચિત્ત પૃથ્વીથી ઢાંકેલું હોય તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરપિહિત** - ખાખરા વગેરેની ઉપર સચિત્ત પૃથ્વી રાખેલ હોય તે.

(b) **પરંપરપિહિત** - ખાખરા વગેરેની ઉપર સચિત્ત પૃથ્વીવાળો ડબ્બો વગેરે રાખેલ હોય તે.

(ii) **અપ્કાયપિહિત** - અપ્કાયથી ઢાંકેલું હોય તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરપિહિત** - ખાખરા વગેરે ઉપર બરફ વગેરે રાખ્યો હોય તે.

(b) **પરંપરપિહિત** - ખાખરા વગેરે ઉપર રાખેલ ડબ્બા વગેરેમાં બરફ વગેરે રાખ્યો હોય તે.

(iii) **તેઉકાયપિહિત** - અગ્નિથી ઢાંકેલું હોય તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરપિહિત** - થાળીમાં સંસ્વેદિમ પદાર્થ (ચણા, મમરા વગેરે) વગેરેની વચ્ચે અંગારા રાખીને હિંગ વગેરેની વાસ અપાય ત્યારે તે અંગારાનો તે તે સંસ્વેદિમ પદાર્થ વગેરેને સંસ્પર્શ હોય છે તે. અગ્નિમાં નંખાયેલા ચણા વગેરે.

(b) **પરંપરપિહિત** - ચણા વગેરે પર અંગારા ભરેલ કોડિયા વગેરે રાખ્યા હોય તે.

(iv) **વાયુકાયપિહિત** - વાયુથી ઢાંકેલું હોય તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરપિહિત** - વસ્તુ ઉપર રાખેલ અંગારાને પવનથી સળગાવાય તે.

(b) **પરંપરપિહિત** - વસ્તુ ઉપર પવન ભરેલી મશક રાખી હોય તે.

(v) **વનસ્પતિકાયપિહિત** - વનસ્પતિથી ઢાંકેલું હોય તે. તેના બે પ્રકાર છે-

(a) **અનંતરપિહિત** - ખાખરા વગેરે ઉપર ફળ વગેરે રાખ્યા હોય તે.

(b) **પરંપરપિહિત** - ખાખરા વગેરે ઉપર રાખેલ છાબડીમાં ફળ વગેરે રાખ્યા હોય તે.

(vi) **ત્રસકાયપિહિત** - ત્રસકાયથી ઢાંકેલું હોય તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરપિહિત** - ખાખરા, લાડવા વગેરેની ઉપર કીડીની હાર હોય તે.

(b) **પરંપરપિહિત** - ખાખરા, લાડવા વગેરેની ઉપર રાખેલ કોડીયુ

વગેરે કીડીઓ વગેરેથી ભરેલું હોય તે.

આમાં અનંતરપિહિત સાધુને ન કલ્પે. પરંપરપિહિત જયણાપૂર્વક લઈ શકાય.

અચિત્ત વસ્તુથી અચિત્ત વસ્તુ ઢાંકેલી હોય તેમાં ચાર ભાંગા છે -

(i) ભારે વસ્તુથી ભારે વસ્તુ ઢાંકેલી હોય.

(ii) હલકી વસ્તુથી ભારે વસ્તુ ઢાંકેલી હોય.

(iii) ભારે વસ્તુથી હલકી વસ્તુ ઢાંકેલી હોય.

(iv) હલકી વસ્તુથી હલકી વસ્તુ ઢાંકેલી હોય.

આમાં પહેલા-ત્રીજા ભાંગામાં ન લેવું, બીજા-ચોથા ભાંગામાં લેવું.

(૫) **સંહૃત** - જેનાથી વહોરાવવાનું હોય તેમાં રહેલ ન વહોરાવવા યોગ્ય સચિત્ત કે અચિત્ત વસ્તુને બીજે નાંખીને તેનાથી આપે તે સંહૃત. અહીં ચાર ભાંગા છે -

(i) સચિત્તને સચિત્તમાં નાંખે.

(ii) સચિત્તને અચિત્તમાં નાંખે.

(iii) અચિત્તને સચિત્તમાં નાંખે.

(iv) અચિત્તને અચિત્તમાં નાંખે.

આમાં પહેલા ત્રણ ભાંગામાં ન કલ્પે, ચોથા ભાંગામાં કલ્પે. સંહૃતના છ પ્રકાર છે -

**(i) પૃથ્વીકાયસંહૃત** - સચિત્ત પૃથ્વીમાં નાંખે તે. તેના બે પ્રકાર છે -

**(a) અનંતરસંહૃત** - સચિત્ત પૃથ્વી ઉપર નાંખે તે.

**(b) પરંપરસંહૃત** - સચિત્ત પૃથ્વી ઉપર રાખેલ ડબ્બા વગેરેમાં નાંખે તે.

**(ii) અપ્કાયસંહૃત** - પાણીમાં નાંખે તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરસંહૃત** - પાણીમાં નાંખે તે.

(b) **પરંપરસંહૃત** - પાણી ઉપર રાખેલ ડબ્બા વગેરેમાં નાંખે તે.

(iii) **તેઉકાયસંહૃત** - અગ્નિમાં નાંખે તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરસંહૃત** - અગ્નિમાં નાંખે તે.

(b) **પરંપરસંહૃત** - અગ્નિ ઉપર રાખેલ ડબ્બા વગેરેમાં નાંખે તે.

(iv) **વાયુકાયસંહૃત** - વાયુ ઉપર નાંખે તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરસંહૃત** - પવનમાં ફેંકે તે.

(b) **પરંપરસંહૃત** - પવન ભરેલી મશક વગેરે ઉપર નાંખે તે.

(v) **વનસ્પતિકાયસંહૃત** - વનસ્પતિ ઉપર નાંખે તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરસંહૃત** - વનસ્પતિ ઉપર નાંખે તે.

(b) **પરંપરસંહૃત** - વનસ્પતિ ઉપર રાખેલ ડબ્બા વગેરેમાં નાંખે તે.

(vi) **ત્રસકાયસંહૃત** - ત્રસકાય ઉપર નાંખે તે. તેના બે પ્રકાર છે -

(a) **અનંતરસંહૃત** - કીડી વગેરેની ઉપર નાંખે તે.

(b) **પરંપરસંહૃત** - કીડી ભરેલા ડબ્બા ઉપર નાંખે તે.

આમાં અનંતરસંહૃત ન કલ્પે. પંરપરસંહૃતમાં સચિત્તપૃથ્વી વગેરેનો સંઘટ્ટો ન થાય તો લઈ શકાય.

(૬) **દાયક** - અયોગ્ય દાયક આપે તે ન કલ્પે. અયોગ્ય દાયક અનેક પ્રકારના છે -

(૧) **સ્થવિર** - ૭૦ વર્ષથી વધુ વયવાળા. મતાંતરે ૬૦ વર્ષથી વધુ વયવાળા.

(૨) **અપ્રભુ** - માલિક ન હોય તે.

(૩) **નપુંસક** - નપુંસકવેદવાળો.

(૪) **કંપતો** - શરીર કે હાથ ધ્રુજતા હોય તે.

(૫) **જ્વરિત** - રોગવાળો હોય તે.

(૬) **અંધ** - આંધળો હોય તે.

(૭) **બાળ** - ૮ વર્ષથી ઓછી વયવાળો હોય તે.

(૮) **મત્ત** - દારૂ વગેરેના નશામાં હોય તે.

(૯) **ઉન્મત્ત** - અભિમાની કે જેને કોઈ વળગાળ હોય તે.

(૧૦) **છિન્નકર** - જેના હાથ કપાયેલા હોય તે.

(૧૧) **છિન્નચરણ** - જેના પગ કપાયેલા હોય તે.

(૧૨) **ગલત્કુષ્ઠ** - જેના શરીરમાંથી કોઢ ઝરતો હોય તે.

(૧૩) **બદ્ધ** - લાકડાના બંધન, લોઢાના બંધન, બેડી વગેરેથી બંધાયેલ હોય તે.

(૧૪) **પાદુકારૂઢ** - જેણે જોડા પહેર્યા હોય તે.

(૧૫) **ખાંડતી** - ખાંડણીયામાં ચોખા વગેરે અનાજને છાંડતી હોય તે.

(૧૬) **પિસતી** - તલ, આમળા વગેરેને વાટતી હોય તે.

(૧૭) **ભુંજતી** - ચણા વગેરેને ભુંજતી હોય તે.

(૧૮) **કાંતતી** - યન્ત્રથી રૂની પૂણીઓ બનાવતી હોય તે.

(૧૯) **લોઢતી** - લોઢિની (એક પ્રકારનું યંત્ર) વડે કપાસમાંથી રૂ બનાવતી હોય તે.

(૨૦) **વીંખતી** - હાથથી રૂને વારંવાર છૂટું કરતી હોય તે.

(૨૧) **પિંજતી** - પિંજણ વડે રૂને છૂટું કરતી હોય તે.

(૨૨) **દળતી** - ઘંટીથી ઘઉંનો લોટ બનાવતી હોય તે.

(૨૩) **મથતી** - દહીં વગેરેને મથતી હોય તે.

(૨૪) **જમતી** - ભોજન કરતી હોય તે.

(૨૫) **ગર્ભવતી** - ગર્ભ રહ્યા પછી નવમો મહિનો ચાલતો હોય તે.

(૨૬) **બાલવત્સા** - દૂધ પીનારો બાળક જેના હાથમાં હોય તે.

(૨૭) **છ કાયનો સંઘટ્ટો કરતી** - છ કાયને હાથ, પગ વગેરેથી અડતી હોય તે.

(૨૮) **છ કાયનો વિનાશ કરતી** - છ કાયની હિંસા કરતી હોય તે.

(૨૯) **સપ્રત્યપાયા** - અપાય (નુકસાન)ની સંભાવના હોય તેવી. અપાય ત્રણ પ્રકારે છે -

(i) **તીરછા** - ગાય વગેરેથી.

(ii) **ઉપર** - બારસાખ વગેરેથી.

(iii) **નીચે** - સાંપ, કાંટા વગેરેથી.

આવા બીજા પણ દાયકદોષો અન્ય ગ્રંથોમાંથી જાણવા.

(૭) **ઉન્મિશ્ર** - સચિત્ત વગેરે અકલ્પ્ય વસ્તુથી મિશ્ર હોય તે ઉન્મિશ્ર.

(૮) **અપરિણત** - જે અચિત્ત ન થયું હોય તે કે જેને આપવાનો - લેવાનો ભાવ ન થયો હોય તે. તેના બે પ્રકાર છે -

(i) **દ્રવ્યથી** - સજીવ પૃથ્વી વગેરે. તેના બે પ્રકાર છે -

(a) **દાતાસંબંધી** - તે વસ્તુ દાતા પાસે હોય તે.

(b) **ગ્રહીતાસંબંધી** - તે વસ્તુ વહોરનાર સાધુ પાસે હોય તે.

(ii) **ભાવથી** - આપવાનો કે લેવાનો ભાવ ન થયો હોય તે. તેના બે પ્રકાર છે -

(a) **દાતાસંબંધી** - ઘણાની વસ્તુ હોય અને એકને તે આપવાનું મન થાય અને બીજા બધાને તે આપવાનું મન ન થાય તે. સાધારણ અનિસૃષ્ટમાં જેની આપવાની ઈચ્છા ન હોય તે દાતા પરોક્ષમાં

હોય છે, સામે નથી હોતો. દાતા સંબંધી ભાવ અપરિણતમાં જેની આપવાની ઇચ્છા ન હોય તે દાતા સામે હોય છે.

(b) **ગ્રહીતાસંબંધી** - સંઘાટક સાધુમાંથી એકને વસ્તુ નિર્દોષ લાગે અને બીજાને દોષિત લાગે તે.

(૯) **લિપ્ત** - સાધુએ જે હાથ, વાસણ વગેરેને ચીકણું કરે તેવા દૂધ, દહીં, રાયતું વગેરે ન વહોરવું, પણ સુકા વાલ, ચણા, ભાત વગેરે વહોરવા. શક્તિ ન હોય તો લેપવાળી વસ્તુ કલ્પે.

દાતાનો હાથ સંસૃષ્ટ (ખરડાયેલો) હોય કે અસંસૃષ્ટ (નહીં ખરડાયેલો) હોય.

દાતા જે વાસણથી આપે તે સંસૃષ્ટ હોય કે અસંસષ્ટ હોય.

દાતા જે વસ્તુ આપે તે સાવશેષ (થોડી) હોય કે નિરવશેષ (બધી) હોય.

આ ત્રણ પદના આઠ ભાંગા છે -

| ભાંગા ક્ર. | હાથ | વાસણ | દ્રવ્ય |
|---|---|---|---|
| ૧ | સંસૃષ્ટ | સંસૃષ્ટ | સાવશેષ |
| ૨ | સંસૃષ્ટ | સંસૃષ્ટ | નિરવશેષ |
| ૩ | સંસૃષ્ટ | અસંસૃષ્ટ | સાવશેષ |
| ૪ | સંસૃષ્ટ | અસંસૃષ્ટ | નિરવશેષ |
| ૫ | અસંસૃષ્ટ | સંસૃષ્ટ | સાવશેષ |
| ૬ | અસંસૃષ્ટ | સંસૃષ્ટ | નિરવશેષ |
| ૭ | અસંસૃષ્ટ | અસંસૃષ્ટ | સાવશેષ |
| ૮ | અસંસૃષ્ટ | અસંસૃષ્ટ | નિરવશેષ |

આમાંથી ૧,૩,૫,૭ ભાંગાવાળું કલ્પે, ૨,૪,૬,૮ ભાંગાવાળુ ન કલ્પે.

**(૧૦) છર્દિત** - ઢોળતા ઢોળતા વહોરાવે તે છર્દિત. અહીં ચાર ભાંગા છે-

(i) સચિત્તને સચિત્તમાં ઢોળતા વહોરાવે.

(ii) સચિત્તને અચિત્તમાં ઢોળતા વહોરાવે.

(iii) અચિત્તને સચિત્તમાં ઢોળતા વહોરાવે.

(iv) અચિત્તને અચિત્તમાં ઢોળતા વહોરાવે.

આ ચારે ભાંગાવાળુ ન કલ્પે.

આ ૪૨ દોષરહિત પિંડને શોધવો તે પિંડવિશુદ્ધિ. સંપૂર્ણ પિંડવિશુદ્ધિ સંક્ષેપથી નવ કોટિમાં અવતરે છે. **નવ કોટિ** આ પ્રમાણે છે -

(૧) પોતે હણે નહીં.

(૨) બીજા પાસે હણાવે નહીં.

(૩) હણનારાની અનુમોદના ન કરે.

(૪) પોતે ખરીદે નહીં.

(૫) બીજા પાસે ખરીદાવે નહીં.

(૬) ખરીદનારાની અનુમોદના ન કરે.

(૭) પોતે રાંધે નહીં.

(૮) બીજા પાસે રંધાવે નહીં.

(૯) રાંધનારાની અનુમોદના ન કરે.

ઉદ્‌ગમના દોષો સામાન્યથી બે પ્રકારના છે -

(i) **વિશોધિકોટિના દોષો** - શુદ્ધ આહારમાં દોષિત આહાર ભેગો થયો હોય અને તેમાંથી દોષિત આહાર જુદો કર્યા પછી બાકીનો આહાર

નિર્દોષ રહે અને વાપરવો કલ્પે તો દોષિત આહારમાં લાગેલા દોષો વિશોધિકોટિના છે. અવિશોધિકોટિના દોષો સિવાયના ઉદ્ગમના દોષો વિશોધિકોટિના છે. તે આ પ્રમાણે છે -

(૧) ઓઘૌદ્દેશિક
(૨) ઉદ્દેશ ઉદ્દિષ્ટ વિભાગૌદ્દેશિક
(૩) સમુદ્દેશ ઉદ્દિષ્ટ વિભાગૌદ્દેશિક
(૪) આદેશ ઉદ્દિષ્ટ વિભાગૌદ્દેશિક
(૫) સમાદેશ ઉદ્દિષ્ટ વિભાગૌદ્દેશિક
(૬) ઉદ્દેશ કૃત વિભાગૌદ્દેશિક
(૭) સમુદ્દેશ કૃત વિભાગૌદ્દેશિક
(૮) આદેશ કૃત વિભાગૌદ્દેશિક
(૯) સમાદેશ કૃત વિભાગૌદ્દેશિક
(૧૦) ઉદ્દેશ કર્મ વિભાગૌદ્દેશિક
(૧૧) ઉપકરણ પૂતિકર્મ
(૧૨) યાવદર્થિકમિશ્રજાત
(૧૩) સ્થાપના
(૧૪) સૂક્ષ્મપ્રાભૃતિકા
(૧૫) પ્રાદુષ્કરણ
(૧૬) ક્રીત
(૧૭) પ્રામિત્યક
(૧૮) પરિવર્તિત
(૧૯) અભ્યાહૃત
(૨૦) ઉદ્ભિન્ન
(૨૧) માલાપહૃત
(૨૨) આચ્છેદ્ય
(૨૩) અનિસૃષ્ટ
(૨૪) સ્વગૃહયાવદર્થિકમિશ્ર અધ્યવપૂરક

(ii) **અવિશોધિકોટિના દોષો** - શુદ્ધ આહારમાં દોષિત આહાર ભેગો થયો હોય અને તેમાંથી દોષિત આહાર જુદો કર્યા પછી પણ બાકીનો આહાર દોષિત જ રહે અને ન કલ્પે તો દોષિત આહારમાં લાગેલા દોષો અવિશોધિકોટીના છે. તે આ પ્રમાણે છે -

(૧) આધાકર્મ
(૨) સમુદ્દેશ કર્મ વિભાગૌદ્દેશિક
(૩) આદેશ કર્મ વિભાગૌદ્દેશિક
(૪) સમાદેશ કર્મ વિભાગૌદ્દેશિક
(૫) ભક્તપાન પૂતિકર્મ
(૬) પાખંડીમિશ્રજાત

(૭) સાધુમિશ્રજાત
(૮) બાદરપ્રાભૃતિકા
(૯) સ્વગૃહપાખંડીમિશ્ર અધ્યવપૂરક
(૧૦) સ્વગૃહસાધુમિશ્ર અધ્યવપૂરક

**(૨) ૫ સમિતિ** - સમ્ = સારી = જૈનશાસ્ત્રોને અનુસારે. ઈતિ = ચેષ્ટા = પ્રવૃત્તિ.

જૈનશાસ્ત્રોને અનુસારે સારી પ્રવૃત્તિ કરવી તે સમિતિ. તેના પાંચ પ્રકાર છે -

**(i) ઈર્યાસમિતિ** - લોકો વડે ખુંદાયેલા, સૂર્યના કિરણોથી પ્રકાશિત થયેલા, અચિત્ત માર્ગો ઉપર જીવોની રક્ષા માટે અને પોતાના શરીરની રક્ષા માટે પગના અગ્રભાગથી ગાડાની ધુંસરી જેટલા (સાડા ત્રણ હાથ જેટલા) ક્ષેત્રને જોઈને ઉપયોગપૂર્વક ચાલવું તે ઈર્યાસમિતિ.

**(ii) ભાષાસમિતિ** - સાવદ્ય ભાષા અને ધૂર્ત, કામી, કસાઈ, ચોર, નાસ્તિક વગેરેની ભાષાનો ત્યાગ કરીને બધાને હિતકારી, અલ્પ, ઘણા કાર્યને સાધનારુ, શંકા રહિત, મુહપત્તિના ઉપયોગપૂર્વક જે બોલવું તે ભાષાસમિતિ.

**(iii) એષણાસમિતિ** - ગવેષણૈષણા, ગ્રહણૈષણા અને ગ્રાસૈષણાના દોષોથી દૂષિત નહીં થયેલા વિશુદ્ધ અન્ન-પાણી, રજોહરણ-મુહપત્તિ વગેરે ઔઘિક ઉપધિ અને સંથારો, પાટ, પાટલા, દાંડો વગેરે ઔપગ્રહિક ઉપધિનું ગ્રહણ કરવું તે એષણાસમિતિ.

ગવેષણૈષણાના દોષો = ૧૬ ઉદ્ગમના દોષો અને ૧૬ ઉત્પાદનના દોષો.

ગ્રહણૈષણાના દોષો = ૧૦ એષણાના દોષો

ગ્રાસૈષણાના દોષો = ગોચરી વાપરતી વખતે તજવાના દોષો. તે આગળ ૯૫મા દ્વારમાં કહેવાશે.

**(iv) આદાનનિક્ષેપસમિતિ** - આસન, સંથારો, પાટ, પાટલા, વસ્ત્ર,

પાત્રા, દાંડો વગેરે આંખથી જોઈને રજોહરણ વગેરેથી ઉપયોગપૂર્વક પ્રમાર્જીને લેવા અને જોયેલી - પ્રમાર્જેલી ભૂમિ ઉપર મૂકવા તે આદાનનિક્ષેપસમિતિ.

(v) **પરિષ્ઠાપનાસમિતિ** - વડીનીતિ, લઘુનીતિ, થુંક, કફ, શરીરનો મેલ, અનુપયોગી વસ્ત્ર-અન્ન-પાણી વગેરેને જંતુરહિત સ્થંડિલ-ભૂમિમાં ઉપયોગપૂર્વક તજવું તે પરિષ્ઠાપનાસમિતિ.

(૩) **૧૨ ભાવના** - જેનાથી આત્માને ભાવિત કરાય તે ભાવના, એટલે ચિંતન. તે ૧૨ પ્રકારની છે -

(૧) **અનિત્યભાવના** - વિષયસુખો, શરીર, જીવન, લાવણ્ય, યુવાની, માલિકી, લક્ષ્મી, પ્રેમ વગેરે બધા પદાર્થો અનિત્ય છે. - એમ ભાવવું તે.

(૨) **અશરણભાવના** - પિતા, માતા, ભાઈ, દીકરા, પત્ની વગેરેની સામે ઘણા આધિ, વ્યાધિ, ઉપાધિથી પીડાયેલા રડતા, ચીસો પાડતા, કર્મો વડે યમના મુખમાં નંખાતા જીવો ખરેખર શરણરહિત છે. - એમ ભાવવું તે.

(૩) **સંસારભાવના** - બુદ્ધિશાળી મૂર્ખ થાય છે, શ્રીમંત ગરીબ બને છે, સુખી દુઃખી થાય છે, રૂપવાન કદ્રૂપો થાય છે, માલિક નોકર થાય છે, પ્રિય અપ્રિય થાય છે, રાજા રંક થાય છે, દેવ જાનવર થાય છે, મનુષ્ય નારક થાય છે. આમ સંસારની રંગભૂમિ પર જીવ ઘણી રીતે નાચે છે. - એમ ભાવવું તે.

(૪) **એકત્વભાવના** - જીવ એકલો જન્મે છે, એકલો મરે છે, એકલો જ દુઃખ ભોગવે છે, એકલો કર્મ બાંધે છે, એકલો જ ફળ ભોગવે છે. - એમ ભાવવું તે.

(૫) **અન્યત્વભાવના** - પરભવમાં જતો જીવ કાયાને પણ મૂકીને જાય છે. તેથી કાયા પણ જીવથી જુદી છે. તો બીજી વસ્તુઓ તો અવશ્ય

જીવથી જુદી છે. - એમ ભાવવું તે.

(૬) **અશુચિભાવના** - જેમ મીઠાની ખાણમાં નાંખેલ વસ્તુ મીઠારૂપ બની જાય છે તેમ આ કાયામાં નાંખેલ વસ્તુઓ મલીન થાય છે. આ કાયા લોહી અને વીર્યના સંયોગથી ઉત્પન્ન થઈ છે, લોહી, માંસ વગેરે અપવિત્ર ધાતુઓ, વિષ્ટા, મૂત્ર વગેરે ગંદા પદાર્થોથી ભરેલી છે. - એમ ભાવવું તે.

(૭) **આસ્રવભાવના** - મન-વચન-કાયાની શુભ કે અશુભ પ્રવૃત્તિથી આત્મામાં શુભ કે અશુભ કર્મો આવે છે, ૪૨ પ્રકારના આસ્રવો દ્વારા આત્મામાં કર્મો આવે છે - એમ ભાવવું તે.

(૮) **સંવરભાવના** - આસ્રવોને અટકાવવા રૂપ સંવરના ૫૭ ભેદોનું ચિંતન કરવું. સંવરના બે પ્રકાર છે - (i) સર્વસંવર - તે અયોગીકેવલીને હોય છે. (ii) દેશસંવર - તે એક, બે વગેરે આસ્રવોને અટકાવવાથી થાય છે. આ બન્નેના બે-બે ભેદ છે -

**(a) દ્રવ્યસંવર** - આત્મામાં કર્મપુદ્ગલોને આવતા અટકાવવા.

**(b) ભાવસંવર** - સંસારની કારણભૂત ક્રિયાઓનો ત્યાગ કરવો. આમ ભાવવું તે સંવરભાવના.

(૯) **નિર્જરાભાવના** - સંસારના કારણભૂત કર્મોનો ક્ષય કરવો તે નિર્જરા. તે બે પ્રકારની છે -

**(i) સકામનિર્જરા** - 'અમારા કર્મોનો ક્ષય થાઓ.' એવા આશયપૂર્વક તપસ્યા વગેરે કરનારા શ્રમણોને થતી નિર્જરા તે સકામનિર્જરા. જેમ આંબાને ઉપાયથી પકાવાય તેમ આ નિર્જરા આશયપૂર્વક થાય છે.

**(ii) અકામનિર્જરા** - સમ્યગ્જ્ઞાન વિનાના એકેન્દ્રિય જીવોને કષ્ટ સહન કરવાથી થતી નિર્જરા તે અકામનિર્જરા. જેમ આંબો સ્વાભાવિક

રીતે પાકે તેમ આ નિર્જરા આશય વિના સહજ થાય છે. - આમ નિર્જરાનું સ્વરૂપ ચિંતવવું અને નિર્જરાના બાર ભેદોને ચિંતવવા તે નિર્જરાભાવના.

(૧૦) **લોકસ્વભાવભાવના** - ચૌદ રાજલોકના સ્વરૂપને વિચારવું તે લોકસ્વભાવભાવના.

(૧૧) **બોધિદુર્લભભાવના** - સંસારમાં ભમતો જીવ કર્મો ઓછા થવાથી આર્યક્ષેત્ર, સારી જાતિ, સારુ કુળ, નીરોગી શરીર, સંપત્તિ, રાજ્ય વગેરે પામે છે, પણ સાચા-ખોટાનો ભેદ કરાવનાર સમ્યક્ત્વ જલ્દીથી પામતો નથી. સમ્યક્ત્વ પામનારનો અવશ્ય મોક્ષ થાય છે. જે જીવો સિદ્ધ થયા છે, થાય છે અને થશે તે બધા સમ્યક્ત્વના પ્રભાવથી. - આમ સમ્યક્ત્વની દુર્લભતા અને તેનું માહાત્મ્ય વિચારવું તે બોધિદુર્લભભાવના.

(૧૨) **'ધર્મકથક અરિહંત છે' એવી ભાવના** - અરિહંત ભગવંતોએ કેવળજ્ઞાન વડે જાણીને ધર્મનું સાચુ સ્વરૂપ બતાવ્યું છે. આવો ધર્મ બીજા કોઈ બતાવી ન શકે. સામ્રાજ્ય મળે છે, વૈભવ મળે છે, ગુણો મળે છે, સૌભાગ્ય મળે છે, સમુદ્ર પૃથ્વીને ડુબાડતો નથી, વાદળો સંપૂર્ણ પૃથ્વીને વરસાદથી પોષે છે, સૂર્ય-ચન્દ્ર ઊગે છે - આ બધો ધર્મનો પ્રભાવ છે. આવા ધર્મમાં દૃઢ બનવું. - આમ ભાવવું તે.

(૪) **૧૨ પ્રકારની સાધુની પ્રતિમા** - પ્રતિમા = વિશેષ પ્રકારની પ્રતિજ્ઞા. પ્રતિમા સ્વીકારનારની યોગ્યતા -

(૧) સંઘયણથી યુક્ત હોય - મજબુત શારીરિક શક્તિવાળો હોય. તે પરીષહોને સહન કરી શકે છે.

(૨) ધૃતિથી યુક્ત હોય - માનસિક સ્વસ્થતાવાળો હોય. તે રતિ-અરતિથી પીડાતો નથી.

(૩) સાત્ત્વિક હોય - તે અનુકૂળ- પ્રતિકૂળ ઉપસર્ગોમાં હર્ષ-ખેદ કરતો નથી.

(૪) ભાવિતાત્મા હોય - ભાવાનાઓથી તેનું અંતઃકરણ ભાવિત થયેલું હોય. અથવા પૂર્વે બતાવેલ પાંચ તુલનાઓથી તેણે આત્માને ભાવિત કર્યો હોય.

(૫) ગુરુએ અનુમતિ આપેલ હોય. જો ગુરુ જ પ્રતિમા સ્વીકારનાર હોય તો સ્થાપેલ આચાર્યે કે ગચ્છે અનુમતિ આપેલ હોય.

(૬) ગચ્છમાં રહીને પ્રતિમાકલ્પનું પરિકર્મ કર્યું હોય. જે પ્રતિમા જેટલા મહિનાની હોય તેટલા મહિનાનું તેનું પરિકર્મ હોય. ચોમાસામાં પરિકર્મ ન કરે અને પ્રતિમા ન સ્વીકારે. પહેલી બે પ્રતિમાના પરિકર્મ અને તે બે પ્રતિમાનો સ્વીકાર એક વરસમાં થાય. ત્રીજી પ્રતિમાનું પરિકર્મ અને તેનો સ્વીકાર એક વરસમાં થાય. ચોથી પ્રતિમાનું પરિકર્મ અને તેનો સ્વીકાર એક વરસમાં થાય. પાંચમી પ્રતિમાનું પરિકર્મ એક વરસમાં થાય અને તેનો સ્વીકાર બીજા વરસે થાય. છઠ્ઠી પ્રતિમાનું પરિકર્મ એક વરસમાં થાય અને તેનો સ્વીકાર બીજા વરસે થાય. સાતમી પ્રતિમાનું પરિકર્મ એક વરસમાં થાય અને તેનો સ્વીકાર બીજા વરસે થાય. આમ પહેલી સાત પ્રતિમાના પરિકર્મ અને તેમના સ્વીકાર નવ વરસમાં થાય છે.

(૭) ઉત્કૃષ્ટથી ન્યૂન ૧૦ પૂર્વ ભણેલ હોય. ૧૦ પૂર્વધર અમોઘ-વચનવાળા હોવાથી ધર્મદેશના વડે ભવ્ય જીવો ઉપર ઉપકાર કરીને તીર્થની વૃદ્ધિ કરે. તે પ્રતિમાકલ્પ વગેરે કલ્પોને ન સ્વીકારે. જઘન્યથી નવમા પ્રત્યાખ્યાનપૂર્વની ત્રીજી આચાર વસ્તુ સુધી ભણેલ હોય.

(૮) શરીરનું પરિકર્મ (ટાપટીપ) ન કરે. શરીર પર મમત્વ ન કરે.

(૯) દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધી ઉપસર્ગોને જિનકલ્પીની જેમ સહન કરે.

(૧૦) સાત પ્રકારની એષણામાંથી પહેલી બે સિવાયની બાકીની પાંચ એષણામાંથી એકથી અન્ન વહોરવાનો અને બીજીથી પાણી વહોરવાનો અભિગ્રહ લે.

(૧૧) લેપરહિત સુકા વાલ-ચણા વગેરેનું ભોજન કરે.

(૧૨) ચાર પ્રકારની વસ્ત્રૈષણામાંથી છેલ્લી બે એષણાથી કલ્પને ઉચિત ઉપધિ મેળવે. તે ન મળે ત્યાંસુધી પોતાની ચાલુ ઉપધિ વાપરે. તે મળે એટલે ચાલુ ઉપધિને તજી દે.

ચાર પ્રકારની વસ્ત્રૈષણા આ પ્રમાણે છે -

(i) કપાસનું વગેરે ઉદ્દેશેલું (મનમાં વિચારેલુ) વસ્ત્ર જ ગ્રહણ કરવું.

(ii) જોયેલું વસ્ત્ર જ ગ્રહણ કરવું.

(iii) ગૃહસ્થે વાપરેલું વસ્ત્ર ગ્રહણ કરવું.

(iv) ગૃહસ્થ માટે તજવા યોગ્ય વસ્ત્ર ગ્રહણ કરવું.

**(i) પહેલી પ્રતિમા** -

(૧) સામાન્ય સાધુ હોય તો ગચ્છને છોડે. આચાર્ય હોય તો થોડા સમય માટે પોતાની જવાબદારી સોંપીને ગચ્છને છોડે.

(૨) શુભ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં શરદઋતુમાં બધા સાધુઓને બોલાવીને, ખમાવીને પહેલી પ્રતિમા સ્વીકારે. તે એક મહિનાની છે. તેમાં ભોજનની એક દત્તિ હોય છે અને પાણીની એક દત્તિ હોય છે. દત્તિ = અટક્યા વિના એક સાથે વહોરાવેલુ હોય તે.

(૩) જેને ખબર ન હોય તેવા ગૃહસ્થને ત્યાંથી લાવેલુ, છેલ્લી પાંચ એષણામાંથી અભિગ્રહ કરેલ એક એષણાથી લીધેલુ, લેપરહિત, કૃપણ વગેરે જેને લેવા ન ઇચ્છતા હોય તેવુ, એક માલિકનું,

ગર્ભવતી-બાળકવાળી-સ્તનપાન કરાવતી સ્ત્રીઓએ વહોરાવેલુ ન હોય તેવું, એક પગ ઉંબરાની અંદર રાખીને અને બીજો પગ બહાર રાખીને આપેલું ભોજન પ્રતિમાધારી ગ્રહણ કરે.

(૪) જ્યાં સૂર્ય અસ્ત થાય ત્યાંથી સૂર્યોદય સુધી એક ડગલુ પણ ન ચાલે.

(૫) જે ગામ વગેરેમાં ખબર પડે કે 'આ પ્રતિમાધારી છે.' ત્યાં એક અહોરાત્ર રહે, વધુ નહીં. જે ગામ વગેરેમાં ખબર ન હોય કે 'આ પ્રતિમાધારી છે.' ત્યાં એક કે બે અહોરાત્ર રહે, વધુ નહીં.

(૬) હાથી, સિંહ, વાઘ વગેરેના ભયથી એક ડગલુ પણ ઘાસ વગેરે પર ન ચાલે, પણ માર્ગ ઉપર જ ચાલે.

(૭) તડકામાંથી છાયામાં ન જાય, છાયામાંથી તડકામાં ન જાય.

(૮) સંથારો - ઉપાશ્રય વગેરે માંગવા માટે, શંકાવાળા સૂત્રાર્થ પૂછવા માટે, ઘર વગેરે પૂછવા માટે, ઘાસ-લાકડા વગેરેની અનુમતિ માગવા માટે, પૂછાયેલા સૂત્ર વગેરેને એકવાર કે બે વાર કહેવા માટે પ્રતિમાધારી બોલે, તે સિવાય ન બોલે.

(૯) આગંતુક માટેનું ઘર (જ્યાં કાપડીયા વગેરે આવીને રહેતા હોય તેવું મુસાફરખાનુ), ખુલ્લુ (દિવાલ અને છત વિનાનું) ઘર કે ઝાડની નીચે - આ ત્રણ વસતિમાં તે રહે, બીજે નહીં.

(૧૦) આગ લાગે તો પણ ઉપાશ્રયમાંથી નીકળે નહીં, કોઈ હાથ પકડીને કાઢે તો નીકળે પણ ખરા.

(૧૧) પગમાં પેસેલ ફાંસ, કાંટા, કાંકરા વગેરે કાઢે નહીં, આંખમાં ગયેલ ધૂળ, તણખલું વગેરે, આંખનો મેલ વગેરે કાઢે નહીં.

(૧૨) અચિત્ત પાણીથી પણ હાથ, પગ, મુખ વગેરે અંગોને ધુવે નહીં.

(૧૩) આમ એક મહિના સુધી પહેલી પ્રતિમાનું પાલન કરીને તે પાછા ગચ્છમાં આવે. ત્યારે રાજા વગેરે લોકો અને શ્રમણસંઘ તપના

બહુમાન માટે, બીજાની શ્રદ્ધા વધારવા માટે અને શાસન-પ્રભાવના માટે સામૈયા પૂર્વક ગચ્છની નજીકના ગામમાંથી તેમને ગચ્છમાં પ્રવેશ કરાવે.

(ii) **બીજી પ્રતિમા** - તે બે માસની છે. તેમાં ભોજનની બે દત્તિ અને પાણીની બે દત્તિ હોય છે. બાકીની વિધિ ઉપર મુજબ જાણવી.

(iii) **ત્રીજી પ્રતિમા** - તે ત્રણ માસની છે. તેમાં ભોજનની ત્રણ દત્તિ અને પાણીની ત્રણ દત્તિ હોય છે. બાકીની વિધિ ઉપર મુજબ જાણવી.

(iv) **ચોથી પ્રતિમા** - તે ચાર માસની છે. તેમાં ભોજનની ચાર દત્તિ અને પાણીની ચાર દત્તિ હોય છે. બાકીની વિધિ ઉપર મુજબ જાણવી.

(v) **પાંચમી પ્રતિમા** - તે પાંચ માસની છે. તેમાં ભોજનની પાંચ દત્તિ અને પાણીની પાંચ દત્તિ હોય છે. બાકીની વિધિ ઉપર મુજબ જાણવી.

(vi) **છટ્ઠી પ્રતિમા** - તે છ માસની છે. તેમાં ભોજનની છ દત્તિ અને પાણીની છ દત્તિ છે. બાકીની વિધિ ઉપર મુજબ જાણવી.

(vii) **સાતમી પ્રતિમા** - તે સાત માસની છે. તેમાં ભોજનની સાત દત્તિ અને પાણીની સાત દત્તિ છે. બાકીની વિધિ ઉપર મુજબ જાણવી.

(viii) **આઠમી પ્રતિમા - ૭ રાત્રિદિવસની પહેલી પ્રતિમા** - તે ૭ અહોરાત્રની છે. તેમાં એકાંતરે ચઉવિહાર ઉપવાસ કરવાના હોય છે. પારણે આયંબિલ કરવાનું હોય છે. દત્તિનો નિયમ નથી. તેમાં ચત્તો સૂવે, પડખે સૂવે કે આસન પર બેસે. તે ગામની બહાર રહે. તે મન અને શરીરથી ચલિત થયા વિના દેવતા વગેરેએ કરેલ ઘોર ઉપસર્ગોને સહન કરે.

(ix) **નવમી પ્રતિમા - ૭ રાત્રિદિવસની બીજી પ્રતિમા** - તે ૭ અહોરાત્રની છે. તેમાં ઉત્કટુકાસનમાં (ભૂમિ ઉપર કુલા ટેકવ્યા વિના) રહે,

મસ્તક અને પગની પાનીથી ભૂમિને સ્પર્શીને વચ્ચેથી ઊંચા રહે, પીઠથી ભૂમિને સ્પર્શીને મસ્તક-પગને ઊંચા રાખે કે ભૂમિ ઉપર લાકડીની જેમ લાંબા થઈને રહે. બાકીની વિધિ આઠમી પ્રતિમા પ્રમાણે જાણવી.

(x) **દસમી પ્રતિમા - ૭ રાત્રિદિવસની ત્રીજી પ્રતિમા** - તે ૭ અહોરાત્રની છે. તેમાં ગોદોહિકાસનમાં રહે, વીરાસનમાં રહે કે આંબાના ફળની જેમ વાંકા આકારે રહે. સિંહાસન વગેરે પર બેસીને પગ ભૂમિ ઉપર રાખીને સિંહાસન વગેરે કાઢી લેવા છતાં તેમ જ બેઠા રહેવું તે વીરાસન. અથવા ડાબા પગને જમણા સાથળ ઉપર રાખવો, જમણા પગને ડાબા સાથળ ઉપર રાખવો, જમણી હથેળી ઉપર ડાબી હથેળી અને ડાબી હથેળી ઉપર જમણી હથેળી ચત્તી અને નાભિને અડાડીને રાખવી તે વીરાસન. બાકીની વિધિ આઠમી પ્રતિમા પ્રમાણે જાણવી.

(xi) **અગિયારમી પ્રતિમા - એક અહોરાત્રની પ્રતિમા** - તે એક અહોરાત્રની છે. તેમાં ગામ-નગરની બહાર નીચેની તરફ હાથ લાંબા રાખીને ઊભા રહેવાનું હોય છે. અહોરાત્ર પછી ચઉવિહાર છઠ્ઠ કરવાનો હોય છે. છઠ્ઠના ઉત્તરપારણા અને પારણામાં એકાસણા કરવાના હોય છે. આમ ત્રણ દિવસે આ પ્રતિમા પૂરી થાય છે. બાકીની વિધિ આઠમી પ્રતિમાની જેમ જાણવી.

(xii) **બારમી પ્રતિમા - એક રાત્રિની પ્રતિમા** - તે એક રાત્રિની છે. તેમાં ગામ-નગરની બહાર કંઈક કુબ્જ બનીને રહે છે અથવા નદી વગેરેના ખરાબ કિનારે ઊભા રહે છે, આંખ ખોલ-બંધ કરવાની નથી, એક પુદ્ગલ ઉપર દૃષ્ટિ રાખે છે, પગ જિનમુદ્રામાં (બે પગ વચ્ચે પાછળથી ૪ આંગળ અને આગળથી કંઈક વધુ અંતર રાખવું તે જિનમુદ્રા) રાખે છે, બે હાથ નીચે તરફ લાંબા રાખે છે. આ

પ્રતિમા પછી ચઉવિહાર અઠ્ઠમ કરે છે. આમ ચાર દિવસે આ પ્રતિમા પૂરી થાય છે. બાકીની વિધિ અગિયારમી પ્રતિમાની જેમ જાણવી.

આ પ્રતિમાનું બરાબર પાલન કરવાથી અવધિજ્ઞાન થાય કે મન:પર્યવજ્ઞાન થાય કે કેવળજ્ઞાન થાય. આ પ્રતિમાની વિરાધના કરવાથી ઉન્માદ (ગાંડપણ) થાય, લાંબા સમયનો રોગ થાય કે ભગવાને બતાવેલા ધર્મથી ભ્રષ્ટ થાય.

**(૫) ૫ ઈન્દ્રિયોનો નિરોધ -**

| ક્ર. | ઈન્દ્રિયો | વિષયો | આસક્ત થઈને મરનારના દૃષ્ટાંત |
|---|---|---|---|
| ૧ | સ્પર્શનેન્દ્રિય (ચામડી) | સ્પર્શ | હાથી |
| ૨ | રસનેન્દ્રિય (જીભ) | રસ | માછલી |
| ૩ | ઘ્રાણેન્દ્રિય (નાક) | ગંધ | ભમરો |
| ૪ | ચક્ષુરિન્દ્રિય (આંખ) | રૂપ | પતંગિયુ |
| ૫ | શ્રોત્રેન્દ્રિય (કાન) | શબ્દ | હરણ |

પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં રાગ-દ્વેષ ન કરવા તે ઈન્દ્રિયોનો નિરોધ છે.

(૬) **૨૫ પ્રકારનું પડિલેહણ** - પડિલેહણ = શાસ્ત્રમાં કહેલ વિધિ મુજબ ઉપકરણોને જોવા.

દરરોજ પડિલેહણ ત્રણ વાર કરવાનું છે -

(i) **સવારે સૂર્યોદય પહેલા** - ૧૦ ઉપકરણોનું પડિલેહણ કરવાનું હોય છે -

(૧) પહેલા મુહપત્તિનું પડિલેહણ કરવું.

(૨) પછી રજોહરણનું પડિલેહણ કરવું.

(૩) પછી રજોહરણની અંદરની સૂતરની નિષદ્યા (નિશીથીયુ) પડિલેહણ કરવું.

(૪) પછી રજોહરણની બહારની ઊનની નિષદ્યા (ઓઘારીયુ) પડિલેહણ કરવું.

(૫) પછી ચલપટ્ટાનું પડિલેહણ કરવું.

(૬-૮) પછી ત્રણ કપડાનું પડિલેહણ કરવું.

(૯) પછી ઉત્તરપટ્ટાનું પડિલેહણ કરવું.

(૧૦) પછી સંથારાનું પડિલેહણ કરવું.

મતાંતરે ૧૧ ઉપકરણોનું પડિલેહણ કરવું. ૧૧ મુ ઉપકરણ = દાંડો. આ ૧૦ કે ૧૧ ઉપકરણોનું પડિલેહણ પૂરું થાય અને સૂર્યોદય થાય એ રીતે પડિલેહણ શરૂ કરવું. વસતિની પ્રમાર્જના વગેરે સૂર્યોદય પછી કરવું.

(૧) પહેલા આચાર્યનું પડિલેહણ કરવું.

(૨) પછી અનશનીનું પડિલેહણ કરવું.

(૩) પછી ગ્લાનનું પડિલેહણ કરવું.

(૪) પછી શૈક્ષક વગેરેનું પડિલેહણ કરવું.

(૫) છેલ્લે પોતાનું પડિલેહણ કરવું.

**(ii) પહેલા પહોરનો પોણો ભાગ પૂરો થાય ત્યારે** - ૭ પ્રકારના પાત્રનિર્યોગનું પડિલેહણ કરવું.

(૧) પહેલા આસન ઉપર બેસીને મુહપત્તિનું પડિલેહણ કરવું.

(૨) પછી ગુચ્છાનું પડિલેહણ કરવું.

(૩) પછી પડલાનું પડિલેહણ કરવું.

(૪) પછી ચરવળીનું પડિલેહણ કરવું.

(૫) પછી પાત્રાબંધન (ઝોડી)નું પડિલેહણ કરવું.

(૬) પછી રજસ્ત્રાણનું પડિલેહણ કરવું.

(૭) પછી પાત્રાનું પડિલેહણ કરવું.

(૮) પછી પાત્રાસનનું પડિલેહણ કરવું.

**(iii) સાંજે ત્રીજો પહોર પૂરો થાય ત્યારે** - ૧૪ ઉપકરણોનું પડિલેહણ કરવાનું છે -

(૧) પહેલા મુહપત્તિનું પડિલેહણ કરવું.

(૨) પછી ચોલપટ્ટાનું પડિલેહણ કરવું.

(૩) પછી ગુચ્છાનું પડિલેહણ કરવું.

(૪) પછી ચરવળીનું પડિલેહણ કરવું.

(૫) પછી પાત્રાબંધનનું પડિલેહણ કરવું.

(૬) પછી પડલાનું પડિલેહણ કરવું.

(૭) પછી રજસ્ત્રાણનું પડિલેહણ કરવું.

(૮) પછી પાત્રાસનનું પડિલેહણ કરવું.

(૯) પછી માત્રકનું પડિલેહણ કરવું.

(૧૦) પછી પાત્રાનું પડિલેહણ કરવું.

(૧૧) પછી રજોહરણનું પડિલેહણ કરવું.

(૧૨-૧૪) પછી ત્રણ કપડાનું પડિલેહણ કરવું.

(૧૫) પછી બીજી પણ ઔપગ્રહિક ઉપધિનું પડિલેહણ કરવું.

- સવારે પડિલેહણ કર્યા પછી વસતિ (ઉપાશ્રય) પ્રમાર્જવાની હોય છે. સાંજે પહેલા વસતિ પ્રમાર્જીને પછી પડિલેહણ કરવાનું હોય છે.

- શેષકાળમાં દરરોજ સવારે અને સાંજે એમ બે વાર વસતિ પ્રમાર્જવાની હોય છે. ચોમાસામાં સવારે, બપોરે અને સાંજે એમ ત્રણ વાર વસતિ પ્રમાર્જવાની હોય છે. જ્યાં કુંથવા વગેરે ઘણા જીવો ઉત્પન્ન થતાં હોય ત્યાં વસતિને ૨ કે ૩ વાર પ્રમાર્જ્યા પછી પણ જીવોત્પત્તિ થતી હોય તો વસતિને ઘણીવાર પ્રમાર્જવી. વસતિને ઘણીવાર પ્રમાર્જવા છતાં પણ જીવોત્પત્તિ થતી હોય તો બીજી વસતિમાં કે બીજા ગામમાં જવું.
- દરેક ઉપકરણનું ૨૫ રીતે પડિલેહણ કરવાનું હોય છે. તે પૂર્વે બીજા દ્વારમાં ૨૫ પ્રકારની મુહપત્તિપડિલેહણા બતાવી છે તે મુજબ જાણવું.

### (૭) ૩ પ્રકારની ગુપ્તિ -

ગુપ્તિ એટલે અશુભમાંથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ. તેના ત્રણ પ્રકાર છે -

**(i) મનોગુપ્તિ** - તેના ત્રણ પ્રકાર છે -

(a) આર્તધ્યાન-રૌદ્રધ્યાન ન કરવું.

(b) શાસ્ત્રને અનુસારે પરલોકના સાધક એવા ધર્મધ્યાનવાળા મધ્યસ્થ પરિણામ રાખવા.

(c) શુભ-અશુભ વિચારોનો નિરોધ કરીને યોગનિરોધની અવસ્થામાં થનારી આત્મરમણતા.

**(ii) વચનગુપ્તિ** - તેના બે પ્રકાર છે -

(a) હાથ, પગ, મુખ વગેરેના ઈશારાનો ત્યાગ કરીને નહીં બોલવાનો અભિગ્રહ કરવો.

(b) વાચના, પૃચ્છના, બીજાએ પૂછેલ પ્રશ્નનો જવાબ આપવો વગેરેમાં લોક અને આગમને વિરોધ ન આવે તેમ મુહપત્તિથી મુખ

ઢાંકીને બોલવું.

ભાષાસમિતિ વાણીની શુભપ્રવૃત્તિરૂપ છે. વચનગુપ્તિ સર્વથા વાણીના નિરોધરૂપ અને વાણીની શુભપ્રવૃત્તિરૂપ છે. માટે બન્નેમાં ભેદ છે.

**(iii) કાયગુપ્તિ** - તેના બે પ્રકાર છે -

(a) દેવ, મનુષ્ય વગેરે સંબંધી ઉપસર્ગો આવે ત્યારે અને ભૂખ, તરસ વગેરે પરીષહો આવે ત્યારે કાઉસ્સગ્ગ કરીને કાયાને નિશ્ચલ કરવી અને યોગનિરોધની અવસ્થામાં કાયાની બધી ચેષ્ટાનો નિરોધ કરવો.

(b) સ્વચ્છંદ ચેષ્ટાનો ત્યાગ કરીને શાસ્ત્રમાં કહેલ વિધિ મુજબ શરીર, સંથારો, ભૂમિ વગેરે જોઈને અને પ્રમાર્જીને શયન વગેરે કરવું.

**(૮) ૪ પ્રકારના અભિગ્રહો** -

અભિગ્રહ = નિયમ.

અભિગ્રહ ચાર પ્રકારના છે -

**(i) દ્રવ્ય અભિગ્રહ** - અમુક દ્રવ્ય જ વાપરવાનો નિયમ લેવો તે.

**(ii) ક્ષેત્ર અભિગ્રહ** - અમુક ક્ષેત્રમાં વાપરવાનો કે અમુક ક્ષેત્રમાંથી મળેલું વાપરવાનો નિયમ લેવો તે.

**(iii) કાળ અભિગ્રહ** - અમુક કાળે વાપરવાનો કે અમુક કાળે મળેલું વાપરવાનો નિયમ લેવો તે.

**(iv) ભાવ અભિગ્રહ** - અમુક ભાવમાં રહેલ વ્યક્તિ પાસેથી મળેલું વાપરવાનો નિયમ લેવો તે.

આ દરેકના અનેક પ્રકાર છે.

શ્રીવીરપ્રભુએ છદ્મસ્થાવસ્થામાં કૌશાંબીમાં લીધેલા ચાર અભિગ્રહો.

(i) **દ્રવ્ય અભિગ્રહ** - સૂપડાના ખૂણામાં રહેલા અડદના બાકુળા મળે તો વાપરવા.

(ii) **ક્ષેત્ર અભિગ્રહ** - બેડીથી બંધાયેલી સ્ત્રી એક પગ ઉંબરાની બહાર રાખીને અને બીજો પગ ઉંબરાની અંદર રાખીને વહોરાવે તો વાપરવું.

(iii) **કાળ અભિગ્રહ** - દિવસનો બીજો પહોર વીત્યા પછી વહોરાવે તો વાપરવું.

(iv) **ભાવ અભિગ્રહ** - મસ્તક મુંડાવેલ, રડતી સ્ત્રી વહોરાવે તો વાપરવું.

●●●

+ અનુકંપા એ સમ્યક્ત્વનું લક્ષણ છે. બીજાના દુ:ખોને કે પાપોને જોઈને કરુણાન્વિત થઈ શક્તિ મુજબ તે દૂર કરવાનો પ્રયત્ન કરવો એ જ કરુણા છે.

મને સમજાતું નથી કે આજે આખુ અહીંનું જગત દ્રવ્ય-ભાવ દાવાનળમાં બળી રહ્યું છે, તીર્થો પર આક્રમણો આવી રહ્યા છે, શાસન પર આફતો આવી રહી છે, સંસ્કારોનો ધ્વંસ થઈ રહ્યો છે, ત્યારે સામર્થ્યવાળા અને શક્તિવાળા સમ્યગ્દષ્ટિ દેવો ! આપ કેમ ઉપેક્ષા કરી રહ્યા છો ?

+ જેમ ભાજનો પરસ્પર અથડાવાથી નાશ પામે છે તેમ ઈર્ષ્યાળુ જનો પરસ્પરના દોષગ્રહણ કરવાથી નાશ પામે છે.

+ ગુરુદેવની અનિવાર્યતા આપણને શા માટે લાગી રહી છે ? જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ માટે કે મોહનીયના ક્ષયોપશમ માટે ? જ્ઞાન ભણવું છે માટે કે આપણો અહં તોડવો છે માટે ?

## દ્વાર ૬૮મું - જંઘાચારણ અને વિદ્યાચારણની ગમનશક્તિ

અતિશયવાળી ગમનાગમનની લબ્ધિ જેમની પાસે હોય તે ચારણ. તે બે પ્રકારના છે -

(૧) **જંઘાચારણ** - વિશેષ પ્રકારના ચારિત્ર અને તપના પ્રભાવથી જેમને ગમનાગમનની લબ્ધિ મળી હોય તે. તેઓ તીરછું રુચકવરદ્વીપ સુધી અને ઉપર મેરુપર્વતના શિખર સુધી જઈ શકે છે. તેઓ સૂર્યના કિરણોનું આલંબન લઈને જાય છે.

તેઓ એક છલાંગથી રુચકવરદ્વીપમાં જાય છે. ત્યાં ચૈત્યો વાંદીને પાછા ફરતા એક છલાંગથી નંદીશ્વરદ્વીપમાં આવે છે અને બીજી છલાંગથી પોતાના સ્થાનમાં આવે છે.

તેઓ એક છલાંગથી પંડકવનમાં જાય છે. ત્યાં ચૈત્યો વાંદીને પાછા ફરતા એક છલાંગથી નંદનવનમાં આવે છે અને બીજી છલાંગથી પોતાના સ્થાનમાં આવે છે.

જંઘાચારણો ચારિત્ર અને તપના અતિશયથી થાય છે. લબ્ધિનો ઉપયોગ કરવાથી ઉત્સુકતા થવાથી પ્રમાદ થાય છે. તેથી તેમની લબ્ધિ ઘટે છે. તેથી જતી વખતે એક છલાંગમાં જાય છે અને આવતી વખતે બે છલાંગમાં આવે છે.

(૨) **વિદ્યાચારણ** - જેમને વિદ્યાથી ગમનાગમનની લબ્ધિ મળી હોય તે. તેઓ તીરછું નંદીશ્વરદ્વીપ સુધી જઈ શકે છે અને ઉપર મેરુપર્વતના શિખર સુધી જઈ શકે છે. તેઓ આલંબન વિના જાય છે.

તેઓ એક છલાંગથી માનુષોત્તરપર્વત પર જાય છે અને બીજી છલાંગથી નંદીશ્વરદ્વીપમાં જાય છે. ત્યાં ચૈત્યોને વાંદીને પાછા ફરતા એક છલાંગથી પોતાના સ્થાનમાં આવે છે.

તેઓ એક છલાંગથી નંદનવનમાં જાય છે અને બીજી છલાંગથી પંડકવનમાં જાય છે. ત્યાં ચૈત્યોને વાંદીને પાછા ફરતા એક છલાંગમાં પોતાના સ્થાનમાં આવે છે.

વિદ્યાચારણ વિદ્યાથી થાય છે. અભ્યાસથી વિદ્યા વધુ સ્પષ્ટ થાય છે. તેથી અતિશય શક્તિ થવાથી પાછા ફરતા એક છલાંગમાં આવે છે.

આ બે સિવાય બીજા પણ અનેક પ્રકારના ચારણો છે. તે આ પ્રમાણે -

(૧) કેટલાક ચારણો પર્યંકાસનમાં બેસીને આકાશમાં ગમન કરે છે.

(૨) કેટલાક ચારણો કાઉસ્સગ્ગમાં રહીને આકાશમાં ગમન કરે છે.

(૩) કેટલાક ચારણો પગ હલાવ્યા-ચલાવ્યા વિના આકાશમાં ગમન કરે છે.

(૪) **જલચારણ** - તેઓ વાવડી, નદી, સમુદ્રના પાણી પર અપ્‌કાયના જીવોની વિરાધના કર્યા વિના જેમ ભૂમિ પર ચાલે તેમ ચાલે છે.

(૫) કેટલાક ચારણો પૃથ્વીની ચાર અંગુલ ઉપર આકાશમાં ચાલે છે.

(૬) **પુષ્પચારણ** - તેઓ વૃક્ષો, વેલડીઓના ફૂલોને લઈને ફૂલોના જીવોની વિરાધના કર્યા વિના ફૂલોની પાંખડીઓના આલંબનથી ચાલે છે.

(૭) **શ્રેણિચારણ** - તેઓ ૪૦૦ યોજન ઊંચા નિષધપર્વત અને નીલવંતપર્વતની ટાંકણાથી છેદાયેલી શ્રેણિનું આલંબન લઈને પગથી ચઢી કે ઊતરી શકે છે.

(૮) **અગ્નિશિખાચારણ** - તેઓ અગ્નિની શિખાનું આલંબન લઈને તેઉકાયના જીવોની વિરાધના કર્યા વિના અને પોતે બળ્યા વિના ચાલી શકે છે.

(૯) **ધૂમચારણ** - તેઓ તીરછી કે ઊંચે જતી ધૂમાડાની શ્રેણિનું આલંબન કરીને અસ્ખલિત રીતે ગમન કરી શકે છે.

(૧૦) **મર્કટકતંતુચારણ** - તેઓ વાંકાચુકા વૃક્ષ પર લાગેલા કરોડીયાના જાળાના તાંતણાનું આલંબન લઈને તે તાંતણાને છેદ્યા વિના તે વૃક્ષની વચ્ચેના આકાશપ્રદેશો પર ચાલી શકે છે.

(૧૧) **જ્યોતિષરશ્મિચારણ** - તેઓ ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા વગેરેમાંથી કોઈ એકના કિરણોનું આલંબન લઈને પૃથ્વી પર ચાલે તેમ ચાલી શકે છે.

(૧૨) **વાયુચારણ** - તેઓ જુદી જુદી દિશામાં વાતા અનુકૂળ - પ્રતિકૂળ વાયુના પ્રદેશોની શ્રેણિનું આલંબન લઈને તે વાયુ ઉપર અસ્ખલિત રીતે ચાલી શકે છે.

(૧૩) **નીહારચારણ** - તેઓ ઝાકળનું આલંબન લઈને અપ્કાયના જીવોની વિરાધના કર્યા વિના ચાલી શકે છે.

(૧૪) **જલદચારણ** - તેઓ વાદળોનું આલંબન લઈને અપ્કાયના જીવોની વિરાધના કર્યા વિના ચાલી શકે છે.

(૧૫) **અવશ્યાયચારણ** - તેઓ ધૂમ્મસનું આલંબન લઈને અપ્કાયના જીવોની વિરાધના કર્યા વિના ચાલી શકે છે.

(૧૬) **ફલચારણ** - તેઓ ફળોનું આલંબન લઈને તેમાં રહેલ જીવોની વિરાધના કર્યા વિના ચાલી શકે છે.

આવા બીજા પણ અનેક પ્રકારના ચારણો જાણવા.

●●●

# દ્વાર ૬૯મું - પરિહારવિશુદ્ધિકલ્પ

વિશેષ પ્રકારના તપ વડે જેમાં વિશુદ્ધિ થાય તે પરિહારવિશુદ્ધિકલ્પ. તે કરે તે પારિહારિક. તે બે પ્રકારના છે -

(૧) **નિર્વિશમાનક** - પરિહારવિશુદ્ધિકલ્પ કરનારા.

(૨) **નિર્વિષ્ટકાયિક** - જેમણે પરિહારવિશુદ્ધિકલ્પ કરી લીધો છે તે.

(૧) આ તપમાં ૯ સાધુઓનો સમુદાય હોય છે -

(૧) ૪ નિર્વિશમાનક - તપ કરનારા સાધુ.

(૨) ૪ અનુચારક - સેવા કરનારા સાધુ.

(૩) ૧ કલ્પસ્થિત - વાચનાચાર્ય.

જો કે નવે સાધુઓ અતિશય શ્રુતવાળા હોય છે, છતાં આ તપનો તેવો આચાર હોવાથી ૧ વાચનાચાર્ય રખાય છે.

(૨) ૪ નિર્વિશમાનકને તપ આ પ્રમાણે કરવાનો હોય છે -

| **ઋતુ** | **તપ** | | |
|---|---|---|---|
| | **જઘન્ય** | **મધ્યમ** | **ઉત્કૃષ્ટ** |
| ઉનાળો | ૧ ઉપવાસ | છઠ્ઠ | અઠ્ઠમ |
| શિયાળો | છઠ્ઠ | અઠ્ઠમ | ૪ ઉપવાસ |
| ચોમાસુ | અઠ્ઠમ | ૪ ઉપવાસ | ૫ ઉપવાસ |

(૩) પારણે આયંબિલ કરવાનું હોય છે. ૪ અનુચારક અને વાચનાચાર્ય રોજ આયંબિલ કરે છે.

(૪) ૭ ભિક્ષામાંથી પહેલી બે સિવાયની બાકીની પાંચ ભિક્ષામાંથી એકથી આહાર વહોરે અને બીજીથી પાણી વહોરે.

(૫) આ પ્રમાણે ૬ મહિના કરે. પછી તપ કરનારા સેવા કરે, સેવા

કરનારા તપ કરે અને વાચનાચાર્ય વાચના આપે. આ પ્રમાણે બીજા ૬ મહિના કરે.

(૬) આમ ૧૨ મહિના થયા પછી વાચનાચાર્ય તપ કરે અને બાકીના ૮માંથી એક વાચનાચાર્ય થાય, બાકીના ૭ સેવા કરે. આ પ્રમાણે ત્રીજા ૬ મહિના કરે.

(૭) આમ ૧૮ મહિને આ કલ્પ પૂરો થાય.

(૮) આ કલ્પ પૂરો થયા પછી ફરીથી આ કલ્પ સ્વીકારે, અથવા જિનકલ્પ સ્વીકારે, અથવા ગચ્છમાં પ્રવેશ કરે.

(૯) આ કલ્પ કરનારા બે પ્રકારના છે -

**(૧) ઈત્વર** - આ કલ્પ પૂરો થયા પછી ફરી આ કલ્પને સ્વીકારે કે ગચ્છમાં પ્રવેશ કરે તે. તેમને કલ્પના પ્રભાવથી દેવ-મનુષ્ય-તિર્યંચ સંબંધી ઉપસર્ગો, તરત મારનારા આતંકો અને અતિભયંકર પીડાઓ આવતી નથી.

**(૨) યાવત્કથિક** - આ કલ્પ પૂરો થયા પછી જિનકલ્પ સ્વીકારે તે. તેમને ઉપસર્ગો, આતંકો અને પીડાઓ આવે છે.

(૧૦) આ કલ્પ તીર્થંકર પાસે સ્વીકારાય છે અથવા જેમણે તીર્થંકર પાસે આ કલ્પ સ્વીકાર્યો હોય તેમની પાસે સ્વીકારાય છે.

(૧૧) **પરિહારવિશુદ્ધિ કલ્પની ક્ષેત્ર વગેરે દ્વારોથી વિચારણા** -

**(૧) ક્ષેત્ર** - અહીં બે રીતે વિચારણા થાય છે -

(i) જન્મથી - જ્યાં જન્મ થયો હોય તે ક્ષેત્રની અપેક્ષાએ.

(ii) સદ્ભાવથી - જ્યાં આ કલ્પ સ્વીકારે તે ક્ષેત્રની અપેક્ષાએ.

જન્મથી અને સદ્ભાવથી આ કલ્પ પાંચ ભરતક્ષેત્રોમાં અને પાંચ ઐરવતક્ષેત્રોમાં હોય છે. મહાવિદેહક્ષેત્રમાં આ કલ્પ હોતો નથી. આ કલ્પ સ્વીકારનારનું સંહરણ થતું નથી.

(૨) **કાળ** - અવસર્પિણીના ત્રીજા-ચોથા આરામાં જન્મ હોય છે, ત્રીજા-ચોથા-પાંચમા આરામાં સદ્ભાવ હોય છે. ઉત્સર્પિણીના બીજા-ત્રીજા-ચોથા આરામાં જન્મ હોય છે, ત્રીજા-ચોથા આરામાં સદ્ભાવ હોય છે. નોઉત્સર્પિણીઅવસર્પિણીકાળમાં આ કલ્પ હોતો નથી.

(૩) **તીર્થ** - આ કલ્પ તીર્થમાં હોય છે. તીર્થના વિચ્છેદ પછી કે તીર્થની ઉત્પત્તિ પૂર્વે આ કલ્પ હોતો નથી.

(૪) **પર્યાય** - તે બે પ્રકારે છે -

(i) **ગૃહસ્થપર્યાય** - તેના બે પ્રકાર છે -

(a) **જઘન્ય** - ૨૯ વર્ષ

(b) **ઉત્કૃષ્ટ** - દેશોનપૂર્વક્રોડ વર્ષ.

(ii) **યતિપર્યાય** - તેના બે પ્રકાર છે -

(a) **જઘન્ય** - ૨૦ વર્ષ.

(b) **ઉત્કૃષ્ટ** - દેશોનપૂર્વક્રોડ વર્ષ.

(૫) **આગમ** - આ કલ્પમાં નવા આગમ ભણતો નથી, મન ડામાડોળ ન થાય તે માટે રોજ એકાગ્ર થઈને પૂર્વે ભણેલું યાદ કરે છે.

(૬) **વેદ** - પ્રતિપદ્યમાન (નવું સ્વીકારનાર) પુરુષવેદી કે નપુંસકવેદી હોય, સ્ત્રીવેદી ન હોય. પૂર્વપ્રતિપન્ન (પૂર્વે સ્વીકારેલ) શ્રેણિમાં ન હોય તો સવેદી હોય, શ્રેણિમાં હોય તો અવેદી હોય.

(૭) **કલ્પ** - આ કલ્પ સ્થિતકલ્પમાં હોય છે, અસ્થિતકલ્પમાં નહીં. આગળ કહેવાશે તે આચેલક્ય વગેરે દસે સ્થાનોમાં સાધુઓ રહેલા હોય તો તે સ્થિતકલ્પ છે. શય્યાતરપિંડ, ચાર વ્રત, પુરુષજ્યેષ્ઠ અને કૃતિકર્મરૂપ ચાર સ્થાનમાં સાધુઓ રહેલા હોય અને બાકીના છ સ્થાનમાં રહેલા ન હોય તો તે અસ્થિતકલ્પ છે. (સ્થિતકલ્પ-અસ્થિતકલ્પનું વિશેષ સ્વરૂપ આગળ ૭૭મા-૭૮મા દ્વારોમાં

બતાવાશે.)

(૮) **લિંગ** - દ્રવ્યલિંગમાં અને ભાવલિંગમાં બન્નેમાં હોય. દ્રવ્યલિંગ = બાહ્યસાધુવેષ, ભાવલિંગ = જ્ઞાન, દર્શન, ચારિત્ર.

(૯) **ધ્યાન** - પ્રતિપદ્યમાન પ્રવર્ધમાન ધર્મધ્યાનમાં હોય. પૂર્વપ્રતિપન્ન આર્તધ્યાન-રૌદ્રધ્યાનમાં પણ હોય, પણ તે પ્રાયઃ અનુબંધ (પરંપરા) વિનાનું હોય.

(૧૦) **ગણના** -

| | **પ્રતિપદ્યમાન** | | **પૂર્વપ્રતિપન્ન** | |
|---|---|---|---|---|
| | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
| ગણ | ૩ | ૧૦૦ | સેંકડો | સેંકડો |
| પુરુષ | ૨૭ | ૧,૦૦૦ | સેંકડો | હજારો |

જયારે પૂર્વપ્રતિપન્નમાંથી એક નીકળે અને એક પ્રવેશે એ અપેક્ષાએ પ્રતિપદ્યમાન એક કે પૃથક્ત્વ (૨ થી ૯) પણ હોય. એ જ રીતે પૂર્વપ્રતિપન્ન પણ એક કે પૃથક્ત્વ હોય.

(૧૧) **અભિગ્રહ** - આ કલ્પ પોતે જ અભિગ્રહરૂપ છે. માટે એમાં દ્રવ્ય વગેરેના અન્ય અભિગ્રહો હોતા નથી.

(૧૨) **પ્રવ્રજ્યા** - આ કલ્પમાં રહેલો બીજાને દીક્ષા ન આપે, યથાશક્તિ ઉપદેશ આપે.

(૧૩) **નિષ્પ્રતિકર્મતા** - આંખના મેલને પણ ન કાઢે, શરીરનું પ્રતિકર્મ ન કરે. મરણાંત કષ્ટ આવે તો ય અપવાદ ન સેવે.

(૧૫) **માર્ગ** - વિહાર ત્રીજા પ્રહરમાં કરે. જંઘાબળ ક્ષીણ થવાથી વિહાર ન કરે તો પણ અપવાદ ન સેવે, પણ કલ્પની સામાચારી પાળે.

●●●

# દ્વાર ૭૦મું - યથાલંદકલ્પ

લંદ = કાળ. તે ત્રણ પ્રકારનો છે -

(i) **જઘન્યકાળ** - ભીનો હાથ સુકાય તેટલો કાળ. સમય વગેરે રૂપ જઘન્ય કાળ હોવા છતાં અહીં આટલો જઘન્ય કાળ કહ્યો છે, કેમકે પચ્ચક્ખાણ-વિશેષ પ્રકારના નિયમોમાં તે વિશેષથી ઉપયોગી છે.

(ii) **ઉત્કૃષ્ટકાળ** - પૂર્વક્રોડ વર્ષ. પલ્યોપમ વગેરે રૂપ ઉત્કૃષ્ટ કાળ હોવા છતાં અહીં આટલો ઉત્કૃષ્ટકાળ કહ્યો છે તે ચારિત્રના કાળને આશ્રયીને સમજવો.

(iii) **મધ્યમકાળ** - જઘન્યકાળ અને ઉત્કૃષ્ટકાળની વચ્ચેનો કાળ. તે અનેક પ્રકારનો છે.

યથાલંદકલ્પમાં પાંચ અહોરાત્રનો ઉત્કૃષ્ટકાળ છે.

જે કલ્પમાં પેટા, અર્ધપેટા વગેરે ભિક્ષા માટેના આઠ માર્ગોમાંથી કોઈપણ એક માર્ગમાં પાંચ અહોરાત્ર સુધી ફરે તે યથાલંદકલ્પ. પાંચ સાધુઓનો સમૂહ આ કલ્પને સ્વીકારે છે. યથાલન્દિકો બે પ્રકારના છે -

(i) **ગચ્છપ્રતિબદ્ધ** - નહીં સાંભળેલા કંઈક અર્થને સાંભળવા માટે ગચ્છ સાથે સંબંધવાળા.

(ii) **ગચ્છઅપ્રતિબદ્ધ** - ગચ્છ સાથે સંબંધ વિનાના.

આ કલ્પની બધી મર્યાદા જિનકલ્પની મર્યાદા પ્રમાણે જાણવી. જિનકલ્પ કરતા યથાલંદકલ્પમાં માસકલ્પ, ભિક્ષાચર્યા, સૂત્ર અને પ્રમાણ સંબંધમાં ભિન્નતા છે. તે આ પ્રમાણે -

(૧) **માસકલ્પ** - ચોમાસામાં એક સ્થાનમાં ચાર માસ રહે. શેષકાળમાં એક સ્થાનમાં પાંચ અહોરાત્ર રહે. જો ગામ મોટું હોય તો

ઘરની પંક્તિ રૂપ છ માર્ગોને કલ્પીને ૧-૧ માર્ગમાં ૫-૫ દિવસ ફરે અને ત્યાં જ રહે. આમ છ માર્ગોમાં ૫-૫ દિવસ રહીને મહિનો પૂરો કરે. જો ગામ નાનું હોય તો નજીક નજીકના છ ગામોમાં ૫-૫ દિવસ રહે.

ગચ્છપ્રતિબદ્ધ યથાલન્દિકોનો ૫ ગાઉનો ક્ષેત્રઅવગ્રહ જે આચાર્યની નિશ્રામાં તેઓ વિચરતા હોય તેમનો જ હોય છે. ગચ્છઅપ્રતિબદ્ધ યથાલન્દિકોનો ક્ષેત્રઅવગ્રહ હોતો નથી.

(૨) **ભિક્ષાચર્યા** - એક માર્ગમાં ઉદ્ધૃતા વગેરે પાંચ ભિક્ષાઓમાંથી એક દિવસમાં એક ભિક્ષા લે, બીજા દિવસે બીજી ભિક્ષા લે. આમ પાંચ દિવસ જુદી જુદી ભિક્ષા લે.

(૩) **સૂત્ર** - ગચ્છપ્રતિબદ્ધ અને ગચ્છઅપ્રતિબદ્ધ યથાલંદિકો બે પ્રકારના છે -

(i) **જિનકલ્પિક** - યથાલંદકલ્પ પૂર્ણ થયા પછી જે જિનકલ્પ સ્વીકારનારા છે તે.

(ii) **સ્થવિરકલ્પિક** - યથાલંદકલ્પ પૂર્ણ થયા પછી જે સ્થવિરકલ્પ સ્વીકારનારા છે તે.

શુભ મુહૂર્ત આવી ગયું હોય અને ફરી તેવું મુહૂર્ત જલ્દી ન આવવાનું હોય તો પૂરા સૂત્રાર્થ લીધા વિના યથાલંદ કલ્પ સ્વીકારે. પછી ગુરુ જયાં રહ્યા હોય તે ક્ષેત્રની બહાર દૂરના ગામમાં રહીને બાકીના અર્થ ગ્રહણ કરે. આચાર્ય પોતે ત્યાં જઈને તેમને ભણાવે. જો યથાલન્દિકો ભણવા માટે ગચ્છમાં આવે તો ગચ્છના સાધુઓ તેમને વંદન કરે, પણ તેઓ આચાર્ય સિવાય કોઈને વંદન ન કરે. તેથી લોકોમાં તેમની નિંદા થાય કે ગચ્છના સાધુઓ ઉપર ભ્રષ્ટ હોવાની લોકોને શંકા થાય કે ગચ્છના સાધુઓને લોકો આત્માર્થી માને, કેમકે યથાલંદિકો તેમને વંદન ન કરતા હોવા છતાં તેઓ તેમને વંદન કરે છે. તેથી આચાર્ય પોતે ત્યાં જઈને તેમને ભણાવે.

જો આચાર્ય તે ગામમાં જઈ ન શકે તો જે યથાલંદિક ધારણામાં હોંશિયાર હોય તે અંતરપલ્લીમાં આવે. મૂળક્ષેત્રથી અઢી ગાઉ દૂર રહેલ ગામ તે અંતરપલ્લી. આચાર્ય પણ ત્યાં જઈને અર્થ કહે. સાધુસંઘાટક મૂળક્ષેત્રમાંથી અન્ન-પાણી લઈને આચાર્યને વપરાવે. સાંજે આચાર્ય મૂળક્ષેત્રમાં પાછા આવે.

જો આચાર્ય અંતરપલ્લીમાં જઈ ન શકે તો અંતરપલ્લી અને પ્રતિવૃષભગામની વચ્ચે જઈને અર્થ કહે. પ્રતિવૃષભગામ એટલે મૂળક્ષેત્રથી બે ગાઉ દૂર રહેલ ભિક્ષાચર્યા માટેના ગામ.

જો આચાર્ય અંતરપલ્લી અને પ્રતિવૃષભગામની વચ્ચે જઈ ન શકે તો પ્રતિવૃષભગામમાં જાય.

જો ત્યાં પણ ન જઈ શકે તો પ્રતિવૃષભગામ અને મૂળક્ષેત્રની વચ્ચે જાય.

જો ત્યાં પણ ન જઈ શકે તો મૂળક્ષેત્રની બહાર નિર્જન પ્રદેશમાં જાય.

જો ત્યાં પણ ન જઈ શકે તો મૂળક્ષેત્રમાં જ અન્ય વસતિમાં જાય.

જો ત્યાં પણ ન જઈ શકે તો મૂળવસતિમાં જ છૂપી રીતે આચાર્ય યથાલન્દિકને અર્થ આપે.

તે બાકીના અર્થ લઈને પછી પ્રયોજન પૂરું થવાથી યથાલન્દિકો ગચ્છમાં અપ્રતિબદ્ધ બનીને પોતાના કલ્પનું પાલન કરે છે.

જિનકલ્પિક યથાલન્દિકો મરણાંત રોગ આવે તો પણ ચિકિત્સા ન કરાવે અને શરીરનું પ્રતિકર્મ ન કરે, આંખનો મેલ પણ ન કાઢે.

સ્થવિરકલ્પિક યથાલન્દિકો રોગને સહન નહીં કરી શકતા પોતાના સાધુને ગચ્છને સોંપે અને તેના સ્થાને વિશિષ્ટ ધૃતિ અને સંઘયણવાળા સાધુને પોતાના કલ્પમાં પ્રવેશ કરાવે. ગચ્છના સાધુઓ તે રોગી સાધુની

નિર્દોષ અન્ન-પાણીથી સેવા કરે.

જિનકલ્પિક યથાલન્દિકો ભાવી જિનકલ્પની અપેક્ષાએ સપ્રાવરણ કે અપ્રાવરણ અને પાત્રધારી કે પાણિપાત્ર હોય.

સ્થવિરકલ્પિક યથાલન્દિકો એકપાત્રધારી અને સપ્રાવરણ હોય.

**(૪) પ્રમાણ -**

| | **પ્રતિપદ્યમાન** | | **પૂર્વપ્રતિપન્ન** | |
|---|---|---|---|---|
| | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
| ગણ | ૩ | શતપૃથક્ત્વ | કોટિપૃથક્ત્વ | કોટિપૃથક્ત્વ |
| પુરુષ | ૧૫ | સહસ્રપૃથક્ત્વ | કોટિપૃથક્ત્વ | કોટિપૃથક્ત્વ |

જઘન્ય કરતા ઉત્કૃષ્ટ મોટું જાણવું.

રોગ વગેરેના કારણે કોઈ સાધુને ગચ્છને સોંપીને તેના સ્થાને નવા સાધુને કલ્પમાં પ્રવેશ કરાવે તે અપેક્ષાએ જઘન્યથી ૧, ૨ વગેરે પણ હોય.

●●●

+ જેમ ભૂંડ ઉકરડાના ખાડામાં આળોટે છે તેમ અનાદિકાળના અભ્યાસના કારણે મારુ ચંચળ મન વિષયોના કાદવમાં આળોટે છે.

હે નાથ ! મારા મનને અટકાવવા હું સમર્થ નથી. તેથી હવે કૃપા કરો. હે પ્રભુ ! મારા મનને વિષયરૂપી કાદવમાં જતું અટકાવો. પ્રભુ ! કૃપા કરો.

# દ્વાર ૭૧મું - ૪૮ પ્રકારના નિર્યામક

નિર્યામક = અનશન કરનારાની સેવા કરનારા સાધુઓ. પાર્શ્વસ્થ, અવસન્ન વગેરે દોષવાળા અને અગીતાર્થ સાધુઓને નિર્યામક ન બનાવવા. સમયને ઉચિત ગીતાર્થતા વગેરે ગુણોથી યુક્ત અને વિશેષ કરીને વૈયાવચ્ચ કરવામાં તત્પર એવા સાધુઓને નિર્યામક બનાવવા. તે ઉત્કૃષ્ટથી ૪૮ રાખવાં. તે આ પ્રમાણે -

(૧-૪) ચાર નિર્યામકો ઉદ્વર્તન વગેરે શરીરની ચેષ્ટા કરે - ઉત્સર્ગથી અનશનીએ પોતે જ પડખા ફેરવવા જોઈએ. જો તે ન કરી શકે તો ચાર નિર્યામકો તેમના પડખા ફેરવે છે. તેઓ તેમને ઉઠાડે, બેસાડે, બહાર લઈ જાય, અંદર લઈ જાય, તેમનું પડિલેહણ કરે છે.

(૫-૮) અંદરના દરવાજે ચાર નિર્યામકો લોકોની ભીડને અટકાવવા ઊભા રહે છે. લોકોની ભીડ થાય તો અનશનીને કદાચ અસમાધિ થાય.

(૯-૧૨) ચાર નિર્યામકો સમાધિ વધારવા માટે અનુકૂળ એવા સુખકારી સ્પર્શવાળો સંથારો કરે છે.

(૧૩-૧૬) વિશિષ્ટ દેશનાલબ્ધિવાળા ચાર નિર્યામકો વસ્તુના સ્વરૂપને જાણનારા એવા પણ અનશનીને સંવેગ પ્રગટાવનારો ધર્મ સતત કહે છે.

(૧૭-૨૦) લોકો વડે કરાતી અનશનીની ચઢિયાતી પ્રભાવના જોઈને કેટલાક દુષ્ટાત્માઓ જિનમતનો તિરસ્કાર કરવા માટે વાદ કરવા આવે છે. ચાર વાદી નિર્યામકો તેમની સાથે વાદ કરીને તેમને હરાવે છે.

(૨૧-૨૪) ચાર નિર્યામકો આગળના દરવાજે દુશ્મન વગેરેના પ્રવેશને અટકાવવા માટે ઊભા રહે છે.

(૨૫-૨૮) કદાચ અનશનીને ખાવાની ઈચ્છા થાય. ત્યારે તે દુષ્ટ દેવતાથી અધિષ્ઠિત થઈને માગતા નથી ને ? એની પરીક્ષા કરવા તેમને પૂછવું, *'તમે કોણ છો - ગીતાર્થ કે અગીતાર્થ ? તમે અનશન સ્વીકાર્યું છે કે નહીં ? અત્યારે દિવસ છે કે રાતે ?'* જો તે બરાબર જવાબ આપે તો સમજવું કે તે દેવતાથી અધિષ્ઠિત નથી પણ ભૂખથી વ્યાકુળ છે. તેથી સમાધિ આપવા તેમને થોડો આહાર અપાય છે. તેથી સમાધિ થવાથી તેઓ અનશનનું બરાબર પાલન કરીને સદ્ગતિ પામી શકે છે. જો તેમને આહાર ન અપાય તો આર્તધ્યાનમાં મરીને તિર્યંચમાં કે ભવનપતિ-વ્યંતરમાં ઉત્પન્ન થાય, દુષ્ટ ભવનપતિ-વ્યંતરમાં ઉત્પન્ન થઈને ગુસ્સાથી પાછળના સાધુઓ ઉપર ઉપદ્રવ કરે. તેથી ચાર નિર્યામકો તેમની માટે ઉચિત આહારની ગવેષણા કરે છે.

(૨૯-૩૨) ચાર નિર્યામકો શરીરના દાહને શમાવવા માટે પાણીની ગવેષણા કરે છે.

(૩૩-૩૬) ચાર નિર્યામકો સ્થંડિલ પરઠવે છે.

(૩૭-૪૦) ચાર નિર્યામકો માત્રુ પરઠવે છે.

(૪૧-૪૪) ચાર નિર્યામકો બહાર લોકોની આગળ સુંદર ધર્મ કહે છે.

(૪૫-૪૮) ચાર દિશામાં ક્ષુદ્ર ઉપદ્રવોને નિવારવા ૧-૧ સહસ્રયોધી નિર્યામક ઊભા રહે છે.

જો આટલા નિર્યામકો ન મળે તો ૧-૧ નિર્યામક ઓછા રાખવા. યાવત્ ૨ નિર્યામક તો અવશ્ય રાખવા. તેમાં એક નિર્યામક અનશનીની પાસે રહે અને બીજો નિર્યામક આહારપાણી વગેરે લેવા જાય.

જો એક જ નિર્યામક હોય તો અનશન ન સ્વીકારવું.

●●●

# દ્વાર ૭૨મું - ૨૫ ભાવનાઓ

મહાવ્રતોને દૃઢ કરવા માટે જેનો અભ્યાસ કરાય તે ભાવના. જેમ અભ્યાસ વિના વિદ્યા ભૂલાઈ જાય છે તેમ ભાવના વિના મહાવ્રતો દૃઢ થતા નથી. જેમ અભ્યાસથી વિદ્યા યાદ રહે છે તેમ અભ્યાસથી મહાવ્રતો દૃઢ બને છે. દરેક મહાવ્રતની ૫-૫ ભાવનાઓ છે.

**પહેલા મહાવ્રતની ૫ ભાવનાઓ** -

(૧) ઈર્યાસમિતિમાં ઉપયોગ રાખવો.

(૨) વહોર્યા પછી અને વસતિમાં આવ્યા પછી પાત્રામાં રહેલ આહાર-પાણી ઉપયોગપૂર્વક બરાબર જોઈને પછી વાપરવા.

(૩) શાસ્ત્રને અનુસારે જોઈને અને પ્રમાર્જીને ઉપયોગપૂર્વક ઉપધિ વગેરેને લેવી-મૂકવી.

(૪) મનોગુપ્તિનું પાલન કરવું.

(૫) વચનગુપ્તિનું પાલન કરવું. **તત્ત્વાર્થ**માં આની બદલે ‘એષણા-સમિતિનું પાલન કરવું’ એમ કહ્યું છે.

**બીજા મહાવ્રતની ૫ ભાવનાઓ** -

(૧) હાસ્યથી જૂઠ ન બોલવું.

(૨) સમ્યગ્જ્ઞાનપૂર્વક વિચારીને બોલવું.

(૩) ક્રોધથી જૂઠ ન બોલવું.

(૪) લોભથી જૂઠ ન બોલવું.

(૫) ભયથી જૂઠ ન બોલવું.

**ત્રીજા મહાવ્રતની ૫ ભાવનાઓ** -

(૧) માલિક પાસે કે માલિકે નીમેલ અન્ય વ્યક્તિ પાસે પોતે ઈન્દ્ર,

રાજા, ગૃહપતિ, શય્યાતર અને સાધર્મિકનો અવગ્રહ માંગવો.

(૨) અનુમતિ અપાયેલ અવગ્રહમાં ઘાસ વગેરે લેવા માટે અનુજ્ઞા માંગવી.

(૩) પૂર્વે મળેલા અવગ્રહમાં ગ્લાન વગેરે અવસ્થામાં માત્રુ-સ્થંડિલ પરઠવવાની, પાત્રા-હાથ-પગ ધોવાની જગ્યા માંગવી.

(૪) ગુરુ કે વડિલની અનુમતિ લઈને અન્ન-પાણી-ઉપધિ વગેરે વાપરવા.

(૫) ક્ષેત્રમાં પૂર્વે રહેલા સાધર્મિકો (સંવિગ્ન સાધુઓ) પાસેથી મહિના વગેરે કાળ માટે પાંચ ગાઉ વગેરે ક્ષેત્ર માંગીને ત્યાં રહેવું.

**ચોથા મહાવ્રતની ૫ ભાવનાઓ** -

(૧) સ્નિગ્ધ (વિગઈઓથી ભરપૂર) અને અતિમાત્રાવાળુ ભોજન ન કરવું.

(૨) વિભૂષા ન કરવી.

(૩) સ્ત્રીના અંગોપાંગ નિરખવા નહીં.

(૪) સ્ત્રીઓથી સંસક્ત વસતિ, સ્ત્રીઓએ વાપરેલ શય્યા, આસન વગેરેનો ત્યાગ કરીને સ્ત્રીઓનો પરિચય ન કરવો.

(૫) સ્ત્રીકથા ન કરવી.

**પાંચમા મહાવ્રતની ૫ ભાવનાઓ** -

(૧-૫) સારા કે ખરાબ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં રાગ-દ્વેષ ન કરવા.

**સમવાયાંગ, તત્ત્વાર્થ** વગેરેમાં આ ભાવનાઓમાંથી કેટલીક ભાવનાઓ જુદી રીતે બતાવી છે.

●●●

# દ્વાર ૭૩મું - ૨૫ અશુભ ભાવનાઓ

(૧) **કાંદર્પીભાવના** - જે દેવોમાં કામની મુખ્યતા હોય છે, જેઓ મશ્કરી કરવામાં રત હોય છે, જેઓ નાટકિયા જેવા હોય છે તે કંદર્પ. તેમની ભાવના તે કાંદર્પીભાવના. તે પાંચ પ્રકારે છે -

(i) **કંદર્પ** - ઊંચા અવાજે હસવું, એકબીજાની મશ્કરી કરવી, ગુરુ વગેરે સાથે પણ સ્વેચ્છાથી નિષ્ઠુર અને વક્ર વચનો બોલવા, કામકથા કહેવી, કામનો ઉપદેશ આપવો, કામની પ્રશંસા કરવી.

(ii) **કૌકુચ્ય** - ભાંડચેષ્ટા કરવાપણું. તેના બે પ્રકાર છે -

(a) **કાયકૌકુચ્ય** - પોતે હસ્યા વિના શરીરના અવયવોની હાસ્યકારી ચેષ્ટાઓ વડે બીજાને હસાવવા.

(b) **વાક્કૌકુચ્ય** - મશ્કરીના વચનો બોલવા, વિવિધ જીવોના અવાજો કરવા, મુખથી વાજિંત્ર વગાડવું વગેરે વડે બીજાને હસાવવા.

(iii) **દુઃશીલપણું** - વિચાર્યા વિના જલ્દી જલ્દી બોલવું, જલ્દી જલ્દી ચાલવું, વિચાર્યા વિના જલ્દી જલ્દી કાર્ય કરવું, અત્યંત આવેશમાં આવી ગર્વથી ફાટી જવું.

(iv) **હાસ્યકરણ** - ભાંડની જેમ બીજાના વિરૂપ વેષ, ભાષાને સતત જોઈને તેવા વેષ, ભાષા વડે બીજાને અને પોતાને હસાવવા.

(v) **પરવિસ્મયજનન** - ઈન્દ્રજાળ વગેરે કુતૂહલો, પ્રહેલિકા, જાદુઈ રમતો વગેરે વડે પોતે આશ્ચર્ય પામ્યા વિના બાલિશ લોકોને આશ્ચર્ય પમાડવું.

(૨) **દૈવકિલ્બિષીભાવના** - સ્પર્શ કરવાને અયોગ્ય એવા હલકા દેવો તે દેવકિલ્બિષ. તેમની ભાવના તે દૈવકિલ્બિષીભાવના. તે પાંચ પ્રકારે છે -

(i) **શ્રુતજ્ઞાનના અવર્ણવાદ** - 'ષડ્જીવનિકાય અધ્યયનમાં જે પૃથ્વીકાય વગેરેનું વર્ણન કર્યું છે, શસ્ત્રપરિજ્ઞા વગેરે અધ્યયનોમાં પણ ઘણીવાર તેમનું જ વર્ણન કર્યું છે.' વગેરે શ્રુતજ્ઞાનની નિંદા કરવી.

(ii) **કેવલીના અવર્ણવાદ** - 'જો કેવળીઓને જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ ક્રમથી હોય તો જ્ઞાન વખતે દર્શન ન હોવાથી અને દર્શન વખતે જ્ઞાન ન હોવાથી તે બન્ને એકબીજાનું આવરણ બની જાય. જો કેવળીઓને જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ એકસાથે હોય તો તે બન્ને એક બની જાય.' વગેરે કેવલીની નિંદા કરવી.

(iii) **ધર્માચાર્યના અવર્ણવાદ** - 'ગુરુ હલકી જાતિના છે, વ્યવહારકુશળ નથી, ઔચિત્ય જાણતા નથી.' વગેરે ગુરુની નિંદા કરવી, ગુરુનો અવિનય કરવો, તેમના છિદ્રો જોવા, લોકોની સામે ગુરુના દોષો બોલવા, ગુરુને પ્રતિકૂળ આચરવું.

(iv) **સંઘના અવર્ણવાદ** - 'શિયાળ વગેરેના સંઘો ઘણા છે. શું એ તમારા માટે આરાધ્ય છે ?' વગેરે સંઘની નિંદા કરવી.

(v) **સાધુના અવર્ણવાદ** - 'આ સાધુઓ એકબીજાને સહન કરી શકતા નથી. તેથી જ એકબીજાની સ્પર્ધા કરીને જુદા જુદા દેશોમાં ફરે છે, ભેગા થઈને એકસ્થાનમાં રહેતા નથી.' વગેરે સાધુની નિંદા કરવી.

આ પાંચના અવર્ણવાદ કરનારો અને માયા કરનારો (પોતાની શક્તિ છુપાવનારો) દૈવકિલ્બિષીભાવના કરે છે. **મતાંતરે** -

(iv) **સર્વસાધુના અવર્ણવાદ** - બધા સાધુઓની નિંદા કરવી.

(v) **માયી** - પોતાનો ભાવ છુપાવવો, બીજાના ગુણ ઢાંકવા, ચોરની જેમ બધે શંકા કરવી, ગૂઢ આચારવાળા હોવું.

(૩) **આભિયોગીભાવના** - નોકર જેવા દેવો તે આભિયોગ્ય દેવો. તેમની ભાવના તે આભિયોગીભાવના. તે પાંચ પ્રકારે છે -

(i) **કૌતુક** - બાળક વગેરેની રક્ષા વગેરે માટે સ્નાન કરાવવું, હાથ ફેરવવો, અભિમંત્રિત કરવું, થૂંકવું, ધૂપ કરવો વગેરે કરવું.

(ii) **ભૂતિકર્મ** - શરીર અને ઉપકરણોની રક્ષા માટે રાખ, દોરા વગેરેથી વીંટવું.

(iii) **પ્રશ્ન** - લાભ, અલાભ વગેરે બીજાને પૂછવા કે પોતે અંગુઠા, દર્પણ, તલવાર, પાણી વગેરેમાં જોવા.

(iv) **પ્રશ્નાપ્રશ્ન** - સ્વપ્નમાં વિદ્યાએ પોતે કહેલું કે ઘંટડી વગેરેમાં ઉતારેલ દેવતાએ કહેલું શુભ, અશુભ, જીવન, મરણ વગેરે બીજાને કહેવું.

(v) **નિમિત્ત** - ભૂત, ભવિષ્ય, વર્તમાનની વસ્તુને જાણીને કહેવી.

ગૌરવ માટે આ પાંચને કરે તે સાધુ આભિયોગિકકર્મ બાંધે છે. અપવાદે શાસનની ઉન્નતિ માટે નિઃસ્પૃહવૃત્તિથી આ પાંચને કરે તે ઉચ્ચગોત્ર બાંધે છે.

(૪) **આસુરીભાવના** - અસુરો એટલે ભવનપતિના એક પ્રકારના દેવો. તેમની ભાવના તે આસુરીભાવના. તે પાંચ પ્રકારે છે -

(i) **સદા વિગ્રહશીલપણું** - હંમેશા ઝઘડો કરીને પછી પસ્તાવો ન થવો, માફી માંગવા છતાં ખુશ ન થવું, વિરોધની પરંપરા ચલાવવી.

(ii) **સંસક્તતપ** - આહાર, ઉપધિ, શય્યા વગેરેમાં આસક્ત થઈને આહાર વગેરે માટે જ તપ કરવો.

(iii) **નિમિત્તકથન** - ત્રણકાળ સંબંધી લાભ, અલાભ, સુખ, દુઃખ, જીવન, મરણનું નિમિત્ત અભિમાનથી કહેવું.

(iv) **નિષ્કૃપતા** - બીજા કાર્યમાં મન રહેલું હોવાથી સ્થાવર વગેરે જીવોને અજીવ માનીને દયા વિના તેમની ઉપર ચાલવું, બેસવું વગેરે કરવું, કરીને બીજા કહે તો પણ પસ્તાવો ન કરવો.

(v) **નિરનુકંપત્વ** - કોઈક કારણસર કંપતા દયાપાત્ર જીવને જોઈને પણ

ક્રૂરપણાથી કઠણભાવવાળા થઈને દયા ન કરવી.

(૫) **સમ્મોહી** - સમ્મોહ એટલે એક પ્રકારના મૂઢ દેવો. તેમની ભાવના તે સમ્મોહી ભાવના. તેના પાંચ પ્રકાર છે -

(i) **ઉન્માર્ગદેશના** - માર્ગને દૂષિત કર્યા વિના વિપરીત માર્ગનો ઉપદેશ આપવો.

(ii) **માર્ગદૂષણ** - જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગને અને તેને સ્વીકારેલ સાધુઓને જાતિ વગેરેના દૂષણોથી દૂષિત કરવા.

(iii) **માર્ગવિપ્રતિપત્તિ** - મોક્ષમાર્ગને ખોટા દૂષણોથી દૂષિત કરીને જમાલીની જેમ ઉન્માર્ગને સ્વીકારવો.

(iv) **સંમોહ** - સમજી ન શકવાથી જ્ઞાન વગેરેના અઘરા વિષયોમાં મુંઝાવું, પરદર્શનવાળાની વિવિધ સમૃદ્ધિ જોઈને મોહ કરવો.

(v) **મોહજનન** - સ્વાભાવિક રીતે કે કપટથી બીજાને બીજા દર્શનોમાં મોહિત કરવા.

સાધુ આમાંથી જે ભાવના કરે તેવા દેવોમાં તે ઉત્પન્ન થાય.

ગૃહસ્થ આમાંથી જે ભાવના કરે તે તેવા દેવોમાં ઉત્પન્ન થાય. અથવા નરક, તિર્યંચ કે ખરાબ મનુષ્યમાં ઉત્પન્ન થાય.

આ ભવાનાઓ સમ્યક્ચારિત્રમાં વિઘ્ન કરનારી હોવાથી અશુભ છે. માટે સાધુઓએ આ ભાવનાઓ ન કરવી.

●●●

+ હૃદયમાં સાધુઓ પ્રત્યે વિપરીત ભાવ હોય તો દર્શનમોહનીય બંધાય અને ધર્મભ્રંશનું કારણ બને, માટે હૃદયને સમજાવીને સુધારવું.

# દ્વાર ૭૪મું - મહાવ્રતોની સંખ્યા

(૧) પહેલા ભગવાનના સાધુઓ ઋજુ અને જડ હતા.

ઋજુ = સરળ, શઠતા વિનાના.

જડ = જેટલું કહ્યું હોય તેટલું સમજે, વધુને ન સમજે.

તેમને હેય વસ્તુનું જ્ઞાન ઘણા ઉપદેશો સાંભળ્યા પછી થતું હતું.

છેલ્લા ભગવાનના સાધુઓ વક્ર અને જડ છે.

વક્ર = શઠતાવાળા.

તેઓ તે તે બહાના કાઢીને હેય વસ્તુનું સેવન કરે છે.

તેથી પહેલા અને છેલ્લા ભગવાનના સાધુઓ પરિગ્રહવિરતિવ્રત વડે મૈથુનવિરતિવ્રતનો સંગ્રહ થઈ જાય છે એવું સમજતા નથી. તેથી તેમને પાંચ મહાવ્રતો હોય છે. તે આ પ્રમાણે -

(૧) પ્રાણાતિપાતવિરતિ મહાવ્રત.

(૨) મૃષાવાદવિરતિ મહાવ્રત.

(૩) અદત્તાદાનવિરતિ મહાવ્રત.

(૪) મૈથુનવિરતિ મહાવ્રત.

(૫) પરિગ્રહવિરતિ મહાવ્રત.

(૨) વચ્ચેના ૨૨ ભગવાનના સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હતા.

પ્રાજ્ઞ = બુદ્ધિશાળી, થોડું કહેવાથી પણ ઘણું સમજે તેવા.

તેથી તેઓ હેય વસ્તુને સુખેથી સમજી શકતા હતા અને તજી શકતા હતા.

તેથી તેઓ સમજી શકતા હતા કે પરિગ્રહવિરતિવ્રત વડે મૈથુન-વિરતિવ્રતનો સંગ્રહ થઈ જાય છે, કેમકે સ્ત્રી પણ એક પ્રકારનો પરિગ્રહ

છે, તેનો પરિગ્રહ કર્યા વિના તેને ભોગવી શકાતી નથી. તેથી તેમને ચાર મહાવ્રતો હતા. તે આ પ્રમાણે -

(૧) પ્રાણાતિપાતવિરતિ મહાવ્રત.

(૨) મૃષાવાદવિરતિ મહાવ્રત.

(૩) અદત્તાદાનવિરતિ મહાવ્રત.

(૪) પરિગ્રહવિરતિ મહાવ્રત.

●●●

+ હે નાથ ! આપ કેવળજ્ઞાન દ્વારા સમસ્ત વિશ્વને જોઈ રહ્યા છો ત્યારે આપની સન્મુખ રહેલા અને કષાયરૂપી દુશ્મનોના સમૂહથી પીડિત મને કેમ જોતા નથી ?

+ કષાયોથી હેરાન-પરેશાન એવા મને જોઈને છોડાવવામાં સમર્થ અને કરુણાનિધિ એવા આપ મારી ઉપેક્ષા કરો એ ઉચિત નથી.

+ હે મહાભાગ ! સંસારથી પાર પામેલા એવા આપને જોયા પછી સંસારમાં એક ક્ષણ પણ રહેવામાં મને આનંદ નથી.

+ પણ શું કરું ? હે નાથ ! આ ભયંકર આંતરશત્રુઓનો સમુદાય મને તારી પાસે આવતા અટકાવે છે.

+ પ્રભુ ! મારો સંસાર પણ તારે આધીન છે, મારો મોક્ષ પણ તારે આધીન છે. આ પ્રમાણે સ્થિતિ છે, તો આપ મને સંસારથી પાર ઉતારવામાં વિલંબ કેમ કરો છો ?

+ જો તમે તે ગુણસ્થાનકોની સ્પર્શના કરવા માગો છો તો પહેલા એક કામ કરો - એ ગુણસ્થાનકને અનુરૂપ ગુણોની સ્પર્શના કરતા જાવ.

# દ્વાર ૭૫મું - દિવસમાં કૃતિકર્મ (વંદન)ની સંખ્યા

પ્રતિક્રમણમાં ચાર વંદન થાય છે. તે આ પ્રમાણે -

(૧) આલોચનાનું વંદન.

(૨) ખામણાનું વંદન.

(૩) આચાર્ય વગેરે સર્વસાધુઓનો ખામણાપૂર્વક આશ્રય કરવા માટેનું વંદન.

(૪) પચ્ચક્ખાણનું વંદન.

સ્વાધ્યાયમાં ત્રણ વંદન થાય છે. તે આ પ્રમાણે -

(૧) સ્વાધ્યાયનું પ્રસ્થાપન કરતી વખતનું વંદન.

(૨) સ્વાધ્યાયનું પ્રવેદન કરતી વખતનું વંદન.

(૩) સ્વાધ્યાય કર્યા પછીનું વંદન.

કાલગ્રહણ, ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા વગેરેના વંદનોનો સ્વાધ્યાયના વંદનોમાં સમાવેશ થઈ જાય છે.

દિવસના પૂર્વભાગમાં ઉપર કહેલા ૭ વંદન હોય છે.

દિવસના પાછલા ભાગમાં પણ એજ રીતે ૭ વંદન હોય છે.

આમ ઉપવાસવાળાને દિવસમાં ૧૪ વંદન થાય છે.

જેને વાપરવાનું હોય તેને આ ૧૪ વંદન ઉપરાંત વાપર્યા પછી પચ્ચક્ખાણનું વંદન અધિક હોય છે.

●●●

જગદાધાર ! નાથ ! આપને હું સ્પષ્ટ જણાવું છું કે આપના સિવાય આ જગતમાં મારું કોઈ શરણ નથી.

# દ્વાર ૭૬મું - ક્ષેત્રોમાં ચારિત્રની સંખ્યા

| ક્ષેત્ર | ચારિત્ર | કુલ |
|---|---|---|
| ૫ ભરતક્ષેત્ર-૫ ઐરવતક્ષેત્ર (પહેલા-છેલ્લા ભગવાનના કાળમાં) | સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત | ૫ |
| ૫ મહાવિદેહક્ષેત્ર, ૫ ભરતક્ષેત્ર-૫ ઐરવતક્ષેત્ર (૨૨ ભગવાનના કાળમાં) | સામાયિક, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત | ૩ |

●●●

+ ઘણા આડા-અવળા લીટા કર્યા પછી બાળકને એકડો આવડે, પહેલેથી ન આવડે, એમ ઘણી દ્રવ્યક્રિયાઓ થયા પછી ભાવક્રિયા આવે.

એકડાના લક્ષ વિના લીટા કરનારને એકડો આવડવો મુશ્કેલ છે. તેમ ભાવના લક્ષ વિનાની ક્રિયા કરનારને ભાવ આવવો મુશ્કેલ છે.

એકડો શીખવા લીટા કરનારને અટકાવી દેવાથી તે ક્યારેય એકડો શીખી નહીં શકે, તેમ દ્રવ્યક્રિયાવાળાને અટકાવી દેવાથી ક્યારેય ભાવક્રિયા પામી નહીં શકે.

+ સાચુ સમજાવી શકાય એવી જીવમાં રહેલી પાત્રતા તે પ્રજ્ઞાપનીયતા.

# દ્વાર ૭૭મું - સ્થિતકલ્પ

કલ્પ = સાધુઓની સામાચારી. તે દસ પ્રકારની છે -

(૧) આચેલક્ય
(૨) ઔદ્દેશિક
(૩) શય્યાતરપિંડ
(૪) રાજપિંડ
(૫) કૃતિકર્મ
(૬) વ્રત
(૭) જ્યેષ્ઠ
(૮) પ્રતિક્રમણ
(૯) માસ
(૧૦) પર્યુષણા.

પહેલા-છેલ્લા ભગવાનના સાધુઓને આ દસે પ્રકારના કલ્પનું હંમેશા પાલન કરવાનું હોય છે. તેથી તેમના માટે તે સ્થિતકલ્પ છે.

૨૨ ભગવાનના સાધુઓને ચાર કલ્પોનું હંમેશા પાલન કરવાનું હોવાથી તેમના માટે તે સ્થિતકલ્પ છે અને છ કલ્પોનું ક્યારેક પાલન કરવાનું હોવાથી તેમના માટે તે અસ્થિતકલ્પ છે.

ચાર પ્રકારનો સ્થિતકલ્પ આ પ્રમાણે છે -

**(૧) શય્યાતરપિંડ** - બધા સાધુઓ શય્યાતરપિંડનો અવશ્ય ત્યાગ કરે છે. શય્યાતરપિંડનું સ્વરૂપ આગળ ૧૧૨મા દ્વારમાં કહેવાશે.

**(૨) વ્રત** - પહેલા-છેલ્લા ભગવાનના સાધુઓને પાંચ મહાવ્રત હોય છે. ૨૨ ભગવાનના સાધુઓને ચાર મહાવ્રત હોય છે.

**(૩) જ્યેષ્ઠ** - પહેલા-છેલ્લા ભગવાનના સાધુઓને વડીદીક્ષાથી જ્યેષ્ઠપણું (વડિલપણું) હોય છે. ૨૨ ભગવાનના સાધુઓને દીક્ષાથી જ્યેષ્ઠપણું હોય છે.

**(૪) કૃતિકર્મ** - તે બે પ્રકારે છે -

(i) અભ્યુત્થાન = ઊભા થવું.

(ii) દ્વાદશાવર્ત વગેરે વંદન કરવા.

બધા સાધુ-સાધ્વીઓએ પર્યાય પ્રમાણે વડિલને બન્ને પ્રકારનું કૃતિકર્મ કરવું. પર્યાયથી વડિલ એવા પણ સાધ્વીઓએ આજના દીક્ષિત સાધુને વંદન કરવું, સાધુએ તેમને વંદન ન કરવું, કેમકે ધર્મમાં પુરુષ પ્રધાન છે.

●●●

+ પરીક્ષાના પેપર સહેલા પણ હોય છે અને અઘરા પણ હોય છે. પરીક્ષામાં કેટલું પૂછાવાનું ? છતાં હોંશિયાર વિદ્યાર્થીને બધું જ (ન પૂછાયેલ) પણ આવડતું હોવું જોઈએ.

કેટલાક જીવો હસતા હસતા બાહ્ય સુંદર વાતાવરણમાં ક્ષપકશ્રેણિ આરોહણ કરીને કેવળજ્ઞાન પામે છે. જેમકે પૃથ્વીચંદ્ર રાજસિંહાસન પર બેઠા બેઠા, ગુણસાગર લગ્નની ચોરીમાં, ભરત-ચક્રવર્તી અરિસાભવનમાં કેવળજ્ઞાન પામ્યા.

કેટલાક જીવો ભારે તપ વગેરે કરતા, ઉપસર્ગો સહન કરતા વગેરે પ્રતિકૂળ વાતાવરણમાં ક્ષપકશ્રેણિ આરોહણ કરીને કેવળજ્ઞાન પામે છે. જેમકે ગજસુકુમાલમુનિ, ખંધકમુનિ, ખંધક સૂરિના ૫૦૦ શિષ્યો, મેતારજ મુનિ વગેરે.

જેમ પરીક્ષામાં પ્રશ્નો થોડા હોય. છતાં બધું જ જ્ઞાન હોય તે વિદ્યાર્થી વિશારદ ગણાય. તેમ બધા જ પ્રકારના અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં અર્થાત્ ચક્રવર્તિપણાની સહિબીમાં કે મરણાંત કષ્ટોમાં સમાધિ જાળવવાનું સત્ત્વ જેની પાસે લબ્ધિરૂપે પણ હોય છે તેઓ જ ક્ષપકશ્રેણિ આરોહણ કરીને કેવળજ્ઞાન પામી શકે છે.

+ પ્રભુ આપણને પૂછે છે - તું જ્યાં ઉપસ્થિત હોય ત્યાં તારો ઉપયોગ હોય છે ખરો ?

# દ્વાર ૭૮મું - અસ્થિતકલ્પ

૬ પ્રકારનો અસ્થિતકલ્પ આ પ્રમાણે છે -

(૧) **આચેલક્ય** - વસ્ત્રરહિતપણું.

પહેલા-છેલ્લા ભગવાનના સાધુઓ અચેલક હોય છે. કેમકે તેઓ અનુક્રમે ઋજુ-જડ અને વક્ર-જડ હોવાથી તેમને ઘણા મૂલ્યવાળા-રંગીન વસ્ત્રો વાપરવાની અનુજ્ઞા નથી, અલ્પમૂલ્યવાળા સફેદ વસ્ત્રો વાપરવાની જ અનુજ્ઞા છે.

અચેલકપણું બે રીતે હોય છે -

(i) વસ્ત્રરહિત અચેલકપણું - તે તીર્થંકરોને ઇન્દ્રે મૂકેલ દેવદૂષ્ય જતું રહે તે પછી હોય છે.

(ii) વસ્ત્રસહિત અચેલકપણું - તે સાધુઓને હોય છે, કેમકે તેઓ અલ્પ મૂલ્યવાળા, સફેદ અને જીર્ણ વસ્ત્રો વાપરે છે.

૨૨ ભગવાનના સાધુઓ સચેલક કે અચેલક હોય છે, કેમકે તેઓ ઋજુ - પ્રાજ્ઞ હોવાથી તેમને ઘણા મૂલ્યવાળા-રંગીન વસ્ત્રો અને અલ્પમૂલ્યવાળા-સફેદ વસ્ત્રો વાપરવાની અનુજ્ઞા છે.

(૨) **ઔદ્દેશિક** - સાધુ માટે બનાવેલું હોય તે આધાકર્મી.

પહેલા-છેલ્લા ભગવાનના શાસનમાં જે સાધુની માટે આધાકર્મી કર્યું હોય તે તેને અને બાકીના સાધુઓને એમ બધા સાધુઓને ન કલ્પે.

૨૨ ભગવાનના શાસનમાં જે સાધુની માટે આધાકર્મી કર્યું હોય તે તેને જ ન કલ્પે, બીજા સાધુઓને કલ્પે.

(૩) **પ્રતિક્રમણ** - પાપથી પાછા ફરવું.

પહેલા-છેલ્લા ભગવાનના સાધુઓને અતિચાર લાગે કે ન લાગે તો પણ સવારે અને સાંજે ૬ આવશ્યકરૂપ પ્રતિક્રમણ અને જવા,

આવવા, નદી ઉતરવા વગેરેમાં ઈરિયાવહિરૂપ પ્રતિક્રમણ અવશ્ય કરવાનું હોય છે.

૨૨ ભગવાનના સાધુઓને અતિચાર લાગતા નથી. કદાચ અતિચાર લાગે તો તેઓ તરત પ્રતિક્રમણ કરે છે. અતિચાર ન લાગે તો તેઓ પ્રતિક્રમણ કરતા નથી.

**(૪) રાજપિંડ** - રાજપિંડ એટલે રાજાના ઘરના અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્રા, કાંબળી, રજોહરણ.

પહેલા-છેલ્લા ભગવાનના સાધુઓને રાજપિંડ ન કલ્પે, કેમકે

(i) રાજાને ત્યાં ભીડને લીધે કે અમંગળની બુદ્ધિથી પાત્રા તૂટી જાય, શરીર પર ઘાત થાય.

(ii) ચોર-જાસુસ-ઘાતક વગેરે સમજી રાજા ગુસ્સે થઈને કુલ, ગણ, સંઘ વગેરેનો ઉપઘાત કરે.

(iii) લોકોમાં નિંદા થાય, કેમકે સ્મૃતિ(લૌકિકશાસ્ત્ર)માં રાજપિંડ નિંદ્ય કહ્યો છે.

૨૨ ભગવાનના સાધુઓને રાજપિંડ કલ્પે, કેમકે તેઓ ઉપર કહેલા દોષોને ટાળી શકે છે.

**(૫) માસકલ્પ** - માસકલ્પ એટલે એકસ્થાનમાં એક માસ સુધી રહેવું.

પહેલા-છેલ્લા ભગવાનના સાધુઓને માસકલ્પ હોય છે. જો માસકલ્પ ન કરાય તો

(i) શય્યા, શય્યાતર વગેરે પર રાગ થાય.

(ii) લોકોમાં લઘુતા થાય.

(iii) અન્ય દેશોના લોકો પર ઉપકાર ન થાય.

(iv) અન્ય દેશોના લોકોના વંદન,પૂજા વગેરે ન મળે.

(v) સાધુઓના વ્યવહારનું પાલન ન થાય.

(vi) વિવિધ દેશોના વ્યવહારનું જ્ઞાન ન થાય.

(vii) આજ્ઞાની આરાધના ન થાય.

દ્રવ્ય વગેરેના દોષને લીધે બહારથી માસકલ્પ ન થાય તો પણ વસતિ, સંથારો વગેરે બદલીને માસકલ્પ કરાય છે.

(i) દ્રવ્યદોષ - શરીરને પ્રતિકૂળ અન્ન મળવું વગેરે.

(ii) ક્ષેત્રદોષ - સંયમને પ્રતિકૂળ વગેરે ક્ષેત્ર.

(iii) કાળદોષ - દુકાળ વગેરે.

(iv) ભાવદોષ - ગ્લાન થવું, જ્ઞાનની હાનિ થવી વગેરે.

૨૨ ભગવાનના સાધુઓને માસકલ્પ હોતો નથી, કેમકે તેઓ ઋજુ-પ્રાજ્ઞ હોવાથી એકસ્થાનમાં વધુ રહે તો પણ તેમને ઉપર કહેલા દોષો લાગતા નથી.

(૬) **પર્યુષણાકલ્પ** - પર્યુષણાકલ્પ એટલે

(i) ઊણોદરી કરવી.

(ii) નવ વિગઈઓનો ત્યાગ કરવો.

(iii) પાટ, પાટલા વગેરે તથા સંથારો લેવા.

(iv) સ્થંડિલ વગેરેના પ્યાલા લેવા.

(v) લોચ કરવો.

(vi) મુમુક્ષુને દીક્ષા ન આપવી.

(vii) પૂર્વે લીધેલા રાખ, ડગલ વગેરેનો ત્યાગ કરવો.

(viii) નવા રાખ, ડગલ વગેરે લેવા.

(ix) ચોમાસા માટેના બમણા ઉપકરણો રાખવા.

(x) નવા ઉપકરણો ન લેવા.

(xi) સવા યોજનથી વધુ ન જવું.
વગેરે ચોમાસાની સામાચારી.
તેના બે પ્રકાર છે -

(a) ઉત્કૃષ્ટ - અષાઢ પૂનમથી કાર્તિક પૂનમ સુધી ચાર મહિનાનો.

(b) જઘન્ય - ભાદરવા સુદ પાંચમથી કાર્તિક પૂનમ સુધી ૭૦ દિવસનો.

પહેલા-છેલ્લા ભગવાનના સાધુઓને પર્યુષણાકલ્પ હોય છે. જિનકલ્પીઓને ઉત્કૃષ્ટ પર્યુષણાકલ્પ જ હોય છે. સ્થવિરકલ્પીઓને ઉત્કૃષ્ટ અને જઘન્ય બન્ને પર્યુષણાકલ્પ હોય છે.

૨૨ ભગવાનના સાધુઓને પર્યુષણાકલ્પ હોતો નથી.

●●●

+ જગતમાં જે કોઈ સુખી લોકો છે તે બીજાના સુખની ઈચ્છાથી સુખી થયા છે. જગતમાં જે કોઈ દુઃખી લોકો છે તે બીજાના દુઃખની ઈચ્છાથી થયા છે.

+ સ્તુતિ નવ કીજે આપણી, નવ કીજે નિંદાય;
ઉપદેશમાળા ઈમ કહે, તપ જપ સંયમ જાય.

+ માસખમણને પારણે, એક સિક્થ લઈને ખાય;
પણ નર નિંદા નવ તજે, નિશ્ચે દુર્ગતિ જાય.

+ પરનિંદા પુંઠે કરે, વહેતો પાતિક પુર;
દુર્ગતિ દશવૈકાલિકે, કહી સિજ્જંભવસુર.

+ જેની સાથે અભેદભાવ રાખવાનો છે, તેની સાથે ભેદ રાખીએ છીએ, જેની સાથે સંપૂર્ણપણે ભેદને અનુભવવાનો છે તેની સાથે અભેદરૂપ બની ગયા છીએ. અનંત શાશ્વત સુખની પ્રાપ્તિ કેવી રીતે થશે ?
ચાલો, પરમાત્મા સાથે વધુને વધુ અભિન્ન થવાનો અને સંસાર સાથે ભિન્ન થવાનો પ્રયત્ન કરીએ.

# દ્વાર ૭૯મું - ૫ પ્રકારના ચૈત્ય

ચૈત્ય = જિનપ્રતિમા. ઉપચારથી જિનપ્રતિમા જે સ્થાનમાં હોય તેને પણ ચૈત્ય કહેવાય છે.

(૧) **ભક્તિચૈત્ય** - દરરોજ ત્રિકાળ પૂજા, વંદન વગેરે કરવા માટે ઘરમાં રખાયેલી જિનપ્રતિમા તે ભક્તિચૈત્ય.

(૨) **મંગલચૈત્ય** - બારસાખના મધ્યભાગમાં બનાવેલ જિનપ્રતિમા તે મંગલચૈત્ય. મથુરામાં ઘર બનાવ્યા પછી બારસાખમાં જિનપ્રતિમા સ્થપાતી હતી, નહીંતર તે ઘર પડી જતું હતું.

(૩) **નિશ્રાચૈત્ય** - કોઈ એક ગચ્છનું ચૈત્ય તે નિશ્રાચૈત્ય. તેના પ્રતિષ્ઠા વગેરે કાર્યો કરવાનો અધિકાર તે ગચ્છનો જ હોય, બીજા ગચ્છોને તેમાં કંઈ લાભ ન મળે.

(૪) **અનિશ્રાકૃતચૈત્ય** - બધા ગચ્છોનું ચૈત્ય તે અનિશ્રાકૃતચૈત્ય. તેના પ્રતિષ્ઠા, માળારોપણ વગેરે કાર્યોનો અધિકાર બધા ગચ્છોને હોય.

(૫) **શાશ્વતચૈત્ય (સિદ્ધાયતન)** - શાશ્વત જિનાલયો તે શાશ્વતચૈત્ય. તે દેવલોક, મેરુપર્વત, કૂટ, નંદીશ્વરદ્વીપ, રુચકવરદ્વીપ વગેરે સ્થાનોમાં હોય છે.

બીજી રીતે ૫ પ્રકારના ચૈત્યો -

(૧) શાશ્વતચૈત્ય

(૨-૩) ભક્તિચૈત્ય - ભરતચક્રી વગેરેએ કરાવેલા ચૈત્યો. તેઓ બે પ્રકારના છે -

(i) નિશ્રાકૃતચૈત્ય

(ii) અનિશ્રાકૃતચૈત્ય

(૪) મંગલચૈત્ય

(૫) સાધર્મિકચૈત્ય - વારત્તકમુનિના પુત્રે વારત્તકમુનિની પ્રતિમા બનાવી તે.

વારત્તક નગરમાં વારત્તક મંત્રી રહેતો હતો. એકવાર ધર્મઘોષમુનિ તેને ત્યાં વહોરવા આવ્યા. તેની પત્નીએ વહોરાવવા માટે વાસણ ઉપાડ્યું. ઘીનું એક ટીપું જમીન પર પડ્યું. મહાત્મા વહોર્યા વિના નીકળી ગયા. હાથી પર બેઠેલા મંત્રીએ જોઈને વિચાર્યું, 'મહાત્મા કેમ નીકળી ગયા ?' એટલામાં ઘી પર માખી આવી. તેને ખાવા ગરોળી આવી. તેને ખાવા કાચિંડો આવ્યો. તેને ખાવા બિલાડી આવી. તેને ખાવા બહારનો કુતરો આવ્યો. તેને ભગાડવા ઘરનો કુતરો આવ્યો. બન્નેનું યુદ્ધ થયું. બન્નેના માલિકોનું યુદ્ધ થયું. આ જોઈ વારત્તકમંત્રીએ વિચાર્યું, 'ઘીનું એક ટીપું પડ્યું એમાં આટલી વિરાધના થઈ. માટે ભગવાને આવો ધર્મ બતાવ્યો. મારે પણ તે જ ભગવાન માનવા યોગ્ય છે અને તેમનો ધર્મ જ કરવા યોગ્ય છે.' આમ વિચારી શુભધ્યાનથી તેમને જાતિસ્મરણજ્ઞાન થયું. દેવતાએ સાધુવેષ આપ્યો. લાંબા કાળ સુધી ચારિત્ર પાળી તેઓ કેવળજ્ઞાન પામ્યા. કાળક્રમે તે સિદ્ધ થયા. તેમના પુત્રે મંદિર બંધાવી તેમાં મુહપત્તિ-રજોહરણવાળી પિતામુનિની મૂર્તિ સ્થાપી અને દાનશાળા ખોલી.

●●●

+ ચારે બાજું કાદવની વચ્ચે પણ કાદવને સ્પર્શ્યા વિના કમળ કેવું અલિપ્ત શોભે છે ?

જીવ ! સંસારમાં ચારે બાજુ રાગ-દ્વેષ, મદ-મત્સર વગેરેના કાદવ છે. તું કમળની માફક એને સ્પર્શ્યા વિના અલિપ્ત રહેજે. તો જ તારો આ ભવ સફળ થશે. નહીંતર ભવ-ભ્રમણ ઊભુ જ રહેશે.

# દ્વાર ૮૦મું - પુસ્તકપંચક

(૧) **ગંડીપુસ્તક** - તે લાંબુ હોય છે. તેની જાડાઈ-પહોળાઈ સરખી હોય છે.

(૨) **કચ્છપીપુસ્તક** - તે બન્ને છેડે પાતળું હોય છે અને વચ્ચે પહોળુ હોય છે. તેની જાડાઈ અલ્પ હોય છે.

(૩) **મુષ્ટિપુસ્તક** - તે ચાર અંગુલ લાંબુ અને વર્તુળાકાર કે ચોરસ હોય છે.

(૪) **સંપુટફલકપુસ્તક** - તેમાં બન્ને બાજુ બે વગેરે પુઠા હોય છે. દા.ત. વેપારીઓની જમા-ઉધાર લખવાની વહી.

(૫) **છેદપાટીપુસ્તક** - તે અલ્પ પાનાવાળુ હોવાથી થોડું જ ઊંચું હોય છે અથવા, તે પહોળુ અને અલ્પ જાડાઈવાળુ હોય છે. તે લાંબુ કે ટુંકું હોય છે.

●●●

+ ચક્રવર્તીને કે દેવેન્દ્રને જે સુખ નથી તે સુખ લોકવ્યાપાર રહિત સાધુઓને હોય છે.
+ જીવ ગુણોથી સુખી છે અને દોષોથી દુઃખી છે.
+ સમકિત પામેલ જીવ પણ જો દેવ-ગુરુની આશાતના કરે અને જ્ઞાન-ચારિત્રની વિરાધના કરે તો ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્તકાળ સંસારમાં રખડે.
+ સંસાર એટલે જન્મ-મરણનું ચક્ર. સંસાર એટલે રોગ-શોક-દરિદ્રતાનો દરિયો. સંસાર એટલે આધિ-વ્યાધિ-ઉપાધિની ખાણ.

# દ્વાર ૮૧મું - દંડપંચક

(૧) **યષ્ટિ** - તે સાડા ત્રણ હાથ લાંબી હોય છે. તેનાથી ઉપાશ્રયમાં ભોજન વગેરેના અવસરે ગૃહસ્થો ન આવે તે માટે પડદો કરાય છે.

(૨) **વિયષ્ટિ** - તે યષ્ટિથી ૪ અંગુલ નાની હોય છે. ખરાબ ગામ વગેરેમાં ચોર વગેરેથી બચવા ઉપાશ્રયના દરવાજાને વિયષ્ટિથી મરાય છે જેથી અવાજ સાંભળીને ચોર, કુતરા વગેરે ભાગી જાય.

(૩) **દંડ** - તે ખભા જેટલો લાંબો હોય છે. શેષકાળમાં ગોચરી માટે ફરતી વખતે તે હાથમાં રખાય છે. તેનાથી દ્વેષી મનુષ્ય અને જાનવરોનું નિવારણ કરાય છે. દુર્ગમસ્થાનમાં વાઘ, ચોર વગેરેના ભયમાં તે શસ્ત્રરૂપ બને છે. વૃદ્ધ માટે તે ટેકારૂપ બને છે.

(૪) **વિદંડ** - તે બગલ જેટલો લાંબો હોય છે. ચોમાસામાં ગોચરી માટે ફરતી વખતે તે હાથમાં રખાય છે. તે નાનો હોવાથી વરસાદમાં સુખેથી કપડાની અંદર લઈ શકાય છે જેથી પાણીથી પલળે નહીં.

(૫) **નાલિકા** - તે યષ્ટિથી ૪ અંગુલ ઊંચી હોય છે. નદી, સરોવર વગેરેને ઊતરતા પહેલા તેનાથી પાણી ઊંડું છે કે નહીં તે મપાય છે.

જે દંડમાં ૧,૩,૫,૭,૯,૧૦ પર્વો અને વધતા પર્વો એટલે ૧૧,૧૨ વગેરે પર્વો હોય અને તે એક રંગના હોય, કાબરચીતરા ન હોય, પોલા ન હોય તેવા સ્નિગ્ધ રંગવાળા, કોમળ અને વર્તુળ દંડ શુભ છે. આનાથી વિપરીત દંડ અશુભ છે. પર્વ = ગાંઠ.

**દંડમાં કેટલા પર્વો હોય તો શું ફળ મળે ?**

| પર્વ | ફળ |
|---|---|
| ૧ | સારુ. |
| ૨ | ઝઘડો કરાવે. |

| પર્વ | ફળ |
|---|---|
| ૩ | લાભ કરાવે. |
| ૪ | મરણ કરાવે. |
| ૫ | માર્ગમાં કલંકનું નિવારણ કરાવે. |
| ૬ | આતંક (તરત મારનાર રોગ) આવે. |
| ૭ | નીરોગી બનાવે. |
| ૮ | સંપત્તિ ન મળે. |
| ૯ | યશ ફેલાવે. |
| ૧૦ | સર્વ સંપત્તિ પ્રાપ્ત કરાવે. |

●●●

## દ્વાર ૮૨મું - તૃણપંચક

(૧) શાલીનું ઘાસ.

(૨) વ્રીહિનું ઘાસ.

(૩) કોદ્રવનું ઘાસ.

(૪) રાલકનું ઘાસ.

(૫) જંગલનું ઘાસ - શ્યામાક વગેરે.

●●●

+ આપણી રુચિને ગુરુદેવની સૂચના સામે આપણે હરાવતા રહેતા હોઈએ તો જ આપણે સાચા અર્થમાં ગુરુદેવ પ્રત્યેના સમર્પણભાવના માલિક છીએ.

# દ્વાર ૮૩મું ચર્મપંચક

(૧) બકરીનું ચામડુ.

(૨) ઘેટીનું ચામડુ.

(૩) ગાયનું ચામડુ.

(૪) ભેંસનું ચામડુ.

(૫) હરણનું ચામડુ.

**બીજી રીતે ચર્મપંચક** -

(૧) **તલિકા** - એક તળીયાવાળા જોડા (ચપ્પલ જેવા). તે ન મળે તો બે, ત્રણ કે ચાર તળીયાવાળા જોડા લે. સાર્થને લીધે રાત્રે અંધારામાં જવાનું થાય ત્યારે, દિવસે માર્ગને છોડીને ઉન્માર્ગે જવાનું થાય ત્યારે, ચોર - જંગલી પશુઓ વગેરેના ભયથી ઝડપથી જવાનું થાય ત્યારે કાંટા વગેરે ન વાગે તે માટે અથવા જેના પગ કોમળ હોય તે પગમાં તલિકા પહેરે છે.

(૨) **ખલ્લક** - પગનું રક્ષણ કરનારા જોડા (બુટ જેવા). જેના પગ વિચર્ચિકા વાયુથી ફાટી ગયા હોય (ચીરા પડી ગયા હોય) તેને રસ્તામાં ચાલતા ઘાસ વગેરેથી પીડા થાય. તે અથવા જેના પગ કોમળ હોય તેને પાનીમાં ચીરા પડી જાય તેની રક્ષા માટે તે પગમાં ખલ્લક પહેરે છે.

(૩) **વર્ધ્રા** - ચામડાના દોરા. તે તૂટેલા જોડા સાંધવા માટે વપરાય છે.

(૪) **કોશક** - ચામડાનું વિશેષ પ્રકારનું ઉપકરણ. જેના પગના નખો પથ્થર વગેરેની સાથે અથડાઈને ભાંગી ગયા હોય તેઓ આંગળીઓ કે અંગુઠાને કોશકમાં નાંખે છે. અથવા કોશક એટલે નખ કાપવાનું સાધન (નેલકટર) રાખવા માટેનું ઉપકરણ.

(૫) **કૃત્તિ** - ચામડુ. તે રસ્તામાં દાવાનળના ભયથી રખાય છે. જયાં ઘણી સચિત્ત પૃથ્વી હોય ત્યાં પૃથ્વીકાયની જયણા માટે કૃત્તિને પાથરીને તેની ઉપર બેસવું વગેરે કરાય છે. ચોરોએ લુટી લીધા હોય ત્યારે બીજા વસ્ત્રો ન હોવાથી કૃત્તિને પહેરી લે છે.

●●●

+ જાણી લો કર્મસત્તાના નિશ્ચિત નિયમો -

(૧) નરકની ભયંકર વેદનાઓ ભોગવ્યા પછી પણ બહુ જ થોડા નારકીઓને મનુષ્ય થવાનું મળે છે. મોટા ભાગના નારકીઓને તિર્યંચ થવું પડે છે.

(૨) ભૌતિકસુખના શિખરે બેઠેલા દેવલોકના દેવોમાંથી બહુ જ થોડા દેવો દેવજીવન પૂરું કરીને મનુષ્ય થાય છે. મોટા ભાગના દેવો ચ્યવીને પંચેન્દ્રિય તિર્યંચ કે એકેન્દ્રિયમાં જ જાય છે.

(૩) વર્તમાનકાળે જે મનુષ્યો છે તેનો મોટો ભાગ તિર્યંચમાં જવાનો છે. વર્તમાનકાળના મનુષ્યોનો મોટો ભાગ ભવિષ્યમાં અસંખ્યકાળ કે અનંતકાળ સુધી મનુષ્ય થઈ શકવાનો નથી.

+ ૮૪ લાખ યોનિમાંથી દરેક યોનિમાં ભૂતકાળમાં આપણો જીવ અનંતવાર ઉત્પન્ન થયો છે.

+ ૨૦૦૦ સાગરોપમથી વધુ કાળ જેને સંસારમાં રહેવાનું હોય તેણે અવશ્ય એકેન્દ્રિયમાં જવું જ પડે.

+ અપવાદનું સેવન જો દવાના સ્થાને છે, ઉત્સર્ગનું સેવન જો ભોજનના સ્થાને છે તો પરિણતિની નિર્મળતા એ પ્રાણવાયુના સ્થાને છે.

+ સમજવાની તૈયારી છોડી દઈએ છીએ ત્યારે જ સમસ્યાની સફર ચાલુ થાય છે.

# દ્વાર ૮૪મું - દૂષ્યપંચક (વસ્ત્રપંચક)

દૂષ્ય = વસ્ત્ર. તે બે પ્રકારનું છે -

(i) અપ્રત્યુપેક્ષિત - જેનું પડિલેહણ ન થઈ શકે તે.

(ii) દુષ્પ્રત્યુપેક્ષિત - જેનું પડિલેહણ બરાબર ન થઈ શકે તે.

અપ્રત્યુપેક્ષિતદૂષ્યપંચક આ પ્રમાણે છે -

(૧) **તૂલી** - સંસ્કાર કરાયેલા રૂથી કે આંકડાના રૂથી ભરેલુ, વિસ્તારવાળુ સૂવા માટેનું ગાદલુ.

(૨) **ઉપધાનક** - હંસના રોમ વગેરેથી ભરેલું ઓસીકુ.

(૩) **ગંડોપધાનિકા (ગલ્લમસૂરિકા)** - ઓસીકાની ઉપર ગાલના પ્રદેશે રખાય તે.

(૪) **આલિંગિની** - ઢીંચણ, કોણી વગેરે સ્થાને રખાય તે.

(૫) **મસૂરક** - વસ્ત્રનું કે ચામડાનું બૂરી વગેરે રૂથી ભરેલુ ગોળ આસન.

આ પાંચે પ્રાયઃ વસ્ત્રના હોય છે.

દુષ્પ્રત્યુપેક્ષિતદૂષ્યપંચક આ પ્રમાણે છે -

(૧) **પલ્હવિ (ખરડ)** - તે હાથીની પીઠ ઉપર પથરાય છે. બીજા પણ અલ્પ રુવાટીવાળા કે ઘણી રુવાટીવાળા પાથરણાનો સમાવેશ આમાં થાય છે.

(૨) **કોયવિક (વૂરુટ્ટી)** - રૂથી ભરેલુ કપડું. ઘણી રુવાટીવાળા નેપાળના કંબલ વગેરેનો સમાવેશ આમાં થાય છે.

(૩) **પ્રાવારક** - રુવાટીવાળુ કપડુ. મતાંતરે પ્રાવારક એટલે મોટો કંબલ.

(૪) **નવતક** - જીણનું વસ્ત્ર (ઊનનું વિશેષ પ્રકારનું વસ્ત્ર).

(૫) **દઢગાલિ** - બ્રાહ્મણો પહેરે તે દશીવાળી ધોતી. બીજા બે સેરવાળા સૂતરના કપડા વગેરેનો સમાવેશ આમાં થાય છે.

●●●

# દ્વાર ૮૫મું - પાંચ પ્રકારના અવગ્રહ

અવગ્રહ = માલિકીનો વ્યવહાર. તે ૫ પ્રકારના છે -

(૧) **દેવેન્દ્રનો અવગ્રહ** - લોકની મધ્યમાં રહેલ મેરુપર્વતના મધ્યભાગમાં ઉપર-નીચે પ્રતરરૂપ અને તીરછી ૧ પ્રદેશની શ્રેણિ છે. તેનાથી લોકના બે ભાગ થાય છે - દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધ. દક્ષિણાર્ધનો માલિક શક્ર છે અને ઉત્તરાર્ધનો માલિક ઈશાનેન્દ્ર છે. દક્ષિણાર્ધમાં રહેલા સાધુઓએ શક્રની અનુજ્ઞા લેવી અને ઉત્તરાર્ધમાં રહેલા સાધુઓએ ઈશાનેન્દ્રની અનુજ્ઞા લેવી.

(૨) **રાજાનો અવગ્રહ** - ચક્રવર્તી વગેરે રાજાઓ જેટલા ક્ષેત્રના માલિક હોય તે રાજાનો અવગ્રહ છે. ચક્રવર્તીનો અવગ્રહ તીરછો માગધ વગેરે તીર્થો સુધીનો હોય છે, ઉપર લઘુહિમવંતપર્વત પર ૬૪ યોજન (મતાંતરે ૭૨ યોજન) સુધીનો હોય છે અને નીચે ખાડા, કૂવા વગેરેમાં હોય છે. તે તે કાળે જે ચક્રવર્તી હોય તેની અનુજ્ઞા લેવી.

(૩) **ગૃહપતિનો અવગ્રહ** - ગૃહપતિ = એક દેશનો અધિપતિ. તે દેશમાં રહેનારા સાધુઓએ તેની અનુજ્ઞા લેવી. તેનો અવગ્રહ તીરછો પોતાના દેશની સીમા સુધી હોય છે, નીચે વાવડી-કૂવા-ભોંયરા વગેરે સુધી હોય છે અને ઉપર પર્વત, વૃક્ષ વગેરેના શિખર સુધી હોય છે.

(૪) **સાગારિકનો અવગ્રહ** - સાગારિક = વસતિનો માલિક = શય્યાતર. તેના ઘરમાં રહેનારા સાધુઓએ તેની અનુજ્ઞા લેવી. તેનો અવગ્રહ તીરછો ઘરના વાડ-વરંડા સુધી હોય છે, નીચે વાવડી-કૂવા-ભોંયરા વગેરે સુધી હોય છે અને ઉપર પર્વત, વૃક્ષ વગેરેના શિખર સુધી હોય છે.

(૫) **સાધર્મિકનો અવગ્રહ** - ચોમાસુ કરેલ આચાર્ય વગેરેનો અવગ્રહ. જ્યાં ચોમાસુ કર્યું હોય ત્યાંથી ૫ ગાઉ સુધીનો તેમનો અવગ્રહ છે. તે ચોમાસામાં અને ચોમાસા પછી ૨ માસ સુધી હોય છે. તે કાળમાં તે ક્ષેત્રમાં રહેનારા સાધુઓએ તે આચાર્ય વગેરેની અનુજ્ઞા લેવી.

આ પાંચની અનુજ્ઞા લઈને તેમના અવગ્રહમાં રહેવું સાધુઓને કલ્પે છે. તેમની અનુજ્ઞા લીધા વિના તેમના અવગ્રહમાં રહેવું સાધુઓને ન કલ્પે.

આમાં પછી પછીનો અવગ્રહ પૂર્વ પૂર્વના અવગ્રહને બાધિત કરે છે. એટલે કે રાજાના અવગ્રહમાં રાજાની જ મુખ્યતા છે, દેવેન્દ્રની નહીં. તેથી ત્યાં રાજાની જ અનુજ્ઞા લેવી, દેવેન્દ્રની નહીં.

એમ ગૃહપતિના અવગ્રહમાં તેની જ અનુજ્ઞા લેવી, દેવેન્દ્રની અને રાજાની નહીં.

સાગારિકના અવગ્રહમાં તેની જ અનુજ્ઞા લેવી, દેવેન્દ્રની, રાજાની અને ગૃહપતિની નહીં.

સાધર્મિકના અવગ્રહમાં તેની જ અનુજ્ઞા લેવી, દેવેન્દ્રની, રાજાની, ગૃહપતિની અને સાગારિકની નહીં.

●●●

+ જે સાધુના કષાયો ઉત્કટ હોય છે તેનું ચારિત્ર શેરડીના પુષ્પની જેમ નિષ્ફળ થાય છે.

+ દેશોનપૂર્વક્રોડવર્ષ સુધી પાળેલા ચારિત્રને પણ કષાયવાળો જીવ મુહૂર્ત્તમાત્રમાં હારી જાય છે.

# દ્વાર ૮૬મું - ૨૨ પરીષહ

**પરીષહ** - મોક્ષમાર્ગથી ઊતરી ન જવાય એ માટે અને નિર્જરા માટે ચારે બાજુથી જે સહન કરાય તે પરીષહ. તે ૨૨ છે -

(૧) **ક્ષુધા પરીષહ** - ભૂખને સહન કરવી, પણ અનેષણીય (દોષિત) અન્ન ગ્રહણ ન કરવું.

(૨) **પિપાસા પરીષહ** - તરસને સહન કરવી, પણ સચિત્ત પાણી કે અનેષણીય પાણી ન લેવું.

(૩) **શીત પરીષહ** - ઠંડીને સહન કરવી, પણ અકલ્પ્ય વસ્ત્રોને ગ્રહણ ન કરવા, અગ્નિ પ્રગટાવવો નહીં, બીજાએ પ્રગટાવેલ અગ્નિમાં શરીર તપાવવું નહીં, શાસ્ત્રમાં કહેલ વિધિ મુજબ એષણીય (નિર્દોષ) કપડા વગેરે વાપરવા.

(૪) **ઉષ્ણ પરીષહ** - ગરમીને અને ગરમ રસ્તાને સહન કરવા, પણ પાણીમાં ડૂબકી મારવાની, સ્નાનની, પવન નાખવાની વગેરે ઇચ્છા ન કરવી, છત્ર ધારણ ન કરવું.

(૫) **દંશ પરીષહ** - મચ્છર, ડાંસ, જુ, માકડ વગેરે ક્ષુદ્ર જીવોના ડંખો સહન કરવા, પણ તે સ્થાનમાંથી બીજે ન જવું, ધુમાડા વગેરેથી તેમને દૂર ન કરવા, પવન વગેરેથી તેમને ન નીવારવા.

(૬) **અચેલ પરીષહ** - અલ્પ મૂલ્યવાળા, જીર્ણ, સફેદ અને મલિન વસ્ત્રોને ધારણ કરવા, વસ્ત્ર ન મળે તો દીનતા ન કરવી, સારા વસ્ત્રો મળે તો આનંદ ન પામવો.

(૭) **અરતિ પરીષહ** - સંયમમાં કંટાળો આવે તો પણ તેને છોડવું નહીં, ખરાબ વિચાર કરવા નહીં, ધર્મમાં લીન બનવું.

(૮) **સ્ત્રી પરીષહ** - સ્ત્રીઓ મોક્ષમાર્ગમાં પ્રતિબંધક છે. માટે કામની

બુદ્ધિથી ક્યારેય તેમની ઉપર દૃષ્ટિ પણ કરવી નહીં, તેમના અંગોપાંગો, હાવ-ભાવ, ચેષ્ટાઓ જોવી કે વિચારવી નહીં.

(૯) **ચર્યા પરીષહ** - આળસ છોડીને દરેક મહિને ગામ, નગર, કુલોમાં વિહાર કરવો, એક સ્થાન પર મમત્વ ન રાખવું.

(૧૦) **નૈષેધિકી પરીષહ** - શૂન્ય ઘર, સ્મશાન વગેરે સ્વાધ્યાય વગેરેની ભૂમિમાં રહેવું. મતાંતરે **નિષદ્યાપરીષહ** - સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાનમાં રહેવું અને ત્યાં ઉદ્વેગ કર્યા વિના ઇષ્ટ-અનિષ્ટ ઉપસર્ગોને સહન કરવા.

(૧૧) **શય્યા પરીષહ** - ઊંચી-નીચી જમીનવાળો, ધૂળવાળો, બહુ ઠંડો કે બહુ ગરમ ઉપાશ્રય કે કોમળ-કઠણ, ઊંચી-નીચી સંથારાની ભૂમિ મળે તો ઉદ્વેગ ન કરવો, પણ સહન કરવું.

(૧૨) **આક્રોશ પરીષહ** - કોઈ અનિષ્ટવચનો કહે તો પણ ગુસ્સો ન કરવો, પણ 'જો એ સાચુ કહે છે, તો શા માટે ગુસ્સો કરવો ? એ મને શિખવતો હોવાથી મારો ઉપકારી છે. હવે એવું નહીં કરું. જો એ ખોટું કહે છે તો ગુસ્સો કરવાની જરૂર નથી.' આમ વિચારી સહન કરવું.

(૧૩) **વધ પરીષહ** - દુષ્ટાત્માઓ હાથ, પગ, દોરડા વગેરેથી દ્વેષપૂર્વક મારે તો પણ સહન કરવું, ગુસ્સે ન થવું, 'આ શરીર પુદ્ગલનું બનેલું છે, આત્માથી જુદુ છે, આત્માને મારી શકાતો નથી, મેં પૂર્વે કરેલા કર્મોનું આ મને ફળ મળ્યું છે.' એમ વિચારવું.

(૧૪) **યાંચા પરીષહ** - સાધુને વસ્ત્ર, પાત્રા, અન્ન, પાણી, ઉપાશ્રય વગેરે બધું બીજા પાસેથી જ મળે છે. તેથી કુળવાન હોવાને લીધે માંગી ન શકે તો પણ લજ્જાને છોડીને, કાર્ય આવે ત્યારે પોતાને ધર્મ કરવામાં સહાયક કાયાનું પાલન કરવા હિંમતપૂર્વક અવશ્ય યાચના કરવી.

(૧૫) **અલાભ પરીષહ** - યાચના કરવા છતાં વસ્તુ ન મળે તો પણ ગુસ્સો ન કરવો, મન અને મુખ પ્રસન્ન રાખવા.

(૧૬) **રોગ પરીષહ** - તાવ, ખાંસી, શ્વાસ વગેરે રોગો આવે ત્યારે જિનકલ્પિકો ચિકિત્સા કરાવતા નથી, પણ 'પોતાના કર્મોના ઉદયથી આ ફળ મળ્યું છે' એમ વિચારી સહન કરે છે. રોગ આવે ત્યારે ગચ્છવાસી મુનિઓ લાભાલાભ વિચારીને બરાબર સહન કરે અથવા શાસ્ત્રમાં કહેલ વિધિથી ચિકિત્સા કરાવે.

(૧૭) **તૃણસ્પર્શ પરીષહ** - સાધુઓને પોલાણ વિનાના ઘાસને વાપરવાની અનુજ્ઞા છે. જેમને અનુજ્ઞા મળી હોય તેઓ કંઈક ભીની ભૂમિ ઉપર ઘાસ પાથરીને તેની ઉપર સંથારો-ઉત્તરપટ્ટો પાથરીને સૂવે છે. અથવા ચોરોએ ઉપકરણ હરી લીધા હોવાથી તે ઘાસ પર સૂવે છે. અથવા અત્યંત જીર્ણ હોવાથી જેના સંથારો-ઉત્તરપટ્ટો પાતળા હોય તે ઘાસ પર સંથારો-ઉત્તરપટ્ટો પાથરીને સૂવે છે. સૂતી વખતે ઘાસની કઠણ અને તીક્ષ્ણ અણીઓ વાગવાથી પીડા થાય તો પણ સહન કરવું.

(૧૮) **મલ પરીષહ** - મલ = પસીનો અને પાણીના સંપર્કથી કઠણ થયેલ ધૂળ = મેલ. શરીર પર મેલ લાગ્યો હોય, પસીનાને લીધે તેમાંથી દુર્ગંધ આવતી હોય તો પણ તે મેલને દૂર કરવા સ્નાન વગેરેની ઈચ્છા ક્યારેય ન કરવી.

(૧૯) **સત્કાર પરીષહ** - સત્કાર = અન્ન-પાણી-વસ્ત્ર-પાત્રા વહોરાવવા, વંદન કરવા, ઊભા થવું, આસન આપવું, ગુણાનુવાદ કરવા વગેરે. બીજા સત્કાર કરે તો અભિમાન ન કરવું, બીજા સત્કાર ન કરે તો દ્વેષ ન કરવો.

(૨૦) **પ્રજ્ઞા પરીષહ** - અતિશય બુદ્ધિશાળી હોય તો ગર્વ ન કરવો, અલ્પબુદ્ધિવાળો હોય તો ખેદ ન કરવો પણ પોતાના કર્મોના ઉદયને વિચારવો.

(૨૧) **અજ્ઞાન પરીષહ** - 'હું શાસ્ત્રો ભણ્યો નથી.' એવો ખેદ ન કરવો, 'હું બધા શાસ્ત્રોનો પારગામી છું.' એવો ગર્વ ન કરવો.

(૨૨) **સમ્યક્ત્વ પરીષહ** - અન્યદર્શનીઓના વિચિત્ર મતો સાંભળવા છતાં પણ સમ્યક્ત્વમાં નિશ્ચલ રહેવું.

**આવશ્યકમાં અસમ્યક્ત્વપરીષહ** કહ્યું છે - 'હું ચારિત્રી, તપસ્વી, નિસ્સંગ છું, છતાં મને ધર્મ, અધર્મ, આત્મા, દેવ, નારક વગેરે પદાર્થો દેખાતા નથી, એટલે આ બધું ખોટું છે.' આવા વિચાર આવે ત્યારે 'ધર્મ-અધર્મ જો પુણ્ય-પાપરૂપ હોય તો તેમનું કાર્ય દેખાવાથી અનુમાનથી તેમનું જ્ઞાન થાય છે. ધર્મ-અધર્મ જો ક્ષમા-ક્રોધ વગેરે રૂપ હોય તો તેનો અનુભવ તો થાય જ છે. દેવો સુખમાં આસક્ત છે. તેમને મનુષ્યલોકમાં કોઈ કાર્ય નથી. હાલ પાંચમો આરો છે. તેથી દેવો અહીં આવતા નથી. નારકો તીવ્ર વેદનાથી પીડિત છે અને પરાધીન છે. તેથી અહીં આવતા નથી.' આમ વિચારી સમ્યક્ત્વમાં સ્થિર રહેવું. આમાંથી પ્રજ્ઞાપરીષહ અને સમ્યક્ત્વપરીષહ મોક્ષમાર્ગથી ઊતરી ન જવાય એ માટે સહન કરાય છે અને બાકીના ૨૦ પરીષહો નિર્જરા માટે સહન કરાય છે.

### ૨૨ પરીષહોનો કર્મપ્રકૃતિમાં સમવતાર

| **પરીષહ** | **કર્મપ્રકૃતિમાં સમવતાર** |
|---|---|
| સમ્યક્ત્વપરીષહ = ૧ | દર્શનમોહનીયકર્મ |
| પ્રજ્ઞાપરીષહ, અજ્ઞાનપરીષહ = ૨ | જ્ઞાનાવરણીયકર્મ |
| અલાભપરીષહ = ૧ | અંતરાયકર્મ |
| આક્રોશપરીષહ, અરતિપરીષહ, સ્ત્રીપરીષહ, નૈષેધિકીપરીષહ, અચેલપરીષહ, યાંચાપરીષહ, સત્કારપરીષહ = ૭ | ચારિત્રમોહનીયકર્મ |

| પરીષહ | કર્મપ્રકૃતિમાં સમવતાર |
|---|---|
| ક્ષુધાપરીષહ, પિપાસાપરીષહ, શીતપરીષહ, ઉષ્ણપરીષહ, દંશપરીષહ, ચર્યાપરીષહ, શય્યાપરીષહ, મલપરીષહ, વધપરીષહ, રોગપરીષહ, તૃણસ્પર્શપરીષહ = ૧૧ | વેદનીયકર્મ |

**૨૨ પરીષહોનો ગુણસ્થાનકોમાં સમવતાર**

| ગુણસ્થાનક | પરીષહ |
|---|---|
| ૧લા થી ૯મુ | બધા = ૨૨ |
| ૧૦મુ, ૧૧મુ, ૧૨મુ | ક્ષુધાપરીષહ, પિપાસાપરીષહ, શીતપરીષહ, ઉષ્ણપરીષહ, દંશપરીષહ, ચર્યાપરીષહ, શય્યાપરીષહ, વધપરીષહ, અલાભપરીષહ, રોગપરીષહ, તૃણસ્પર્શપરીષહ, મલપરીષહ, પ્રજ્ઞાપરીષહ, અજ્ઞાનપરીષહ = ૧૪ |
| ૧૩મુ, ૧૪મુ | ક્ષુધાપરીષહ, પિપાસાપરિષહ, શીતપરીષહ, ઉષ્ણપરીષહ, દંશપરીષહ, ચર્યાપરીષહ, શય્યાપરીષહ, મલપરીષહ, વધપરીષહ, રોગપરીષહ, તૃણસ્પર્શપરીષહ = ૧૧ |

એક સમયે જઘન્યથી ૧ પરીષહ હોય અને ઉત્કૃષ્ટથી ૨૦ પરીષહ હોય, કેમકે શીતપરીષહ-ઉષ્ણપરીષહ એક સાથે ન હોય અને ચર્યાપરીષહ-નૈષેધિકીપરીષહ એક સાથે ન હોય. નૈષેધિકીપરીષહ તો સ્વાધ્યાય વગેરેની જગ્યાએ સ્થિરતામાં જ હોય છે. તેથી નૈષેધિકી-

પરીષહ અને ચર્ચાપરીષહ એકસાથે ન હોય. શય્યા (વસતિ)માં સ્થંડિલ-માત્રુની બાધા વગેરેના કારણે જવા-આવવાનો સંભવ હોવાથી ચર્યા-પરીષહ અને શય્યાપરીષહ એકસાથે હોઈ શકે છે.

**તત્ત્વાર્થ**માં 'એકસમયે ઉત્કૃષ્ટથી ૧૯ પરીષહ હોય, ચર્યાપરીષહ-શય્યાપરીષહ-નિષદ્યાપરીષહ એક સાથે ન હોવાથી.' એમ કહ્યું છે.

●●●

## દ્વાર ૮૭મું - સાત માંડલીઓ

(૧) સૂત્રમાંડલી - સૂત્ર ભણવા માટેની માંડલી.

(૨) અર્થમાંડલી - અર્થ ભણવા માટેની માંડલી.

(૩) ભોજનમાંડલી - ભોજન માટેની માંડલી.

(૪) કાલમાંડલી - કાલગ્રહણ માટેની માંડલી.

(૫) આવશ્યકમાંડલી - પ્રતિક્રમણ માટેની માંડલી.

(૬) સ્વાધ્યાયમાંડલી - સ્વાધ્યાય કરવા માટેની માંડલી.

(૭) સંથારામાંડલી - સંથારા પોરિસી ભણાવા માટેની માંડલી.

●●●

+ ઘઉં વિનાના કોથળાને ઊભા રહેવું મુશ્કેલ છે. અંતર્મુખતા વિનાના સંયમીને ઉત્સાહસભર રહેવું એથી ય વધુ મુશ્કેલ છે.

+ પશુની પસંદગી તો આપણી પસંદગી ન જ હોય, પરંતુ સંસારી માણસની પસંદગી પણ આપણી પસંદગી ન જ હોય, એવું છાતી ઠોકીને કહી શકવાની સ્થિતિમાં આપણે ખરા ?

# દ્વાર ૮૮મું - જંબૂસ્વામી પછી વિચ્છેદ પામેલા ૧૦ સ્થાનો

(૧) મનઃપર્યવજ્ઞાન

(૨) પરમાવધિજ્ઞાન - તે ઉત્પન્ન થયા પછી અવશ્ય કેવળજ્ઞાન થાય છે. ક્ષેત્રથી તેનો વિષય અલોકમાં લોકપ્રમાણ અસંખ્ય ખંડો જોવાનો છે. કાળથી તેનો વિષય અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી સુધીનું જોવાનો છે.

(૩) પુલાકલબ્ધિ

(૪) આહારકલબ્ધિ

(૫) ક્ષપકશ્રેણિ

(૬) ઉપશમશ્રેણિ

(૭) જિનકલ્પ

(૮) ત્રણ ચારિત્ર-પરિહારવિશુદ્ધિ ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર, યથાખ્યાત ચારિત્ર.

(૯) કેવળજ્ઞાન

(૧૦) સિદ્ધિગમન

છેલ્લા ૧૪ પૂર્વી સ્થૂલભદ્રસ્વામી પછી ત્રણ સ્થાનોનો વિચ્છેદ થયો-

(૧) વજ્રઋષભનારાચસંઘયણ

(૨) સમચતુરસ્રસંસ્થાન

(૩) અંતર્મુહૂર્તમાં ૧૪ પૂર્વોની અનુપ્રેક્ષા

●●●

# દ્વાર ૮૯મું - ક્ષપકશ્રેણિ

(i) ક્ષપકશ્રેણિ માંડનાર પુરુષ ૮ વર્ષથી વધુ વયનો, પહેલા સંઘયણવાળો, શુદ્ધધ્યાનવાળો અવિરત, દેશવિરત, પ્રમત્તસંયત કે અપ્રમત્તસંયત હોય. જો અપ્રમત્તસંયત પૂર્વધર હોય તો શુક્લધ્યાનવાળા હોય. બાકીના બધા ધર્મધ્યાનવાળા હોય.

(ii) પહેલા અનંતાનુબંધી કષાયોની વિસંયોજના કરે. તે આ પ્રમાણે -

(૧) શ્રેણિ માંડનારા કે નહીં માંડનારા જીવો અનંતાનુબંધી વિસંયોજના કરે છે.

(૨) બધી પર્યાપ્તિઓથી પર્યાપ્ત થયેલા, ચારે ગતિના અવિરત ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવો, દેશવિરત મનુષ્યો-તિર્યંચો અને સર્વવિરત મનુષ્યો વિશુદ્ધ પરિણામથી યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ - એમ ત્રણ કરણ કરે છે. (કરણોની સમજણ કર્મપ્રકૃતિ વગેરેમાંથી જાણવી.)

(૩) અનિવૃત્તિકરણમાં અનંતાનુબંધીની ૧ આવલિકાપ્રમાણ સ્થિતિને છોડીને ઉપરની બધી સ્થિતિનો ઉદ્વલનાસંક્રમ વડે ક્ષય કરે.

(૪) ૧ આવલિકા પ્રમાણ સ્થિતિને ઉદયવાળી પ્રકૃતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવે.

(૫) આમ અનંતાનુબંધીની વિસંયોજના થઈ.

(iii) પછી દર્શનમોહનીયનો ક્ષય કરે. તે આ પ્રમાણે -

(૧) યથાપ્રવૃત્તકરણ વગેરે ત્રણ કરણો કરે છે.

(૨) અનિવૃત્તિકરણમાં દર્શન ૩ની સ્થિતિને ઉદ્વલનાસંક્રમ વડે ઉવેલે. ઉવેલતા ઉવેલતા દર્શન ૩ની સ્થિતિ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ જેટલી રહે છે.

(૩) પછી મિથ્યાત્વમોહનીયના દલિકો સમ્યક્ત્વમોહનીય અને મિશ્ર-મોહનીયમાં નાંખે. તે આ પ્રમાણે - પહેલા સમયે થોડું સંક્રમાવે. તેના કરતા બીજા સમયે અસંખ્યગુણ સંક્રમાવે. તેના કરતા ત્રીજા સમયે અસંખ્યગુણ સંક્રમાવે. એમ અંતર્મુહૂર્તના ચરમસમયે ૧ આવલિકા પ્રમાણ દલિકોને છોડીને બાકીનું દ્વિચરમસમય કરતા અસંખ્યગુણ દલિક સંક્રમાવે.

(૪) ૧ આવલિકાનું દલિક સ્તિબુકસંક્રમથી સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે. આમ મિથ્યાત્વમોહનીયનો ક્ષય થાય.

(૫) ત્યાર પછી એ જ રીતે અંતર્મુહૂર્તમાં મિશ્રમોહનીયને સમ્યક્ત્વ-મોહનીયમાં સંક્રમાવીને ખપાવે.

(૬) ત્યાર પછી સમ્યક્ત્વમોહનીયની અપવર્તના કરે. અંતર્મુહૂર્તમાં તેની સ્થિતિ અંતર્મુહૂર્તપ્રમાણ થાય.

(૭) તેને ભોગવતા ભોગવતા સમયાધિક આવલિકા પ્રમાણ સ્થિતિ શેષ રહે.

(૮) ત્યારપછીના સમયે તેનો ઉદીરણાવિચ્છેદ થાય. બાકીની સ્થિતિને ઉદય વડે ભોગવે.

(૯) ત્યારપછી તે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ થાય.

(iv) જો પૂર્વે આયુષ્ય બાંધેલ જીવ ક્ષપકશ્રેણિ માંડે અને અનંતાનુબંધી વિસંયોજના પછી મૃત્યુ થવાથી અટકે તો મિથ્યાત્વમોહનીયના ઉદયે ફરી અનંતાનુબંધી બાંધે. મિથ્યાત્વમોહનીયનો ક્ષય થયો હોય તો અનંતાનુબંધી ન બાંધે.

(v) પૂર્વે આયુષ્ય બાંધેલ જીવ દર્શન ૭ ના ક્ષય પછી પરિણામ ન પડ્યા હોય તો અવશ્ય દેવલોકમાં ઉત્પન્ન થાય, જો પરિણામ પડ્યા હોય તો પરિણામ પ્રમાણે બધી ગતિમાં જાય. જો દેવગતિમાં કે નરકગતિમાં જાય તો ત્રીજા ભવે મોક્ષે જાય. જો મનુષ્યગતિમાં કે તિર્યંચગતિમાં

જાય તો અસંખ્યવર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચમાં જાય, સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-તિર્યંચમાં ન જાય. ત્યાંથી તે દેવ થઈને મનુષ્યભવમાં આવીને પછી મોક્ષે જાય. તેથી તે ચોથા ભવે મોક્ષે જાય.

(vi) પૂર્વે આયુષ્ય બાંધેલ જીવ દર્શન ૭ નો ક્ષય કર્યા પછી કાળ ન કરે તો પણ સ્થિર રહે, ચારિત્રમોહનીય ખપાવવાનો યત્ન ન કરે.

(vii) પૂર્વે વૈમાનિક દેવનું આયુષ્ય બાંધેલ કોઈક જીવ દર્શન ૭ ના ક્ષય પછી ચારિત્રમોહનીય ઉપશમાવવાનો યત્ન કરે.

(viii) મિથ્યાત્વમોહનીયના પુદ્ગલોમાંથી મિથ્યાત્વમોહનીયપણું દૂર થતા તે જ સમ્યક્ત્વમોહનીયરૂપ બને છે. તે મદન (નશીલો પદાર્થ) વિનાના કરાયેલા કોદ્રવ જેવું છે. દર્શન ૭ નો ક્ષય કરનારને સમ્યક્ત્વમોહનીયનો ક્ષય થયો હોવા છતાં તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધારૂપ અને આત્માના પરિણામરૂપ સમ્યગ્દર્શનનો ક્ષય થયો નથી. તેથી દર્શન ૭ નો ક્ષય થયા પછી પણ તે જીવને સમ્યગ્દર્શન હોય છે. જેમ સફેદ અબરખના પાતળા પડમાંથી થતાં દર્શન કરતા તે પડ નીકળી ગયા પછી એકલી મનુષ્યની દૃષ્ટિથી થતું દર્શન વધુ વિશુદ્ધ હોય છે તેમ સમ્યક્ત્વમોહનીયના ઉદયથી મળનારા સમ્યગ્દર્શન કરતા સમ્યક્ત્વમોહનીયના ક્ષયથી મળનારુ સમ્યગ્દર્શન વધુ વિશુદ્ધ હોય છે.

(ix) પૂર્વે આયુષ્ય નહીં બાંધેલ જીવ જો ક્ષપકશ્રેણિ માંડે તો દર્શન ૭ ના ક્ષય પછી પરિણામ પડ્યા વિના તે ચારિત્રમોહનીયના ક્ષય માટે યત્ન કરે. તે આ પ્રમાણે -

(૧) ત્રણ કરણ કરે. અપ્રમત્તસંયત ગુણસ્થાનકે યથાપ્રવૃત્તકરણ કરે, અપૂર્વકરણ ગુણસ્થાનકે અપૂર્વકરણ કરે અને અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાનકે અનિવૃત્તિકરણ કરે.

(૨) અપૂર્વકરણમાં સ્થિતિઘાત વગેરે વડે અપ્રત્યાખ્યાનાવરણીય ૪ અને પ્રત્યાખ્યાનાવરણીય ૪ એમ ૮ કષાયોને ખપાવવાનું શરૂ કરે.

(૩) અનિવૃત્તિકરણના પહેલા સમયે ૮ કષાયોની સ્થિતિ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ થાય.

(૪) અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગો પસાર થયા પછી ઉદ્વલનાસંક્રમ વડે ઉવેલાતી થીણદ્ધિ ૩, નરક ૨, તિર્યંચ ૨, જાતિ ૪, સ્થાવર ૨, આતપ ૨, સાધારણ - આ ૧૬ પ્રકૃતિઓની સ્થિતિ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ થાય છે.

(૫) ત્યારપછી આ ૧૬ પ્રકૃતિઓને બંધાતી પ્રકૃતિઓમાં ગુણસંક્રમ વડે સંક્રમાવીને ખપાવે છે.

(૬) ત્યારપછી ૮ કષાયોને ખપાવે છે. મતાંતરે ૧૬ પ્રકૃતિઓને ખપાવવાનું પહેલા શરૂ કરે છે, વચ્ચે ૮ કષાયોને ખપાવે છે, પછી ૧૬ પ્રકૃતિઓને ખપાવે છે.

(૭) ત્યારપછી અંતર્મુહૂર્તમાં નવ નોકષાયો અને ચાર સંજ્વલન કષાયોનું અંતરકરણ કરે છે.

(૮) ત્યારપછી ઉદ્વલનાસંક્રમથી નપુંસકવેદને ખપાવવાનું શરૂ કરે છે.

(૯) અંતર્મુહૂર્ત પછી તેની સ્થિતિ $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ થાય છે. ત્યાર પછી નપુંસકવેદને બંધાતી પ્રકૃતિઓમાં ગુણસંક્રમ વડે સંક્રમાવીને અંતર્મુહૂર્તમાં ખપાવે.

(૧૦) જો નપુંસકવેદે ક્ષપકશ્રેણિ માંડે તો નીચેનું પહેલી સ્થિતિનું દલિક અનુભવીને ખપાવે. જો અન્યવેદે ક્ષપકશ્રેણિ માંડે તો નપુંસકવેદનું પહેલી સ્થિતિનું ૧ આવલિકાપ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી ઉદયવાળી પ્રકૃતિમાં સંક્રમાવે. આમ નપુંસકવેદનો ક્ષય થાય.

(૧૧) ત્યારપછી એ જ રીતે અંતર્મુહૂર્તમાં સ્ત્રીવેદને ખપાવે.

(૧૨) ત્યારપછી ૬ નોકષાયોને એકસાથે ખપાવવાનું શરૂ કરે. ત્યારથી તેમનું દલિક પુરુષવેદમાં ન સંક્રમાવે, પણ સંજ્વલનક્રોધમાં જ સંક્રમાવે.

(૧૩) અંતર્મુહૂર્તમાં ૬ નોકષાયોનો ક્ષય થાય. તે જ વખતે પુરુષવેદના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય અને સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિક સિવાયના તેના બાકીના દલિકનો ક્ષય થાય.

(૧૪) ત્યારથી તે અવેદક બને. સંજ્વલન ક્રોધને વેદતા તે સંજ્વલનક્રોધ-વેદકાદ્ધાના ત્રણ વિભાગ કરે - *અશ્વકર્ણકરણાદ્ધા, કિટ્ટિકરણાદ્ધા* અને *કિટ્ટિવેદનાદ્ધા*.

(૧૫) અશ્વકર્ણકરણાદ્ધામાં પ્રતિસમય સંજ્વલન ૪ ના અનંતા અપૂર્વ-સ્પર્ધકોને અંતરકરણથી ઉપરની સ્થિતિમાં નાંખે.

(૧૬) **સ્પર્ધક** - અનંતાનંત પરમાણુઓથી બનેલા સ્કંધોને જીવ કર્મરૂપે ગ્રહણ કરે છે. દરેક સ્કંધમાં સૌથી જઘન્યરસવાળા પરમાણુના રસને કેવલીની બુદ્ધિથી છેદતા સર્વ જીવો કરતા અનંતગુણ રસભાગ મળે છે. બીજા પરમાણુમાં તેના કરતા એક અધિક રસભાગ મળે છે. ત્રીજા પરમાણુમાં બે અધિક રસભાગ મળે છે. આમ ૧-૧ રસભાગ વધતા એક પરમાણુમાં અભવ્ય કરતા અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલા રસભાગ અધિક મળે છે. જઘન્ય રસવાળા બધા પરમાણુઓનો સમુદાય તે એક વર્ગણા છે. એક અધિક રસભાગવાળા બધા પરમાણુઓનો સમુદાય તે બીજી વર્ગણા છે. બે અધિક રસભાગવાળા બધા પરમાણુઓનો સમુદાય તે ત્રીજી વર્ગણા છે. આમ ૧-૧ અધિક રસભાગવાળા પરમાણુઓના સમુદાયરૂપ સિદ્ધના અનંતમા ભાગ અને અભવ્ય કરતા અનંતગુણ જેટલી વર્ગણાઓ છે. આ

વર્ગણાઓનો સમુદાય તે એક સ્પર્ધક છે. ત્યાર પછી એકોત્તર વૃદ્ધિવાળા રસભાગવાળા પરમાણુ મળતા નથી, પણ સર્વજીવ કરતા અનંતગુણ અધિકરસભાગવાળા પરમાણુ મળે છે. ત્યારપછી તે જ રીતે બીજુ સ્પર્ધક થાય છે. એ જ રીતે ત્રીજુ સ્પર્ધક થાય છે. એમ અનંત સ્પર્ધકો થાય છે.

(૧૭) અશ્વકર્ણકરણાદ્ધામાં ઉપર કહેલા સ્પર્ધકોમાંથી પહેલી વગેરે વર્ગણાઓ લઈને વિશુદ્ધિને લીધે અનંતગુણ હીન રસવાળા નવા સ્પર્ધકો કરે છે. તેમને અપૂર્વસ્પર્ધક કહેવાય છે.

(૧૮) અશ્વકર્ણકરણાદ્ધામાં સમય ન્યૂન ૨ આવલિકામાં પુરુષવેદને ગુણસંક્રમવડે સંજવલન ક્રોધમાં સંક્રમાવીને અને છેલ્લા સમયે સર્વસંક્રમ વડે સંક્રમાવીને પુરુષવેદનો ક્ષય કરે છે.

(૧૯) અશ્વકર્ણકરણાદ્ધા પૂર્ણ થયા પછી કિટ્ટિકરણાદ્ધા શરૂ થાય છે. તેમાં સંજવલન ૪ ના ઉપરની સ્થિતિના દલિકોની કિટ્ટિઓ કરે છે.

(૨૦) **કિટ્ટિ** - પૂર્વસ્પર્ધકોમાંથી વર્ગણાઓ લઈને વિશુદ્ધિને લીધે તેમને અત્યંત હીન રસવાળી અને મોટા અંતરવાળી બનાવે છે. આ નવી વર્ગણાઓ તે કિટ્ટિ છે. દા.ત. ૧૦૦, ૧૦૧ વગેરે રસભાગોવાળી વર્ગણાઓને ૧૦, ૧૫ વગેરે રસભાગો વાળી વર્ગણાઓરૂપે બનાવવી.

(૨૧) આ કિટ્ટિઓ અનંત છે. છતાં સ્થૂલ જાતિની અપેક્ષાએ ૧૨ કિટ્ટિઓ કલ્પાય છે - એક એક કષાયની ૩-૩. સંજવલનક્રોધના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનાર આ પ્રમાણે કરે છે.

(૨૨) સંજવલન માનના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનાર ઉદ્વલનાસંક્રમથી સંજવલન ક્રોધને ખપાવીને પછી બાકીના ત્રણ કષાયોની નવ કિટ્ટિઓ કરે છે.

(૨૩) સંજવલન માયાના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનાર સંજવલન ક્રોધ-

સંજ્વલન માનને ખપાવ્યા પછી બાકીના બે કષાયોની છ કિટ્ટિઓ કરે છે.

(૨૪) સંજ્વલન લોભના ઉદયે ક્ષપકશ્રેણિ માંડનાર સંજ્વલન ક્રોધ-સંજ્વલન માન-સંજ્વલન માયાને ખપાવીને સંજ્વલન લોભની ત્રણ કિટ્ટિઓ કરે છે.

(૨૫) કિટ્ટિકરણાદ્ધા પૂર્ણ થયા પછી કિટ્ટિવેદનાદ્ધા શરૂ થાય છે. તેમાં બીજી સ્થિતિમાંથી સંજ્વલન ક્રોધની પહેલી કિટ્ટિનું દલિક લઈને અંતર્મુહૂર્તપ્રમાણ પ્રથમ સ્થિતિ કરે છે અને ભોગવે છે.

(૨૬) સંજ્વલનક્રોધની પહેલી કિટ્ટિની પ્રથમ સ્થિતિ ૧ આવલિકા શેષ રહે ત્યારે બીજી સ્થિતિમાંથી સંજ્વલન ક્રોધની બીજી કિટ્ટિનું દલિક લઈને અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમ સ્થિતિ કરે છે અને ભોગવે છે. તે ભોગવતી વખતે સંજ્વલન ક્રોધની પહેલી કિટ્ટિનું પ્રથમસ્થિતિનું ૧ આવલિકાપ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી તેમાં સંક્રમાવે છે.

(૨૭) સંજ્વલનક્રોધની બીજી કિટ્ટિની પ્રથમ સ્થિતિ ૧ આવલિકા શેષ રહે ત્યારે બીજી સ્થિતિમાંથી સંજ્વલનક્રોધની ત્રીજી કિટ્ટિનું દલિક લઈને અંતર્મુહૂર્તપ્રમાણ પ્રથમ સ્થિતિ કરે છે અને ભોગવે છે.

(૨૮) તે ભોગવતી વખતે સંજ્વલન ક્રોધનું બીજી કિટ્ટિનું પ્રથમસ્થિતિનું ૧ આવલિકા પ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી તેમાં સંક્રમાવે છે. સંજ્વલન ક્રોધની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે બીજી સ્થિતિમાંથી સંજ્વલન માનની પહેલી કિટ્ટિનું દલિક લઈને અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમ સ્થિતિ કરે છે અને ભોગવે છે. ત્યારે સંજ્વલન ક્રોધના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યારે સંજ્વલન ક્રોધનું બીજી સ્થિતિમાં સમયન્યૂન ૨ આવલિકામાં બંધાયેલું દલિક શેષ હોય છે અને પ્રથમસ્થિતિમાં

એક આવલિકા પ્રમાણ દલિક શેષ હોય છે.

(૨૯) સંજ્વલન ક્રોધની ત્રણે કિટ્ટિઓની વેદનાદ્ધામાં તેમના બીજી સ્થિતિના દલિકોને ગુણસંક્રમ વડે સંજ્વલન માનમાં નાંખે છે.

(૩૦) સંજ્વલન માનની પહેલી કિટ્ટિની વેદનાદ્ધામાં સંજ્વલન ક્રોધના સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલા દલિકોને ગુણસંક્રમથી સંજ્વલન માનમાં સંક્રમાવીને છેલ્લા સમયે બધુ સંક્રમાવે છે અને સંજ્વલન ક્રોધની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિનું ૧ આવલિકા પ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી સંજ્વલન માનની પહેલી કિટ્ટિમાં સંક્રમાવે છે.

(૩૧) સંજ્વલન માનની પહેલી કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે બીજી સ્થિતિમાંથી સંજ્વલન માનની બીજી કિટ્ટિનું દલિક લઈને અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. તે ભોગવતી વખતે સંજ્વલન માનની પહેલી કિટ્ટિનું પ્રથમસ્થિતિનું ૧ આવલિકા પ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી તેમાં સંક્રમાવે છે.

(૩૨) સંજ્વલન માનની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે બીજી સ્થિતિમાંથી સંજ્વલન માનની ત્રીજી કિટ્ટિનું દલિક લઈને અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. તે ભોગવતી વખતે સંજ્વલન માનની બીજી કિટ્ટિનું પ્રથમસ્થિતિનું ૧ આવલિકા પ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી તેમાં સંક્રમાવે છે.

(૩૩) સંજ્વલન માનની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે બીજી સ્થિતિમાંથી સંજ્વલન માયાની પહેલી કિટ્ટિનું દલિક લઈને અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. ત્યારે સંજ્વલન માનના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યારે

સંજ્વલન માનનું બીજી સ્થિતિમાં સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલું દલિક શેષ હોય છે અને પ્રથમસ્થિતિમાં ૧ આવલિકાપ્રમાણ દલિક શેષ હોય છે.

(૩૪) સંજ્વલન માનની ત્રણે કિટ્ટિઓની વેદનાદ્ધામાં તેમના બીજી સ્થિતિના દલિકોને ગુણસંક્રમ વડે સંજ્વલન માયામાં નાંખે છે.

(૩૫) સંજ્વલન માયાની પહેલી કિટ્ટિની વેદનાદ્ધામાં સંજ્વલન માનના સમયન્યૂન બે આવલિકામાં બંધાયેલા દલિકોને ગુણસંક્રમથી સંજ્વલન માયામાં સંક્રમાવીને છેલ્લા સમયે બધુ સંક્રમાવે છે અને સંજ્વલન માનની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિનું ૧ આવલિકા પ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી સંજ્વલન માયાની પહેલી કિટ્ટિમાં સંક્રમાવે છે.

(૩૬) સંજ્વલન માયાની પહેલી કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે બીજી સ્થિતિમાંથી સંજ્વલન માયાની બીજી કિટ્ટિનું દલિક લઈને અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. તે ભોગવતી વખતે સંજ્વલન માયાની પહેલી કિટ્ટિની પ્રથમસ્થિતિનું ૧ આવલિકા પ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી તેમાં સંક્રમાવે છે.

(૩૭) સંજ્વલન માયાની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે બીજી સ્થિતિમાંથી સંજ્વલન માયાની ત્રીજી કિટ્ટિનું દલિક લઈને અંતર્મુહૂર્તપ્રમાણ પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. તે ભોગવતી વખતે સંજ્વલન માયાની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિનું ૧ આવલિકા પ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી તેમાં સંક્રમાવે છે.

(૩૮) સંજ્વલન માયાની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે બીજી સ્થિતિમાંથી સંજ્વલન લોભની પહેલી કિટ્ટિનું દલિક લઈને અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. ત્યારે સંજ્વલન માયાના બંધ-ઉદય-ઉદીરણાનો

વિચ્છેદ થાય છે. ત્યારે સંજ્વલન માયાનું બીજી સ્થિતિમાં સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલું દલિક શેષ હોય છે અને પ્રથમસ્થિતિમાં ૧ આવલિકા પ્રમાણ દલિક શેષ હોય છે.

(૩૯) સંજ્વલન માયાની ત્રણે કિટ્ટિઓની વેદનાદ્ધામાં તેમના બીજી સ્થિતિના દલિકોને ગુણસંક્રમ વડે સંજ્વલન લોભમાં નાંખે છે.

(૪૦) સંજ્વલન લોભની પહેલી કિટ્ટિની વેદનાદ્ધામાં સંજ્વલન માયાના સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકોને ગુણસંક્રમથી સંજ્વલન લોભમાં સંક્રમાવીને છેલ્લા સમયે બધુ સંક્રમાવે છે અને સંજ્વલન માયાની ત્રીજી કિટ્ટિની પ્રથમસ્થિતિનું ૧ આવલિકા પ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી સંજ્વલન લોભની પહેલી કિટ્ટિમાં સંક્રમાવે છે.

(૪૧) સંજ્વલન લોભની પહેલી કિટ્ટિની પ્રથમસ્થિતિની ૧ આવલિકા શેષ રહે ત્યારે બીજી સ્થિતિમાંથી સંજ્વલન લોભની બીજી કિટ્ટિનું દલિક લઈને અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. તે ભોગવતી વખતે બીજી સ્થિતિમાં રહેલા સંજ્વલન લોભની ત્રીજી કિટ્ટિના દલિકોમાંથી સૂક્ષ્મ કિટ્ટિઓ બનાવે છે.

(૪૨) સંજ્વલન લોભની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિ ૧ આવલિકા શેષ રહે ત્યારે સંજ્વલન લોભનો બંધવિચ્છેદ થાય છે, સંજ્વલન બાદર લોભનો ઉદય-ઉદીરણાવિચ્છેદ થાય છે અને અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકનો વિચ્છેદ થાય છે. ત્યારે બીજી સ્થિતિમાંથી સૂક્ષ્મ કિટ્ટિઓના દલિકોને લઈને અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. ત્યારે તે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે છે. ત્યારે સંજલવન બાદર લોભનું બીજીસ્થિતિમાં સમય ન્યૂન ૨ આવલિકામાં બંધાયેલું દલિક શેષ હોય છે અને પહેલી સ્થિતિમાં ૧ આવલિકા પ્રમાણ દલિક શેષ હોય છે.

(૪૩) સૂક્ષ્મકિટ્ટિની વેદનાદ્ધામાં સંજવલન લોભની બીજી કિટ્ટિની પ્રથમસ્થિતિનું ૧ આવલિકા પ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી સૂક્ષ્મકિટ્ટિમાં સંક્રમાવે છે તથા બીજી સ્થિતિમાં રહેલા સંજવલન લોભના સમયન્યૂન ૨ આવલિકામાં બંધાયેલા દલિકોને અને સૂક્ષ્મ કિટ્ટિઓના દલિકોને સ્થિતિઘાત વગેરેથી ખપાવે છે.

(૪૪) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના સંખ્યાતા ભાગો પસાર થાય અને ૧ સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે સંજવલન લોભને સર્વઅપવર્તનાથી અપવર્તીને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના કાળ તુલ્ય કરે છે અને ઉદય-ઉદીરણાથી ભોગવે છે. ત્યારથી મોહનીયકર્મના સ્થિતિઘાત વગેરે ન થાય, શેષ કર્મોના સ્થિતિઘાત વગેરે થાય.

(૪૫) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકની ૧ આવલિકા શેષ હોય ત્યારે સૂક્ષ્મ કિટ્ટિનો ઉદીરણાવિચ્છેદ થાય. ત્યારપછી ચરમસમય સુધી સૂક્ષ્મકિટ્ટિઓને માત્ર ઉદયથી જ ભોગવે.

(૪૬) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમસમયે જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૫, યશ, ઉચ્ચગોત્ર, અંતરાય ૫ = ૧૬ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય અને મોહનીયના ઉદય-સત્તાનો વિચ્છેદ થાય.

(૪૭) ત્યાર પછી તે ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ નામના ૧૨મા ગુણ-સ્થાનકે આવે.

(૪૮) ૧૨મા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગો પસાર થાય અને એક સંખ્યાતમો ભાગ શેષ હોય ત્યારે જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, નિદ્રા ૨ - આ ૧૬ પ્રકૃતિઓની સ્થિતિસત્તાને સર્વા-પવર્તનાથી અપવર્તીને ૧૨મા ગુણસ્થાનકના શેષ કાળ તુલ્ય કરે, નિદ્રા ૨ની સ્થિતિ પોતાના સ્વરૂપની અપેક્ષાએ ૧૨મા ગુણસ્થાનકના શેષ કાળથી ૧ સમય ન્યૂન કરે, કર્મરૂપે તો ૧૨મા ગુણસ્થાનકના શેષ કાળથી તુલ્ય કરે. ત્યારથી તે ૧૬ પ્રકૃતિના સ્થિતિઘાત વગેરે ન

થાય, શેષકર્મોના સ્થિતિઘાત વગેરે થાય.

(૪૯) ૧૨મા ગુણસ્થાનકની ૧ આવલિકા શેષ રહે ત્યારે જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ - આ ૧૪ પ્રકૃતિઓનો ઉદીરણાવિચ્છેદ થાય.

(૫૦) ૧૨મા ગુણસ્થાનકના દ્વિચરમસમયે નિદ્રા ૨ નો સ્તિબુકસંક્રમથી ઉદયવાળી પ્રકૃતિમાં સંક્રમ કરીને સ્વરૂપસત્તાની અપેક્ષાએ ક્ષય કરે.

(૫૧) ૧૨મા ગુણસ્થાનકના ચરમસમયે જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫ - આ ૧૪ પ્રકૃતિઓનો ક્ષય થાય.

(૫૨) ત્યાર પછી તે કેવલી થાય અને સયોગી કેવલી નામના ૧૩મા ગુણસ્થાનકે આવે.

(૫૩) ૧-૧ પ્રકૃતિની ક્ષપણાનો કાળ અંતર્મુહૂર્ત છે અને ક્ષપકશ્રેણિનો કાળ પણ અંતર્મુહૂર્ત છે.

(૫૪) પુરુષવેદોદયે ક્ષપકશ્રેણિ માંડનાર ઉપર બતાવેલ ક્રમે પ્રકૃતિઓને ખપાવે.

(૫૫) સ્ત્રીવેદોદયે ક્ષપકશ્રેણિ માંડનાર પહેલા નપુંસકવેદને ખપાવે, પછી સ્ત્રીવેદને ખપાવે, તે જ વખતે પુરુષવેદનો બંધવિચ્છેદ થાય, પછી અવેદક થઈને હાસ્ય ૬-પુરુષવેદ - આ ૭ પ્રકૃતિઓને એકસાથે ખપાવે. બાકીનું પૂર્વેની જેમ જાણવું.

(૫૬) નપુંસકવેદોદયે ક્ષપકશ્રેણિ માંડનાર પહેલા નપુંસકવેદ-સ્ત્રીવેદને એકસાથે ખપાવે, તે જ વખતે પુરુષવેદનો બંધવિચ્છેદ થાય, પછી અવેદક થઈને હાસ્ય ૬ - પુરુષવેદ - આ ૭ પ્રકૃતિઓને એકસાથે ખપાવે. બાકીનું પૂર્વેની જેમ જાણવું.

●● ● ●

# દ્વાર ૯૦મું - ઉપશમશ્રેણિ

(i) ઉપશમશ્રેણિ માંડનાર અપ્રમત્તસંયત જ હોય. ઉપશમશ્રેણિને અંતે તે અપ્રમત્તસંયત, પ્રમત્તસંયત, દેશવિરત કે અવિરત હોય. મતાંતરે અનંતાનુબંધી ૪ ની ઉપશમના અવિરત, દેશવિરત, પ્રમત્તસંયત કે અપ્રમત્તસંયત કરે, દર્શન ૩ વગેરેની ઉપશમના સંયમી કરે.

(ii) પહેલા અનંતાનુબંધી ૪ ને ઉપશમાવે. તે આ પ્રમાણે -

(૧) કોઈ પણ ૧ યોગમાં રહેલો, તેજોલેશ્યા-પદ્મલેશ્યા કે શુક્લલેશ્યાવાળો, સાકારોપયોગવાળો, અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિવાળો અવિરત, દેશવિરત, પ્રમત્તસંયત કે અપ્રમત્તસંયત કરણકાળની પૂર્વે અંતર્મુહૂર્ત સુધી વિશુદ્ધિમાં હોય. તે પરાવર્તમાન પ્રકૃતિઓ શુભ જ બાંધે, અશુભ નહીં. તે પ્રતિસમય અશુભ કર્મોનો રસ અનંતગુણ હીન કરે અને શુભ કર્મોનો રસ અનંતગુણ અધિક કરે. તે નવો નવો સ્થિતિબંધ પૂર્વે પૂર્વેના સ્થિતિબંધ કરતા $\frac{\text{પલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ પ્રમાણ ન્યૂન કરે.

(૨) અંતર્મુહૂર્ત પછી તે ત્રણ કરણ કરે - યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ. કરણોનું સ્વરૂપ કર્મપ્રકૃતિમાંથી સમજવું.

(૩) અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગો પસાર થાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અનંતાનુબંધી ૪ ની ૧ આવલિકા પ્રમાણ પ્રથમસ્થિતિ રાખીને અંતર્મુહૂર્તમાં અંતર્મુહૂર્ત પ્રમાણ અંતરકરણ કરે છે. અંતરકરણનું દલિક બંધાતી પરપ્રકૃતિમાં નાંખે.

(૪) પ્રથમસ્થિતિની ૧ આવલિકાનું દલિક સ્તિબુકસંક્રમથી ઉદયવાળી પરપ્રકૃતિમાં સંક્રમાવે.

(૫) અંતરકરણ કર્યા પછી બીજા સમયથી અનંતાનુબંધી ૪ ને પ્રતિસમય અસંખ્યગુણાકારે ઉપશમાવે.

(૬) અંતર્મુહૂર્તમાં અનંતાનુબંધી ૪ ઉપશાંત થઈ જાય. જેમ પાણી છાંટવાથી અને ઘનથી કૂટવાથી ધૂળ ઊડતી નથી તેમ વિશુદ્ધિનું પાણી છાંટવાથી અને અનિવૃત્તિકરણના ઘનથી કૂટવાથી કર્મની ધૂળ ઉપશાંત થાય છે એટલે કે સંક્રમકરણ, ઉદીરણાકરણ, નિધત્તિકરણ, નિકાચનાકરણ અને ઉદય માટે અયોગ્ય બને છે.

(૭) મતાંતરે અનંતાનુબંધી ૪ ની ઉપશમના ન થાય, વિસંયોજના જ થાય. તે પૂર્વે કહેલ છે.

(iii) અનંતાનુબંધી ૪ ની ઉપશમના કે વિસંયોજના કર્યા પછી દર્શન ૩ની ઉપશમના કરે. તે આ પ્રમાણે -

(૧) ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ સંયમી અંતર્મુહૂર્તમાં દર્શન ૩ ને ઉપશમાવે છે. તે માટે તે ત્રણ કરણ કરે છે.

(૨) અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગો પસાર થયા પછી દર્શન ૩ નું અંતરકરણ કરે છે.

(૩) સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ રાખે છે અને મિથ્યાત્વમોહનીય-મિશ્રમોહનીયની પ્રથમસ્થિતિ ૧ આવલિકા પ્રમાણ રાખે છે.

(૪) દર્શન ૩નું ઉકેરાતું દલિક સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિમાં નાંખે છે.

(૫) અંતરકરણ કર્યા પછી બીજા સમયથી બીજી સ્થિતિમાં રહેલ દર્શન ૩ ને પ્રતિસમય અસંખ્યગુણાકારે ઉપશમાવે છે.

(૬) મિથ્યાત્વમોહનીય - મિશ્રમોહનીયનું પ્રથમસ્થિતિનું દલિક સ્તિબુકસંક્રમથી સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે છે.

(૭) સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિનો ઉદયથી ક્ષય થયા પછી તે ઉપશમસમ્યગ્દષ્ટિ બને છે.

(iv) દર્શન ૩ ની ઉપશમના પછી પ્રમત્તસંયત-અપ્રમત્તસંયત ગુણસ્થાનકે સેંકડોવાર પરાવર્તન કરીને પછી તે ચારિત્રમોહનીયને ઉપશમાવવાનું શરૂ કરે છે. તે આ પ્રમાણે -

(૧) ત્રણ કરણ કરે છે. અપ્રમત્તસંયત ગુણસ્થાનકે યથાપ્રવૃત્તકરણ કરે છે. અપૂર્વકરણ ગુણસ્થાનકે અપૂર્વકરણ કરે છે. અનિવૃત્તિબાદર સંપરાય ગુણસ્થાનકે અનિવૃત્તિકરણ કરે છે.

(૨) અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગો ગયે છતે દર્શન ૭ સિવાયની મોહનીયની ૨૧ પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે.

(૩) જે વેદ અને સંજ્વલન કષાયનો ઉદય હોય તેની પ્રથમસ્થિતિ પોતાના ઉદયકાળ જેટલી રાખે છે, શેષ ૧૯ પ્રકૃતિઓની પ્રથમસ્થિતિ ૧ આવલિકા પ્રમાણ રાખે છે.

(૪) અંતરકરણ કર્યા પછી નપુંસકવેદને પ્રતિસમય અસંખ્યગુણાકારે ઉપશમાવે છે. દ્વિચરમસમય સુધી પ્રતિસમય ઉપશમતા દલિક કરતા અસંખ્યગુણ દલિક પરપ્રકૃતિમાં સંક્રમાવે છે. ચરમસમયે સંક્રમતા દલિક કરતા ઉપશમતું દલિક અસંખ્યગુણ છે. અંતર્મુહૂર્તમાં નપુંસકવેદ ઉપશાંત થાય છે.

(૫) ત્યારપછી એ જ રીતે અંતર્મુહૂર્તમાં સ્ત્રીવેદને ઉપશમાવે છે.

(૬) ત્યારપછી એ જ રીતે અંતર્મુહૂર્તમાં હાસ્ય ૬ ને ઉપશમાવે છે. તે ઉપશાંત થાય ત્યારે જ પુરુષવેદના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય.

(૭) ત્યારપછી સમયન્યૂન ૨ આવલિકામાં પુરુષવેદને ઉપશમાવે છે.

(૮) ત્યારપછી અંતર્મુહૂર્તમાં અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ-પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધને એકસાથે ઉપશમાવે છે. તે ઉપશાંત થાય ત્યારે સંજ્વલન ક્રોધના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય.

(૯) ત્યાર પછી બીજી સ્થિતિમાંથી સંજ્વલન માનના દલિકોને ખેંચીને

તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. ત્યારે સમયન્યૂન ૨ આવલિકામાં સંજ્વલન ક્રોધને ઉપશમાવે છે.

(૧૦) ત્યારપછી અંતર્મુહૂર્તમાં અપ્રત્યાખ્યાનાવરણીય માન-પ્રત્યાખ્યાનાવરણીય માનને એક સાથે ઉપશમાવે છે. તે ઉપશાંત થાય ત્યારે સંજ્વલન માનના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય.

(૧૧) ત્યાર પછી બીજી સ્થિતિમાંથી સંજ્વલન માયાના દલિકોને ખેંચીને તેની પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. ત્યારે સમય ન્યૂન ૨ આવલિકામાં સંજ્વલન માનને ઉપશમાવે છે.

(૧૨) ત્યાર પછી અંતર્મુહૂર્તમાં અપ્રત્યાખ્યાનાવરણીય માયા-પ્રત્યાખ્યાનાવરણીય માયાને એક સાથે ઉપશમાવે છે. તે ઉપશાંત થાય ત્યારે સંજ્વલન માયાના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય.

(૧૩) ત્યાર પછી તે લોભવેદનાદ્ધાના ત્રણ વિભાગ કરે છે અશ્વકર્ણકરણાદ્ધા, કિટ્ટિકરણાદ્ધા અને કિટ્ટિવેદનાદ્ધા. પહેલા બે ભાગોમાં બીજીસ્થિતિમાંથી સંજ્વલન લોભનું દલિક લઈને પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે.

(૧૪) અશ્વકર્ણકરણાદ્ધામાં અપ્રત્યાખ્યાનાવરણીય લોભ-પ્રત્યાખ્યાનાવરણીય લોભ-સંજ્વલન લોભને એકસાથે ઉપશમાવવાનું શરૂ કરે છે, અપૂર્વસ્પર્ધકો કરે છે અને સમય ન્યૂન ૨ આવલિકામાં સંજ્વલન માયાને ઉપશમાવે છે.

(૧૫) ત્યાર પછી કિટ્ટિકરણાદ્ધામાં પૂર્વસ્પર્ધકો-અપૂર્વસ્પર્ધકોમાંથી બીજીસ્થિતિનું દલિક લઈને પ્રતિસમય અનંત કિટ્ટિઓ કરે છે.

(૧૬) કિટ્ટિકરણાદ્ધાના ચરમસમયે અપ્રત્યાખ્યાનાવરણીય લોભ-પ્રત્યાખ્યાનાવરણીય લોભ ઉપશાંત થાય છે, સંજ્વલનલોભનો બંધવિચ્છેદ થાય છે, સંજ્વલન બાદર લોભના ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે અને ૯મુ ગુણસ્થાનક પૂરું થાય છે.

(૧૭) ત્યાર પછી તે સૂક્ષ્મસંપરાય નામના ૧૦મા ગુણસ્થાનકે આવે છે. ત્યાં બીજી સ્થિતિમાંથી સૂક્ષ્મકિટ્ટિઓના દલિકોને લઈને ૧૦મા ગુણસ્થાનકના કાળ તુલ્ય પ્રથમસ્થિતિ કરે છે અને ભોગવે છે. તે બીજીસ્થિતિમાં રહેલ બાકીની કિટ્ટિઓને અને સમય ન્યૂન ૨ આવલિકામાં બાંધેલા સંજ્વલન લોભને ઉપશમાવે છે.

(૧૮) ૧૦મા ગુણસ્થાનકના ચરમ સમયે સંજ્વલનલોભ ઉપશાંત થઈ જાય છે.

(૧૯) ત્યાર પછી તે ઉપશાંતમોહવીતરાગછદ્મસ્થ નામના ૧૧મા ગુણસ્થાનકે આવે છે. તેનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત છે. ત્યાર પછી તે અવશ્ય પડે છે. તે બે રીતે પડે છે - ભવક્ષયથી અને કાળક્ષયથી.

(૨૦) આયુષ્ય પૂરું થવાથી પડે તે ભવક્ષયથી પડે છે. તે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે. ત્યાં પહેલા સમયે જ બધા કરણો શરૂ કરે છે.

(૨૧) ૧૧મા ગુણસ્થાનકનો કાળ પૂરો થવાથી પડે તે કાળક્ષયથી પડે છે. તે જે રીતે ચઢ્યો હોય તે જ રીતે પડે છે. જ્યાં જ્યાં બંધ-ઉદયનો વિચ્છેદ થયો હોય ત્યાં ત્યાં તે શરૂ થાય. પડતા પડતા કોઈક ૭મા ગુણસ્થાનક સુધી પડે છે, કોઈક ૬ઠ્ઠા-૫મા ગુણસ્થાનક સુધી પડે છે, કોઈક ૨જા ગુણસ્થાનક સુધી પડે છે.

(૨૨) ઉત્કૃષ્ટથી એક ભવમાં બે વાર ઉપશમશ્રેણિ માંડે છે. જે બે વાર ઉપશમશ્રેણિ માંડે છે તે તે ભવમાં ક્ષપકશ્રેણિ ન માંડે. જે એક વાર ઉપશમશ્રેણિ માંડે છે તે તે ભવમાં ક્ષપકશ્રેણિ માંડે છે. આ કર્મગ્રંથનો મત છે. આગમના મતે ૧ ભવમાં ૧ જ શ્રેણિ હોય છે.

(૨૩) અવિરત, દેશવિરત, પ્રમત્તસંયત, અપ્રમત્તસંયતને દર્શનમોહનીય, અનંતાનુબંધી કષાય, અપ્રત્યાખ્યાનાવરણીય કષાય, પ્રત્યાખ્યાના-

વરણીય કષાયનો ક્ષયોપશમ હોય છે, ઉપશમશ્રેણિમાં તેમનો ઉપશમ થાય છે.

(૨૪) ક્ષયોપશમમાં કર્મનો વિપાકોદય હોતો નથી, પણ પ્રદેશોદય હોય છે. પ્રદેશોદય મંદ ફળ આપતો હોવાથી ગુણનો વિઘાત કરી શકતો નથી. ઉપશમમાં કર્મનો વિપાકોદય અને પ્રદેશોદય બન્ને હોતા નથી.

(૨૫) નપુંસકવેદોદયે ઉપશમશ્રેણિ માંડનારને નપુંસકવેદ-સ્ત્રીવેદ એક સાથે ઉપશાંત થાય છે. સ્રીવેદોદયે કે પુરુષવેદોદયે ઉપશમશ્રેણિ માંડનાર જ્યાં સુધી નપુંસકવેદને ઉપશમાવે છે ત્યાં સુધી નપુંસકવેદોદયે ઉપશમશ્રેણિ માંડનાર પણ નપુંસકવેદને ઉપશમાવે છે ત્યાર પછી તે નપુંસકવેદને અને સ્ત્રીવેદને એક સાથે ઉપશમાવે છે. નપુંસકવેદોદયાદ્ધાના દ્વિચરમસમયે સ્ત્રીવેદ ઉપશાંત થઈ જાય છે અને નપુંસકવેદની ૧ સમયની ઉદય સ્થિતિ બાકી રહે છે. ત્યાર પછીના સમયે તે અવેદક થાય છે અને નપુંસકવેદ ઉપશાંત થઈ જાય છે. ત્યાર પછી હાસ્ય ૬ અને પુરુષવેદ-એ ૭ પ્રકૃતિઓને એકસાથે ઉપશમાવવાનું શરૂ કરે છે. બાકીનું પૂર્વેની જેમ જાણવું.

(૨૬) સ્ત્રીવેદોદયે ઉપશમશ્રેણિ માંડનાર પહેલા નપુંસકવેદને ઉપશમાવે છે, પછી સ્ત્રીવેદને ઉપશમાવે છે, સ્ત્રીવેદોદયાદ્ધાના દ્વિચરમ-સમયે ૧ સમયની ઉદયસ્થિતિ સિવાયનું સ્ત્રીવેદનું બધુ દલિક ઉપશાંત થઈ જાય છે. ત્યાર પછીના સમયે તે અવેદક થાય છે અને સ્ત્રીવેદ ઉપશાંત થઈ જાય છે. ત્યાર પછી હાસ્ય ૬ અને પુરુષવેદ એ ૭ પ્રકૃતિઓને એક સાથે ઉપશમાવવાનું શરૂ કરે છે. બાકીનું પૂર્વેની જેમ જાણવું.

●●●

# દ્વાર ૯૧મું - સ્થંડિલભૂમિના ૧,૦૨૪ ભાંગા

સ્થંડિલભૂમિના ૧૦ પ્રકાર છે -

(૧) **અનાપાત અસંલોક** - જ્યાં બીજા આવતા ન હોય અને જોતા ન હોય. અહીં ચાર ભાંગા છે -

(i) અનાપાત અસંલોક - જ્યાં બીજા આવતા ન હોય અને જોતા ન હોય.

(ii) અનાપાત સંલોક - જ્યાં બીજા આવતા ન હોય, પણ જોતા હોય.

(iii) આપાત અસંલોક - જ્યાં બીજા આવતા હોય, પણ જોતા ન હોય.

(iv) આપાત સંલોક - જ્યાં બીજા આવતા હોય અને જોતા હોય.

પહેલા ભાંગાવાળી સ્થંડિલભૂમિમાં જવું, બાકીના ત્રણ ભાંગાવાળી સ્થંડિલભૂમિમાં ન જવું.

આપાત = બીજાનું આવવું. સંલોક = જોવું.

**આપાતવાળી સ્થંડિલભૂમિ** - બે પ્રકારની છે -

(૧) **સ્વપક્ષઆપાતવાળી** - જ્યાં સંયમીઓ આવતા હોય. સંયમીઓ બે પ્રકારે છે -

**(a)** **સંયત** - સાધુઓ. તે બે પ્રકારે છે.

**(i)** **સંવિગ્ન** - ચુસ્ત સંયમી. તે બે પ્રકારે છે -

**(I)** **મનોજ્ઞ** - એક સામાચારીવાળા.

**(II)** **અમનોજ્ઞ** - ભિન્ન સામાચારીવાળા.

**(ii)** **અસંવિગ્ન** - પાર્શ્વસ્થ વગેરે શિથિલ સાધુઓ. તે બે પ્રકારે છે -

**(I)** **સંવિગ્નપાક્ષિક** - પોતાના શિથિલાચારની નિંદા કરનારા અને સાચી સાધુસામાચારીની પ્રરૂપણા કરનારા.

(II) **અસંવિગ્નપાક્ષિક** - નિષ્ઠુર અને સુસાધુઓની નિંદા કરનારા.

(b) **સંયતી** - સાધ્વીજીઓ.

(૨) **પરપક્ષઆપાતવાળી** - જ્યાં ગૃહસ્થ વગેરે આવતા હોય. ગૃહસ્થ વગેરે બે પ્રકારે છે -

(a) **મનુષ્ય** - મનુષ્યો. તે ત્રણ પ્રકારે છે -

(i) **પુરુષ** - પુરુષો. તે ત્રણ પ્રકારે છે -

(I) **દંડિકપુરુષ** - રાજકુળના પુરુષો. તે બે પ્રકારે છે -

(A) **શૌચવાદી** - પવિત્રતામાં માનનારા.

(B) **અશૌચવાદી** - પવિત્રતામાં નહીં માનનારા.

(II) **કૌટુંબિકપુરુષ** - મોટી ઋદ્ધિવાળા પુરુષો. તે બે પ્રકારે છે -

(A) **શૌચવાદી.**

(B) **અશૌચવાદી.**

(III) **પ્રાકૃતપુરુષ** - સામાન્ય પુરુષો. તે બે પ્રકારે છે -

(A) **શૌચવાદી.**

(B) **અશૌચવાદી.**

(ii) **સ્ત્રી** - સ્ત્રીઓ. તે ત્રણ પ્રકારે છે -

(I) **દંડિકસ્ત્રી** - રાજકુળની સ્ત્રીઓ. તે બે પ્રકારે છે -

(A) **શૌચવાદી.**

(B) **અશૌચવાદી.**

(II) **કૌટુંબિકસ્ત્રી** - મોટી ઋદ્ધિવાળી સ્ત્રીઓ. તે બે પ્રકારે છે -

(A) **શૌચવાદી.**

(B) **અશૌચવાદી.**

**(III) પ્રાકૃતસ્ત્રી** - સામાન્ય સ્ત્રીઓ. તે બે પ્રકારે છે -

**(A) શૌચવાદી.**

**(B) અશૌચવાદી.**

**(iii) નપુંસક** - નપુંસકો. તે ત્રણ પ્રકારે છે -

**(I) દંડિકનપુંસક** - રાજકુળના નપુંસકો. તે બે પ્રકારે છે -

**(A) શૌચવાદી.**

**(B) અશૌચવાદી.**

**(II) કૌટુંબિકનપુંસક** - મોટી ઋદ્ધિવાળા નપુંસકો. તે બે પ્રકારે છે -

**(A) શૌચવાદી.**

**(B) અશૌચવાદી.**

**(III) પ્રાકૃતનપુંસક** - સામાન્ય નપુંસકો. તે બે પ્રકારે છે -

**(A) શૌચવાદી.**

**(B) અશૌચવાદી.**

**(b) તિર્યંચ** - તિર્યંચો. તે ત્રણ પ્રકારે છે -

**(i) પુરુષતિર્યંચ** - પુરુષતિર્યંચો. તે બે પ્રકારે છે -

**(I) દૃપ્ત** - ગર્વિષ્ટ. તે બે પ્રકારે છે -

**(A) જુગુપ્સિત** - નિંદિત. તે ત્રણ પ્રકારે છે -

(૧) **જઘન્ય** - અલ્પ મૂલ્યવાળા.

(૨) **મધ્યમ** - મધ્યમ મૂલ્યવાળા.

(૩) **ઉત્કૃષ્ટ** - ઘણા મૂલ્યવાળા.

**(B) અજુગુપ્સિત** - અનિંદિત. તે ત્રણ પ્રકારે છે -

(૧) **જઘન્ય** (૨) **મધ્યમ** (૩) **ઉત્કૃષ્ટ**

**(II) અદૃપ્ત** - શાંત. તે બે પ્રકારે છે -

**(A) જુગુપ્સિત** - નિંદિત. તે ત્રણ પ્રકારે છે -

(૧) **જઘન્ય** (૨) **મધ્યમ** (૩) **ઉત્કૃષ્ટ**

**(B) અજુગુપ્સિત** - અનિંદિત. તે ત્રણ પ્રકારે છે -

(૧) **જઘન્ય** (૨) **મધ્યમ** (૩) **ઉત્કૃષ્ટ**

**(ii) સ્ત્રીતિર્યંચ** - સ્ત્રીતિર્યંચો. તે બે પ્રકારે છે -

**(I) દૃપ્ત** - ગર્વિષ્ટ. તે બે પ્રકારે છે -

**(A) જુગુપ્સિત** - નિંદિત. તે ત્રણ પ્રકારે છે -

(૧) **જઘન્ય** (૨) **મધ્યમ** (૩) **ઉત્કૃષ્ટ**

**(B) અજુગુપ્સિત** - અનિંદિત. તે ત્રણ પ્રકારે છે -

(૧) **જઘન્ય** (૨) **મધ્યમ** (૩) **ઉત્કૃષ્ટ**

**(II) અદૃપ્ત** - અગર્વિષ્ટ. તે બે પ્રકારે છે -

**(A) જુગુપ્સિત** - નિંદિત. તે ત્રણ પ્રકારે છે -

(૧) **જઘન્ય** (૨) **મધ્યમ** (૩) **ઉત્કૃષ્ટ**

**(B) અજુગુપ્સિત** - અનિંદિત. તે ત્રણ પ્રકારે છે -

(૧) **જઘન્ય** (૨) **મધ્યમ** (૩) **ઉત્કૃષ્ટ**

**(iii) નપુંસકતિર્યંચ** - નપુંસકતિર્યંચો. તે બે પ્રકારે છે -

**(I) દૃપ્ત** - ગર્વિષ્ટ. તે બે પ્રકારે છે -

**(A) જુગુપ્સિત** - નિંદિત. તે ત્રણ પ્રકારે છે -

(૧) **જઘન્ય** (૨) **મધ્યમ** (૩) **ઉત્કૃષ્ટ**

**(B) અજુગુપ્સિત** - અનિંદિત. તે ત્રણ પ્રકારે છે -

(૧) **જઘન્ય** (૨) **મધ્યમ** (૩) **ઉત્કૃષ્ટ**

(II) **અદૃપ્ત** - અગર્વિષ્ટ. તે બે પ્રકારે છે -

(A) **જુગુપ્સિત** - નિંદિત. તે ત્રણ પ્રકારે છે -

**(૧) જઘન્ય (૨) મધ્યમ (૩) ઉત્કૃષ્ટ**

(B) **અજુગુપ્સિત** - અનિંદિત. તે ત્રણ પ્રકારે છે -

**(૧) જઘન્ય (૨) મધ્યમ (૩) ઉત્કૃષ્ટ**

જઘન્ય = અલ્પમૂલ્યવાળા = ઘેટા વગેરે.

મધ્યમ = મધ્યમમૂલ્યવાળા = પાડા વગેરે.

ઉત્કૃષ્ટ = ઉત્કૃષ્ટમૂલ્યવાળા = હાથી વગેરે.

જુગુપ્સિત = નિંદિત = ગધેડા વગેરે.

અજુગુપ્સિત = અનિંદિત = હરણ વગેરે.

**સંલોકવાળી સ્થંડિલભૂમિ** એક પ્રકારની છે -

**મનુષ્યસંલોકવાળી** - જ્યાં મનુષ્યો જોતા હોય. મનુષ્યો ત્રણ પ્રકારે છે -

(૧) **પુરુષ** - તે ત્રણ પ્રકારે છે -

(i) **દંડિકપુરુષ** - રાજકુળના પુરુષો. તે બે પ્રકારે છે -

**(a) શૌચવાદી (b) અશૌચવાદી.**

(ii) **કૌટુંબિકપુરુષ** - મોટી ઋદ્ધિવાળા પુરુષો. તે બે પ્રકારે છે -

**(a) શૌચવાદી (b) અશૌચવાદી.**

(iii) **પ્રાકૃતપુરુષ** - સામાન્ય પુરુષો. તે બે પ્રકારે છે -

**(a) શૌચવાદી (b) અશૌચવાદી.**

(૨) **સ્ત્રી** - તે ત્રણ પ્રકારે છે -

(i) **દંડિકસ્ત્રી** - રાજકુળની સ્ત્રીઓ. તે બે પ્રકારે છે -

**(a) શૌચવાદી (b) અશૌચવાદી.**

**(ii) કૌટુંબિકસ્ત્રી** - મોટી ઋદ્ધિવાળી સ્ત્રીઓ. તે બે પ્રકારે છે -

**(a) શૌચવાદી (b) અશૌચવાદી.**

**(iii) પ્રાકૃતસ્ત્રી** - સામાન્ય સ્ત્રીઓ. તે બે પ્રકારે છે -

**(a) શૌચવાદી (b) અશૌચવાદી.**

(૩) **નપુંસક** - તે ત્રણ પ્રકારે છે -

**(i) દંડિકનપુંસક** - રાજકુળના નપુંસકો. તે બે પ્રકારે છે -

**(a) શૌચવાદી (b) અશૌચવાદી.**

**(ii) કૌટુંબિકનપુંસક** - મોટી ઋદ્ધિવાળા નપુંસકો. તે બે પ્રકારે છે -

**(a) શૌચવાદી (b) અશૌચવાદી.**

**(iii) પ્રાકૃતનપુંસક** - સામાન્ય નપુંસકો. તે બે પ્રકારે છે -

**(a) શૌચવાદી (b) અશૌચવાદી.**

**આપાતવાળી સ્થંડિલભૂમિમાં જવામાં દોષો -**

(૧) અમનોજ્ઞસંવિગ્નના આપાતમાં જાય તો ભિન્ન સામાચારી જોઈને નૂતન દીક્ષિતોનો ઝઘડો થાય. માટે તેમાં ન જવું.

(૨) અસંવિગ્નના આપાતમાં જાય તો નૂતનદીક્ષિતો તેમને ઘણા પાણીથી શૌચ કરતા જોઈને તેમની પાસે જતા રહે. માટે તેમાં ન જવું.

(૩) સંયતીના આપાતમાં ન જવું.

(૪) અનાપાતઅસંલોક સ્થંડિલભૂમિ ન મળે તો મનોજ્ઞસંવિગ્નના આપાતમાં જાય.

(૫) તેવી સ્થંડિલભૂમિ ન મળે તો મનુષ્ય પુરુષ આપાતમાં જવું. ત્યાં

ઘણું પાણી લઈને જવું. જો થોડું પાણી લઈને જાય તો લોકોમાં નિંદા થાય, તેઓ ભિક્ષા આપવાનું બંધ કરી દે, નવા શ્રાવકને વિપરીત પરિણામ થાય.

(૬) સ્ત્રી-નપુંસકના આપાતમાં જાય તો લોકોને સાધુ પર, સ્ત્રી-નપુંસક પર કે બન્ને પર શંકા થાય, સાધુ સ્ત્રી-નપુંસક સાથે મૈથુન સેવે, કોઈ રાજકુળમાં ફરિયાદ કરે તો શાસનહીલના થાય. માટે તેમાં ન જવું.

(૭) દપ્તતિર્યંચના આપાતમાં જાય તો તેઓ સીંગડાથી મારે, મારી નાંખે. માટે તેમાં ન જવું.

(૮) જુગુપ્સિત સ્ત્રીતિર્યંચ-નપુંસકતિર્યંચના આપાતમાં જાય તો લોકોને મૈથુનની શંકા થાય, કદાચ સાધુ તેમની સાથે મૈથુન સેવે. માટે તેમાં ન જવું.

(૯) તિર્યંચના આપાતમાં જવું પડે તો અજુગુપ્સિત-અદપ્તપુરુષતિર્યંચના આપાતમાં જવું.

**સંલોકવાળી સ્થંડિલભૂમિમાં જવામાં દોષો** -

(૧) તિર્યંચના સંલોકમાં જાય તો કોઈ દોષ નથી.

(૨) સ્ત્રી, પુરુષ, નપુંસક મનુષ્યોના સંલોકમાં આપાત મુજબ દોષો થાય.

આમ ચોથા ભાંગામાં આપાત-સંલોક બન્નેના દોષો લાગે, ત્રીજા ભાંગામાં આપાતના દોષો લાગે, બીજા ભાંગામાં સંલોકના દોષો લાગે. માટે પહેલા ભાંગાવાળી સ્થંડિલભૂમિમાં જવું.

(૨) **અનૌપઘાતિક** - ઔપઘાતિક ન હોય તે. ઔપઘાતિક સ્થંડિલભૂમિ ૩ પ્રકારે છે -

(i) **આત્મૌપઘાતિક** - જ્યાં સ્થંડિલ જવાથી ગૃહસ્થ સાધુને માર-પીટ

કરે.

(ii) **પ્રવચનૌપઘાતિક** - જ્યાં સ્થંડિલ જવાથી શાસનની હીલના થાય.

(iii) **સંયમૌપઘાતિક** - જ્યાં સ્થંડિલ જવાથી સંયમવિરાધના થાય. તે આ રીતે - ગૃહસ્થો પોતાનું અગ્નિ વગેરેનું કાર્ય બીજે કરે કે વિષ્ટાને બીજે ફેંકે.

(૩) **સમ** - વિષમ (ઊંચીનીચી) ન હોય તે. વિષમસ્થંડિલભૂમિમાં જવાના દોષો -

(i) **આત્મવિરાધના** - સાધુ પડી જાય.

(ii) **સંયમવિરાધના** - સ્થંડિલ-માત્રુ રળીને છ કાયની વિરાધના કરે.

(૪) **અશુષિર** - પોલી ન હોય તે. પોલી = ઘાસ વગેરેથી ઢંકાયેલી. પોલી સ્થંડિલભૂમિમાં જવાના દોષો -

(i) **આત્મવિરાધના** - વીંછી, સાપ વગેરે કરડી જાય.

(ii) **સંયમવિરાધના** - ત્રસ, સ્થાવર જીવની વિરાધના થાય.

(૫) **અચિરકાલકૃત** - થોડા કાળ પહેલા અચિત્ત થયેલી હોય તે. ઘણા કાળ પહેલા અચિત્ત થયેલી સ્થંડિલભૂમિ ફરી સચિત્ત કે મિશ્ર થઈ જાય. એક ઋતુમાં અચિત્ત થયેલ સ્થંડિલભૂમિ બીજી ઋતુમાં સચિત્ત કે મિશ્ર થઈ જાય. જ્યાં એક ગામ એક ચોમાસુ વસ્યું હોય તે ભૂમિ ૧૨ વર્ષ સુધી અચિત્ત રહે, પછી સચિત્ત કે મિશ્ર થાય.

(૬) **વિસ્તીર્ણ** - મોટી હોય તે. તે ત્રણ પ્રકારે છે -

(i) **જઘન્ય** - ૧ હાથ લાંબી-પહોળી.

(ii) **ઉત્કૃષ્ટ** - ૧૨ યોજન લાંબી-પહોળી. ચક્રવર્તીની છાવણી જ્યાં રહી હોય તે ભૂમિ.

(iii) **મધ્યમ** - જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેની.

(૭) **દૂર અવગાઢ** - ગંભીર હોય તે. તે બે પ્રકારે છે -

(i) **જઘન્ય** - જે નીચે ૪ અંગુલ સુધી અચિત્ત હોય. તેમાં સ્થંડિલ વોસિરાવવું, માત્રુ નહીં.

(ii) **ઉત્કૃષ્ટ** - જે નીચે પાંચ કે તેથી વધુ અંગુલ સુધી અચિત્ત હોય.

(૮) **અનાસન્ન** - બગીચા વગેરેની નજીક ન હોય તે. સ્થંડિલની ઉતાવળ થઈ જાય ત્યાં સુધી ઉપાશ્રયમાં બેઠા ન રહેવું. સામાન્ય શંકા થાય એટલે ઉપાશ્રયમાંથી નીકળી જવું તે. આસન્ન બે પ્રકારે છે-

(i) **દ્રવ્યાસન્ન** - મંદિર, હવેલી, બગીચા, ખેતર, માર્ગ વગેરેની નજીક હોય તે. તેમાં જાય તો બે દોષ લાગે -

(a) **સંયમવિરાધના** - મંદિર વગેરેનો માલિક વિષ્ટાને બીજે ફેંકાવે. પછી તે જગ્યાને ધોવે - હાથ ધોવે.

(b) **આત્મવિરાધના** - મંદિર વગેરેનો માલિક માર-પીટ કરે.

(ii) **ભાવાસન્ન** - જ્યાં સુધી સ્થંડિલ આવે નહીં ત્યાં સુધી ઉપાશ્રયમાં બેઠો રહે. પછી ઉતાવળ થઈ જાય. તેમાં ત્રણ દોષ લાગે -

(a) **આત્મવિરાધના** - કોઈ ધૂતારો કંઈ બહાનું કાઢી ધર્મ પૂછે તો વેગને અટકાવે તો મરણ કે માંદગી થાય.

(b) **પ્રવચનવિરાધના** - વેગને ન અટકાવી શકે તો લોકોની સામે સ્થંડિલ કરવાથી શાસનની હિલના થાય.

(c) **સંયમવિરાધના** - નહીં જોયેલી જગ્યાએ સ્થંડિલ જવાથી સંયમ વિરાધના થાય.

(૯) **બિલરહિત** - જ્યાં બિલ ન હોય તે. બિલવાળી સ્થંડિલભૂમિમાં જવામાં બે દોષો લાગે -

(i) **સંયમવિરાધના** - બિલમાં રહેલ કીડી વગેરે મરી જાય.

(ii) **આત્મવિરાધના** - બિલમાં રહેલ સાપ વગેરે ડંખી જાય.

(૧૦) **ત્રસપ્રાણબીજરહિત** - જ્યાં ત્રસ-સ્થાવર જીવો ન હોય તે. ત્રસ-સ્થાવરવાળી સ્થંડિલભૂમિમાં જવામાં બે દોષો લાગે -

(i) **સંયમવિરાધના** - ત્રસ-સ્થાવર જીવો મરી જાય.

(ii) **આત્મવિરાધના** - ત્રસજીવો કરડી જાય, અણીદાર બી પગમાં વાગી જાય.

આ ૧૦ સ્થાનોથી વિપરીત આપાતસંલોક, ઔપઘાતિક વગેરે ૧૦ સ્થાનો છે.

તે ૧૦ સ્થાનોના અસંયોગી, બેસંયોગી વગેરે કુલ ભાંગા ૧,૦૨૩ થાય. તે આ પ્રમાણે -

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ÷ | ÷ | ÷ | ÷ | ÷ | ÷ | ÷ | ÷ | ÷ | × |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૧૦ × | ૯ × | ૮ × | ૭ × | ૬ × | ૫ × | ૪ × | ૩ × | ૨ × | ૧ |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| = | = | = | = | = | = | = | = | = | = |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| ૧ | ૧૦ | ૪૫ | ૧૨૦ | ૨૧૦ | ૨૫૨ | ૨૧૦ | ૧૨૦ | ૪૫ | ૧૦ |

(૧) અસંયોગી ભાંગા = ૧૦ × ૧ = ૧૦

(૨) બેસંયોગી ભાંગા = ૧૦ × ૯ ÷ ૨ = ૪૫

(૩) ત્રણસંયોગી ભાંગા = ૪૫ × ૮ ÷ ૩ = ૧૨૦

(૪) ચારસંયોગી ભાંગા = ૧૨૦ × ૭ ÷ ૪ = ૨૧૦

(૫) પાંચસંયોગી ભાંગા = ૨૧૦ × ૬ ÷ ૫ = ૨૫૨

(૬) છસંયોગી ભાંગા = ૨૫૨ × ૫ ÷ ૬ = ૨૧૦

(૭) સાતસંયોગી ભાંગા = ૨૧૦ × ૪ ÷ ૭ = ૧૨૦

(૮) આઠસંયોગી ભાંગા = ૧૨૦ × ૩ ÷ ૮ = ૪૫

(૯) નવસંયોગી ભાંગા = ૪૫ × ૨ ÷ ૯ = ૧૦
(૧૦) દસસંયોગી ભાંગા = ૧૦ × ૧ ÷ ૧૦ = ૧

| **સંયોગ** | **ભાંગા** |
|---|---|
| અસંયોગી | ૧૦ |
| બેસંયોગી | ૪૫ |
| ત્રણસંયોગી | ૧૨૦ |
| ચારસંયોગી | ૨૧૦ |
| પાંચસંયોગી | ૨૫૨ |
| છસંયોગી | ૨૧૦ |
| સાતસંયોગી | ૧૨૦ |
| આઠસંયોગી | ૪૫ |
| નવસંયોગી | ૧૦ |
| દસસંયોગી | ૧ |
| કુલ | ૧૦૨૩ |

આ ૧,૦૨૩ ભાંગા અશુદ્ધ છે. તેવી સ્થંડિલભૂમિમાં ન જવું.

પૂર્વે કહેલ અનાપાતઅસંલોક વગેરે ૧૦ સ્થાનોવાળો ભાંગો તે ૧,૦૨૪ મો ભાંગો છે. તે શુદ્ધ છે. તેવી સ્થંડિલભૂમિમાં જવું.

●●●

+ વાસનાઓનું બલિદાન વૈરાગ્યથી થઈ શકે છે, જ્યારે ઇચ્છાઓનું બલિદાન અહંત્વના ત્યાગથી થાય છે.

+ ગીતાર્થના વચનથી હળાહળ ઝેર પીવું પણ અગીતાર્થના વચનથી અમૃતનું પાન ન કરવું.

# દ્વાર ૯૨મું - ૧૪ પૂર્વોના નામો અને પદસંખ્યા

| ક્ર. | પૂર્વનું નામ | વ્યાખ્યા | પદસંખ્યા |
|---|---|---|---|
| ૧ | ઉત્પાદ | તેમાં ઉત્પત્તિને આશ્રયીને બધા દ્રવ્યો-પર્યાયોની પ્રરૂપણા કરેલી છે. | ૧૧ કરોડ |
| ૨ | અગ્રાયણીય | તેમાં બધા દ્રવ્યો-પર્યાયો અને જીવોનું પરિમાણ કહ્યું છે. | ૯૬ લાખ |
| ૩ | વીર્યપ્રવાદ | તેમાં બધા જીવો-અજીવોનું વીર્ય કહ્યું છે. | ૭૦ લાખ |
| ૪ | અસ્તિનાસ્તિપ્રવાદ | તેમાં લોકમાં રહેલા ધર્માસ્તિકાય વગેરે અને નહીં રહેલા ગધેડાના સીંગડા વગેરે કહેવાય છે. અથવા તેમાં સ્યાદ્વાદની અપેક્ષાએ બધી વસ્તુઓ પોતાના સ્વરૂપથી છે અને બીજાના સ્વરૂપથી નથી એમ કહેવાય છે. | ૬૦ લાખ |
| ૫ | જ્ઞાનપ્રવાદ | તેમાં પાંચ જ્ઞાનના સ્વરૂપ, ભેદ-પ્રભેદ વગેરે કહેવાય છે. | ૧ કરોડ–૧ |
| ૬ | સત્યપ્રવાદ | તેમાં સંયમ કે સત્યવચન ભેદ અને પ્રતિપક્ષ સહિત કહેવાય છે. | ૧ કરોડ + ૬ |
| ૭ | આત્મપ્રવાદ | તેમાં અનેક નયોથી જીવની પ્રરૂપણા કરાય છે. | ૩૬ કરોડ |
| ૮ | સમયપ્રવાદ મતાંતરે કર્મપ્રવાદ | તેમાં કર્મનાં સ્વરૂપ, ભેદ-પ્રભેદ વગેરે કહેવાય છે. | ૧ કરોડ + ૮૦ લાખ |
| ૯ | પ્રત્યાખ્યાનપ્રવાદ | તેમાં બધા પચ્ચક્ખાણોના સ્વરૂપ અને ભેદ કહેવાય છે. | ૮૪ લાખ |
| ૧૦ | વિદ્યાપ્રવાદ | તેમાં અનેક પ્રકારના વિદ્યાતિશયોના સાધના અને સિદ્ધિ કહ્યા છે. | ૧૧ કરોડ + ૧૫ હજાર |

| ક્ર. | પૂર્વનું નામ | વ્યાખ્યા | પદસંખ્યા |
|---|---|---|---|
| ૧૧ | અવંધ્ય<br>મતાંતરે<br>કલ્યાણ | તેમાં બધા જ્ઞાન, તપ વગેરે સંયોગોનું શુભ ફળ કહેવાય છે અને પ્રમાદ વગેરેનું અશુભ ફળ કહેવાય છે. | ૨૬ કરોડ |
| ૧૨ | પ્રાણાયુ | તેમાં જીવોનું કે પ્રાણોનું અને આયુષ્યનું અનેક રીતે વર્ણન કરાય છે. | ૧ કરોડ<br>૫૬ લાખ |
| ૧૩ | ક્રિયાવિશાલ | તેમાં કાયિકી વગેરે ક્રિયાઓ વિસ્તારથી કહેવાય છે. | ૯ કરોડ |
| ૧૪ | લોકબિંદુસાર | તે બધી અક્ષરરચનાઓનું જ્ઞાન કરાવનાર સર્વાક્ષરસન્નિપાતલબ્ધિનું કારણ છે. તેથી લોકમાં કે શ્રુતમાં અક્ષર પર રહેલા બિંદુની જેમ સર્વેત્તમ છે. | ૧૨ કરોડ<br>૫૦ લાખ |

+ ઉપર બતાવેલ પદસંખ્યા કરતા **સમવાયાંગની ટીકા**માં બતાવેલ પદસંખ્યામાં થોડો ફરક છે.

+ તીર્થંકરોએ ગણધરોને પહેલા પૂર્વોમાં રહેલ સૂત્રોનો અર્થ કહ્યો હતો. તેથી તેમને પૂર્વ કહેવાય છે. ગણધરોએ આચારાંગ વગેરે ક્રમે શ્રુતની રચના અને સ્થાપના કરી.

મતાંતર - ગણધરોએ પહેલા પૂર્વોની રચના કરી અને પછી આચારાંગ વગેરેની રચના કરી. તેથી પૂર્વોને પૂર્વ કહેવાય છે. તેમણે શ્રુતની સ્થાપના આચારાંગ વગેરે ક્રમે કરી.

## ૧૧ અંગોની પદસંખ્યા

| ક્ર. | અંગનું નામ | પદસંખ્યા |
|---|---|---|
| ૧ | આચારાંગ | ૧૮,૦૦૦ |
| ૨ | સૂત્રકૃતાંગ | ૩૬,૦૦૦ |
| ૩ | સ્થાનાંગ | ૭૨,૦૦૦ |

| ક્ર. | અંગનું નામ | પદસંખ્યા |
|---|---|---|
| ૪ | સમવાયાંગ | ૧,૪૪,૦૦૦ |
| ૫ | વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ | ૨,૮૮,૦૦૦ |
| ૬ | જ્ઞાતાધર્મકથા | ૫,૭૬,૦૦૦ |
| ૭ | ઉપાસકદશાંગ | ૧૧,૫૨,૦૦૦ |
| ૮ | અંતકૃદ્દશાંગ | ૨૩,૦૪,૦૦૦ |
| ૯ | અનુત્તરૌપપાતિકદશાંગ | ૪૬,૦૮,૦૦૦ |
| ૧૦ | પ્રશ્નવ્યાકરણ | ૯૨,૧૬,૦૦૦ |
| ૧૧ | વિપાકસૂત્ર | ૧,૮૪,૩૨,૦૦૦ |

**પ્રશ્ન** - પૂર્વોમાં બધું કહ્યું છે તો અંગ શાસ્ત્રો અને અંગબાહ્ય શાસ્ત્રોની રચના કેમ કરી ?

**જવાબ** - પૂર્વો ગંભીર અર્થવાળા છે. તેથી અલ્પબુદ્ધિવાળા જીવો તે ભણી શકતા નથી. સ્ત્રીઓને પૂર્વો ભણવાનો અધિકાર નથી. માટે અલ્પબુદ્ધિવાળા જીવો અને સ્ત્રીઓ માટે અંગશાસ્ત્રો અને અંગબાહ્ય-શાસ્ત્રોની રચના કરી.

●●●

+ તપ કરવાની, ત્યાગ કરવાની, સ્વાધ્યાય કરવાની, પ્રતિક્રમણ આદિ કરવાની, હિંસાદિનો ત્યાગ કરવાની વગેરે અનેક આજ્ઞાઓ તીર્થંકર-ભગવાનની જ છે. પણ આ બધા કરતા પણ શ્રેષ્ઠ સર્વથી પ્રથમકક્ષાની આજ્ઞા તો ગુરુકુળવાસમાં રહેવાની છે, ગુરુકુળવાસને નહીં છોડવાની છે.

# દ્વાર ૯૩મું - ૫ પ્રકારના નિર્ગ્રંથો

**ગ્રન્થ** = કષાયોને વશ થયેલો આત્મા જે બાંધે તે ગ્રન્થ = ગાંઠ.

અથવા, જે આત્માને કર્મોની સાથે બાંધે તે ગ્રન્થ = ગાંઠ.

તે બે પ્રકારે છે -

(૧) **અભ્યંતરગ્રન્થ** - અંદરની ગાંઠ. તે ૧૪ પ્રકારે છે -

(૧) **મિથ્યાત્વ** - તત્ત્વરૂપ પદાર્થોની શ્રદ્ધા ન કરવી તે.

(૨) **પુરુષવેદ** - સ્ત્રીના ભોગની ઇચ્છા થવી તે.

(૩) **સ્ત્રીવેદ** - પુરુષના ભોગની ઇચ્છા થવી તે.

(૪) **નપુંસકવેદ** - પુરુષ-સ્ત્રી બન્નેના ભોગની ઇચ્છા થવી તે.

(૫) **હાસ્ય** - આશ્ચર્ય વગેરે થાય ત્યારે મુખને વિકસિત કરવું તે.

(૬) **રતિ** - અસંયમમાં પ્રીતિ થવી તે.

(૭) **અરતિ** - સંયમમાં અપ્રીતિ થવી તે.

(૮) **ભય** - ડરવું તે. તે ઇહલોકભય વગેરે ૭ પ્રકારે છે.

(૯) **શોક** - ઇષ્ટનો વિયોગ થવાથી માનસિક દુઃખ થવું તે.

(૧૦) **જુગુપ્સા** - સ્નાન ન કરવું વગેરેના કારણે મલિન શરીરવાળા મુનિની હીલના કરવી તે.

(૧૧) **ક્રોધ** - અપ્રીતિ, અરુચિ થવી તે.

(૧૨) **માન** - પોતાની બડાઈ કરવી અને બીજાની હલકાઈ કરવી તે.

(૧૩) **માયા** - અંદરનો ભાવ છુપાવી બહારથી જુદુ બતાવવું તે.

(૧૪) **લોભ** - તે બે પ્રકારે છે -

(i) તૃષ્ણા - ન હોય તે મેળવવાની ઇચ્છા થવી તે.

(ii) આસક્તિ - હોય તે છોડવાની ઇચ્છા ન થવી તે.

(૨) **બાહ્યગ્રન્થ** - બહારની ગાંઠ. તે ૧૦ પ્રકારે છે -

(૧) **ક્ષેત્ર** - તે બે પ્રકારે છે -

(i) સેતુ - વરસાદના પાણીથી જેમાં અનાજ પાકે તે.

(ii) કેતુ - કુવા વગેરેના પાણીથી જેમાં અનાજ પાકે તે.

(૨) **વાસ્તુ** - ઘર વગેરે.

(૩) **ધનધાન્યના ઢગલા** - ધન - સોનું, ચાંદી વગેરે. ધાન્ય - ડાંગર વગેરે અનાજ.

(૪) **મિત્રો અને સ્વજનોનો સંબંધ** - મિત્ર - સાથે ઉછરેલા, સ્વજન - માતા, પિતા વગેરે.

(૫) **યાન** - પાલખી વગેરે વાહન.

(૬) **શયન** - પલંગ વગેરે.

(૭) **આસન** - સિંહાસન વગેરે.

(૮) **દાસ** - નોકર.

(૯) **દાસી** - નોકરાણી.

(૧૦) **કુપ્ય** - વાસણ વગેરે ઘરવખરી.

**નિર્ગ્રન્થ** - આ બન્ને પ્રકારના ગ્રન્થમાંથી નીકળી ગયેલા સાધુ તે નિર્ગ્રન્થ. તે પાંચ પ્રકારના છે -

(૧) **પુલાક** - પુલાક = ચોખાના કણ વિનાનું, ફોતરા જેવું, સાર વિનાનું અનાજ. તપ અને શ્રુતથી ઉત્પન્ન થયેલી, સંઘ વગેરેનું કાર્ય આવે ત્યારે બળ અને વાહન સહિત ચક્રવર્તી વગેરેને પણ ચૂરવા માટે સમર્થ એવી લબ્ધિનો ઉપયોગ કરવાથી કે જ્ઞાન વગેરેના અતિચારોનું આસેવન કરવાથી બધો સંયમનો સાર નીકળી જવાથી

જે સાધુનું ચારિત્ર પુલાકની જેમ સાર વિનાનું થાય તે પુલાક છે. તે બે પ્રકારે છે -

(i) **લબ્ધિપુલાક** - તે દેવેન્દ્રની સમાન સમૃદ્ધિવાળો અને વિશેષ પ્રકારની લબ્ધિવાળો હોય છે. તે લબ્ધિથી તે સંઘ વગેરેનું કાર્ય આવે ત્યારે ચક્રવર્તીને પણ સૈન્ય સહિત ચૂરી નાંખે છે. મતાંતરે આસેવાપુલાકમાં જે જ્ઞાનપુલાક છે તેને જ આવી લબ્ધિ હોય, માટે તે જ લબ્ધિપુલાક છે.

(ii) **આસેવાપુલાક** - તે જ્ઞાન વગરેના અતિચારોને સેવે છે. તે ૫ પ્રકારે છે -

(a) **જ્ઞાનપુલાક** - સ્ખલિત, મિલિત વગેરે જ્ઞાનના અતિચારોને સેવે તે.

સ્ખલિત = સૂત્રો વગેરેમાં સ્ખલના થવી તે.

મિલિત = સૂત્રો વગેરે ભેગા થવા તે.

(b) **દર્શનપુલાક** - મિથ્યાદષ્ટિનો પરિચય વગેરે દર્શનના અતિચારોને સેવે તે.

(c) **ચારિત્રપુલાક** - મૂલગુણ અને ઉત્તરગુણના અતિચારો વડે ચારિત્રની વિરાધના કરે તે.

(d) **લિંગપુલાક** - શાસ્ત્રમાં કહેલા લિંગથી વધુ ઉપકરણો રાખવા કે કારણ વિના અન્ય લિંગને ધારણ કરવો તે. લિંગ = સાધુવેષ.

(e) **યથાસૂક્ષ્મપુલાક** - કંઈક પ્રમાદ કરનાર કે મનથી અકલ્પ્ય ગ્રહણ કરનાર તે. મતાંતરે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને લિંગ એ ચારેની થોડી થોડી વિરાધના કરે તે યથાસૂક્ષ્મપુલાક.

(૨) **બકુશ** - અતિચારવાળા કાબરચીતરા ચારિત્રવાળો સાધુ તે બકુશ. તેઓ ઘણા વસ્ત્ર-પાત્રા વગેરે મળવારૂપ લબ્ધિ અને ખ્યાતિને ઇચ્છે છે, સુખશીલીયા હોય છે, દિનચર્યાનું પાલન કરવામાં બહુ તત્પર

નથી હોતા, સમુદ્રફીણ વગેરેથી જાંઘને ઘસનારા - તેલ વગેરેથી શરીરે માલીશ કરનારા - કાતરથી વાળ કાપનારા એવા પરિવારવાળા હોય છે અને સર્વછેદ કે દેશછેદને યોગ્ય અતિચારને લીધે કાબરચીતરા ચારિત્રવાળા હોય છે. તેઓ બે પ્રકારે છે -

(i) **ઉપકરણબકુશ** - અકાળે ચોલપટ્ટો - કપડો વગેરે વસ્ત્રો ધુવે, ચોખા વસ્ત્રો ગમે, પાત્રા-દાંડા વગેરેને વિભૂષા માટે તેલથી ઉજ્જવળ કરે તે.

(ii) **શરીરબકુશ** - ગાઢ કારણ વિના શરીરની વિભૂષા માટે હાથ, પગ, મોઢુ ધુવે, આંખ-કાન-નાક વગેરે અવયવોમાંથી મેલ કાઢે, દાંત સાફ કરે, વાળ ઓળે તે.

બન્ને પ્રકારના બકુશ સામાન્યથી પાંચ પ્રકારના છે -

(a) **આભોગબકુશ** - 'શરીર અને ઉપકરણોની વિભૂષા કરવી એ સાધુ માટે અકાર્ય છે.' એમ જાણવા છતાં વિભૂષા કરે તે.

(b) **અનાભોગબકુશ** - શરીર અને ઉપકરણોની વિભૂષા અજાણતા એકાએક કરે તે.

(c) **સંવૃતબકુશ** - છૂપી રીતે વિભૂષા કરે તે. અથવા મૂળગુણમાં દોષ લગાડે તે.

(d) **અસંવૃતબકુશ** - પ્રગટ રીતે વિભૂષા કરે તે. અથવા ઉત્તરગુણમાં દોષ લગાડે તે.

(e) **સૂક્ષ્મબકુશ** - કંઈક પ્રમાદી, આંખનો મેલ દૂર કરે તે.

(૩) **કુશીલ** - મૂળગુણ - ઉત્તરગુણની વિરાધનાને લીધે કે સંજ્વલન-કષાયોના ઉદયને લીધે ખરાબ ચારિત્રવાળા હોય તે કુશીલ. તે બે પ્રકારે છે -

(i) **આસેવનાકુશીલ** - સંયમની વિરાધનાને લીધે ખરાબ ચારિત્રવાળો

હોય તે. તે પાંચ પ્રકારે છે -

(a) **જ્ઞાનપ્રતિસેવનાકુશીલ** - જ્ઞાનથી આજીવિકા ચલાવે તે.

(b) **દર્શનપ્રતિસેવનાકુશીલ** - દર્શનથી આજીવિકા ચલાવે તે.

(c) **ચારિત્રપ્રતિસેવનાકુશીલ** - ચારિત્રથી આજીવિકા ચલાવે તે.

(d) **તપપ્રતિસેવનાકુશીલ** - તપથી આજીવિકા ચલાવે તે.
મતાંતરે **લિંગપ્રતિસેવનાકુશીલ** - લિંગથી આજીવિકા ચલાવે તે.

(e) **સૂક્ષ્મપ્રતિસેવનાકુશીલ** - પોતાની પ્રશંસાથી ખુશ થાય તે.

(ii) **કષાયકુશીલ** - સંજ્વલન કષાયોના ઉદયને લીધે ખરાબ ચારિત્ર-વાળો હોય તે. તે પાંચ પ્રકારે છે -

(a) **જ્ઞાનકષાયકુશીલ** - સંજ્વલન કષાયોના ઉપયોગમાં જે ભણવા વગેરેની પ્રવૃત્તિ કરે કે જ્ઞાનની વિરાધના કરે તે.

(b) **દર્શનકષાયકુશીલ** - સંજ્વલન કષાયોના ઉપયોગમાં જે સમ્યક્ત્વ સંબંધી પ્રવૃત્તિ કરે કે સમ્યક્ત્વની વિરાધના કરે તે.

(c) **ચારિત્રકષાયકુશીલ** - સંજ્વલન કષાયના ઉપયોગમાં જે બીજાને શાપ આપે કે ચારિત્રની વિરાધના કરે તે.

(d) **તપકષાયકુશીલ** - સંજ્વલન કષાયોના ઉપયોગમાં જે તપ કરે કે તપની વિરાધના કરે તે.

(e) **સૂક્ષ્મકષાયકુશીલ** - મનથી કષાયો કરે તે.

(૪) **નિર્ગ્રન્થ** - મોહનીયકર્મરૂપી ગ્રન્થમાંથી નીકળી ગયા હોય તે. તે બે પ્રકારે છે -

(i) **ઉપશાંતમોહ** - જેણે મોહને ઉપશાંત કર્યો હોય એટલે કે સંક્રમકરણ, ઉદ્વર્તનાકરણ વગેરેને અયોગ્ય કર્યો હોય તે. તે પાંચ પ્રકારે છે -

(a) **પ્રથમસમયનિર્ગ્રન્થ** - ૧૧મા ગુણઠાણાના પહેલા સમયે રહેલો હોય તે.

(b) **અપ્રથમસમયનિર્ગ્રન્થ** - ૧૧મા ગુણઠાણાના પહેલા સમય સિવાયના સમયોમાં રહેલો હોય તે.

(c) **ચરમસમયનિર્ગ્રન્થ** - ૧૧મા ગુણઠાણાના છેલ્લા સમયે રહેલો હોય તે.

(d) **અચરમસમયનિર્ગ્રન્થ** - ૧૧મા ગુણઠાણાના છેલ્લા સમય સિવાયના સમયોમાં રહેલો હોય તે.

(e) **યથાસૂક્ષ્મનિર્ગ્રન્થ** - સામાન્યથી ૧૧મા ગુણઠાણાના બધા સમયોમાં રહેલો હોય તે.

(ii) **ક્ષીણમોહ** - જેણે મોહનો ક્ષય કર્યો હોય તે. તે પાંચ પ્રકારે છે -

(a) **પ્રથમસમયનિર્ગ્રન્થ** - ૧૨મા ગુણઠાણાના પહેલા સમયે રહેલો હોય તે.

(b) **અપ્રથમસમયનિર્ગ્રન્થ** - ૧૨મા ગુણઠાણાના પહેલા સમય સિવાયના સમયોમાં રહેલો હોય તે.

(c) **ચરમસમયનિર્ગ્રન્થ** - ૧૨મા ગુણઠાણાના છેલ્લા સમયે રહેલો હોય તે.

(d) **અચરમસમયનિર્ગ્રન્થ** - ૧૨મા ગુણઠાણાના છેલ્લા સમય સિવાયના સમયોમાં રહેલો હોય તે.

(e) **યથાસૂક્ષ્મનિર્ગ્રન્થ** - સામાન્યથી ૧૨મા ગુણઠાણાના બધા સમયોમાં રહેલો હોય તે.

| ગુણઠાણુ | એકસમયે પ્રવેશેલા જીવો | | વિવિધ સમયે પ્રવેશેલા જીવો | |
|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| ૧૧મુ | હોય કે ન હોય, હોય તો ૧ વગેરે | ૫૪ | હોય કે ન હોય, હોય તો ૧ વગેરે | સંખ્યાતા |
| ૧૨મુ | હોય કે ન હોય, હોય તો ૧ વગેરે | ૧૦૮ | હોય કે ન હોય, હોય તો ૧ વગેરે | શતપૃથક્ત્વ |

| શ્રેણિ | ઉત્કૃષ્ટ અંતર |
|---|---|
| ઉપશમશ્રેણિ | વર્ષપૃથક્ત્વ |
| ક્ષપકશ્રેણિ | ૬ માસ |

(૫) **સ્નાતક** - શુક્લધ્યાનરૂપી પાણીથી ઘાતીકર્મોરૂપી મેલને ધોઈ નાખવાથી નિર્મળ થયેલ સાધુ તે સ્નાતક એટલે કે કેવળી. તે બે પ્રકારે છે -

(i) **સયોગી** - મનોયોગ, વચનયોગ અને કાયયોગ- આ ત્રણ યોગ-વાળા હોય તે.

(ii) **અયોગી** - યોગ વિનાના હોય તે.

● **૫ નિર્ગ્રન્થોની પ્રતિસેવના** - પ્રતિસેવના = વિરાધના

| નિર્ગ્રન્થ | પ્રતિસેવના |
|---|---|
| પુલાક, આસેવનાકુશીલ | મૂળગુણની, ઉત્તરગુણની[1] |
| બકુશ | ઉત્તરગુણની |
| કષાયકુશીલ, નિર્ગ્રન્થ, સ્નાતક | ન હોય. |

● પુલાક વગેરે મૂળગુણ કે ઉત્તરગુણના વિરાધક હોવા છતાં તેમને નિર્ગ્રન્થ કહ્યા છે તેનું કારણ એ છે કે સંયમસ્થાનો અસંખ્ય છે.

● પુલાક વગેરે પાંચે નિર્ગ્રન્થોના દરેકના ચારિત્રપર્યાયો અનંતા છે.

● જંબૂસ્વામી પછી પુલાક, નિર્ગ્રન્થ અને સ્નાતકનો વિચ્છેદ થયો છે. બકુશ અને કુશીલ સાધુઓ જ્યાંસુધી તીર્થ રહેશે ત્યાંસુધી રહેશે.

●●●

---

૧. **તત્ત્વાર્થભાષ્યનો** મત - પુલાક મૂળગુણોની પ્રતિસેવના કરે. મતાંતરે પુલાક મૈથુનવિરતિમહાવ્રતની જ પ્રતિસેવના કરે. આસેવનાકુશીલ ઉત્તર-ગુણોની પ્રતિસેવના કરે.

# દ્વાર ૯૪મું - પાંચ પ્રકારના શ્રમણ

(૧) **નિર્ગ્રન્થ** - જૈનસાધુઓ.

(૨) **શાક્ય** - બૌદ્ધસાધુઓ.

(૩) **તાપસ** - વનમાં રહેનારા જટાધારી સંન્યાસીઓ.

(૪) **ગૈરુક** - ધાતુથી રંગાયેલા વસ્ત્રવાળા ત્રિદંડિક પરિવ્રાજકો.

(૫) **આજીવક** - ગોશાળાના મતને અનુસરનારા સાધુઓ.

●●●

+ પારધી દાણા નાખે છે. તેની ઉપર અત્યંત ઝીણા દોરાવાળી જાળ બિછાવી દે છે. આકાશમાં ઊડતા પંખીઓને દાણા દેખાય છે, અતિસૂક્ષ્મ એવી જાળ દેખાતી નથી. તેથી તે દાણા ચરવા તેઓ ઊતરે છે. પક્ષીઓની મોટી સંખ્યા ભેગી થતા પારધી જાળ ઉઠાવે છે. બધા જ પક્ષીઓ અંદર જકડાઈ જાય છે. આગળ જતા છેદન-ભેદન અને મરણની પીડાઓ પ્રાપ્ત કરે છે.

મોહરાજાએ વિષયોરૂપી દાણા નાખ્યા છે અને અતિસૂક્ષ્મ કર્મની જાળ બિછાવી છે. અજ્ઞાની સંસારી જીવોને અર્થ-કામ-સાંસારિક સુખો, સત્તા, યશ બધું દેખાય છે, પણ પાછળ થતો કર્મબંધ દેખાતો નથી. સુખાદિના ઉપભોગમાં એકાગ્ર થતો જીવ કર્મની જાળમાં જકડાય છે. પછી જન્મ-મરણ-રોગ-શોક-વ્યાધિ-ઉપાધિ વગેરે અનેક પીડાઓ સહન કરવી પડે છે, તેમાંથી છૂટી શકાતું નથી.

+ પાપની રાજધાની મન છે. એને પહેલા જીતી લો. વચન-કાયા આપોઆપ જીતાઈ ગયા જ સામજો.

# દ્વાર ૯૫મું - ગ્રાસૈષણાના પાંચ દોષો

ગ્રાસ = ભોજન, તેની એષણા = શુદ્ધ-અશુદ્ધની વિચારણા તે ગ્રાસૈષણા. તેના પાંચ દોષો છે -

(૧) **સંયોજના** - ઉત્કૃષ્ટતા લાવવા એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે ભેગુ કરવું તે. તે બે પ્રકારે છે -

(i) **ઉપકરણસંબંધી** - તે બે પ્રકારે છે -

(a) **બાહ્ય** - સારો ચોલપટ્ટો મળ્યા પછી વિભૂષા માટે તેને ઉચિત સારો કપડો વગેરે બીજેથી માંગીને વસતિની બહાર જ પહેરવા તે.

(b) **અભ્યંતર** - વસતિમાં સારો ચોલપટ્ટો વગેરે પહેરીને વિભૂષા માટે સારો કપડો વગેરે પહેરવો તે.

(ii) **ભક્તપાનસંબંધી** - તે બે પ્રકારે છે -

(a) **બાહ્ય** - ગોચરીમાં ફરતા દૂધ વગેરેમાં રસની આસક્તિથી સ્વાદિષ્ટ બનાવવા સાકર વગેરે ભેળવવી તે.

(b) **અભ્યંતર** - વસતિમાં આવીને ભોજન વખતે કરાતી સંયોજના. તે ત્રણ પ્રકારે છે -

(I) **પાત્રાસંબંધી** - ભોજન વખતે દૂધ વગેરેમાં રસની આસક્તિથી સાકર વગેરેને પાત્રામાં ભેગા કરવા તે.

(II) **કવલસંબંધી** - હાથમાં કોળિયા રૂપે ઉપાડેલ સુખડી વગેરેમાં સાકર વગેરેને ભેગા કરવા તે.

(III) **મુખસંબંધી** - ખાખરા વગેરેને મુખમાં નાંખીને પછી ગોળ વગેરે નાંખવા તે.

**અપવાદ** - (૧) ઘણું ઘી વગેરે વધ્યું હોય તો તેને ખપાવવા માટે સાકર વગેરેની સાથે ભેગુ કરવામાં દોષ નથી.

(૨) રોગીને સાજો કરવા માટે સંયોજના કરવી કલ્પે.

(૩) ભોજનની અરુચિવાળા માટે સંયોજના કરવી કલ્પે.

(૪) સારા આહારથી પોષાયેલા, સુખમાં ઉછરેલા રાજપુત્ર વગેરે માટે સંયોજના કરવી કલ્પે.

(૫) સાધુને ઉચિત એવા સંયોજના વિનાના આહારથી બરાબર ભાવિત નહીં થયેલાને સંયોજના કરવી કલ્પે.

(૬) નૂતન દીક્ષિત માટે રસની આસક્તિથી પણ સંયોજના કરવી કલ્પે.

(૨) **પ્રમાણ** - પ્રમાણથી વધુ વાપરવું તે.

| | **પુરુષ** | **સ્ત્રી** | **નપુંસક** |
|---|---|---|---|
| **આહારનું પ્રમાણ** | ૩૨ કોળિયા | ૨૮ કોળિયા | ૨૪ કોળિયા |

૧ કોળિયાનું પ્રમાણ = કુકડીના ઇંડા જેટલું. કુકડી અને ઇંડા બે પ્રકારે છે -

(i) **દ્રવ્યકુકડી** - સાધુનું શરીર. તેનું મુખ તે ઇંડુ.

આંખ, લમણા, હોઠ, ભ્રમરને વિકૃત કર્યા વિના જે કોળિયો મુખમાં પ્રવેશે તે કોળિયાનું પ્રમાણ છે.

અથવા, દ્રવ્યકુકડી = પક્ષિણી. તેના ઇંડા જેટલું કોળિયાનું પ્રમાણ છે.

(ii) **ભાવકુકડી** - જેટલા આહારથી પેટ ન્યૂન કે અધિક ન ભરાય, વિશિષ્ટ ધૃતિ થાય અને જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ થાય તેટલો આહાર તે ભાવકુકડી. તેનો ૩૨મો ભાગ તે ઇંડુ. તેટલું કોળિયાનું પ્રમાણ છે.

- ઘણીવાર અને ઘણું ભોજન કરવાથી ભોજનનું અજીર્ણ થાય. તેથી

ઝાડા-ઊલટી થાય કે મરણ થાય.

(૩) **અંગાર** - સારા ભોજન કે દાતાની પ્રશંસા કરતા કરતા રાગપૂર્વક વાપરવાથી ચારિત્રને અંગારા જેવું કરવું તે.

અંગારા બે પ્રકારે છે -

(i) **દ્રવ્યથી** - અગ્નિમાં બળેલ ખેર વગેરે વનસ્પતિ તે દ્રવ્યથી અંગારા છે.

*(ii)* ***ભાવથી*** - *રાગરૂપી અગ્નિથી બળેલ ચારિત્રરૂપી ઈંધન તે ભાવથી* અંગારો છે.

(૪) **ધૂમ** - ખરાબ ભોજન કે દાતાની નિંદા કરતા કરતા દ્વેષપૂર્વક વાપરવાથી ચારિત્રને ધૂમાડાવાળુ (કલુષિત) કરવું તે.

ધૂમાડો બે પ્રકારે છે -

(i) **દ્રવ્યથી** - અડધા બળેલા લાકડાનો ધૂમાડો તે દ્રવ્યથી ધૂમાડો છે.

(ii) **ભાવથી** - દ્વેષરૂપી અગ્નિથી બળતા ચારિત્રરૂપી ઈંધનનો નિંદારૂપ કલુષિત ભાવ તે ભાવથી ધૂમાડો છે.

(૫) **કારણ** - કારણ વિના ભોજન કરવું તે. વેદના વગેરે છ કારણો હોય તો ભોજન કરવું અને આતંક વગેરે છ કારણો હોય તો ભોજન ન કરવું. વેદના વગેરે છ કારણો -

(૧) ભૂખ શમાવવા વાપરવું.

(૨) વૈયાવચ્ચ કરવા માટે વાપરવું.

(૩) ઈર્યાસમિતિનું પાલન કરવા માટે વાપરવું.

(૪) સંયમના યોગોનું પાલન કરવા માટે વાપરવું.

(૫) જીવન ટકાવવા વાપરવું.

(૬) ધર્મધ્યાન અને સ્વાધ્યાય કરવા માટે વાપરવું.

આતંક વગેરે છ કારણો -

(૧) તાવ વગેરે રોગ આવે ત્યારે ન વાપરવું.

(૨) દેવો-મનુષ્યો-તિર્યંચોએ કરેલા ઉપસર્ગને સહન કરવા માટે ન વાપરવું. ઉપસર્ગો બે પ્રકારના છે -

(i) **અનુકૂળ ઉપસર્ગ** - સ્વજનો વગેરે સ્નેહથી દીક્ષા છોડાવવા આવે તે. ત્યારે સાધુ ઉપવાસ કરે તો તેનો નિશ્ચય જાણીને કે તેના મરણ વગેરેના ભયથી સ્વજનો તેમને છોડી દે.

(ii) **પ્રતિકૂળ ઉપસર્ગ** - રાજા વગેરે ગુસ્સે થઈને ઉપસર્ગ કરે તે. ત્યારે સાધુ ઉપવાસ કરે તો રાજા વગેરેને પણ દયા આવે અને છોડી દે.

(૩) બ્રહ્મચર્યની રક્ષા માટે ન વાપરવું. ઉપવાસ કરવાથી કામ દૂર થાય છે.

(૪) જીવોની રક્ષા માટે ન વાપરવું. વરસાદ પડતો હોય, બરફ પડતો હોય, સચિત્ત ધૂળ ઊડતી હોય, ભૂમિ પર ઘણા દેડકા-મસી-કુંથુવા વગેરે જીવોની ઉત્પત્તિ થઈ ગઈ હોય તો ભિક્ષા માટે ન જાય અને ન વાપરે.

(૫) તપ કરવા માટે ન વાપરવું.

(૬) શિષ્યોને તૈયાર કરવા વગેરે બધા કર્તવ્યો પૂરા થયા પછી છેલ્લી ઉંમરમાં સંલેખના કરીને જીવનપર્યંતનું અનશન કરવા ભોજનનો ત્યાગ કરવો.

●●●

+ હે આત્મન્ ! તને તારો જ ભય છે. બીજા નિમિત્તોથી તું ભયભીત બને છે, એ તારી ભ્રમણા છે. તારો આત્મા ખોટા માર્ગમાં ચાલ્યો જાય એ જ મોટો ભય છે.

# દ્વાર ૯૬મું - ૭ પ્રકારની પિંડૈષણા અને ૭ પ્રકારની પાનૈષણા

પિંડ = ભોજન. તેની એષણા = લેવાની રીત તે પિંડૈષણા. તે ૭ પ્રકારે છે -

(૧) **અસંસૃષ્ટ** - નહીં ખરડાયેલા હાથ અને નહીં ખરડાયેલા વાસણથી ભિક્ષા ગ્રહણ કરવી તે. તેમાં વાસણમાં થોડું રાખીને વહોરવું. બધુ વહોરવાથી પશ્ચાત્કર્મનો દોષ લાગે.

(૨) **સંસૃષ્ટ** - ખરડાયેલા હાથ અને ખરડાયેલા વાસણથી ભિક્ષા ગ્રહણ કરવી તે. અહીં ૮ ભાંગા છે -

| ક્ર. | હાથ | વાસણ | દ્રવ્ય |
|---|---|---|---|
| ૧ | અસંસૃષ્ટ | અસંસૃષ્ટ | નિરવશેષ |
| ૨ | અસંસૃષ્ટ | અસંસૃષ્ટ | સાવશેષ |
| ૩ | અસંસૃષ્ટ | સંસૃષ્ટ | નિરવશેષ |
| ૪ | અસંસૃષ્ટ | સંસૃષ્ટ | સાવશેષ |
| ૫ | સંસૃષ્ટ | અસંસૃષ્ટ | નિરવશેષ |
| ૬ | સંસૃષ્ટ | અસંસૃષ્ટ | સાવશેષ |
| ૭ | સંસૃષ્ટ | સંસૃષ્ટ | નિરવશેષ |
| ૮ | સંસૃષ્ટ | સંસૃષ્ટ | સાવશેષ |

સંસૃષ્ટ = ખરડાયેલ, અસંસૃષ્ટ = નહીં ખરડાયેલ

નિરવશેષ = બધુ, સાવશેષ = વાસણમાં રાખી થોડું લેવું.

૮મો ભાંગો ગચ્છમાંથી નીકળેલા અને ગચ્છમાં રહેલા - એમ બધા સાધુઓ માટે કલ્પ્ય છે. ગચ્છમાં રહેલા સાધુઓ માટે સૂત્રાર્થની હાનિ વગેરે કારણે બાકીના ભાંગા પણ કલ્પ્ય છે.

(૩) **ઉદ્ધૃતા** - મૂળ તપેલા વગેરેમાંથી ભોજન પોતાની માટે કમંડલ વગેરેમાં કાઢેલું હોય તે ગ્રહણ કરવું તે.

(૪) **અલ્પલેપિકા** - નિર્લેપ એવા વાલ-ચણા-પવા વગેરે ગ્રહણ કરવા તે. અથવા જેમાં પશ્ચાત્કર્મ વગેરેથી થયેલો થોડો લેપ લાગે કે કર્મસંબંધી થોડો લેપ લાગે તેવું ગ્રહણ કરવું તે.

(૫) **અવગૃહીતા** - ભોજન વખતે જમનારાના થાળી-વાટકામાં પીરસેલુ હોય તે ગ્રહણ કરવું તે. જો દાતાએ પહેલા જ હાથ કે વાસણ ધોયા હોય તો હાથ કે વાસણમાં લાગેલ પાણી અચિત્ત થયું હોય તો લેવું કલ્પે, નહીંતર ન કલ્પે.

(૬) **પ્રગૃહીતા** - ભોજન વખતે જમનારાને આપવા માટે પીરસનારાએ તપેલા વગેરેમાંથી ચમચાથી ઉપાડેલું હોય અને જમનારાએ લીધુ ન હોય તે ગ્રહણ કરવું તે. અથવા જમનારાએ હાથમાં લીધેલ આહાર હજી મુખમાં ન નાંખ્યો હોય તે ગ્રહણ કરવું તે.

(૭) **ઉજ્ઝિતધર્મા** - જે ભોજન ખરાબ હોવાથી તજવા યોગ્ય હોય અને જેને બ્રાહ્મણ વગેરે ઇચ્છતા ન હોય તેવું કે અડધુ તજી દેવાયેલું ગ્રહણ કરવું તે.

આ સાતે પિંડૈષણાઓમાં અસંસૃષ્ટ હાથ વગેરેના ૮ ભાંગા જાણવા. ચોથી પિંડૈષણામાં ૮ ભાંગા ન હોય.

ગચ્છમાં રહેલા સાધુઓને સાતે પિંડૈષણાઓની અનુજ્ઞા છે. ગચ્છમાંથી નીકળેલા સાધુઓને પહેલી બે સિવાયની બાકીની પાંચ પિંડૈષણાઓની અનુજ્ઞા છે.

પાન = પાણી. તેને લેવાની રીત તે પાનૈષણા. તેના ૭ પ્રકાર છે. તે ઉપર મુજબ જ જાણવા. ફરક આટલો છે -

(૪) **અલ્પલેપિકા** - કાંજી, ઉષ્ણ-પાણી, ચોખાનું ધોવણ વગેરે લેપ વિનાનું પાણી ગ્રહણ કરવું તે. તે વાસણને ચીકણું કરતું નથી. તેનાથી આત્માને કર્મનો લેપ લાગતો નથી. શેરડીનો રસ, દ્રાક્ષનું પાણી, આંબલીનું પાણી વગેરે ચીકણા પાણી છે. તેનાથી સાધુને કર્મનો લેપ લાગે છે.

●●●

# દ્વાર ૯૭મું - ૮ પ્રકારની ભિક્ષાચર્યાની વીથિ

વીથિ = માર્ગ. ભિક્ષાચર્યા સંબંધી વિશેષ પ્રકારના માર્ગો તે ભિક્ષાચર્યાની વીથિ. તે ૮ પ્રકારે છે -

(૧) **ઋજુગતિ** - સમશ્રેણિમાં રહેલા ઘરોની પંક્તિમાં ભિક્ષા લેતા લેતા છેલ્લા ઘર સુધી જવું. પછી ભિક્ષા લીધા વિના જ પાછા આવવું તે.

(૨) **ગત્વા પ્રત્યાગતિ** - સમશ્રેણિમાં રહેલા ઘરોની પંક્તિમાં ભિક્ષા લેતા લેતા છેલ્લા ઘર સુધી જવું. પછી બીજી પંક્તિમાં ભિક્ષા લેતા લેતા પાછા આવવું તે. મતાંતરે પહેલા ભિક્ષા લીધા વિના જવું અને છેલ્લા ઘરેથી ભિક્ષા લેતા લેતા પાછા આવવું તે ગત્વા પ્રત્યાગતિ.

(૩) **ગોમૂત્રિકા** - બળદના મૂત્રની જેમ સામસામે રહેલી બે પંક્તિમાં ડાબા ઘરેથી જમણા ઘરે અને જમણા ઘરેથી ડાબા ઘરે ભિક્ષા લેવી તે.

(૪) **પતંગવીથિ** - પતંગિયાની જેમ ચોક્કસ ક્રમ વિના કોઈ પણ ક્રમથી ભિક્ષા લેવી તે.

(૫) **પેટા** - ગામને પેટીની જેમ ચોરસ કલ્પીને વચ્ચેના ઘરો છોડીને ચારે દિશામાં સમશ્રેણિથી ભિક્ષા લેવી તે.

(૬) **અર્ધપેટા** - ઉપર પ્રમાણે ગામને ચોરસ કલ્પીને બાજુ બાજુની બે દિશામાં ભિક્ષા લેવી તે.

(૭) **અભ્યંતરશંબુકા** - ક્ષેત્રની વચ્ચેથી ભિક્ષા લેતા લેતા શંખના આવર્તની જેમ વર્તુળ ગતિ વડે ક્ષેત્રની બહાર આવવું તે.

(૮) **બહિઃશંબુકા** - ક્ષેત્રની બહારથી ભિક્ષા લેતા લેતા શંખના આવર્તની જેમ વર્તુળ ગતિ વડે ક્ષેત્રની વચ્ચે આવવું તે.

● મતાંતરે અભ્યંતરશંબુકા અને બહિઃશંબુકાનું સ્વરૂપ પરસ્પર

વિપરીત બતાવ્યું છે.

- પંચાશકમાં અભ્યંતરશંબુકા અને બહિ:શંબુકાની બદલે જમણી બાજુથી શંબુકાવૃત્તા અને ડાબી બાજુથી શંબુકાવૃત્તા કહી છે.
- અન્ય ગ્રંથોમાં (૧)નો (૨)માં સમાવેશ કરીને અને (૭)-(૮)ની ભેગી ગણત્રી કરીને ભિક્ષાચર્યાની છ વીથિ કહી છે.

●●●

+ જન્મ-મરણાદિના તથા દુર્ગતિઓના ભયંકર દુ:ખોના ભોગવટાથી ભૂતકાળ અતિશય ભયંકર છે. જો વર્તમાનમાં પણ જિનશાસનની આરાધના થઈ ન શકી તો ભવિષ્યકાળ પણ અતિ ભયાનક થશે.

+ દેવ, ગુરુ અને શાસન પરની શ્રદ્ધા અને ભક્તિ એ ભવરોગનિવારણનું અમોઘ ઔષધ છે. પણ સાથે અર્થલાલસા અને કામતૃષ્ણા મંદ કરતા જવું એ પણ પથ્ય છે. ઔષધ અને પથ્ય બંનેના સેવનથી જ ભવરોગ દૂર થશે.

+ તીર્થંકરના ગુણસમુદાયનું વર્ણન તીર્થંકર જ કરી શકે, બીજા નહીં, કેમકે તીર્થંકર પાસે જ અતિશયવાળી વાણી છે.

+ રોજ વિચારો,

મારું ભવિષ્યમાં શું થશે ?

હું મરીને ક્યાં જઈશ ?

મેં આ ભવમાં કાંઈ સુકૃત કર્યા નથી અને દુષ્કૃતો-પાપો કરવામાં બાકી રાખ્યા નથી, તો આ બધા પાપોને હું શી રીતે ભોગવીશ ?

+ બોલર ભલે બેટ્સમેનને આઉટ કરી દેવા જ બોલિંગ કરતો હોય, નિમિત્ત એક પણ એવું નથી કે આપણને અશુભ કર્મબંધના શિકાર બનાવવા જ આપણી સામે ઉપસ્થિત થતું હોય ! આપણી થોડીક જ જાગૃતિ અને આપણે એની અસરથી સર્વથા મુક્ત !

# દ્વાર ૯૮મું - ૧૦ પ્રકારના પ્રાયશ્ચિત્ત

(૧) **આલોચના** - જેમ બાળક સરળતાથી બધુ કહી દે છે તેમ માયા અને મદ વિના ગુરુની આગળ વચનથી અતિચાર કહેવા માત્રથી જે પ્રાયશ્ચિત્ત શુદ્ધ થાય તે આલોચના પ્રાયશ્ચિત્ત.

(i) ગુરુને પૂછીને ગુરુએ અનુમતિ આપ્યા પછી પોતાની માટે ભિક્ષા, વસ્ત્ર, પાત્રા, શય્યા, સંથારો, આસન વગેરે કે આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, બાળ, ગ્લાન, નૂતનદીક્ષિત, ક્ષપક, અસમર્થ માટે વસ્ત્ર, પાત્રા, અન્ન, પાણી, ઔષધ વગેરે લઈને

(ii) સ્થંડિલભૂમિ જઈને

(iii) વિહાર કરીને

(iv) ચૈત્યવંદન માટે

(v) પૂર્વે લીધેલા પાટ, પાટલા વગેરે પાછા આપવા માટે

(vi) બહુશ્રુત અને મહાવૈરાગ્યવાળા મહાત્માઓને વંદન કરવા માટે

(vii) સંશયને દૂર કરવા માટે

(viii) શ્રાવકો, પોતાના સ્વજનો, શિથિલ સાધુઓની શ્રદ્ધા વધારવા માટે

(ix) સાધર્મિકોના સંયમના ઉત્સાહ માટે

સો ડગલાથી વધુ જઈને આવ્યા પછી વિધિપૂર્વક ગુરુસમક્ષ આલોચના કરે છે.

ગમન-આગમન વગેરે અવશ્ય કરવા યોગ્ય કાર્યોમાં બરાબર ઉપયોગવાળા, દુષ્ટભાવ વિનાના હોવાથી અતિચાર વિનાના, છદ્મસ્થ, અપ્રમત્ત સાધુને આ આલોચના પ્રાયશ્ચિત્ત હોય છે. તે શુદ્ધ હોવા છતાં ચેષ્ટાના કારણે થતી કે સૂક્ષ્મ પ્રમાદના કારણે થતી સૂક્ષ્મ આશ્રવક્રિયાઓની શુદ્ધિ માટે આલોચના કરે છે. અતિચારવાળા સાધુને તો ઉપરનું (પ્રતિક્રમણ

વગેરે) પ્રાયશ્ચિત્ત આવે છે.

(૨) **પ્રતિક્રમણ** - ફરીથી અતિચાર નહીં કરવાના નિશ્ચયપૂર્વક મિચ્છામિદુક્કડં આપીને દોષોથી પાછા ફરીને જે પ્રાયશ્ચિત્ત શુદ્ધ થાય તે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત. દા.ત. અચાનક અનુપયોગથી કફ નાંખ્યો હોય અને હિંસા વગેરે દોષ ન લાગ્યો હોય તો ગુરુ સમક્ષ આલોચના કર્યા વિના પણ મિચ્છામિદુક્કડં આપવા માત્રથી શુદ્ધિ થઈ જાય છે.

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં અચાનક કે ભૂલથી કે પ્રમાદથી વિપરીત આચરણ થાય અને હિંસા વગેરે દોષો ન લાગે તો મિચ્છામિદુક્કડં આપવારૂપ પ્રાયશ્ચિત્ત કરાય છે.

(i) ઈર્યાસમિતિમાં વિપરીત આચરણ - વાતો કરતા કરતા ચાલવું.

(ii) ભાષાસમિતિમાં વિપરીત આચરણ - ગૃહસ્થની ભાષામાં કે મોટેથી બોલવું.

(iii) એષણાસમિતિમાં વિપરીત આચરણ - અન્ન-પાણી વહોરતી વખતે ઉપયોગ ન રાખવો.

(iv) આદાનનિક્ષેપસમિતિમાં વિપરીત આચરણ - વસ્તુ લેતા-મૂકતા જોવું-પ્રમાર્જવું નહીં.

(v) પારિષ્ઠાપનિકાસમિતિમાં વિપરીત આચરણ - જોયા-પ્રમાર્જ્યા વિનાની ભૂમિ પર સ્થંડિલ વગેરે પરઠવવું.

(vi) મનોગુપ્તિમાં વિપરીત આચરણ - મનથી ખરાબ વિચારવું.

(vii) વચનગુપ્તિમાં વિપરીત આચરણ - વચનથી ખરાબ બોલવું.

(viii) કાયગુપ્તિમાં વિપરીત આચરણ - કાયાથી ખરાબ પ્રવૃત્તિ કરવી.

(ix) કંદર્પ, હાસ્ય, સ્ત્રીકથા, ભક્તકથા, ચોરકથા, દેશકથા, ક્રોધ-માન-માયા-લોભ કરવા, શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ રૂપ વિષયોમાં

આસક્તિ કરવી.

(x) આચાર્ય વગેરેને વિષે મનથી દ્વેષ વગેરે કરવા, વચનથી વચ્ચે બોલવું વગેરે કરવું, કાયાથી આગળ જવું વગેરે કરવું.

(xi) ઇચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર વગેરે સારા યોગો ન કરવા.

આ બધામાં હિંસા વગેરે દોષ ન લાગે તો મિચ્છામિદુક્કડં આપવા રૂપ પ્રાયશ્ચિત્ત કરવું.

(૩) **મિશ્ર** - ગુરુ સમક્ષ આલોચના કરીને, ગુરુના કહેવાથી અતિચારથી પાછા ફરીને, પછી મિચ્છામિદુક્કડં આપીને જે પ્રાયશ્ચિત્ત શુદ્ધ થાય છે તે મિશ્ર પ્રાયશ્ચિત્ત.

શબ્દ વગેરે વિષયોને અનુભવીને જેને સંશય થાય કે, 'મને આ વિષયોમાં રાગ-દ્વેષ થયા કે નહીં ?' તેણે મિશ્ર પ્રાયશ્ચિત્ત કરવું. વિષયોમાં રાગ-દ્વેષ થયાનો નિશ્ચય હોય તો તપ પ્રાયશ્ચિત્ત આવે.

(૪) **વિવેક** - ત્યાગ કરવો તે વિવેક પ્રાયશ્ચિત્ત.

(i) ઉપયોગપૂર્વક અન્ન વગેરે અને બધા ઉપકરણો ગ્રહણ કર્યા પછી ખબર પડે કે એ સચિત્ત કે દોષિત છે.

(ii) પર્વત, રાહુ, વાદળ, બરફ, રજ વગેરેથી સૂર્ય ઢંકાયેલો હોવાથી સૂર્યોદય પહેલા કે સૂર્યાસ્ત પછી સૂર્યોદય થઈ ગયો છે કે સૂર્યાસ્ત થયો નથી એમ સમજી અશઠભાવથી અન્ન વગેરે ગ્રહણ કર્યા હોય.

(iii) પહેલા પ્રહરમાં વહોરેલા અશન વગેરે શઠભાવથી કે અશઠભાવથી ચોથા પ્રહરમાં રાખ્યા હોય.

(iv) અડધા યોજનથી વધુ દૂર કે દૂરથી શઠભાવથી કે અશઠભાવથી અશન વગેરે લઈ ગયા કે લાવ્યા હોય.

આ બધામાં તે અશન વગેરેનો કે ઉપકરણોનો ત્યાગ કરવો.

શઠભાવ = ઇન્દ્રિયોની પરવશતા, વિકથા, માયા, ક્રીડા વગેરે.

અશઠભાવ = માંદગી, ગૃહસ્થની હાજરી, અસ્થંડિલ ભૂમિ, ભય વગેરે.

(૫) **વ્યુત્સર્ગ** - કાઉસ્સગ્ગ વડે જે પ્રાયશ્ચિત્ત શુદ્ધ થાય તે વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્ત.

(i) ખરાબ સ્વપ્ન (હિંસા વગેરે પાપોવાળુ) દેખાય

(ii) ગમન-આગમન પછી

(iii) નદી ઊતર્યા પછી

(iv) સૂત્રના ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞા-પ્રસ્થાપન, પ્રતિક્રમણ, શ્રુતસ્કંધ-અંગના પરાવર્તન વગેરેમાં થયેલ અવિધિને દૂર કરવા માટે

આ બધામાં કાઉસ્સગ્ગ પ્રાયશ્ચિત્ત કરાય છે.

(૬) **તપ** - નીવિથી માંડીને છ માસ સુધીના તપથી જે પ્રાયશ્ચિત્ત શુદ્ધ થાય તે તપ પ્રાયશ્ચિત્ત. સચિત્ત પૃથ્વીકાય વગેરેના સંઘટ્ટામાં છેદગ્રંથ કે જીતકલ્પ પ્રમાણે નીવિથી માંડીને છ માસના તપનું પ્રાયશ્ચિત્ત અપાય છે.

(૭) **છેદ** - જેમ શરીરના બાકીના અવયવોની રક્ષા માટે ખરાબ રોગથી દૂષિત થયેલ શરીરના એક ભાગનો છેદ કરાય છે તેમ બાકીના ચારિત્રપર્યાયની રક્ષા માટે દૂષિત થયેલા પૂર્વના પર્યાયના એક ભાગનો છેદ કરાય તે છેદ પ્રાયશ્ચિત્ત.

(i) વિકૃષ્ટ તપ કરવા સમર્થ હોવાથી જે ગર્વિત હોય કે, 'ઘણો તપ કરવાથી પણ મારું શું બગડવાનું છે ?'

(ii) જે તપ ન કરી શકતા હોય તેવા ગ્લાન, અસહુ (સહન નહીં કરી શકનારા) બાળ, વૃદ્ધ વગેરે.

(iii) જે તપની શ્રદ્ધા વિનાનો હોય.

(iv) જે કારણ વિના અપવાદની રુચિવાળો હોય.

આ બધાને પ્રાયશ્ચિત્ત માટે મહાવ્રતના આરોપણના કાળથી (વડી દીક્ષાથી) માંડીને પાંચ વગેરે દિવસોના ચારિત્રપર્યાયનો છેદ કરાય છે.

(૮) **મૂલ** - સંપૂર્ણ ચારિત્રપર્યાયનો છેદ કરીને ફરીથી મહાવ્રતોનું આરોપણ કરવાથી જે પ્રાયશ્ચિત્ત શુદ્ધ થાય તે મૂલ પ્રાયશ્ચિત્ત.

(i) જાણીને પંચેંદ્રિયજીવનો વધ કરે.

(ii) દર્પથી મૈથુન સેવે.

(iii) ઉત્કૃષ્ટ મૃષાવાદ, ચોરી, પરિગ્રહ કરે.

(iv) જાણીને વારંવાર મૃષાવાદ, ચોરી, પરિગ્રહ કરે.

આ બધામાં મૂલ પ્રાયશ્ચિત્ત અપાય છે.

(૯) **અનવસ્થિત (અનવસ્થાપ્ય)** - વિશિષ્ટ તપ ન કરે ત્યાં સુધી મહાવ્રતોમાં કે લિંગમાં ન સ્થપાય, તે તપ પૂરો થયા પછી જ મહાવ્રતોમાં કે લિંગમાં સ્થપાય. આ રીતે જે પ્રાયશ્ચિત્ત શુદ્ધ થાય તે અનવસ્થિત (અનવસ્થાપ્ય) પ્રાયશ્ચિત્ત.

વિશિષ્ટ તપ = ઊઠી-બેસી ન શકે તેટલો તપ. ઊઠ-બેસ કરવા અસમર્થ તે બીજાને પ્રાર્થના કરે તો તેઓ તેની સાથે બોલ્યા વિના તેનું કાર્ય કરે.

મુષ્ઠિ, લાકડી વગેરેથી મરણથી નિરપેક્ષ રીતે પોતાને કે બીજા સાધુને કે ગૃહસ્થને ભયંકર ભાવથી પ્રહાર કરીને સંક્લિષ્ટ ભાવવાળો હોય તેને આ પ્રાયશ્ચિત્ત અપાય છે. તે બે પ્રકારે છે -

**(i) આશાતના અનવસ્થાપ્ય** - તીર્થંકર, પ્રવચન, ગણધર વગેરેનો તિરસ્કાર કરે તેને આ પ્રાયશ્ચિત્ત અપાય છે. તે જઘન્યથી ૬ માસનું અને ઉત્કૃષ્ટથી ૧ વર્ષનું છે.

**(ii) પ્રતિસેવના અનવસ્થાપ્ય** - હાથથી મારવું, ચોરી કરવી વગેરેમાં આ પ્રાયશ્ચિત્ત અપાય છે. તે જઘન્યથી ૧ વર્ષનું અને ઉત્કૃષ્ટથી ૧૨

વર્ષનું છે.

(૧૦) **પાંરાંચિક (પારાંચિત)** - લિંગ, ક્ષેત્ર, કાળ, તપના પારને પામે તે પારાંચિત પ્રાયશ્ચિત્ત, અથવા ઉત્કૃષ્ટ પ્રાયશ્ચિત્ત તે પારાંચિક પ્રાયશ્ચિત્ત.

તે આચાર્યને જ હોય છે. તેમાં જઘન્યથી છ માસ સુધી અને ઉત્કૃષ્ટથી ૧૨ વર્ષ સુધી અવ્યક્ત રીતે (પ્રગટ ન થાય તેમ) લિંગને ધારીને જિનકલ્પિકોની જેમ ક્ષેત્રની બહાર રહીને ઘણો તપ કરીને અતિચારના પારને પામે પછી ફરી દીક્ષા અપાય છે, તે પૂર્વે નહીં.

સાધ્વી કે રાજાની રાણી સાથે મૈથુન સેવવું, સાધુની હત્યા કરવી, રાજાની હત્યા કરવી વગેરેમાં આ પ્રાયશ્ચિત્ત અપાય છે.

- ઉપાધ્યાયને અનવસ્થાપ્ય સુધીના જ પ્રાયશ્ચિત્ત અપાય છે.
- સામાન્ય સાધુને મૂલ સુધીના જ પ્રાયશ્ચિત્ત અપાય છે.
- ચૌદપૂર્વી અને પહેલા સંઘયણવાળા હતા ત્યાંસુધી ૧૦ પ્રાયશ્ચિત્ત હતા. ત્યારપછી તીર્થના વિચ્છેદ સુધી મૂલ સુધીના ૮ પ્રાયશ્ચિત્તો છે.

● ● ●

\+ આ જગતમાં વસ્તુ જેટલી વધુ કિંમતી તેટલો તેના પ્રત્યેનો આદરભાવ વધારે રહે છે. પાણી કરતા દૂધ, દૂધ કરતા દૂધપાક, તેના કરતા કેરીના રસ પ્રત્યે આદર વધુ હોય છે. તેમ હલકા વસ્ત્ર કરતા ભારે વસ્ત્ર, તેના કરતા રેશમી વસ્ત્ર પ્રત્યે આદર વધુ હોય છે. તેમ કાચ કરતા ઈમીટેશન નંગ, તેના કરતા માણેક-નીલમ, તેના કરતા હીરા પ્રત્યે આદર વધુ હોય છે.

તો પછી જગતના સર્વોત્કૃષ્ટ પ્રભુ પ્રત્યે, તેઓ જેટલા મહાન અને ઉચ્ચ છે એને અનુરૂપ ભાવ ક્યારે આવશે ?

# દ્વાર ૯૯મું - ઓઘસામાચારી
# દ્વાર ૧૦૦મું - પદવિભાગસામાચારી

સામાચારી - ઉત્તમ મનુષ્યોએ આચરેલો ક્રિયાઓનો સમુદાય તે સામાચારી. તે ત્રણ પ્રકારે છે -

(૧) **ઓઘસામાચારી** - સામાન્યથી સંક્ષેપમાં કહેવારૂપ પડિલેહણ વગેરે સામાચારી. તે ઓઘનિર્યુક્તિમાં કહી છે. તે નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુના ૨૦મા પ્રાભૃતના ઓઘ પ્રાભૃતપ્રાભૃતમાંથી ઉદ્ધૃત કરેલ છે.

(૨) **દશવિધસામાચારી** - તે ૧૦૧મા દ્વારમાં કહેવાશે.

(૩) **પદવિભાગસામાચારી** - જીતકલ્પ, નિશીથ વગેરેમાં કહેલી સામાચારી. તે નવમા પૂર્વમાંથી ઉદ્ધૃત કરેલ છે.

●●●

+ પાપ કર્યા બાદ તેની પ્રશંસાથી બંધાયેલા અશુભ કર્મોના ગુણાકાર થાય છે.

પાપ કર્યા બાદ તેની નિંદા-ગર્હા કરવાથી બંધાયેલ અશુભ કર્મના ભાગાકાર થાય છે.

પુણ્ય કર્યા પછી તેની પ્રશંસાથી બંધાયેલા શુભ કર્મના ગુણાકાર થાય છે.

પુણ્ય કર્યા પછી તેની નિંદા-ગર્હા કરવાથી બંધાયેલા શુભ કર્મના ભાગાકાર થાય છે.

+ ચૈત્યવંદનથી પ્રકૃષ્ટ શુભ અધ્યવસાયો ઉત્પન્ન થઈ શકે છે. તેથી જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષય થાય છે. તેથી સંપૂર્ણ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

# દ્વાર ૧૦૧મું - દશવિધ ચક્રવાલ સામાચારી

(૧) **ઈચ્છાકાર સામાચારી** - માંદગી વગેરેના કારણે બીજા પાસે કામ કરાવવું હોય તો 'તમારી ઈચ્છા હોય તો મારું આટલું કાર્ય કરી આપશો.' એમ કહેવું, અથવા કોઈએ પ્રાર્થના ન કરી હોવા છતાં કારણે કોઈ સાધુ બીજા સાધુનું કાર્ય કરવા ઈચ્છે ત્યારે 'તમારી ઈચ્છા હોય તો તમારું આટલું કાર્ય કરું.' એમ કહેવું તે. કોઈ પાસે પરાણે કાર્ય ન કરાવવું, સામાની ઈચ્છા વિના તેનું કાર્ય ન કરવું.

(૨) **મિચ્છાકાર સામાચારી** - સમિતિ, ગુપ્તિ વગેરે સંયમયોગોનું વિપરીત આચરણ કરીને મિચ્છામિ દુક્કડં દેવું તે. સંયમયોગોનું વિપરીત આચરણ જાણી જોઈને કે વારંવાર થાય તો મિચ્છામિદુક્કડં આપવા માત્રથી શુદ્ધિ ન થાય.

(૩) **તથાકાર સામાચારી** - કલ્પ (આચાર કે જિનકલ્પ, સ્થવિરકલ્પ વગેરે) અને અકલ્પ (અનાચાર કે ચરક - બૌદ્ધ વગેરેની દીક્ષા)ને જાણનારા, પાંચ મહાવ્રતોમાં રહેલા, સંયમ અને તપથી યુક્ત એવા ગુરુ વાચના, સામાચારીનું શિક્ષણ વગેરે આપતા હોય ત્યારે, પૂછ્યા પછી જવાબ આપે ત્યારે ખોટું હોવાની શંકા કર્યા વિના 'જેમ આપ કહો છો તેમ જ છે.' એવા અર્થને સૂચવનાર 'તથા' (તહત્તિ) એમ કહેવું તે.

(૪) **આવશ્યકી સામાચારી** - જ્ઞાન-દર્શન-ચારિત્રના કારણરૂપ ગોચરી જવું વગેરે કારણે અવશ્ય જવાનું હોય ત્યારે વસતિની બહાર નીકળતા સાધુએ આવશ્યક કાર્યરૂપ કારણને સૂચવનાર 'આવશ્યકી' (આવસ્સહી) એમ કહેવું.

(૫) **નૈષેધિકી સામાચારી** - બહારથી પાછા ફરીને વસતિમાં કે દેરાસરમાં પ્રવેશતા અસંવૃત એવા શરીરની ચેષ્ટાના નિવારણને સૂચવનાર 'નૈષેધિકી' (નિસીહી) એમ કહેવું.

(૬) **આપૃચ્છા સામાચારી** - ઈષ્ટ કાર્ય કરવું હોય ત્યારે ગુરુને પૂછવું તે આપૃચ્છા સામાચારી.

(૭) **પ્રતિપૃચ્છા સામાચારી** - પૂર્વે ગુરુએ નિષેધ કરેલ કાર્ય કારણ આવ્યે કરવું હોય ત્યારે અને પૂર્વે ગુરુએ સોંપેલ કાર્ય કરવાનું હોય ત્યારે ગુરુને પૂછવું તે પ્રતિપૃચ્છા સામાચારી. ત્યારે ગુરુ કદાચ બીજુ કાર્ય સોંપે કે પૂર્વેનું કાર્ય થઈ ગયું હોય. માટે પ્રતિપૃચ્છા કરવી જરૂરી છે.

(૮) **છન્દના સામાચારી** - પૂર્વે ગ્રહણ કરેલા આહારમાંથી લાભ આપવા માટે બાકીના સાધુઓને આમંત્રણ આપવું તે છન્દના સામાચારી.

(૯) **નિમંત્રણા સામાચારી** - અશન વગેરે લાવ્યા પૂર્વે બીજા સાધુઓને 'હું આપની માટે યોગ્ય અશન વગેરે લઈ આવું.' એમ વિનંતિ કરવી તે નિમંત્રણા સામાચારી.

(૧૦) **ઉપસંપદા સામાચારી** - એક ગુરુ પાસેથી વિશિષ્ટ શ્રુત વગેરેથી યુક્ત બીજા ગુરુ પાસે જવું તે ઉપસંપદા સામાચારી. તે ત્રણ પ્રકારે છે -

(i) **જ્ઞાન સંબંધી** - ભણવા માટે બીજા ગુરુ પાસે જવું તે. તે ત્રણ પ્રકારે છે-

(a) **વર્તના** - પૂર્વે ગ્રહણ કરેલા અસ્થિર સૂત્ર વગેરેનું પુનરાવર્તન કરવું તે વર્તના. તેની માટે બીજા ગુરુ પાસે જવું તે.

(b) **સન્ધના** - અમુક સ્થાનોમાં ભૂલાઈ ગયેલા સૂત્રો વગેરેને જોડવા તે સન્ધના. તેની માટે બીજા ગુરુ પાસે જવું તે.

(c) **ગ્રહણ** - નવું ભણવું તે ગ્રહણ. તેની માટે બીજા ગુરુ પાસે જવું તે.

(ii) **દર્શનસંબંધી** - દર્શનપ્રભાવક સંમતિતર્ક વગેરે શાસ્ત્રોને ભણવા માટે બીજા ગુરુ પાસે જવું તે. તે ત્રણ પ્રકારે છે. તે જ્ઞાનસંબંધી ઉપસંપદાની જેમ જાણવા.

(iii) **ચારિત્રસંબંધી** - ચારિત્ર માટે બીજા ગુરુ પાસે જવું તે. તેના બે પ્રકાર છે -

(a) **વૈયાવચ્ચસંબંધી** - વૈયાવચ્ચ કરવા માટે બીજા ગુરુ પાસે જવું તે. પોતાના ગચ્છમાં વૈયાવચ્ચની તેવી સામગ્રી ન હોવાથી બીજા ગચ્છમાં વૈયાવચ્ચ કરવા જાય. તે બે પ્રકારે છે -

(I) અલ્પ કાળ માટે, (II) જીવનપર્યંત.

(b) **ક્ષપણસંબંધી** - તપ કરવા માટે બીજા ગુરુ પાસે જવું તે. ક્ષપક (તપ કરનાર) બે પ્રકારનો છે -

(I) **ઈત્વર ક્ષપક** - અલ્પકાળનો તપ કરનાર. તે બે પ્રકારે છે -

(A) **વિકૃષ્ટક્ષપક** - અઠ્ઠમ વગેરે તપ કરનાર.

(B) **અવિકૃષ્ટક્ષપક** - છઠ્ઠ સુધીનો તપ કરનાર.

(II) **યાવત્કથિક ક્ષપક** - જે પછી અનશન કરવાનો હોય તે.

બીજી રીતે દશ પ્રકારની સામાચારી -

(૧) **પડિલેહણ** - દિવસના પૂર્વભાગમાં અને પછીના ભાગમાં વસ્ત્ર, પાત્રા વગેરેનું પડિલેહણ કરવું તે.

(૨) **પ્રમાર્જના** - દિવસના પૂર્વભાગમાં અને પછીના ભાગમાં વસતિનું પ્રમાર્જન કરવું તે.

(૩) **ભિક્ષા** - લઘુનીતિનું નિવારણ કરીને, પાત્રા લઈને, 'આવસ્સહી' કહીને, વસતિમાંથી નીકળીને, આહાર વગેરે પર મૂર્ચ્છા કર્યા વિના, પિંડ ગ્રહણ કરવાની એષણામાં ઉપયોગ રાખીને ભિક્ષા ગ્રહણ કરવી તે.

(૪) **ઈરિયાવહિ** - ભિક્ષા લઈને 'નિસીહી' કહેવા પૂર્વક વસતિમાં પ્રવેશીને 'નમઃ ક્ષમાશ્રમણેભ્યઃ' (નમો ખમાસમણાણં) એ પ્રમાણે વચનથી નમસ્કાર કરીને યોગ્ય જગ્યાને જોઈને અને રજોહરણથી પૂંજીને ત્યાં ઈરિયાવહિ કરવી તે.

(૫) **આલોચના** - વસતિમાંથી નીકળ્યા પછી ફરી પ્રવેશ કર્યો ત્યાં

*સુધીના ભિક્ષા ભમવામાં લાગેલા અતિચારો ગુરુને કહેવા માટે* ઈરિયાવહિના કાઉસ્સગ્ગમાં વિચારવા. કાઉસ્સગ્ગ પારીને લોગસ્સ બોલવો. પછી ગુરુને કે ગુરુને સંમત એવા વડિલસાધુને જે વસ્તુ જે રીતે વહોરી હોય તે બધુ વિધિપૂર્વક કહેવું તે આલોચના.

(૬) **ભોજન** - ત્યાર પછી જે બરાબર આલોચના ન થઈ હોય કે એષણા-અનેષણા થઈ હોય તેની માટે 'ઇચ્છામિ પડિક્કમિઉં ગોયરચરિયાએ...મિચ્છામિદુક્કડં, તસ્સ ઉત્તરી...વોસિરામિ' કહી કાઉસ્સગ્ગ કરવો. તેમાં નવકાર કે 'જઈ મે અણુગ્ગહં કુજ્જા...' એ ગાથા ચિંતવવી. કાઉસ્સગ્ગ પારીને લોગસ્સ બોલવો. પછી થાક દૂર કરવા બેસીને એક મુહૂર્ત સુધી સ્વાધ્યાય કરવો. પછી ગૃહસ્થો વિનાના સ્થાનમાં, રાગદ્વેષ કર્યા વિના, નવકાર બોલીને, 'આદેશ આપો પારણું કરું.' એમ કહીને ગુરુ રજા આપે પછી ઘા પર લેપ લગાડાય તેમ ભોજન કરવું.

(૭) **પાત્રકધાવન** - ભોજન કર્યા પછી સ્વચ્છ પાણીથી ત્રણવાર પાત્રા ધોવા. ત્યાર પછી આગારોનો સંક્ષેપ કરવા પચ્ચક્ખાણ કરવું.

(૮) **વિચાર** - પછી સંજ્ઞાનું વિસર્જન કરવા બહાર જવું.

(૯) **સ્થંડિલભૂમિ** - બીજાને વાંધો ન આવે તેવી જઘન્યથી ૧ હાથ જેટલી સ્થંડિલભૂમિ (અચિત્તભૂમિ) ને જોવી. તે સ્થંડિલભૂમિ ૨૭ પ્રકારની છે - લઘુનીતિ માટે વસતિની અંદર ૬ સ્થંડિલભૂમિ અને બહાર ૬ સ્થંડિલભૂમિ, વડીનીતિ માટે વસતિની અંદર ૬ સ્થંડિલભૂમિ અને બહાર ૬ સ્થંડિલભૂમિ, કાલગ્રહણ માટે ૩ સ્થંડિલભૂમિ.

(૧૦) **આવશ્યક** - પ્રતિક્રમણ કરવું તે.

અહીં સંક્ષેપથી કહ્યું છે. આનો વિસ્તાર પંચવસ્તુકના બીજા દ્વારમાંથી જાણવો.

● ● ●

## દ્વાર ૧૦૨મું - સંસારવાસમાં ઉત્કૃષ્ટથી પાંચ વાર નિર્ગ્રંથપણું મળે છે

સંસારવાસમાં ઉત્કૃષ્ટથી ૪ વાર ઉપશમશ્રેણિ અને ૧ વાર ક્ષપકશ્રેણિ મંડાય છે. તેમાં ૧૧મા-૧૨મા ગુણઠાણાઓમાં નિર્ગ્રંથપણું હોય છે. તેથી સંસારવાસમાં ઉત્કૃષ્ટથી ૫ વાર નિર્ગ્રંથપણું મળે છે - ૪ વાર ઉપશમશ્રેણિમાં અને ૧ વાર ક્ષપકશ્રેણિમાં.

●●●

## દ્વાર ૧૦૩મું - સાધુના વિહારનું સ્વરૂપ

વિહાર = વિચરવું. સાધુઓનો વિહાર બે પ્રકારે છે -

(૧) **ગીતાર્થવિહાર** - ગીતાર્થ = જેમણે કૃત્ય-અકૃત્યને જાણ્યા છે તેવા બહુશ્રુતો. તેમનો વિહાર કે ગીતાર્થવિહાર.

(૨) **ગીતાર્થમિશ્રિત (ગીતાર્થનિશ્રિત) વિહાર** - ગીતાર્થોથી મિશ્રિત એવા અગીતાર્થોનો વિહાર તે ગીતાર્થમિશ્રિતવિહાર. અથવા ગીતાર્થોની નિશ્રામાં વિહાર તે ગીતાર્થનિશ્રિતવિહાર.

એક કે અનેક અગીતાર્થોના વિહારની અનુજ્ઞા નથી.

વિહાર ૪ પ્રકારે છે -

(૧) **દ્રવ્યથી** - આંખથી રસ્તામાં રહેલા જીવોને જોવા.

(૨) **ક્ષેત્રથી** - ૪ હાથ પ્રમાણ ભૂમિને જોવી. બહુનજીકનું જોવા છતાં જીવ વગેરેની રક્ષા ન થઈ શકે, ૪ હાથથી વધુ દૂર રહેલા નાના જીવો દેખાય નહીં. માટે ૪ હાથ પ્રમાણ ભૂમિ જોવાનું કહ્યું.

(૩) **કાળથી** - જ્યાંસુધી વિહાર કરે ત્યાં સુધી.

(૪) **ભાવથી** - ઉપયોગપૂર્વક ચાલવું.

●●●

# દ્વાર ૧૦૪મું - અપ્રતિબદ્ધ વિહાર

ગુરુના ઉપદેશપૂર્વક હંમેશા પ્રતિબંધ (રાગ) વિના માસકલ્પ વગેરે વિહાર કરવો. પ્રતિબંધ ચાર પ્રકારના છે -

**દ્રવ્યપ્રતિબંધ** - 'અમુક ગામ કે નગરમાં જઈને મોટી ઋદ્ધિવાળા ઘણા શ્રાવકોને મારા ભક્ત બનાવું કે જેથી તેઓ બીજા પાસે ન જાય.' વગેરે.

**ક્ષેત્રપ્રતિબંધ** - 'આ ક્ષેત્રમાં વસતિ પવન વિનાની અને આનંદ કરનારી છે. બીજે તેવી નથી.' વગેરે.

**કાળપ્રતિબંધ** - 'પાકેલી સુગંધી ડાંગર વગેરે અનાજ દેખાવાથી આ શરદઋતુ સુંદર છે.' વગેરે.

**ભાવપ્રતિબંધ** - 'ત્યાં સ્નિગ્ધ, મધુર વગેરે આહાર મળવાથી મારુ શરીર પુષ્ટ થશે, અહીં તેવી પુષ્ટિ નહીં થાય. આમ ઉદ્યત વિહાર કરનારા મને જોઈને લોકો મને ચુસ્ત સંયમી કહેશે, બીજાને શિથિલ કહેશે.' વગેરે.

- જે દ્રવ્ય વગેરેના પ્રતિબંધ વિનાનો છે તેના જ અવસ્થાન (એક સ્થાનમાં રહેવું) કે વિહાર સફળ થાય છે.
- સાધુઓ મુખ્યતાએ માસકલ્પથી વિહાર કરે છે. કારણે માસ પૂર્ણ થયા પૂર્વે પણ વિહાર કરે અને કારણે માસ પૂર્ણ થયા પછી પણ સ્થિરતા કરે. ઉત્કૃષ્ટથી એકક્ષેત્રમાં ૬ માસ રહે - ઉનાળાનો છેલ્લો માસ + ચોમાસાના ૪ માસ + માગસર માસ. ઉનાળાનો છેલ્લો માસકલ્પ કર્યા પછી બીજુ સારુ ક્ષેત્ર ન મળવાથી ત્યાં જ ચોમાસુ કરે અને ચોમાસુ પૂર્ણ થયા પછી પણ વરસાદ ન અટકે તો ૧૦ દિવસ ત્યાં જ રહે, છતાં વરસાદ ન અટકે તો બીજા ૧૦ દિવસ ત્યાં જ રહે, છતાં વરસાદ ન અટકે તો ત્રીજા ૧૦ દિવસ ત્યાં જ રહે.

આ રીતે ૬ માસ થાય.

- ચોમાસુ પૂર્ણ થયા પછી જો વરસાદ ન હોય તો વિહાર કરે. જો વિહાર ન કરે તો સૂત્રમાં કહેલ પ્રાયશ્ચિત્ત આવે.
- દ્રવ્યદોષ - બીજે આહાર-પાણી શરીરને અનુકૂળ ન હોવા.

  ક્ષેત્રદોષ - બીજે સંયમનું પાલન ન થઈ શકે તેવું ક્ષેત્ર હોવું.

  કાળદોષ - દુકાળ વગેરે હોવા.

  ભાવદોષ - માંદગી હોવી, જ્ઞાન વગેરેની હાનિ થવી વગેરે.

દ્રવ્ય વગેરે દોષોને લીધે બહારથી માસકલ્પ ન કરાય તો પણ પાડો, વસતિ, સંથારાની ભૂમિ બદલીને ભાવથી માસકલ્પ કરાય છે.

- ઘડપણ, જંઘાબળ ક્ષીણ થવું, વિહારને યોગ્ય ક્ષેત્ર ન મળવા વગેરે કારણે એક ક્ષેત્રમાં માસથી વધુ રહેનાર સાધુઓ નિરતિચાર ચારિત્રવાળા છે.
- આલંબન = પડનારા જેનો આશ્રય કરે તે. તે બે પ્રકારે છે -

(૧) **દ્રવ્યઆલંબન** - ખાડા વગેરેમાં પડનારા જે દ્રવ્યનું આલંબન લે તે. તે બે પ્રકારે છે -

(a) **પુષ્ટ** - કઠોર વેલડી વગેરે મજબૂત આલંબન.

(b) **અપુષ્ટ** - ઘાસ, છાલ વગેરે નબળું આલંબન.

(૨) **ભાવઆલંબન** - સંસારમાં પડનાર જેનું આલંબન કરે તે. તે બે પ્રકારે છે -

(a) **પુષ્ટ** - તીર્થનો વિચ્છેદ ન થવો વગેરે મજબૂત આલંબન.

(b) **અપુષ્ટ** - શઠ ભાવથી માત્ર પોતાની બુદ્ધિથી વિચારેલું નબળું આલંબન.

પુષ્ટ ભાવઆલંબનપૂર્વક નિત્યવાસ કરનાર સાધુ સંસારના ખાડામાં પડતા પોતાને બચાવે છે અને મોક્ષે જાય છે.

● પુષ્ટ ભાવઆલંબનો -

(૧) રાજા વગેરેને જિનશાસન પમાડી જૈનધર્મનો અવિચ્છેદ (નાશ ન થાય તેવું) કરીશ.

(૨) હું દ્વાદશાંગીને કે દર્શનપ્રભાવક શાસ્ત્રોને સૂત્રથી અને અર્થથી ભણીશ.

(૩) હું જુદા જુદા પ્રકારના તપ કરીશ.

(૪) સૂત્રમાં કહેલ નીતિઓથી ગચ્છની સાર-સંભાળ કરીશ, એટલે કે ગચ્છને ગુણવાન બનાવીશ.

●●●

## દ્વાર ૧૦૫મું - જાતકલ્પ- અજાતકલ્પ

કલ્પ = સામાચારી. તે બે પ્રકારે છે -

(૧) **જાતકલ્પ** - ગીતાર્થનો વિહાર તે જાતકલ્પ.

(૨) **અજાતકલ્પ** - અગીતાર્થનો વિહાર તે અજાતકલ્પ.

આ બન્નેના દરેકના બે-બે પ્રકાર છે -

(૧) **સમાપ્તકલ્પ** - પૂરી સહાયવાળો કલ્પ. શેષકાળમાં પાંચ સાધુઓ, ચોમાસામાં સાત સાધુઓ. ચોમાસામાં માંદગી વગેરે આવે ત્યારે બીજેથી સાધુ આવી ન શકવાથી સહાય ઓછી ન પડે એટલા માટે સાત સાધુઓ કહ્યા.

(૨) **અસમાપ્તકલ્પ** - પૂરી સહાય વિનાનો કલ્પ. શેષકાળમાં ૨, ૩ કે ૪ સાધુઓ, ચોમાસામાં ૨,૩,૪,૫ કે ૬ સાધુઓ.

●●●

# દ્વાર ૧૦૬મું - કાળધર્મ પામેલા સાધુને પરઠવવાની અને સ્થંડિલ જવાની દિશા

## કાળધર્મ પામેલા સાધુને પરઠવવાની દિશા

(૧) કાળધર્મ પામેલા સાધુને પરઠવવા માટે

પહેલા નૈઋત્ય દિશામાં ભૂમિ જોવી.

તેમાં ભૂમિ ન મળે તો દક્ષિણ દિશામાં ભૂમિ જોવી.

તેમાં ભૂમિ ન મળે તો પશ્ચિમ દિશામાં ભૂમિ જોવી.

તેમાં ભૂમિ ન મળે તો અગ્નિ દિશામાં ભૂમિ જોવી.

તેમાં ભૂમિ ન મળે તો વાયવ્ય દિશામાં ભૂમિ જોવી.

તેમાં ભૂમિ ન મળે તો પૂર્વ દિશામાં ભૂમિ જોવી.

તેમાં ભૂમિ ન મળે તો ઉત્તર દિશામાં ભૂમિ જોવી.

તેમાં ભૂમિ ન મળે તો ઈશાન દિશામાં ભૂમિ જોવી.

(૨) જ્યાં માસકલ્પ કે ચોમાસુ કરે ત્યાં કાળધર્મ પામેલા સાધુના મૃતદેહને પરઠવવા માટે ઉપર કહેલી દિશાઓમાં ત્રણ મહાસ્થંડિલભૂમિઓ જુવે - નજીકમાં, વચ્ચે અને દૂર. પહેલી ભૂમિમાં વ્યાઘાત હોય તો બીજીમાં પરઠવે, બીજીમાં પણ વ્યાઘાત હોય તો ત્રીજીમાં પરઠવે.

વ્યાઘાત = (૧) ત્યાં કોઈએ ખેતર ખેડ્યું હોય.

(૨) ત્યાં પાણી ભરાયું હોય.

(૩) ત્યાં વનસ્પતિ ઊગી ગઈ હોય.

(૪) ત્યાં કીડી વગેરેની ઉત્પત્તિ થઈ હોય.

(૫) ત્યાં કોઈ ગામ વસી ગયું હોય.

(૬) ત્યાં કોઈ સાર્થ ઊતર્યો હોય.

(૩) નૈઋત્ય દિશામાં મૃતદેહ પરઠવવાથી ઘણા અન્ન, પાણી, વસ્ત્ર, પાત્રાનો લાભ થવાથી સમાધિ થાય છે. નૈઋત્ય દિશામાં ભૂમિ મળવા છતાં બાકીની દિશામાં મૃતદેહ પરઠવવામાં દોષો -

દક્ષિણ દિશામાં - અન્ન-પાણી ન મળે.

પશ્ચિમ દિશામાં - ઉપધિ વગેરે ન મળે.

અગ્નિ દિશામાં - સ્વાધ્યાય ન થાય.

વાયવ્ય દિશામાં - સાધુ, ગૃહસ્થ કે અન્ય દર્શનવાળા સાથે ઝઘડો થાય.

પૂર્વ દિશામાં - ગચ્છનો ભેદ થાય.

ઉત્તર દિશામાં - માંદગી આવે.

ઈશાન દિશામાં - બીજા કોઈ સાધુનું મરણ થાય.

(૪) પાણી, ચોરનો ભય વગેરેના કારણે પૂર્વે પૂર્વેની દિશામાં ભૂમિ ન મળતા પછી-પછીની દિશામાં મૃતદેહ પરઠવે તો પણ ઘણા અન્ન-પાણી-વસ્ત્ર-પાત્રાનો લાભ થાય. પૂર્વે પૂર્વેની દિશામાં ભૂમિ મળવા છતાં પછી-પછીની દિશામાં મૃતદેહ પરઠવે તો ઉપર કહ્યા મુજબ પછી-પછીની દિશાઓના દોષો લાગે.

## સ્થંડિલ જવાની દિશા

**સ્થંડિલ જવાની વિધિ** - સ્થંડિલભૂમિએ જતી વખતે સાથે સાથે ન ચાલવું, ઝડપથી ન ચાલવું, વિકથા ન કરવી. ત્યાં જઈને ગુદાને સાફ કરવા ઈંટ વગેરેના ટુકડા રૂપ ડગલ ગ્રહણ કરે. કીડી વગેરેની રક્ષા માટે તેમને ખંખેરે. પછી નિર્દોષ સ્થંડિલભૂમિમાં જઈને વૃક્ષ પર્વત વગેરે પર બેઠેલા મનુષ્યોને જોવા ઉપર જોવું, ખાડો - બીલ વગેરેને જોવા માટે નીચે જોવું અને જતા - વિશ્રામ કરતા વગેરે મનુષ્યોને જોવા તીરછું જોવું. પછી ગૃહસ્થ ન હોય ત્યાં 'જેનો આ અવગ્રહ હોય તે અનુજ્ઞા આપો'

(અણુજાણહ જસ્સુગ્ગહો) એક કહીને સંડાસા પુંજીને સ્થંડિલભૂમિને ૩ વાર જોઈને અને પ્રમાર્જીને સંજ્ઞા વોસિરાવે. દાંડો અને રજોહરણ ડાબા સાથળ પર રાખે, માત્રક જમણા હાથમાં રાખે, ડગલ ડાબા હાથમાં રાખે. સંજ્ઞા વોસિરાવ્યા પછી ત્યાં કે બીજે ડગલોથી ગુદાને સાફ કરે. પછી નજીકમાં જ પાણીના ત્રણ ચુલુકથી ધુવે. જો દૂર ધુવે તો લોકો 'ધોયા વિના જ જતા રહ્યા.' એમ વિચારી હીલના કરે.

(૧) સંજ્ઞા વોસિરાવતા દિવસે પૂર્વ અને ઉત્તરમાં પીઠ ન કરવી. જો પૂર્વમાં અને ઉત્તરમાં પીઠ કરે તો લોકમાં નિંદા થાય કે કોઈ વ્યંતર ગુસ્સે થઈને મારી નાંખે.

(૨) સંજ્ઞા વોસિરાવતા રાત્રે દક્ષિણમાં પીઠ ન કરવી. જો દક્ષિણમાં પીઠ કરે તો રાત્રે દક્ષિણમાંથી ઉત્તરમાં આવતા પિશાચ વગેરે ઉપદ્રવ કરે.

(૩) જે દિશામાંથી પવન આવતો હોય તેને પીઠ ન કરવી. જો તે દિશામાં પીઠ કરે તો ખરાબ ગંધ સુંઘવી પડે, નાકમાં મસા થાય અને લોકો ઉપહાસ કરે કે, 'આ લોકો આને સુંઘે છે.'

(૪) સંજ્ઞા વોસિરાવતા સૂર્યને કે ગામને પીઠ ન કરવી. જો સૂર્યને કે ગામને પીઠ કરે તો લોકમાં નિંદા થાય.

(૫) જેને કૃમિ વગેરે થયા હોય તે વૃક્ષની છાયામાં સંજ્ઞા વોસિરાવે. જો મધ્યાહ્ને જ સ્થંડિલ જવાથી છાયો ન મળે તો પોતાના શરીરની છાયામાં સંજ્ઞા વોસિરાવે અને વોસિરાવ્યા પછી મુહૂર્ત સુધી તેમ જ રહે, જેથી કૃમિ વગેરે પોતાની મેળે ચ્યવી જાય. તડકામાં સંજ્ઞા વોસિરાવવાથી કૃમિને ઘણી પીડા થાય.

●●●

# દ્વાર ૧૦૭મું - દીક્ષા માટે અયોગ્ય પુરુષો

દીક્ષા માટે અયોગ્ય પુરુષો ૧૮ પ્રકારના છે. તે આ પ્રમાણે -

(૧) **બાલ** - જન્મથી માંડીને ૮ વર્ષનો હોય તે બાળ. મતાંતરે ગર્ભથી માંડીને ૮ વર્ષનો હોય તે બાળ. વજ્રસ્વામીએ ૬ માસની વયે ચારિત્ર લીધું તે આશ્ચર્યરૂપ સમજવું.

બાળને દીક્ષા આપવામાં દોષો -

(૧) લોકો તેનો પરાભવ કરે.

(૨) ૮ વર્ષ પહેલા ચારિત્રના પરિણામ ન થાય.

(૩) બાળક અજ્ઞાની હોવાથી છ કાયનો વધ કરે. તેથી સંયમવિરાધના થાય.

(૪) લોકોમાં નિંદા થાય.

(૫) માતાની જેમ બાળકનું પાલન કરવામાં ગુરુને સ્વાધ્યાયનો વ્યાઘાત થાય.

(૨) **વૃદ્ધ** - ૭૦ વર્ષથી વધુ વયના હોય તે વૃદ્ધ. મતાંતરે ૬૦ વર્ષથી વધુ વયના હોય તે વૃદ્ધ. આ ૧૦૦ વર્ષના આયુષ્યની અપેક્ષાએ જાણવું. જ્યારે જેટલું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય તેના દસ ભાગ કરીને છેલ્લા ત્રણ ભાગમાં રહેલ તે વૃદ્ધ. વૃદ્ધને દીક્ષા ન આપવાના કારણો -

(૧) તે ઊંચે બેસવા ઇચ્છે.

(૨) તે વિનય ન કરે.

(૩) તે ગર્વવાળો હોય.

(૪) તેનું સમાધાન મુશ્કેલીથી થાય.

(૩) **નપુંસક** - સ્ત્રી-પુરુષ બન્નેની ઇચ્છા કરનાર, પુરુષની આકૃતિવાળો પુરુષનપુંસક.

(૪) **ક્લીબ** - સ્ત્રીઓ ભોગોની પ્રાર્થના કરે ત્યારે કે વસ્ત્રરહિત સ્ત્રીના અંગોપાંગો જોઈને કે સ્ત્રીના મધુર શબ્દો સાંભળીને ઉત્પન્ન થયેલી કામની ઇચ્છાને સહન નહીં કરી શકનારો, પુરુષની આકૃતિવાળો પુરુષક્લીબ.

તે ઉત્કટ વેદના ઉદયવાળો હોવાથી બળાત્કારે સ્ત્રીના આલિંગન વગેરે કરે. તેથી હીલના થાય.

(૫) **જડ** - તે ત્રણ પ્રકારે છે -

(i) **ભાષાજડ** - તે ત્રણ પ્રકારે છે -

(a) **જલમૂક** - પાણીમાં ડૂબેલાની જેમ જે 'બુડબુડ' કરતો બોલે તે.

(b) **મન્મનમૂક** - બોલતા બોલતા જેનું વચન જાણે કે ખેંચાતું હોય તેમ સ્ખલિત થાય તે.

(c) **એલકમૂક** - ઘેટાની જેમ જે સમજી ન શકાય તેવો અવાજ કરે તે.

(ii) **શરીરજડ** - ખૂબ જ જાડો હોવાથી જે ભિક્ષા માટે ફરી ન શકે કે વંદન વગેરે કરી ન શકે તે.

શરીરજડને દીક્ષા ન આપવાના કારણો -

(૧) તે વિહાર ન કરી શકે.

(૨) તે ભિક્ષા લેવા ન જઈ શકે.

(૩) તે ખૂબ જાડો હોવાથી પસીનાથી બગલ વગેરેમાંથી વાસ આવે.

(૪) બગલને પાણીથી ધુવે તો કીડી વગેરે મરી જવાથી સંયમવિરાધના થાય.

(૫) લોકોમાં 'ખાઉધરા' તરીકે નિંદા થાય.

(૬) તેને શ્વાસ ચઢે.

(૭) સાપ, પાણી, અગ્નિ વગેરે નજીકમાં આવતા તે બીજે જઈ ન શકે.

(iii) **કરણજડ્ડ** - સમિતિ, ગુપ્તિ, પ્રતિક્રમણ, પડિલેહણ, સંયમપાલન વગેરે ક્રિયાઓનો વારંવાર ઉપદેશ આપવા છતાં જે સમજી ન શકે તે.

કરણજડ્ડ સમિતિ વગેરેને સમજી શકતો ન હોવાથી તેને દીક્ષા ન આપવી.

(૬) **રોગી** - ભગંદર, ઝાડા, કોઢ, મસા, કૃશતા, ખાંસી, તાવ વગેરે રોગોવાળો હોય તે. તેને દીક્ષા ન આપવાના કારણો -

(૧) તેની ચિકિત્સામાં છ કાયની વિરાધના થાય.

(૨) સ્વાધ્યાય વગેરેની હાનિ થાય.

(૭) **ચોર** - ખાતર પાડવું, ધાડ પાડવી વગેરે ચોરીઓ કરનાર. તેને દીક્ષા ન આપવાનું કારણ - તેને લીધે ગચ્છને વધ, બંધન, માર વગેરે નુકસાનો થાય.

(૮) **રાજાપકારી** - રાજાના ભંડાર, અંતઃપુર, શરીર, પુત્ર, વગેરેનો દ્રોહ કરનાર. તેને દીક્ષા ન આપવાનું કારણ - ગુસ્સે થયેલ રાજા મારી નાંખે કે દેશનિકાલ વગેરે કરે.

(૯) **ઉન્મત્ત** - યક્ષ વગેરે વડે કે પ્રબળ મોહોદય વડે પરવશ થયેલ. તેને દીક્ષા ન આપવાનું કારણ - યક્ષ વગેરે તરફથી ઉપદ્રવ થાય, સ્વાધ્યાય-ધ્યાન-સંયમ વગેરેની હાનિ થાય.

(૧૦) **અદર્શન** - આંખ વિનાનો - અંધ અને થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળો. તેને દીક્ષા ન આપવાનું કારણ - અંધ છ કાયની વિરાધના કરે, ઊંચી-નીચી ભૂમિ-ખીલા-કાંટા વગેરેમાં પડી જાય. થીણદ્ધિ નિદ્રાના ઉદયવાળો દ્વેષથી ગૃહસ્થોને કે સાધુઓને મારી નાંખે.

(૧૧) **દાસ** - દાસીનો દીકરો કે દુકાળ વગેરેમાં ધનથી ખરીદેલો કે ઋણ લેવા થોડા સમય માટે રોકી રાખેલો હોય તે. તેને દીક્ષા ન આપવાનું કારણ - તેનો માલિક દીક્ષા છોડાવી દે.

(૧૨) **દુષ્ટ** - તે બે પ્રકારે છે -

(i) **કષાયદુષ્ટ** - ઉત્કટ કષાયવાળો.

(ii) **વિષયદુષ્ટ** - પરસ્ત્રીઓમાં અતિશય આસક્ત.

આ બન્નેને દીક્ષા ન આપવાનું કારણ - તેઓ અતિશય સંક્લિષ્ટ-ભાવવાળા છે.

(૧૩) **મૂઢ** - વસ્તુના સાચા સ્વરૂપના જ્ઞાન વિનાનો. તેને દીક્ષા ન આપવાનું કારણ - તે કૃત્ય-અકૃત્ય વગેરેના વિવેક વિનાનો છે.

(૧૪) **ઋણાર્ત** - રાજા, વેપારી વગેરેના સોના, ચાંદી વગેરેને ધારણ કરે તે. તેને દીક્ષા ન આપવાનું કારણ - રાજા વગેરે પકડે, હેરાન કરે.

(૧૫) **જુંગિત** - દૂષિત. તે ત્રણ પ્રકારે છે -

(i) **જાતિજુંગિત** - જાતિથી દૂષિત થયેલા અસ્પૃશ્ય. દા.ત. ચંડાળ, કોળી, ચમાર વગેરે.

(ii) **કર્મજુંગિત** - સ્પૃશ્ય હોવા છતાં કાર્યથી દૂષિત થયેલા. દા.ત. સ્ત્રી-મોર-કુકડા-પોપટ વગેરેને પોષનારા, વાંસ-દોરડા પર ચઢવું - નખ ધોવા - કસાઈ - માછીમાર વગેરે નિંદિત કામ કરનારા.

(iii) **શરીરજુંગિત** - હાથ-પગ-કાન વગેરે વિનાના પાંગળા-કુબ્જ વામન-કાણા વગેરે.

તેમને દીક્ષા ન આપવાનું કારણ - લોકમાં નિંદા થાય.

(૧૬) **અવબદ્ધ** - ધન લેવા પૂર્વક કે વિદ્યા વગેરે લેવા માટે 'આટલા દિવસ હું તમારો રહીશ.' એમ કહીને પરાધીન થયેલ.

તેને દીક્ષા ન આપવાનું કારણ - ઝઘડો વગેરે થાય.

(૧૭) **ભૃતક** - પગાર લઈને નોકરી કરનારો. તેને દીક્ષા ન આપવાનું કારણ - તેના માલિકને અપ્રીતિ થાય.

(૧૮) **શૈક્ષનિષ્ફેટિકા** - માતા-પિતાની અનુમતિ વિના અપહરણ કરીને જેને દીક્ષા આપવા ઇચ્છાય તે. તેને દીક્ષા ન આપવાનું કારણ- માતા-પિતા વગેરેને કર્મબંધ થાય, ચોરી વગેરે દોષ લાગે.

●●●

## દ્વાર ૧૦૮ મું - દીક્ષા માટે અયોગ્ય સ્ત્રીઓ

દીક્ષા માટે અયોગ્ય સ્ત્રીઓ ૨૦ પ્રકારની છે. તેમાં ૧૮ પ્રકાર તો દીક્ષા માટે અયોગ્ય પુરુષોના ૧૮ પ્રકારની જેમ જાણવા.

(૧૯) **ગર્ભવતી** - ગર્ભવાળી હોય તે.

(૨૦) **બાલવત્સા** - સ્તનપાન કરનારા બાળકવાળી.

●●●

+ દોષો કરનાર કરતા દોષો જોનારનો મોક્ષ વધુ દૂર છે.

+ ક્યા સુકૃતોના ખજાના આપણી પાસે છે જેના આધારે પરલોકમાં સદ્ગતિ મળે ?

+ આત્મા પર સંસ્કારો ઊભા કરવાનું કામ અહોભાવ કરે છે, આજ્ઞા નહીં. માત્ર પ્રભુની આજ્ઞાના કારણે જ સેવાતા સદ્યોગો જો અહોભાવશૂન્ય હશે તો એનાથી કદાચ શુભ કર્મોનો બંધ થઈ જશે પણ આત્મા પર તેના કોઈ સુસંસ્કારો તો ઊભા નહીં જ થાય.

# દ્વાર ૧૦૯ મું - દીક્ષા માટે અયોગ્ય નપુંસકો

દીક્ષા માટે અયોગ્ય નપુંસકો દસ પ્રકારના છે -

(૧) **પંડક** - તેના ૬ લક્ષણ છે -

(i) સ્ત્રીના સ્વભાવવાળો હોય. તે આ પ્રમાણે -

(૧) તેની ગતિ ત્રાસ પામેલા પગવાળી અને મંદ હોય.

(૨) શંકાપૂર્વક પાછળ જોતો જોતો જાય.

(૩) શરીર ઠંડુ અને કોમળ હોય.

(૪) સ્ત્રીની જેમ વારંવાર હાથ ઊંચા-નીચા કરે.

(૫) પેટ ઉપર ડાબો હાથ રાખી તેની ઉપર જમણા હાથની કોણી રાખી જમણી હથેળીમાં મુખ રાખીને, હાથ હલાવીને બોલે.

(૬) વારંવાર કેડે હાથ રાખે.

(૭) વસ્ત્ર ન પહેર્યું હોય ત્યારે સ્ત્રીની જેમ બે હાથથી હૃદયને ઢાંકે.

(૮) બોલતા બોલતા ફરી ફરી બે ભ્રમર ઊંચી કરે.

(૯) વાળ બાંધવા, વસ્ત્ર પહેરવા વગેરે સ્ત્રીની જેમ કરે.

(૧૦) સ્ત્રીના અલંકાર વગેરે પહેરવા બહુ ગમે.

(૧૧) ગુપ્ત સ્થાનમાં સ્નાન વગેરે કરે.

(૧૨) પુરુષોની સભામાં ભયસહિત શંકિત રહે.

(૧૩) સ્ત્રીઓની સભામાં નિઃશંક રહે.

(૧૪) રાંધવા, ખાંડવા, પીસવા વગેરે સ્ત્રીઓના કામ કરે.

(ii) અવાજ પુરુષ-સ્ત્રી કરતા જુદો હોય.

(iii) શરીરના વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પુરુષ-સ્ત્રી કરતા જુદા હોય.

(iv) પુરુષચિહ્ન મોટું હોય.

(v) સ્ત્રીની જેમ વાણી કોમળ હોય.

(vi) સ્ત્રીની જેમ મૂત્ર અવાજસહિત અને ફીણવાળું થાય.

(૨) **વાતિક** - વાયુના વિકારવાળો જે પોતાની મેળે કે બીજી રીતે પુરુષચિહ્ન સ્તબ્ધ થવા પર સ્ત્રીસેવન કર્યા વિના વેદને ધારી ન શકે તે.

(૩) **ક્લીબ** - અસમર્થ. તે ચાર પ્રકારે છે -

**(i) દૃષ્ટિક્લીબ** - વસ્ત્રરહિત સ્ત્રીને જોઈને ક્ષોભ પામે તે.

**(ii) શબ્દક્લીબ** - સ્ત્રીનો અવાજ સાંભળીને ક્ષોભ પામે તે.

**(iii) આશ્લિષ્ટક્લીબ** - સ્ત્રીએ આલિંગન કરવાથી વ્રતને ધારણ ન કરી શકે તે.

**(iv) નિમંત્રિતક્લીબ** - સ્ત્રીએ નિમંત્રણ કરવાથી વ્રતને ધારણ ન કરી શકે તે.

(૪) **કુંભી** - ઉત્કટ મોહવાળો હોવાથી જેનું પુરુષચિહ્ન કે વૃષણો કુંભની જેમ ફૂલેલા હોય તે.

(૫) **ઈર્ષ્યાળુ** - સેવાતી સ્ત્રીને જોઈને જેને ખૂબ ઈર્ષ્યા આવે તે.

(૬) **શકુનિ** - ચકલાની જેમ ઉત્કટ વેદવાળો હોવાથી વારંવાર મૈથુન સેવવામાં આસક્ત હોય તે.

(૭) **તત્કર્મસેવી** - મૈથુન સેવ્યા પછી બીજ નીકળ્યા પછી કૂતરાની જેમ ઉત્કટ વેદવાળો હોવાથી જીભથી ચાટવું વગેરે નિંદ્ય કાર્ય કરીને જે પોતાને સુખી માને તે.

(૮) **પાક્ષિકાપાક્ષિક** - જેને શુક્લપક્ષમાં ઘણો મોહોદય થાય અને કૃષ્ણ-પક્ષમાં થોડો મોહોદય થાય તે.

(૯) **સૌગંધિક** - જે પોતાના લિંગને સુગંધી માનીને સુંઘે તે.

(૧૦) **આસક્ત** - જે વીર્યપાત થયા પછી પણ સ્ત્રીને અલિંગન કરીને તેના બગલ, યોની વગેરે અંગોને વળગીને રહે તે.

પંડક વગેરેનું જ્ઞાન તેમના કે તેમના મિત્રોના કહેવાથી થાય છે.

- દીક્ષા માટે અયોગ્ય પુરુષોમાં જે નપુંસક કહ્યા તે પુરુષ- આકૃતિવાળા છે. દીક્ષા માટે અયોગ્ય સ્ત્રીઓમાં જે નપુંસક કહ્યા તે સ્ત્રીઆકૃતિવાળા છે. દીક્ષા માટે અયોગ્ય નપુંસકો તે સિવાયના નપુંસકઆકૃતિવાળા સમજવા.
- નપુંસકો ૧૬ પ્રકારના છે. તેમાંથી ૧૦ પ્રકારના નપુંસકો દીક્ષા માટે અયોગ્ય છે. તે ઉપર કહ્યા છે. ૬ પ્રકારના નપુંસકો દીક્ષા માટે યોગ્ય છે. તે આ પ્રમાણે -

(૧) **વર્દ્ધિતક** - ભવિષ્યમાં રાજાના અંતઃપુરના રક્ષકની પદવી મળે એ માટે બાળપણમાં જ જેના વૃષણો છેદી નાંખ્યા હોય તે. ત્યાર પછી તેને નપુંસકવેદનો ઉદય થાય.

(૨) **ચિપ્પિત** - જન્મતાની સાથે જ અંગુઠા અને આંગળીથી જેના વૃષણો ચગદી નાંખ્યા હોય તે. ત્યાર પછી તેને નપુંસકવેદનો ઉદય થાય.

(૩,૪) **મન્ત્રૌષધિઉપહત** - મન્ત્રના સામર્થ્યથી કે ઔષધિના પ્રભાવથી જેમનો પુરુષવેદ કે સ્ત્રીવેદ નષ્ટ થયો હોય અને નપુંસકવેદનો ઉદય થયો હોય તે.

(૫) **ૠષિશપ્ત** - 'મારા તપના પ્રભાવથી આ નપુંસક થઈ જાઓ.' એવા ૠષિના શાપથી નપુંસક થયેલા હોય તે.

(૬) **દેવશપ્ત** - દેવના શાપથી નપુંસક થયેલા હોય તે.

●●●

# દ્વાર ૧૧૦મું - દીક્ષા માટે અયોગ્ય વિકલાંગો

(૧) ૧ કે ૨ હાથ વિનાના.

(૨) ૧ કે ૨ પગ વિનાના.

(૩) ૧ કે ૨ કાન વિનાના.

(૪) નાક વિનાના.

(૫) હોઠ વિનાના.

(૬) વામન - જેના હાથ, પગ વગેરે અવયવો હીન હોય તે.

(૭) વડભ - પાછળ કે આગળ શરીર બહાર નીકળેલું હોય તે.

(૮) કુબ્જ - ૧ પડખા વિનાના.

(૯) પંગુ - પગે ચાલી નહીં શકનારા.

(૧૦) ટુંટ - હાથ વિનાના

(૧૧) કાણા - ૧ આંખ વિનાના.

આ બધાને દીક્ષા ન આપવી. દીક્ષા ન આપવાનું કારણ - શાલનહીલના વગેરે દોષો લાગે.

● દીક્ષા લીધા પછી જે વિકલાંગ થાય તેને આચાર્યપદ ન કલ્પે.

● આચાર્ય બન્યા પછી વિકલાંગ થાય તો પોતાના સ્થાને ગુણવાન શિષ્યને સ્થાપીને જેમ ચોરેલ પાડાને કોઈ જોઈ ન જાય એટલા માટે નગર કે ગામની બહાર ખાડામાં કે ગીચ વનમાં રખાય છે તેમ પોતે ગુપ્ત સ્થાનમાં રહેવું. સ્થવિરો તેમની સેવા કરે. જો તે ગુપ્ત સ્થાનમાં ન રહે તો શાસનહીલના, આજ્ઞાભંગ વગેરે દોષો લાગે.

● ● ●

# દ્વાર ૧૧૧મું - સાધુને કેટલા મૂલ્યવાળું વસ્ત્ર કલ્પે ?

મૂલ્યવાળુ વસ્ત્ર ત્રણ પ્રકારનું છે -

(i) જઘન્ય - ૧૮ રૂપિયાની કિંમતનું.

(ii) ઉત્કૃષ્ટ - ૧ લાખ રૂપિયાની કિંમતનું.

(iii) મધ્યમ - જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેની કિંમતનું.

આ ત્રણે વસ્ત્રો સાધુને ન કલ્પે.

સાધુને ૧૮ રૂપિયાથી ઓછી કિંમતવાળું વસ્ત્ર કલ્પે.

● રૂપિયાનું સ્વરૂપ -

સૌરાષ્ટ્રની દક્ષિણમાં ૧ યોજન જેટલું સમુદ્રમાં જઈને પછી આવેલા દ્વીપના ૨ સાભરક = ઉત્તરદેશનો ૧ સાભરક.

ઉત્તરદેશના ૨ સાભરક = પાટલીપુત્રનો ૧ સાભરક (રૂપિયો).

આ રૂપિયાથી વસ્ત્રની કિંમત જાણવી.

અથવા બીજી રીત -

દક્ષિણદેશના ૨ રૂપિયા = કાંચીનગરીનો ૧ નેલક.

કાંચીનગરીના ૨ નેલક = પાટલીપુત્રનો ૧ રૂપિયો.

આ રૂપિયાથી વસ્ત્રની કિંમત જાણવી.

● ● ●

+ આપણે કેટલા પરાર્થ કર્યા ? કેટલો તપ કર્યો ? કેટલું સંયમ પાળ્યું ? એ બધાનું સરવૈયુ કાઢો જેથી ખ્યાલ આવે કે આપણી પેઢી લાભમાં છે કે નુકસાનમાં ?

# દ્વાર ૧૧૨મું - શય્યાતરપિંડ

● સાધુઓને રહેવાનું સ્થાન આપીને જે સંસારસાગરને તરી જાય તે શય્યાતર. તે બે પ્રકારે છે -

(૧) પ્રભુ - ઉપાશ્રયનો માલિક. તે એક હોય કે અનેક હોય.

(૨) પ્રભુસંદિષ્ટ - માલિકે નીમેલો. તે એક હોય કે અનેક હોય.

અહીં ૪ ભાંગા છે -

(૧) એક પ્રભુ અને એક પ્રભુસંદિષ્ટ.

(૨) એક પ્રભુ અને અનેક પ્રભુસંદિષ્ટ.

(૩) અનેક પ્રભુ અને એક પ્રભુસંદિષ્ટ.

(૪) અનેક પ્રભુ અને અનેક પ્રભુસંદિષ્ટ.

આ ચારે ભાંગામાં રહેલા શય્યાતરોનો પિંડ બધા તીર્થંકરોના સાધુઓને ન કલ્પે. ૨૨ ભગવાનના સાધુઓને આધાકર્મી એક દેશથી વાપરવાની અનુમતિ છે, કેમકે જેની માટે આધાકર્મી કર્યું હોય તેને જ તે ન કલ્પે, બીજાને કલ્પે છે. શય્યાતરપિંડ તો બધા ભગવાનના સાધુઓ માટે સર્વથા અકલ્પ્ય છે.

● **શય્યાતરપિંડના ૧૨ પ્રકાર -**

| | | |
|---|---|---|
| (૧) અશન | (૫) રજોહરણ | (૯) સોઈ |
| (૨) પાન | (૬) વસ્ત્ર | (૧૦) અસ્ત્રો |
| (૩) ખાદિમ | (૭) પાત્રા | (૧૧) કાન સાફ કરવાની સળી |
| (૪) સ્વાદિમ | (૮) કંબલ | (૧૨) નેલકટર |

- **શય્યાતરના ઘરની આ વસ્તુઓ કલ્પે -**

| | | |
|---|---|---|
| (૧) ઘાસ | (૪) પ્યાલા | (૭) પાટ |
| (૨) ડગલ | (૫) શય્યા | (૮) લેપ |
| (૩) રાખ | (૬) સંથારો | (૯) ઉપધિ સહિત પુત્ર કે પુત્રી |

- વસતિના ઘણા માલિક હોય અને બધા સાધુઓનું ગુજરાન ચાલે તેમ હોય તો બધાને શય્યાતર કરવા. જો બધા સાધુઓનું ગુજરાન ચાલે તેમ ન હોય તો એકને શય્યાતર બનાવી બાકીનાને ત્યાં ભિક્ષા લે. બે શય્યાતર હોય તો એકાંતરે તેમને ત્યાં ભિક્ષા લેવા જાય. ત્રણ શય્યાતર હોય તો દરેકને ત્યાં ત્રીજા દિવસે ભિક્ષા લેવાનો વારો આવે. ચાર શય્યાતર હોય તો દરેકને ત્યાં ચોથા દિવસે ભિક્ષા લેવાનો વારો આવે.

- **શય્યાતર કોણ થાય ?**

(૧) સાર્થ, ચોરનો ભય વગેરે કારણે એક સ્થાનમાં રાત્રે સૂઈને સવારનું પ્રતિક્રમણ બીજા સ્થાનમાં કરે તો બન્ને સ્થાનોના માલિકો શય્યાતર થાય.

(૨) વસતિમાં આખી રાત જાગે અને સવારનું પ્રતિક્રમણ બીજે કરે તો મૂળ વસતિનો માલિક શય્યાતર ન થાય, જ્યાં સવારનું પ્રતિક્રમણ કર્યું હોય તે સ્થાનનો માલિક શય્યાતર થાય.

(૩) વસતિમાં સૂવે કે જાગે અને સવારનું પ્રતિક્રમણ પણ ત્યાં જ કરે તો તે વસતિનો માલિક જ શય્યાતર થાય.

(૪) વસતિ સાંકળી હોવાથી સાધુઓ ઘણા ઉપાશ્રયોમાં રહ્યા હોય તો જ્યાં આચાર્ય રહ્યા હોય તે વસતિનો માલિક જ શય્યાતર થાય, બીજા નહીં.

(૫) વસતિનો માલિક સાધુઓને વસતિ આપીને પરિવાર સહિત અન્ય

સ્થાને રહેવા જાય અને વસતિ જો તેની માલિકીની જ હોય તો તે જ શય્યાતર થાય.

- કોઈ પણ સાધુના શય્યાતરનો પિંડ વર્જવો. માત્ર વેષધારી સાધુના શય્યાતરનો પિંડ પણ વર્જવો. મહારાષ્ટ્રમાં દારૂની દુકાનમાં દારૂ હોય કે ન હોય તો ય ધજા લગાડાય છે જેથી ભિક્ષાચરો ત્યાં ભિક્ષા માટે ન જાય. તેમ સાધુના ગુણ હોય કે ન હોય પણ જેની પાસે રજોહરણ હોય તેના શય્યાતરનો પિંડ વર્જવો.
- **શય્યાતરપિંડ લેવામાં દોષો** -

(૧) તીર્થંકરની આજ્ઞાનો ભંગ થાય.

(૨) અજ્ઞાતઉંછ (કોઈ ઓળખતું ન હોય ત્યાંથી ભિક્ષા લેવી)નું પાલન ન થાય.

(૩) ઉદ્‌ગમના દોષો લાગે.

(૪) સ્વાધ્યાય સાંભળવા વગેરેથી ખુશ થયેલ શય્યાતર દૂધ વગેરે સ્નિગ્ધ દ્રવ્યો વહોરાવે તો આસક્તિ થાય.

(૫) અલાઘવ થાય. વિશિષ્ટ આહાર મળવાથી શરીર પુષ્ટ થવાથી શરીરનો અલાઘવ થાય. શય્યાતર પાસેથી ઘણી ઉપધિ મળવાથી ઉપધિનો અલાઘવ થાય.

(૬) 'જેણે વસતિ આપવાની તેણે આહાર વગેરે પણ આપવાના.' ગૃહસ્થોને આવો ભય લાગવાથી વસતિ દુર્લભ બને.

(૭) આહાર વગેરેના દાનના ભયથી શય્યાતર વસતિનો નાશ કરે. અથવા વસતિ ન મળવાથી સાધુને અન્ન, પાણી, શય્યા વગેરે ન મળે.

- **અશય્યાતર ક્યારે થાય ?** જ્યાં રહ્યો હોય તે સ્થાનમાંથી જ્યારે નીકળે બીજા દિવસે તે સમય પછી તે વસતિનો માલિક અશય્યાતર

થાય.

● **શય્યાતરપિંડ ક્યારે કલ્પે ?**

(૧) થોડી માંદગીમાં ગ્લાન પ્રાયોગ્ય વસ્તુ માટે ત્રણવાર ફર્યા પછી ન મળે તો શય્યાતરને ત્યાંથી લે. ઘણી માંદગીમાં ગ્લાન પ્રાયોગ્ય વસ્તુ તરત જ શય્યાતરને ત્યાંથી લે.

(૨) શય્યાતર બહુ આગ્રહ કરે તો એકવાર વહોરીને પછી ન જવું.

(૩) આચાર્ય વગેરેને પ્રાયોગ્ય દૂધ વગેરે દુર્લભ દ્રવ્ય બીજે ન મળે તો શય્યાતરને ત્યાંથી લેવું.

(૪) દુષ્ટ વ્યંતરના ઉપદ્રવ વગેરેમાં શય્યાતરપિંડ કલ્પે.

(૫) દુકાળમાં બીજે ભિક્ષા ન મળે ત્યારે શય્યાતરપિંડ કલ્પે.

(૬) રાજા ગુસ્સે થઈને બધે ભિક્ષાને અટકાવે ત્યારે છૂપી રીતે શય્યાતરને ત્યાંથી ભિક્ષા લે.

(૭) બીજે ચોર વગેરેનો ભય હોય ત્યારે શય્યાતરને ત્યાંથી ભિક્ષા લે.

● ● ●

## દ્વાર ૧૧૩મું - કેટલું શ્રુત હોય તો સમ્યક્ત્વ હોય ?

૧૦ પૂર્વથી ૧૪ પૂર્વ સુધીનું શ્રુત હોય તો અવશ્ય સમ્યક્ત્વ હોય. ન્યૂન ૧૦ પૂર્વ સુધીનું શ્રુત હોય તો સમ્યક્ત્વ હોય કે મિથ્યાત્વ હોય. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનમાં અવશ્ય મિથ્યાત્વ હોય. મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનમાં મિથ્યાત્વ ન હોય.

● ● ●

## દ્વાર ૧૧૪મું - જે નિર્ગ્રંથો પણ ચાર ગતિમાં જાય છે

(૧) ૧૪ પૂર્વધર

(૨) અવધિજ્ઞાની

(૩) આહારકલબ્ધિવાળા

(૪) મનઃપર્યવજ્ઞાની

(૫) ઉપશાંતમોહવીતરાગછદ્મસ્થ

આ પાંચેનું મન જો વિષય, કષાય વગેરે રૂપ પ્રમાદથી કલુષિત થાય તો તેઓ તે ભવ પછી નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ અને દેવગતિ-એમ ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં જાય.

●●●

## દ્વાર ૧૧૫મું - ક્ષેત્રાતીત

સૂર્યોદય પહેલા વહોરેલા અશન, પાન, ખાદિમ, સ્વાદિમ એ ક્ષેત્રાતીત છે. તે સાધુને ન કલ્પે.

●●●

## દ્વાર ૧૧૬મું - માર્ગાતીત

૨ ગાઉથી વધુ દૂરથી લાવેલા અશન વગેરે એ માર્ગાતીત છે. તે સાધુને ન કલ્પે. સાધુને ૨ ગાઉની અંદરથી અશન વગેરે લાવવા કલ્પે.

●●●

## દ્વાર ૧૧૭મું - કાલાતીત

પહેલા પ્રહરમાં વહોરેલા અશન વગેરે ત્રીજા પ્રહર સુધી વાપરવા સાધુને કલ્પે. ત્યાર પછી ચોથા પ્રહરમાં તે કાલાતીત થાય. તે સાધુને ન કલ્પે.

●●●

## દ્વાર ૧૧૮મું - પ્રમાણાતિક્રાંત

૩૨ કોળિયાથી વધુ ભોજન કરવું તે પ્રમાણાતીત છે.

૩૨ કોળિયાથી ઓછું ભોજન કરવું તે ઊણોદરીતપ છે.

૧ કોળિયાનું પ્રમાણ - કુકડીના ઈંડા જેટલો ૧ કોળિયો હોય. અથવા જેટલા આહારથી સાધુનું પેટ ન્યૂન કે વધુ ભરાયું ન હોય તેનો ૩૨મો ભાગ તે ૧ કોળિયો. સાધુનો આહાર ૩૨ કોળિયાનો છે.

●●●

+ ગોશીર્ષ ચંદનથી લેપ કરનાર અને કુહાડીથી છેદ કરનાર, બન્ને વિષે તારી મનોવૃત્તિ સમાન રહેશે ત્યારે તને પરમસુખ મળશે.
+ અત્યંત લાવણ્યથી મનોહર અંગવાળી સ્ત્રીઓને વિશે જ્યારે તારું મન નિર્વિકાર રહેશે ત્યારે તને પરમસુખ મળશે.
+ 'સેવનમાં કાચા પણ અનુમોદનામાં પાકા' એટલા ચડિયાતા તો આપણે છીએ જ એ નક્કી ખરું ?
+ અન્યના જીવનમાં રહેલ દોષોને પકડી પાડવા બદલ કર્મસત્તાએ કોઈ પણ જીવને ઈનામ આપ્યું હોય એવું આજ સુધીમાં ક્યારેય બન્યું નથી.

## દ્વાર ૧૧૯મું - ૪ પ્રકારની દુઃખશય્યા

જેમાં સુવાય તે શય્યા. દુઃખ આપનારી શય્યા તે દુઃખશય્યા. તે બે પ્રકારે છે -

(૧) **દ્રવ્ય દુઃખશય્યા** - ખરાબ ખાટલો વગેરે.

(૨) **ભાવ દુઃખશય્યા** - દુષ્ટ મનને લીધે થતું ખરાબ સાધુપણું. તે ચાર પ્રકારે છે -

(i) જિનશાસનની અશ્રદ્ધા.

(ii) બીજાના વસ્ત્ર વગેરે પ્રાપ્ત કરવાની ઇચ્છા.

(iii) સારા શબ્દ, રૂપ વગેરેની અભિલાષા.

(iv) શરીરનાં માલીશ, મર્દન (દબાવવું), સ્નાન વગેરેની ઇચ્છા.

આ ચારમાં રહેલો સાધુ ક્યારેય પણ સાધુપણાનો આનંદ માણી શકતો નથી.

●●●

## દ્વાર ૧૨૦મું - ૪ પ્રકારની સુખશય્યા

સુખશય્યા - સારા મનને લીધે થતું સારું સાધુપણું. તે ધર્મના રાગથી રંગાયેલ સાધુને હોય. તે ચાર પ્રકારે છે -

(i) જિનશાસનની શ્રદ્ધા.

(ii) બીજાના વસ્ત્ર વગેરે પ્રાપ્ત કરવાની ઇચ્છા ન કરવી.

(iii) સારા શબ્દ, રૂપ વગેરેની અભિલાષા ન કરવી.

(iv) શરીરના માલીશ, મર્દન, સ્નાન વગેરેની ઇચ્છા ન કરવી.

આ ચારમાં રહેલો સાધુ પરમસંતોષરૂપી અમૃતમાં મગ્ન મનવાળો હોવાથી અને સતત તપ વગેરે ક્રિયાઓ કરતો હોવાથી સુખને જ અનુભવે છે.

●●●

# દ્વાર ૧૨૧મું - ૧૩ ક્રિયાસ્થાનો

ક્રિયા = કર્મબંધના કારણભૂત ચેષ્ટા, તેના સ્થાન = ભેદ તે ક્રિયાસ્થાન. તે ૧૩ છે -

(૧) **અર્થક્રિયા** - પોતાની માટે કે બીજાની માટે ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરવી તે.

(૨) **અનર્થક્રિયા** - વિના કારણે ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરવી તે.

(૩) **હિંસાક્રિયા** - 'આ સાપ વગેરેએ કે વૈરીએ અમને માર્યા હતા, મારે છે કે મારશે.' એમ વિચારીને તે સાપ વગેરેની કે વૈરીની હિંસા કરવી તે.

(૪) **અકસ્માત્ ક્રિયા** - બીજાને હણવા બાણ વગેરે ફેંકે અને અચાનક બીજાનો વધ થાય તે, અથવા ડાંગર વગેરેમાં રહેલ ઘાસ વગેરેને કાપતા કાપતા ભૂલથી ડાંગર વગેરે કપાઈ જાય તે.

(૫) **દષ્ટિવિપર્યાસક્રિયા** - મિત્રને શત્રુ માનીને મારી નાંખવો તે, અથવા ગામના એક વ્યક્તિએ અપરાધ કર્યો હોય તો આખા ગામને મારી નાંખવું તે, અથવા ચોર ન હોય તેને ચોર માનીને મારી નાંખવો તે.

(૬) **મૃષાક્રિયા** - પોતાની માટે કે બીજા માટે જૂઠ બોલવું તે.

(૭) **અદત્તાદાનક્રિયા** - પોતાની માટે કે બીજા માટે બીજાએ નહીં આપેલું લેવું તે.

(૮) **અધ્યાત્મક્રિયા** - બાહ્ય નિમિત્ત વિના કારણ વિનાના અંદરના ક્રોધ વગેરેને લીધે મનને કલુષિત કરવું તે. તેના ૪ કારણ છે - ક્રોધ, માન, માયા, લોભ.

(૯) **માનક્રિયા** - જાતિ, કુળ, રૂપ, બળ, શ્રુત, તપ, લાભ, ઐશ્વર્યના

અભિમાનથી બીજાની જાતિ વગેરેથી હીલના કરવી, ખરાબ વચનોથી નિંદા કરવી અને હેરાનગતિથી પરાભવ કરવો તે.

(૧૦) **અમિત્રક્રિયા** - સ્વજનોના અલ્પ અપરાધમાં તીવ્ર દંડ કરવો તે. તીવ્ર દંડ = ઉંબાડીયા વગેરેથી બાળવું, કપાળ વગેરે પર ચિહ્ન કરવું, દોરડાથી બાંધવા, ચાબુકથી મારવા, અન્ન-પાણી ન આપવા વગેરે.

(૧૧) **માયાક્રિયા** - પોતાના આકાર અને ઇંગિતને છુપાવવાના સામર્થ્યવાળો જે મનથી જુદું વિચારે, વચનથી જુદુ બોલે અને કાયાથી જુદુ આચરે તે.

(૧૨) **લોભક્રિયા** - હિંસા વગેરે પાપોથી યુક્ત ધન-ધાન્ય વગેરેના મોટા પરિગ્રહમાં આસક્ત થવું, સ્ત્રીઓમાં અને સુંદર વિષયોમાં આસક્ત થવું, પોતાને નુકસાનોથી આદરપૂર્વક બચાવતા બીજા જીવોને મારી નાંખવા, બાંધવા કે મારવા તે.

(૧૩) **ઈર્યાપથિકીક્રિયા** - પાંચ સમિતિવાળા, ત્રણ ગુપ્તિવાળા, ૧૧મા-૧૨મા-૧૩મા ગુણઠાણાવાળા અપ્રમત્ત સાધુઓને જ્યાંસુધી આંખ ખોલ-બંધ કરવા જેટલો પણ યોગ હોય છે ત્યાં સુધી આ ક્રિયા હોય છે. તેનાથી એક સમયની સ્થિતિવાળા સાતાવેદનીયનો બંધ થાય છે.

●●●

+ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવનાઓથી ભાવિત થયેલું તારું મન જ્યારે મોક્ષમાં એકતાન થશે ત્યારે તને પરમસુખની પ્રાપ્તિ થશે.

+ અન્યના જીવનમાં રહેલ દોષોને પકડી પાડવા બદલ કર્મસત્તાએ કોઈ પણ જીવને ઈનામ આપ્યું હોય એવું આજસુધીમાં ક્યારેય બન્યું નથી.

# દ્વાર ૧૨૨મું - સામાયિકના ૧ ભવમાં અને અનેક ભવોમાં આકર્ષ

સામાયિક = રાગ-દ્વેષ રહિત થઈ મોક્ષમાર્ગે પ્રવૃત્તિ કરવી તે. તેના ૪ પ્રકાર છે -

(૧) શ્રુતસામાયિક

(૨) સમ્યક્ત્વસામાયિક

(૩) દેશવિરતિસામાયિક

(૪) સર્વવિરતિસામાયિક

આકર્ષ = પહેલી વાર ગ્રહણ કરવું કે છોડીને ગ્રહણ કરવું તે.

**૪ પ્રકારના સામાયિકના ૧ ભવમાં આકર્ષ**

| **સામાયિક** | **૧ ભવમાં આકર્ષ** | |
|---|---|---|
| | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
| શ્રુતસામાયિક | ૧ | સહસ્રપૃથક્ત્વ |
| સમ્યક્ત્વસામાયિક | ૧ | સહસ્રપૃથક્ત્વ |
| દેશવિરતિસામાયિક | ૧ | સહસ્રપૃથક્ત્વ |
| સર્વવિરતિસામાયિક | ૧ | શતપૃથક્ત્વ |

પૃથક્ત્વ = ૨ થી ૯

**૪ પ્રકારના સામાયિકના અનેક ભવોમાં આકર્ષ**

| **સામાયિક** | **અનેક ભવોમાં ઉત્કૃષ્ટ આકર્ષ** |
|---|---|
| શ્રુતસામાયિક | અસંખ્ય હજાર |
| સમ્યક્ત્વસામાયિક | અસંખ્ય હજાર |

| સામાયિક | અનેક ભવોમાં ઉત્કૃષ્ટ આકર્ષ |
|---|---|
| દેશવિરતિસામાયિક | અસંખ્ય હજાર |
| સર્વવિરતિસામાયિક | સહસ્રપૃથક્ત્વ |
| અક્ષરરૂપ સામાન્યશ્રુત | અનંતગુણ |

- શ્રુતસામાયિક, સમ્યક્ત્વસામાયિક, દેશવિરતિસામાયિકના ૧ ભવમાં આકર્ષ = સહસ્રપૃથક્ત્વ, ભવ = $\frac{\text{ક્ષેત્રપલ્યોપમ}}{\text{અસંખ્ય}}$ જેટલા આકાશપ્રદેશ.

  અનેક ભવોમાં આકર્ષ = સહસ્રપૃથક્ત્વ × $\frac{\text{ક્ષેત્રપલ્યોપમ}}{\text{અસંખ્ય}}$

  = અસંખ્ય હજાર

- સર્વવિરતિસામાયિકના ૧ ભવમાં આકર્ષ = શતપૃથક્ત્વ, ભવ = ૮

  અનેક ભવોમાં આકર્ષ = શતપૃથક્ત્વ × ૮ = સહસ્રપૃથક્ત્વ.

●●●

+ સ્નેહના સંબંધવાળા સ્વજનો અને અપકારી એવા દુશ્મનો, બન્ને પ્રત્યે જ્યારે તારું મન સમાન થશે, ત્યારે તને પરમ સુખ મળશે
+ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપી સુંદર કે ખરાબ વિષયોના સમૂહમાં જ્યારે તારું મન સમાન થશે ત્યારે તને પરમસુખ મળશે.
+ સ્તુતિ કરનાર અને ક્રોધથી નિંદા કરનાર, બન્ને પ્રત્યે જ્યારે તારું મન સમાન થશે ત્યારે તને પરમસુખ મળશે.
+ સાકર વિનાના મોળા માવાથી ય એકવાર પેટ ભરાઈ જશે પણ ભાવુકતા વિનાના હૈયા સાથે થતી ધર્મારાધનાથી તો આત્માનું કોઈ જ હિત થવાનું નથી.

# દ્વાર ૧૨૩મું - અઢાર હજાર શીલાંગો

અખંડ ચારિત્રવાળા શ્રમણોને અવશ્ય ૧૮,૦૦૦ શીલાંગો હોય છે. તે આ પ્રમાણે -

૩ યોગ = કરણ, કરાવણ, અનુમોદન

૩ કરણ = મન, વચન, કાયા

૪ સંજ્ઞા = આહારસંજ્ઞા - વેદનીયકર્મના ઉદયથી થતો વિશેષ પ્રકારનો ભાવ.

ભયસંજ્ઞા - ભયમોહનીયકર્મના ઉદયથી થતો વિશેષ પ્રકારનો ભાવ.

મૈથુનસંજ્ઞા - વેદમોહનીયકર્મના ઉદયથી થતો વિશેષ પ્રકારનો ભાવ.

પરિગ્રહસંજ્ઞા - લોભકષાયના ઉદયથી થતો વિશેષ પ્રકારનો ભાવ.

૫ ઇન્દ્રિયો = શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય.

૧૦ પૃથ્વીકાય વગેરે = પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, અજીવકાય (મહામૂલ્યવાળા વસ્ત્ર-પાત્રા-સોનું-આદિ વગેરે અને પડિલેહણ નહીં કરેલ કે ખરાબ રીતે પડિલેહણ કરેલ વસ્ત્રપંચક, પુસ્તકપંચક, ચર્મપંચક, તૃણપંચક વગેરે).

૧૦ શ્રમણધર્મ = ક્ષમા, મૃદુતા, સરળતા, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન્ય, બ્રહ્મચર્ય.

૩×૩×૪×૫×૧૦×૧૦ = ૧૮,૦૦૦ શીલાંગો.

(૧) નથી કરતો, મનથી, આહારસંજ્ઞારહિત, શ્રોત્રેન્દ્રિયનું નિયંત્રણ

કરેલ, પૃથ્વીકાયનો આરંભ, ક્ષમાવાળો. અર્થાત્ આહારસંજ્ઞા-રહિત, શ્રોત્રેન્દ્રિયનું નિયંત્રણ કરેલ, ક્ષમાવાળો સાધુ મનથી પૃથ્વીકાયનો આરંભ કરતો નથી.

આમ મૃદુતા, સરળતા વગેરે બાકીના ૯ શ્રમણધર્મોનો પણ ૧-૧ ભાંગો થાય છે. તેથી કુલ ૧૦ ભાંગા થાય છે.

(૨) આ ૧૦ ભાંગા પૃથ્વીકાયને આશ્રયીને થયા. એમ અપ્કાય વગેરે બાકીના ૯ ને આશ્રયીને પણ ૧૦-૧૦ ભાંગા થાય છે. તેથી કુલ ૧૦૦ ભાંગા થાય છે.

(૩) આ ૧૦૦ ભાંગા શ્રોત્રેન્દ્રિય વડે થયા. એમ બાકીની ૪ ઇન્દ્રિયોથી પણ ૧૦૦-૧૦૦ ભાંગા થાય છે. તેથી કુલ ૫૦૦ ભાંગા થાય છે.

(૪) આ ૫૦૦ ભાંગા આહારસંજ્ઞાના યોગથી થયા. એમ બાકીની ૩ સંજ્ઞાના યોગથી પણ ૫૦૦-૫૦૦ ભાંગા થાય છે. તેથી કુલ ૨૦૦૦ ભાંગા થાય છે.

(૫) આ ૨,૦૦૦ ભાંગા મનોયોગથી થયા. એમ બાકીના ૨ યોગોથી પણ ૨,૦૦૦-૨,૦૦૦ ભાંગા થાય છે. તેથી કુલ ૬,૦૦૦ ભાંગા થાય છે.

(૬) આ ૬,૦૦૦ ભાંગા કરણથી થયા. એમ કરાવણ-અનુમોદનથી પણ ૬,૦૦૦-૬,૦૦૦ ભાંગા થાય છે. તેથી કુલ ૧૮,૦૦૦ ભાંગા થાય છે.

આ ૧૮,૦૦૦ ભાંગા એ જ ૧૮,૦૦૦ શીલાંગો છે.

**પ્રશ્ન**-ત્રણ યોગના એકસંયોગી, બેસંયોગી વગેરે કુલ ભાંગા ૭ છે.

ત્રણ કરણના એકસંયોગી, બેસંયોગી વગેરે કુલ ભાંગા ૭ છે.

ચાર સંજ્ઞાના એકસંયોગી, બેસંયોગી વગેરે કુલ ભાંગા ૧૫ છે.

પાંચ ઇન્દ્રિયોના એકસંયોગી, બેસંયોગી વગેરે કુલ ભાંગા ૩૧ છે.

૧૦ પૃથ્વીકાય વગેરેના એકસંયોગી, બેસંયોગી વગેરે કુલ ભાંગા ૧૦૨૩ છે.

૧૦ શ્રમણધર્મના એકસંયોગી, બેસંયોગી વગેરે કુલ ભાંગા ૧૦૨૩ છે.

૭×૭×૧૫×૩૧×૧૦૨૩×૧૦૨૩ = ૨૩,૮૪,૫૧,૬૩,૨૬૫

આમ ૨૩,૮૪,૫૧,૬૩,૨૬૫ શીલાંગો થવા જોઈએ, તો ૧૮,૦૦૦ શીલાંગો જ કેમ કહ્યા ? ત્રણ યોગ વગેરેના એકસંયોગી ભાંગા લઈએ તો ૧૮,૦૦૦ શીલાંગો થાય. પણ ત્રણ યોગ વગેરેના બેસંયોગી વગેરે ભાંગા લઈએ તો ૨૩,૮૪,૫૧,૬૩,૨૬૫ ભાંગા થાય.

**જવાબ** - જેમ શ્રાવકધર્મનો સ્વીકાર કોઈપણ ૧ ભાંગાથી થઈ શકે છે તેમ જો સર્વવિરતિનો સ્વીકાર કોઈપણ ૧ ભાંગાથી થઈ શકતો હોત તો ૨૩,૮૪,૫૧,૬૩,૨૬૫ શીલાંગો થાત. પણ એવું નથી. સર્વવિરતિનો સ્વીકાર કોઈ ૧ ભાંગાથી થઈ શકતો નથી. બધા ભાંગા ભેગા થાય ત્યારે જ સર્વવિરતિનો સ્વીકાર થઈ શકે છે. તેથી ૧૮,૦૦૦ શીલાંગ કહ્યા. ૧ શીલાંગ હોય ત્યાં બાકીના શીલાંગો પણ અવશ્ય હોય જ. જો ૧ પણ શીલાંગ ઓછો હોય તો સર્વવિરતિ ન હોય.

- આ ૧૮,૦૦૦ શીલાંગો સાધુઓને હોય છે, શ્રાવકોને નહીં. શ્રાવકો મનને સ્થિર કરવા ૧૮,૦૦૦ શીલાંગોના નામ લઈને અનુમોદના કરે.

●●●

+ જંગલમાં ભટકતો તોફાની હાથી જેમ અનેક વૃક્ષો વગેરે જંગલની સંપત્તિનો નાશ કરે છે તેમ કુવિકલ્પોની કલ્પનામાં ભટકતું ચિત્ત આત્મસંપત્તિઓનો વિનાશ કરે છે.

# દ્વાર ૧૨૪મું - ૭ નયો

**નય** - અનંત ધર્મોવાળી વસ્તુને ન સ્વીકારતા નિત્યત્વ વગેરે કોઈ પણ એક ધર્મરૂપે વસ્તુને સ્વીકારનારો અભિપ્રાય તે નય.

**પ્રમાણ** - અનંત ધર્મોવાળી વસ્તુને સ્વીકારવી તે પ્રમાણ.

જે નય બીજા નયોને સાપેક્ષ હોય અને સ્યાદ્વાદથી યુક્ત વસ્તુને સ્વીકારતો હોય તે હકીકતમાં સંપૂર્ણ વસ્તુને ગ્રહણ કરતો હોવાથી તેનો સમાવેશ પ્રમાણમાં જ થઈ જાય છે.

જે નય બીજા નયોને નિરપેક્ષ હોય અને પોતે માનેલા એક ધર્મરૂપે જ વસ્તુને સ્વીકારે છે તે વસ્તુના એક ભાગને જ ગ્રહણ કરવાથી નય કહેવાય છે. તે મિથ્યાદૃષ્ટિ છે.

નયો સાત છે -

(૧) **નૈગમનય** - પરપરસ્પર ભિન્ન એવા મહાસામાન્ય, અવાંતર સામાન્ય, વિશેષ, અવાંતર વિશેષ વગેરે વડે અનેક રીતે વસ્તુને જાણે તે નૈગમનય.

જેનાથી બધી વસ્તુઓમાં 'આ સત્ છે' એવું જ્ઞાન થાય તે સત્તા એટલે મહાસામાન્ય.

જેનાથી સજાતીય વસ્તુઓમાં સામનતાનું જ્ઞાન અને વિજાતીય વસ્તુઓ કરતા ભિન્નતાનું જ્ઞાન થાય તે સામાન્યવિશેષ એટલે અવાંતર-સામાન્ય.

જેનાથી પરમાણુ, આકાશ, દિશા વગેરે નિત્યદ્રવ્યોમાં ભિન્નતાનું જ્ઞાન થાય તે વિશેષ.

જેનાથી ઘટ, પટ વગેરેની ભિન્નતાનું જ્ઞાન થાય તે અવાંતરવિશેષ.

(૨) **સંગ્રહનય** - બધા વિશેષોને ન માનતા સામાન્યરૂપે સંપૂર્ણ

વિશ્વને માને તે સંગ્રહનય.

(૩) **વ્યવહારનય** - સામાન્યનું નિરાકરણ કરીને માત્ર વિશેષને જ માને તે વ્યવહારનય. લોકો જે માને છે તે જ વ્યવહારનય માને છે, બીજું હોવા છતાં પણ તે માનતો નથી. ભમરામાં પાંચ રંગ હોવા છતાં વ્યવહારનય ભમરાને કાળો જ માને છે, ધોળો વગેરે નહીં.

(૪) **ઋજુસૂત્રનય** - જે ભૂત-ભવિષ્યની અને પારકી વસ્તુને ન માનતા વર્તમાન ક્ષણમાં રહેલી અને પોતાની વસ્તુને માને છે તે ઋજુસૂત્રનય.

(૫) **શબ્દ(સાંપ્રત)નય** - શબ્દથી કહેવા યોગ્ય અર્થને માને તે શબ્દનય. તે ઋજુસૂત્રનયની જેમ ભૂત-ભવિષ્યની અને પારકી વસ્તુને માનતો નથી પણ વર્તમાનક્ષણમાં રહેલી અને પોતાની વસ્તુને જ માને છે. તે ભાવનિક્ષેપાને જ માને છે, બાકીના નિક્ષેપાને માનતો નથી. તે લિંગ, વચન વગેરેના ભેદથી વસ્તુને ભિન્ન માને છે. દા.ત. तटः શબ્દનો વાચ્ય (કહેવા યોગ્ય) અર્થ જુદો છે, तटी શબ્દનો વાચ્ય અર્થ જુદો છે. गुरुः શબ્દનો વાચ્ય અર્થ જુદો છે, गुरवः શબ્દનો વાચ્ય અર્થ જુદો છે. તે इन्द्र, शक्र, पुरन्दर વગેરે પર્યાયવાચી શબ્દોના વાચ્યને એક જ માને છે, જુદા નહીં.

(૬) **સમભિરૂઢનય** - તે પર્યાયવાચી શબ્દોના વાચ્યને જુદા માને છે, એક નહીં. દા.ત. સ્ત્રીના મસ્તક પર રહેલો અને પાણીથી ભરેલો હોય તે ઘટ છે. નીચેથી પહોળો અને ઉપરથી સાંકળો હોય તે કુટ છે. પૃથ્વી પર રાખીને જેને ભરાય તે કુંભ છે. આમ ઘટ, કુટ અને કુંભ જુદા છે, એક નથી.

(૭) **એવંભૂતનય** - શબ્દનો વ્યુત્પત્તિ અર્થ જયારે વસ્તુમાં ઘટતો હોય ત્યારે જ તે શબ્દથી તે વસ્તુ કહેવાય છે, અન્યકાળે નહીં, એમ માને તે એવંભૂતનય. દા.ત. જે સ્ત્રીઓના માથા પર રહેલો હોય અને જેનાથી પાણી લાવવાની ક્રિયા થતી હોય તેને જ ઘટ કહેવાય. જે

મકાનમાં એમ જ પડ્યો હોય તેને ઘટ ન કહેવાય.

આ દરેક નયના ૧૦૦-૧૦૦ ભેદ હોવાથી કુલ ૭૦૦ નયો છે. મતાંતરે મૂળનયો ૫ છે - શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય એ ત્રણે નયો શબ્દ સંબંધી હોવાથી ત્રણેનો શબ્દનય એવો એક જ ભેદ છે. તેથી નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય અને શબ્દનય એમ મૂળ નયો ૫ છે. તે દરેકના ૧૦૦-૧૦૦ ભેદ હોવાથી કુલ ૫૦૦ નયો છે.

મતાંતરે મૂળનયો ૬ છે - નૈગમનય બે પ્રકારનો છે - સામાન્યને માનનારો અને વિશેષને માનનારો. સામાન્યને માનનારા નૈગમનયનો સંગ્રહનયમાં સમાવેશ થાય અને વિશેષને માનનારા નૈગમનયનો વ્યવહારનયમાં સમાવેશ થાય. તેથી સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય, એવંભૂતનય એમ મૂળનયો ૬ છે. તે દરેકના ૧૦૦-૧૦૦ ભેદ હોવાથી કુલ ૬૦૦ નયો છે.

મતાંતરે મૂળનયો ૪ છે - નૈગમનયનો સંગ્રહનય અને વ્યવહારનયમાં સમાવેશ થાય છે તથા શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનયનો એક જ 'શબ્દનય' મનાય છે. તેથી સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય અને શબ્દનય એમ ૪ મૂળનયો છે. તે દરેકના ૧૦૦-૧૦૦ ભેદો છે. તેથી કુલ ૪૦૦ નયો છે.

મતાંતરે મૂળનયો ૨ છે - નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય અને ઋજુસૂત્રનય - આ ૪ નયો દ્રવ્યાસ્તિકનય છે. શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય - આ ૩ નયો પર્યાયાસ્તિકનય છે. તેથી દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનય - એમ મૂળનયો ૨ છે. તે દરેકના ૧૦૦-૧૦૦ ભેદો છે. તેથી કુલ ૨૦૦ નયો છે.

*મતાંતરે નયો અસંખ્ય છે - જેટલા વચનના રસ્તા છે તેટલા નયો છે.*

●●●

# દ્વાર ૧૨૫મું - વસ્ત્ર ગ્રહણ કરવાની વિધિ

● વસ્ત્ર ૩ પ્રકારના છે -

(૧) એકેન્દ્રિયના અવયવમાંથી બનેલ વસ્ત્ર - કપાસમાંથી બનેલ સૂતરાઉ કાપડ વગેરે.

(૨) વિકલેન્દ્રિયના અવયવમાંથી બનેલ વસ્ત્ર - રેશમી વસ્ત્ર વગેરે. તે કારણે જ ગ્રહણ કરાય છે.

(૩) પંચેન્દ્રિયના અવયવમાંથી બનેલ વસ્ત્ર - ઊનના વસ્ત્ર વગેરે.

આ દરેકના ૩-૩ પ્રકાર છે -

(i) યથાકૃત - પરિકર્મ વિનાના.

(ii) અલ્પરિકર્મવાળા - એકવાર ફાડીને સીવેલા.

(iii) ઘણાપરિકર્મવાળા - ઘણી જગ્યાએ ફાડીને સીવેલા.

ઘણાપરિકર્મવાળા વસ્ત્રો કરતા અલ્પપરિકર્મવાળા વસ્ત્રો વધુ શુદ્ધ છે અને તેના કરતા યથાકૃત વસ્ત્રો વધુ શુદ્ધ છે. તેથી પહેલા યથાકૃત વસ્ત્રો ગ્રહણ કરવા. તે ન મળે તો અલ્પપરિકર્મવાળા વસ્ત્રો ગ્રહણ કરવા. તે ન મળે તો ઘણાપરિકર્મવાળા વસ્ત્રો ગ્રહણ કરવા.

● કેવું વસ્ત્ર લેવું ?

(૧) સાધુ માટે ખરીદેલું ન હોય તેવું.

(૨) સાધુ માટે વણેલું ન હોય તેવું.

(૩) બીજાની ઇચ્છા વિના એની પાસેથી પરાણે લીધેલું ન હોય.

(૪) અભ્યાહૃત ન હોય - સામેથી લાવેલું ન હોય.

અભ્યાહૃત બે પ્રકારે છે -

(i) પરગ્રામાભ્યાહૃત - બીજા ગામથી સાધુ માટે લાવેલું હોય.

(ii) સ્વગ્રામાભ્યાહૃત - સાધુ જે ગામમાં રહ્યા હોય તે જ ગામમાં દુકાન વગેરેમાંથી સાધુ માટે લાવેલું હોય. તે બે પ્રકારે છે -

(a) અદૃષ્ટ - સાધુના ન દેખતા લાવેલું હોય.

(b) દૃષ્ટ - સાધુના દેખતા લાવેલું હોય. તે સાધુને કલ્પે.

(૫) બીજા પાસેથી ઊછીનું લાવેલું ન હોય.

● વસ્ત્ર સાધુ માટે વણેલું વગેરે હોય તો તે અવિશોધિકોટિનો દોષ છે. વસ્ત્ર સાધુ માટે ધોયેલું વગેરે હોય તો તે વિશોધિકોટિનો દોષ છે.

● વસ્ત્ર કલ્પ્ય છે એમ જાણ્યા પછી પોતે તે વસ્ત્ર બરાબર જોઈ લેવું અને ગૃહસ્થ પાસે તે વસ્ત્ર જોવડાવવું, જેથી એમાં મણિ, સોનુ, રૂપિયા વગેરે બાંધેલા હોય તો ગૃહસ્થ કાઢી લે, નહીંતર હીલના થાય.

● વસ્ત્રના ૯ ભાગ કલ્પવા. તે આ પ્રમાણે -

| | | |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૪ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૯ |

૧,૩,૭,૯ ના માલિક દેવો છે.
૪,૬ ના માલિક મનુષ્યો છે.
૨,૮ ના માલિક અસુરો છે.
૫ નો માલિક રાક્ષસ છે.

દેવસંબંધી ભાગમાં અંજન વગેરે હોય તો વસ્ત્ર, પાત્રા વગેરેનો ઉત્તમ લાભ થાય.

મનુષ્યસંબંધી ભાગમાં અંજન વગેરે હોય તો વસ્ત્ર, પાત્રા વગેરેનો મધ્યમ લાભ થાય.

અસુરસંબંધી ભાગમાં અંજન વગેરે હોય તો માંદગી આવે.

રાક્ષસસંબંધી ભાગમાં અંજન વગેરે હોય તો મરણ થાય.

અંજન વગેરે -

(૧) અંજન - સુરમાનું આંજણ, તેલનું કાજળ વગેરે.

(૨) ખંજન - દીવાનો મેલ.

(૩) કાદવ.

(૪) ઉંદરડા કે કંસારી વગેરેથી ખવાયેલું.

(૫) અગ્નિથી બળેલું.

(૬) વણકરે પોતાની કળાની કુશળતાથી છિદ્રો પૂરી દીધા હોય.

(૭) ધોબીના કૂટવાને લીધે છિદ્રો પડી ગયા હોય.

(૮) બહુ જૂનું થવાને લીધે બીજા ખરાબ રંગ વગેરે વાળું થયેલું.

●●●

+ હે પ્રભુ ! તારી વાણીનું શ્રવણ કરવા છતાં ઉત્કટ કષાયવાળો હું મનમાંથી રસની લોલુપતા, ગંધની ગૃદ્ધિ, શબ્દોનો રાગ, સ્પર્શસુખની ઇચ્છાઓ અને રૂપની વાંછનાઓને દૂર કરવા સમર્થ થતો નથી.

+ પ્રભુ ! સતત દુર્ધ્યાનથી ભરેલું મારું મન ઉત્તમ ધર્માનુષ્ઠાનોમાં લાગતું નથી. મનની મગ્નતા વિના ધર્માનુષ્ઠાનનું ફળ પણ મળતું નથી. તેથી મારા અનુષ્ઠાનો માત્ર ક્રિયારૂપ છે.

+ પ્રભુ ! શું હું અભવ્ય છું ? શું દુઃખરૂપી સમુદ્રથી ભરેલ અનંત ભવભ્રમણ મારા નિશ્ચિત થયા છે ? કેમકે દુષ્ટ વિકલ્પોથી મારું મન જે ભયંકર પાપોને એકઠા કરી રહ્યું છે તે હું આપની આગળ વર્ણવી શકું તેમ નથી.

+ આપણી પાસે આજે જે પણ ગુણો છે એ તમામ ક્ષયોપશમભાવના છે અને ક્ષયોપશમભાવનો એક જ અર્થ છે, ૧૦૦% તો નહીં જ !

+ આગથી જાતને સતત બચાવતા જ રહેતા આપણે, આપણાં આત્માને આશાતનાની આગની નજીક ફરકવા પણ દેતા નથી એમ આપણે નિશ્ચિતરૂપે કહી શકીએ તેમ છીએ ખરા ?

# દ્વાર ૧૨૬મું - ૫ પ્રકારનો વ્યવહાર

જેનાથી જીવ વગેરેનો વ્યવહાર થાય તે વ્યવહાર. અથવા મુમુક્ષુની પ્રવૃત્તિ-નિવૃત્તિના કારણરૂપ વિશેષ પ્રકારનું જ્ઞાન તે વ્યવહાર. તે ૫ પ્રકારે છે -

**(૧) આગમ વ્યવહાર** - તે ૬ પ્રકારે છે -

| | | | |
|---|---|---|---|
| (i) | કેવળજ્ઞાન | (iv) | ૧૪ પૂર્વ |
| (ii) | મનઃપર્યવજ્ઞાન | (v) | ૧૦ પૂર્વ |
| (iii) | અવધિજ્ઞાન | (vi) | ૯ પૂર્વ |

કેવળજ્ઞાની મળે તો તેમની પાસે આલોચના કરવી. તે ન મળે તો મનઃપર્યવજ્ઞાની પાસે આલોચના કરવી. તે ન મળે તે અવધિજ્ઞાની પાસે આલોચના કરવી. તે ન મળે તો ૧૪ પૂર્વી પાસે આલોચના કરવી. તે ન મળે તો ૧૦ પૂર્વી પાસે આલોચના કરવી. તે ન મળે તો ૯ પૂર્વી પાસે આલોચના કરવી.

આગમવ્યવહારી પોતે બધું જાણતા હોવા છતાં આલોચકને બધા દોષો પ્રગટ કરવાનું કહે. જો તે દોષો છુપાવે તો તેને બીજે આલોચના લેવાનું કહે. જો જ્ઞાનથી એમ જાણે કે તે શુદ્ધ ભાવવાળો છે અને બરાબર સ્વીકારશે તો તેને ભૂલાયેલા દોષો યાદ અપાવે. જો જ્ઞાનથી એમ જાણે કે યાદ અપાવવા છતાં તે છુપાવશે તો તેને યાદ ન અપાવે. જો એમ જાણે કે આલોચના આપ્યા પછી આલોચક દોષોથી પાછો ફરશે તો તેને પ્રાયશ્ચિત્ત આપે, નહીંતર ન આપે.

આગમવ્યવહારી બધું જાણતા હોવા છતાં તેમની પાસે બધું પ્રગટ કરવાથી ઘણા ગુણો સંભવે છે. તેથી આરાધના થાય છે. તે આ પ્રમાણે - આચાર્ય આલોચકને પ્રોત્સાહિત કરે. તેથી તે શલ્યરહિત થઈ બરાબર

આલોચના કરે અને પ્રાયશ્ચિત્ત સ્વીકારે. તેથી અંતે આરાધના થાય અને થોડા સમયમાં મોક્ષ થાય.

(૨) **શ્રુતવ્યવહાર** - બાકીના પૂર્વો, ૧૧ અંગો, નિશીથ, કલ્પ, વ્યવહાર, દશાશ્રુતસ્કંધ વગેરે બધુ શ્રુત તે શ્રુતવ્યવહાર છે. શ્રુતવ્યવહારી ૩ વાર આલોચના કરાવે. પહેલીવાર ઊંઘતા હોય તેમ સાંભળે. તેથી કહે 'મેં ઊંઘમાં સાંભળ્યું નહીં. ફરીથી આલોચના કર.' બીજી વાર આલોચના કરે એટલે કહે, 'મારો ઉપયોગ નહોતો. ફરી આલોચના કર.' ત્રીજી વાર આલોચના કર્યા પછી જો ત્રણે વાર સરખી આલોચના હોય તો તેને સરળ સમજી આલોચનાનું પ્રાયશ્ચિત્ત આપે. જો ત્રણે વાર ભિન્ન આલોચના હોય તો તેને માયાવી સમજી પહેલા માયાનું પ્રાયશ્ચિત્ત આપે અને પછી આલોચનાનું પ્રાયશ્ચિત્ત આપે.

(૩) **આજ્ઞાવ્યવહાર** - બે ગીતાર્થ આચાર્યો જુદા જુદા દૂરના દેશમાં રહ્યા હોય અને બન્નેના જંઘાબળ ક્ષીણ થઈ ગયા હોય. તેમાંથી એક આચાર્યને પ્રાયશ્ચિત્ત લેવાનું હોય ત્યારે તેવો ગીતાર્થ શિષ્ય ન હોય તો બુદ્ધિથી ધારણામાં કુશળ એવા અગીતાર્થ શિષ્યને પણ સિદ્ધાન્તની ભાષામાં ગૂઢ અર્થવાળા અતિચારસેવનપદોને કહીને બીજા આચાર્ય પાસે મોકલે. તે ત્યાં જઈને તે ગૂઢપદો કહે. તે આચાર્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-સંઘયણ-ધૃતિ-બળ વગેરે જાણીને પોતે ત્યાં જાય અને પ્રાયશ્ચિત્ત કહે અથવા ગીતાર્થ શિષ્યને ત્યાં મોકલીને પ્રાયશ્ચિત્ત કહેવડાવે. તે ન હોય તો આવેલા અગીતાર્થ શિષ્યને ગૂઢ અર્થમાં પ્રાયશ્ચિત્ત કહીને પાછો મોકલે. આને આજ્ઞાવ્યવહાર કહેવાય.

(૪) **ધારણાવ્યવહાર** - સંવિગ્ન, ગીતાર્થ આચાર્યે કોઈક શિષ્યને કોઈક અપરાધમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-પુરુષ-પ્રતિસેવના જોઈને જે પ્રાયશ્ચિત્ત આપ્યું હોય તેને તે જ રીતે ધારીને તે શિષ્ય પણ બીજા કોઈનો તેવો જ અપરાધ થાય ત્યારે તેવા જ દ્રવ્ય વગેરે હોય તો તેવું જ

પ્રાયશ્ચિત્ત આપે તે ધારણાવ્યવહાર. અથવા વૈયાવચ્ચ કરીને ગચ્છ પર ઉપકાર કરનાર કોઈક સાધુ હજી બધા છેદગ્રંથો ભણાવવાને યોગ્ય ન થયો હોય ત્યારે ગુરુ તેની ઉપર કૃપા કરીને તેને કેટલાક પ્રાયશ્ચિત્તપદો કહે અને તે સાધુ તે પદોને ધારીને તેના આધારે પ્રાયશ્ચિત્ત આપે તે ધારણાવ્યવહાર.

**(૫) જીતવ્યવહાર** - જે અતિચારોમાં પૂર્વેના મહાત્માઓ ઘણું પ્રાયશ્ચિત્ત આપતા હતા તે જ અતિચારોમાં હાલ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને અને સંઘયણ-ધૃતિ-બળની હાનિને વિચારીને ગીતાર્થો ઉચિત એવા કોઈ તપનું પ્રાયશ્ચિત્ત આપે તે જીતવ્યવહાર. અથવા શાસ્ત્રમાં નહીં કહેલ એવું પણ જે પ્રાયશ્ચિત્ત જે આચાર્યના ગચ્છમાં અપાતું હોય અને બીજા ઘણા આચાર્યોએ તેનું અનુકરણ કર્યું હોય તે ત્યાં રૂઢ થયેલું પ્રાયશ્ચિત્ત તે જીત-વ્યવહાર છે.

આ પાંચમાંથી કોઈ પણ એક વ્યવહારથી યુક્ત એવા ગીતાર્થ ગુરુ જ પ્રાયશ્ચિત્ત આપી શકે, બીજા નહીં.

●●●

+ ઉપરના ગુણસ્થાનકમાં આરૂઢ થવાની ઇચ્છાવાળો હું તેના માટે જ્યાં શુભ ધ્યાનમાં મગ્ન થવાનો પ્રયત્ન કરું છું, ત્યાં તો મનરૂપી દુશ્મન કુવિકલ્પોની જાળમાં મને બાંધીને નીચે ફેંકી દે છે.

+ પ્રભુ ! તમે જગતના રક્ષક છો, છતાં આ મનરૂપી દુશ્મન મને અનેક પ્રકારના દુષ્ટવિકલ્પોથી હેરાન કરીને નરકના અગ્નિભઠ્ઠાને યોગ્ય બનાવી ક્યારે મને ત્યાં ફેંકી દેશે તે જાણી શકાતું નથી.

# દ્વાર ૧૨૭મું - ૫ યથાજાત

જે પાંચ ઉપકરણો સાથે દીક્ષાજન્મ થાય છે તેને યથાજાત કહેવાય છે. તે આ પ્રમાણે છે -

(૧) **ચોલપટ્ટો**

(૨) **રજોહરણ** - દાંડીની ઉપર ત્રણવાર વીંટાય એટલા પહોળા અને ૧ હાથ લાંબા કામળીના ટુકડા રૂપ નિષદ્યા અને તેની આગળ લાગેલ ૮ અંગુલની દશીઓ તે બન્ને મળીને રજોહરણ કહેવાય છે.

(૩) **અભ્યંતરનિષદ્યા** - રજોહરણની ઉપર ઘણીવાર વીંટાય તેવી, સાધિક ૧ હાથ લાંબી, ૧ હાથ પહોળી સૂતરાઉ વસ્ત્રની નિષદ્યા તે અભ્યંતરનિષદ્યા.

(૪) **બાહ્યનિષદ્યા** - અભ્યંતરનિષદ્યાની ઉપર ઘણીવાર વીંટાય તેવી ૧ હાથ ૪ અંગુલની ચોરસ, કામળીના ટુકડાની (ઊનની) નિષદ્યા તે બાહ્યનિષદ્યા. તેને પાદપ્રોંછનક પણ કહેવાય છે.

(૫) **મુહપત્તિ** - મુખને ઢાંકવા માટેનું ૧ વેંત ૪ અંગુલ લાંબુ-પહોળું વસ્ત્ર તે મુહપત્તિ.

●●●

+ જેમ કાનમાં પરૂથી ખદબદતો કુતરો રમત માટે યોગ્ય નથી જ, જેમ કોઢ રોગી સ્ત્રી વગેરેના ભોગ માટે યોગ્ય નથી જ, જેમ ઝાડાનો રોગી ઘી પીવાને યોગ્ય નથી જ, તેમ કુવિકલ્પોથી હણાયેલો હું મુક્તિ માટે યોગ્ય નથી જ.

+ એક મોહનીયકર્મ એવું છે કે એ દરેક કર્મમાં પોતાની ટાંગ અડાડવા હાજર થઈ જાય છે.

# દ્વાર ૧૨૮મું - રાત્રે જાગવાની વિધિ

પહેલા પ્રહરમાં બધા સાધુઓ સ્વાધ્યાય, અધ્યયન કરતા કરતા જાગે છે.

બીજા પ્રહરમાં વૃષભો પ્રજ્ઞાપના વગેરે સૂત્રોનું પરાવર્તન કરતા કરતા જાગે છે અને બાકીના સાધુઓ સૂઈ જાય છે.

ત્રીજા પ્રહરમાં આચાર્ય પ્રજ્ઞાપના વગેરે સૂત્રોનું પરાવર્તન કરતા કરતા જાગે છે અને વૃષભો સૂઈ જાય છે.

ચોથા પ્રહરમાં બધા સાધુઓ ઊઠીને વૈરાત્રિક કાલગ્રહણ લઈને કાલિકશ્રુતનું પરાવર્તન કરે છે અને આચાર્ય સૂઈ જાય છે.

| | **પહેલો પ્રહર** | **બીજો પ્રહર** | **ત્રીજો પ્રહર** | **ચોથો પ્રહર** |
|---|---|---|---|---|
| આચાર્ય | જાગે | સૂવે | જાગે | સૂવે |
| વૃષભ | જાગે | જાગે | સૂવે | જાગે |
| સાધુ | જાગે | સૂવે | સૂવે | જાગે |

●●●

+ જે મનને અશુભભાવોમાંથી અટકાવીને અને શુભભાવોમાં આગળ વધારીને અનંત મહાત્માઓ મુક્તિમાં ગયા, તે જ મન ખરાબ વિચારોથી મને સંસારમાં ફેંકી દે છે. પ્રભુ ! હું શું કરું ?
+ મનને મોતીની માળાની જેમ, સ્ફટિકની જેમ, ક્ષીરસમુદ્રના પાણીની જેમ નિર્મલ કરવું એ જ પરમાત્માની સિદ્ધાજ્ઞા છે.

# દ્વાર ૧૨૯મું - આલોચનાદાયકનું અન્વેષણ

આલોચના આપવા માટે જો નજીકમાં ગીતાર્થ ગુરુ ન મળે તો ઉત્કૃષ્ટથી ૭૦૦ યોજન સુધી તેમને શોધવા અને ૧૨ વર્ષ સુધી તેમની રાહ જોવી. જો વચ્ચે મરી જાય તો પણ તેના ભાવ વિશુદ્ધ હોવાથી તે આરાધક છે. જો ગીતાર્થ ગુરુને ૭૦૦ યોજન સુધી શોધવા છતાં અને તેમની ૧૨ વર્ષ સુધી રાહ જોવા છતાં તે ન મળે તો સંવિગ્નપાક્ષિક ગીતાર્થને આલોચના આપવી. તે ન મળે તો [1]સિદ્ધપુત્રને આલોચના આપવી. તે ન મળે તો શાસનદેવતાને આલોચના આપવી. તે ન મળે તો સિદ્ધોને આલોચના આપવી. પણ શલ્યસહિત મરવું નહીં, કેમકે શલ્યસહિતનું મરણ એ સંસારનું કારણ છે.

●●●

આ પુસ્તકમાં જિનાજ્ઞાવિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો તેની ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું.

●●●

**પદાર્થ પ્રકાશ ભાગ ૨૩**

**પ્રવચનસારોદ્ધાર**

**પદાર્થસંગ્રહ**

**ભાગ-૧**

(પહેલા દ્વારથી ૧૨૯મા દ્વાર સુધી)

**સમાપ્ત**

---

૧. સિદ્ધપુત્ર - તેનું મસ્તક મુંડિત હોય અથવા તે ચોટલી રાખે, તે સફેદ વસ્ત્રો ધારણ કરે, તે પત્નીવાળો હોય.

પદાર્થ પ્રકાશ ભાગ : ૨૩ના
પ્રકાશનનો સંપૂર્ણ લાભ
પરમ પૂજ્ય **પ્રવર્તિનીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.**ના શિષ્યા
પરમ પૂજ્ય **સાધ્વીશ્રી સૂર્યયશાશ્રીજી મ.**ની પ્રેરણાથી
**સુશ્રાવિકા પ્રજ્ઞાબેન રોહિતભાઈ અગરબત્તીવાળાને**
ત્યાં થયેલ પ્રતિક્રમણસૂત્રોની ઉછામણીની
ઉપજમાંથી લેવાયો છે.

MULTY GRAPHICS
(022) 23873222 • 23884222